# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦)


**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર - સંયોજક– બાબુલાલ સરેમલ શાહ**

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫. (મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦


---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને સેટ નં.-૨ ની ડી.વી.ડી. (DVD) બનાવી તેની યાદી

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजीम.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल हीरालाल कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુજ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુજ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | श्री साराभाई नवाब | 374 |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | श्री साराभाई नवाब | 538 |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | श्री विद्या साराभाई नवाब | 194 |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | श्री साराभाई नवाब | 192 |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | श्री मनसुखलाल भुदरमल | 254 |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 238 |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-3 | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | पू. कान्तिसागरजी | 114 |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | श्री वर्धमान पार्श्वनाथ शास्त्री | 910 |
| 085 | विश्वलोचन कोश | सं./हिं | श्री नंदलाल शर्मा | 436 |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 336 |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 230 |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | पू. मेघविजयजीगणि | 322 |
| 089 | એન્દ્રચતુર્વિંશતિકા | સં. | पूज. यशोविजयजी, पू. पुण्यविजयजी | 114 |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | आचार्य श्री विजयदर्शनसूरिजी | 560 |

## "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોદ્ધાર ૮૧

# બૃહદ્ શિલ્પશાસ્ત્ર ભાગ-૨

**: દ્રવ્યસહાયક :**

**સંઘસ્થવિર પ.પૂ. બાપજી મ.સા.નાં સમુદાયનાં**

**પ્રવચનપ્રભાવક પ.પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિજી મ.સા.ના**

**આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી શ્રી રવિપ્રભાશ્રીજી મ.સા.ના**

**તપસ્વી શિષ્યા પૂજ્ય સાધ્વીજી શ્રી હર્ષચન્દ્રાશ્રીજી મ.સા.ની**

**પ્રેરણાથી શ્રી ગાંધીનગર જૈન સંઘની શ્રાવિકાઓના**

**જ્ઞાનખાતાની ઉપજમાંથી**

**: સંયોજક :**

**શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા**
**શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**
**શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન**
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

**સંવત ૨૦૬૬ ઈ.સ. ૨૦૧૦**

# બૃહદ્ શિલ્પશાસ્ત્ર.

## ભાગ ૨.

પ્રકાશક,

જગન્નાથ અંબારામ

કિંમત ૨-૮-૦.

"Aho Shrutgyanam"

સંયોજક અને પ્રકાશક,
જગન્નાથ અંબારામ
સારંગપુર દોલતખાના,
અમદાવાદ.

આવૃત્તિ ૧ લી — પ્રત ૫૦૦
સને ૧૯૩૩ — વિ. સં. ૧૯૮૯

[ પુસ્તકના કર્ત્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે. ]

અમદાવાદ—સલાપોસ રોડ,
"ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ" પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

"Aho Shrutgyanam"

# નિવેદન.

બૃહદ્ શિલ્પશાસ્ત્રનો બીજો ભાગ વાંચકોના હાથમાં મુકતાં મને જેટલો આનંદ થાય છે તેટલોજ પહેલા ભાગના વાંચકોને થશે એવી આશા રાખું છું.

આ પુસ્તક રૂપમંડન, રૂપાવતાર, પ્રતિમાપ્રમાણ, અપરાજીત અને બીજા કેટલાક શિલ્પના પુસ્તકોનું સંશોધન કરી બહાર પાડેલ છે. શિલ્પના હસ્તલિખિત સંસ્કૃત પુસ્તકોમાંથી, મહેનત અને વખતનો ભોગ આપવાથીજ આ કાર્ય થઈ શકે અને તેની ખરી કિંમત શિલ્પ જીજ્ઞાસુઓજ આંકી શકે. જેને આ સંબંધી શોખ અને જ્ઞાન નથી તેને પણ ચિત્રો અને સાહિત્યમાં રસ પડે તેમ છે.

આ ભાગની અંદર મારે શિખરો, સામરણો, ઘુમટો, પ્રાચીન અને આધુનિક વગેરે વિષય મુકવાનો હતો પણ કેટલાક સ્નેહીભાઈ-ઓની ઇચ્છાથી મનુષ્ય, પશુ, પક્ષી, દેવ, દેવીઓ વગેરેના ભાગ અને પ્રમાણ તેમજ દેવાલયના પ્રમાણથી મૂર્તિઓનું માપ, દોષ અને નિર્દોષ વગેરે શાસ્ત્રનો આધાર મુકી ચર્ચવામાં આવેલ છે.

રૂપાવતાર જુનું હસ્તલેખીત શ્રીયુત વજેશંકર લક્ષ્મીશંકરે મને આપેલ તે પુસ્તક મહારાજશ્રી રામદાસજીએ શ્લોક શુદ્ધ કરી આપેલ તેમજ રવીશંકરભાઇ રાવળ અને જૈન જ્યોતિના તંત્રી શ્રી ધીરજ-લાલ ટોકરશીભાઇએ અવનિંદ્રનાથના અંગ્રેજી પુસ્તકમાંથી અને જે સુચના આપેલ તે બાબત તેમનો ઉપકાર માનું છું. આ પુસ્તકમાં જે કંઈ હસ્તદોષ, દ્રષ્ટિદોષ રહી ગયો હોય તે સુધારીને વાંચવા વિદ્વદ્જનો પ્રત્યે મારી નમ્ર વિનંતિ છે.

પ્રકાશક:

**જગન્નાથ અંબારામ સોમપુરા શિલ્પી.**

વઢવાણ સીટી.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# પ્રસ્તાવના.

સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે, શિલ્પકળા એ સભ્યતા–સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. ભારતવર્ષની સંસ્કૃતિ ભાવનાપ્રધાન છે અને તેથી તેના શિલ્પમાં પણ એજ પ્રકાર દૃષ્ટિગોચર થાય છે. વાસ્તવિક રીતે કળાનો સંબંધ ભાવના અથવા ઉર્મિ સાથેજ વિશેષ છે અને તેથી વ્યવહારલક્ષી સંસ્કૃતિ કરતાં ભાવનાપ્રધાન સંસ્કૃતિમાંજ કળાનો ઉત્કૃષ્ટ વિકાસ થયેલો નજરે પડે છે.

ભારતવર્ષમાં એક વખતે શિલ્પકળા ઘણીજ ઉંચી હદે પહોંચી હતી. તેના ભવ્ય સંસ્મરણ રૂપ ઇલુરા તથા અજંતાની ગુફાઓ, ભુવનેશ્વર, મદુરા, કાંચી, મહાબલિપુરમ વગેરેના મંદિરો, દેલવાડાનાં દહેરાં ને એવી સંખ્યાબંધ કૃતિઓ આજે પણ નજરે પડે છે. એમાં સ્થાપત્ય તથા મૂર્તિવિધાન બંને કળાઓનો પરમ વિકાસ દૃષ્ટિગોચર થાય છે. જ્યાં સુધી આ મહાન કલાકૃતિઓને નજરે નિહાળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ શિલ્પકળાની મહત્તા સમજાવી મુશ્કેલ છે.

ભારતીય શિલ્પમાં રૂપની વિવિધતા અને સૌંદર્યની સાધના માટે જે પરિશ્રમ લેવાયો છે તે મને લાગે છે કે જગતભરમાં અજોડ છે. મંદિરના શિખરો, ગોપુરમ્, જગતી અને છતમાં તો કળા ભરપુર હોય પણ મંદિરની બારશાખ આગળના પત્થરો (શંખોદ્ધાર) જુઓ કે મંદિરમાંથી ન્હવણનું પાણી જવાની મોરીઓ જુઓ તેમાં પણ અનેરી કળા નજરે પડશે.

આજ સુધી આ શિલ્પકળાને રાજ્યાશ્રય અને સામાન્ય જનસમૂહ તરફથી ભારે ઉત્તેજન મળતાં રહ્યાં હતાં અને તેથીજ તે આટલી હદે પહોંચી શકી હતી. પણ હમણાં પશ્ચિમની સંસ્કૃતિના ઝપાટે ચડેલો ભારતવર્ષનો જનસમાજ ભિન્ન રુચિવાળો થતો જાય છે.

"Aho Shrutgyanam"

પોતાની પ્રાચીનકળાનું ગૌરવ અને સૌંદર્ય સમજવાને બદલે અર્થ-વિહીન પશ્ચિમની કલાનું અનુકરણ કરતો જાય છે અને તેથીજ બેડોળ મકાનો, સૌંદર્યહીન રાચરચીલું અને અર્થવિહીન પોશાક ગ્રહણ કરતો જાય છે. આ પરિવર્તિત મનોદશામાં ભારતવર્ષની બીજી કળાઓની જેમ શિલ્પકળાને પણ ભારે સહન કરવું પડ્યું છે. આજે સમાજના મોટા ભાગે એનો ત્યાગ કર્યો છે, ફક્ત કેટલાક જૈનો અને કલાભક્તો તરફથીજ એ કળાને ઉત્તેજન મળી રહ્યું છે.

શિલ્પકળા પ્રત્યેની આ ઉદાસિનતાએ દિવસે દિવસે આપણા-માંથી સારા શિલ્પીઓનો ઘટાડો કર્યો છે અને આજે તો એ સંખ્યા આંગળીને ટેરવે ગણી શકાય ત્યાં આવીને ઉભી છે. આ શોચનીય દશા હિંદીકલાના ભક્તોને અસહ્યજ થઈ પડવી જોઇએ. હિંદીકળાનો પુનરુદ્ધાર કરવા આજે કેટલાક સ્થળેથી પ્રયત્ન થઈ રહ્યો છે પણ એ પ્રયત્ન હજી પાશેરામાં પહેલી પુણી જેવો છે. આથી જેઓ જેઓ પ્રાચીન કળાની ભક્તિમાં માનતા હોય તેમણે તો પ્રાચીન શિલ્પકળાનું સંરક્ષણ કરવાને તથા તેનો વિકાસ કરવાને કમ્મર કસવી જોઇએ.

શિલ્પશાસ્ત્ર પર અનેક ગ્રંથો રચાયા છે.× એ ગ્રંથોનું પદ્ધતિ-પૂર્વક સંશોધન થાય અને સુંદર રીતે જનતાના હાથમાં મૂકાય તો પણ પ્રાચીન શિલ્પકળાને સારૂં ઉત્તેજન મળવા સંભવ છે.

પરંતુ આપણા વિદ્દદ્ વર્ગનું હજી એ દિશામાં જોઇએ તેટલું લક્ષ ખેંચાયું નથી. આ દશામાં જેનાથી જેટલો બને તેટલો પ્રયત્ન કરી છુટવામાંજ કર્ત્તવ્યપાલન છે એમ કહેવું જરાએ અનુચિત નથી.

ભાઈશ્રી જગન્નાથ મીસ્ત્રી જેઓ જાતે કુશળ શિલ્પકાર છે અને પ્રાચીન શિલ્પશાસ્ત્ર પ્રત્યે ભારે માન અને આદરથી જોનાર છે, તેમણે પોતાની શક્તિ મુજબ થોડા વર્ષ પહેલાં બૃહદ્ શિલ્પશાસ્ત્ર ભાગ ૧લો બહાર પાડ્યો હતો. એ ગ્રંથમાં શિલ્પશાસ્ત્રની અનેકવિધ

× તેની એક વિસ્તૃત યાદિ જૈનજ્યોતિના સં. ૧૯૮૯ ના ફાગણ માસના અંકમાં પ્રસિદ્ધ થઇ છે.

"Aho Shrutgyanam"

માહિતી હોવાથી તેણે શિલ્પશાસ્ત્રીઓમાં સારૂં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આજે એમનો એ ઉત્સાહ વૃદ્ધિંગત થતાં ફરીથી તેમણે એ દિશામાં કામ વધાર્યું છે. મહિનાઓ સુધી મહેનત કરી અનેક પ્રાચીન ગ્રંથોમાંથી શિલ્પને ઉપયોગી વાતો લઈ તેમણે બૃહદ્ શિલ્પશાસ્ત્ર ભાગ ૨જો રચ્યો છે આજે જનતા સમક્ષ રજુ થાય છે. એમાંના ઘણાખરા ચિત્રો પણ એમણે જાતેજ તૈયાર કર્યાં છે.

આ ગ્રંથમાં મંદિરોનાં માપ, પ્રતિમાના માપ, પ્રતિમાના સ્વરૂપો, તથા છેલ્લે અપરાજિત શિલ્પશાસ્ત્રની શરૂઆત કરી છે. આ ભાગ પણ પહેલા જેટલોજ ઉપયોગી નિવડશે એમાં શંકા નથી.

આ ગ્રંથમાં એક વસ્તુથી મને બહુજ દુઃખ થયું છે કે તેમાં સંસ્કૃત શ્લોકોમાં અશુદ્ધિનો પાર નથી. બીજા સ્થળે પણ ભાષાદોષ ઘણા રહી ગયા છે પરંતુ તેનો દોષ હું ગ્રંથકર્ત્તાને દેવા ઇચ્છતો નથી. વિદ્વદ્ વર્ગે સેવેલી ઉપેક્ષા વૃત્તિથી ધીમે ધીમે શિલ્પનું સાહિત્ય અશુદ્ધ થતું થતું આજે આ હદે આવ્યું છે અને એની શુદ્ધિ માટે બહુ સારા સંસ્કૃત વિદ્વાનની જરૂર છે. હું આશા રાખું છું કે ભાઇશ્રી જગન્નાથ ત્રીજા ભાગનું કાર્ય હાથ ધરતી વેળા એવા કોઇ વિદ્વાનનો સહકાર શોધશે અને આખો ગ્રંથ ખૂબ શુદ્ધિપૂર્વક બહાર મૂકશે.

આવા સમયમાં આટલો પ્રયત્ન પણ જરૂર પ્રશંસાને પાત્ર છે એમ કહ્યા વિના ચાલતું નથી.

ભારતવર્ષની શિલ્પકળાનો ઉદ્ધાર કરવામાં સહુ પ્રયત્નશીલ થાવ એજ મહેચ્છા.

તા. ૬–૭–૩૩.
હવેલીની પોળ, રાયપુર–અમદાવાદ. } ધીરજલાલ ટોકરશી શાહ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# Certificate.

This is to certify that Mr. Jagannath Ambaram Mistaree of Ahmedabad worked as a consulting architect in the construction of our Marble Temple at Nagpur. The plans of the said Temple were prepared by him & the entire work was done with his advice. I found him a good clever architect. He dis-charged his duties to our entire satisfaction

[illegible]

i.e. Jamnadhar Potdar

Nagpur.
The 18th March 1923.

"Aho Shrutgyanam"

# અનુક્રમણિકા

## પ્રકરણ ૧ લું

| | પૃષ્ટ |
|---|---|
| સ્તુતિ ... ... ... ... ... ... | ૧ |
| શિલા પરિક્ષા ... ... ... ... ... | ૨ |
| કુર્મ શિલા ... ... ... ... ... | ૩ |
| જડતર ... ... ... ... ... ... | ૩ |
| મૂહુર્ત જોઈને ... ... ... ... ... | ૪ |
| પ્રાસાદની રેખાથી ઉભી પ્રતિમાનું પ્રમાણ ... ... | ૪ |
| બેઠી પ્રતિમાનું માન ... ... ... ... | ૫ |
| દ્વારમાનથી પ્રત્તિમાનું પ્રમાણ ... ... ... | ૫ |
| બીજું માન ... ... ... ... ... | ૬ |
| પ્રાસાદનો ગભારો તથા રેખા... ... ... ... | ૬ |
| પ્રાસાદની અંદરના ગભારાથી બેઠી પ્રતિમાનું માન ... | ૭ |
| ઉભી પ્રતિમાનું માન ... ... ... ... | ૭ |
| સિંહાસનનું પ્રમાણ... ... ... ... ... | ૭ |
| ઘર દેરાસર માટે પ્રતિમાનું માન ... ... ... | ૮ |
| કયે સ્થાને કયા આપની પ્રતિમા કરવી ... ... | ૮ |
| ખંડીત મૂર્તિઓ નહીં પુજવા વિષે ... ... ... | ૯ |
| મૂર્તિ ચલાયમાન ન કરવા વિષે ... ... ... | ૧૦ |
| શાસ્ત્રના માપથી વિરૂદ્ધ બનાવી મૂર્તિ પુજે તો ... ... | ૧૦ |
| શાસ્ત્રની વિધિથી પ્રતિમા બનાવી પુજે તો ... ... | ૧૨ |
| નટરાજ ... ... ... ... ... ... | ૧૩ |

## પ્રકરણ ૨ જું

| | |
|---|---|
| દોષનું નિવારણ ... ... ... ... ... | ૧૬ |
| દેશની ખરાબી ક્યારે થાય છે... ... ... ... | ૧૭ |

"Aho Shrutgyanam"

રાજા તથા લક્ષ્મીના નાશનો ઉદય ... ... ... ૧૮
રાજાઓનું શુભ ક્યારે થાય ... ... ... ... ૧૯
કૃપાળથી ઉત્પત્તિ અને શક્તિ ... ... ... ૧૯
કેવી ભાવનાથી પુજા કરવી ... ... ... ... ૨૦
મૂર્તિને મંદિરમાં પધરાવતી વખતે ... ... ... ૨૧
અવલોકિતેશ્વ બોધિસ્ત્વનું ભવ્ય ચિત્ર ... ... ... ૨૨

## પ્રકરણ ૩ જું

જિન પ્રતિમા પ્રમાણ ... ... ... ... ૨૪
૨૪ તીર્થંકરો ... ... ... ... ... ૨૫
૭૦ ભાગની મૂર્તિની ઉંચાઈ ... ... ... ... ૨૯
મોઢાના ભાગ ... ... ... ... ... ૨૯
પહોળાઇનું માપ ... ... ... ... ... ૨૯

## પ્રકરણ ૪ થું

માપનું વર્ણન ... ... ... ... ... ૩૮
મનુષ્યની પ્રતિમાના ભાગ ... ... ... ... ૪૧
મંગળ શુક્ર બુધ અને સૂર્યની મૂર્તિના ભાગ ... ... ૪૨
અભંગા ... ... ... ... ... ... ૪૩
બ્રહ્મા વિષ્ણુ શિવ અને દેવીની મૂર્તિના ભાગ ... ... ૪૪
સમભાગા ... ... ... ... ... ૪૫
તાલ ૯ મધ્યમાન ... ... ... ... ... ૪૭
નવ તાલના માપની લંબાઇ તથા પહોળાઇ ... ... ૪૮
હાથની લંબઈ તથા પહોળાઇ ... ... ... ૪૮
શુક્રાચાર્યનું માપ... ... ... ... ... ૪૮
નાના છોકરાનું માપ ... ... ... ... ૪૯
મૂર્તિના અવયવોના ભાગનું કોષ્ટક ... ... ... ૫૦

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૫ મું


વિશ્વકર્માની મૂર્તિ ... ... ... ... ... ૫૨
કમલાસન ... ... ... ... ... ૫૨
બ્રહ્માની મૂર્તિ ... ... ... ... ... ૫૨
સાવિત્રી દેવીની મૂર્તિ ... ... ... ... ૫૪
ચાર વેદોની મૂર્તિ ... ... ... ... ... ૫૪
નૃત્ય શાસ્ત્રની મૂર્તિ... ... ... ... ... ૫૫
દિશાઓના દેવ ... ... ... ... ... ૫૫
બ્રહ્માના અષ્ટ પ્રતિહાર (દ્વારપાળ) ... ... ... ૫૬
દ્વાદશ સૂર્યની મૂર્તિ... ... ... ... ... ૫૭
ત્રિભંગા ... ... ... ... ... ... ૬૧
અતિભંગા ... ... ... ... ... ૬૨
બ્રહ્મા સાવિત્રી ચાર વેદ અને નૃત્ય શાસ્ત્રની મૂર્તિનું કોષ્ટક... ૬૫
બ્રહ્માના દેરાસરના દ્વારપાળનું કોષ્ટક ... ... ... ૬૫
બાર સૂર્યની મૂર્તિનું કોષ્ટક ... ... ... ... ૬૭


## પ્રકરણ ૬ ઠું


કઇ દિશામાં સ્થાપન કરવા... ... ... ... ૬૮
ગૃહોનું સ્થાપન ... ... ... ... ... ૬૯
ગૃહો કેવા બનાવવા... ... ... ... ... ૬૯
સૂર્યના દેરાસરના પ્રતિહાર તથા નવ ગૃહો ... ... ૭૦
નવગ્રહ... ... ... ... ... ... ૭૧
સૂર્યના પ્રતિહાર (દ્વારપાળ) અને નવ ગૃહનું કોષ્ટક ... ૭૫
દશ દિગ્પાળ ... ... ... ... ... ૭૬
દશ દિગ્પાળનું કોષ્ટક ... ... ... ... ૭૮
ઉપમાઓની સાર્થકતા ... ... ... ... ૭૯
ઉપમાઓની સાર્થકતા ૨ ... ... ... ... ૮૩
ઉપમાઓની સાર્થકતા ૩ ... ... ... ... ૮૫


"Aho Shrutgyanam"

## પ્રકરણ ૭ મું


વિષ્ણું ભગવાનના અવતારોનું વર્ણન ... ... ... ૮૮
બ્રાહ્મણોને માટે ... ... ... ... ... ૮૮
ક્ષત્રી તથા વૈશ્યોને માટે ... ... ... ... ૮૯
શુદ્રો ધોબી ચમારોને માટે ... ... ... ... ૮૯
મેદ, ભીલ, કીરાત, કુંભાર, વેપારી, વેશ્યા વિગેરે માટે ... ૮૯
બ્રહ્મચારી દંડી અને દરેક લોકોને માટે ... ... ૯૦
દરેક જાતીઓને માટે ... ... ... ... ૯૦
ચોવીસ વિષ્ણુ અવતાર ... ... ... ... ૯૦
વિષ્ણુના ચોવીસ અવતારનું કોષ્ટક ... ... ... ૯૫
ગરૂડની મૂર્તિ ... ... ... ... ... ૯૭
હંસ તથા મોર ... ... ... ... ... ૯૮
શ્રી કૃષ્ણ પરમાત્મા... ... ... ... ... ૯૯
ગરૂડ ધ્વજ ભગવાન ... ... ... ... ૯૯
વિષ્ણુના દશ અવતાર ... ... ... ... ૯૯
શેષ નારાયણની મૂર્તિ ... ... ... ... ૧૦૧
શાલિગ્રામ ... ... ... ... ... ૧૦૨
વૈકુંઠ ભગવાનની મૂર્તિ ... ... ... ... ૧૦૩
શ્રી વિશ્વરૂપ ભગવાનની મૂર્તિ... ... ... ... ૧૦૪
શ્રી અનંત ભગવાનની મૂર્તિ ... ... ... ... ૧૦૫
શ્રી ત્રૈલોક્ય મોહનની મૂર્તિ ... ... ... ... ૧૦૬
વિષ્ણુના નામ તથા આયુદ્ધનું કોષ્ટક ... ... ... ૧૦૮
વિષ્ણુના દેવાલયમાં દેવોને કેવી રીતે બેસાડવા ... ... ૧૦૯
વિષ્ણુના પ્રતિહાર (દ્વારપાળ)... ... ... ... ૧૧૦
પ્રાચિન અસ્ત્ર શસ્ત્ર તથા મુદ્રાઓનું ચિત્ર ... ... ૧૧૧
વિષ્ણુના દેવાલયના દ્વારપાળનું કોષ્ટક ... ... ... ૧૧૨


"Aho Shrutgyanam"

## પ્રકરણ ૮ મું


| | |
|---|---|
| શિવની મૂર્તિનું વર્ણન ... ... ... ... | ૧૧૩ |
| શંકરની મૂર્તિના આયુધોનું કોષ્ટક ... ... ... | ૧૨૪ |
| શિવલિંગનું વર્ણન ... ... ... ... ... | ૧૨૬ |
| મહાદેવનાં મંદીરનાં દ્વારપાળ... ... ... ... | ૧૩૪ |
| કાશી વિશ્વનાથના મંદીરનું દ્વાર ... ... ... | ૧૩૬ |
| ગૌરીની મૂર્તિનું વર્ણન ... ... ... ... | ૧૩૭ |
| ગણેશ દેવની મૂર્તિઓનું વર્ણન ... ... ... | ૧૪૦ |
| કાર્તિક સ્વામીની મૂર્તિનું વર્ણન ... ... ... | ૧૪૪ |
| મહાદેવના મંદીરના દ્વારપાળનું કોષ્ટક ... ... ... | ૧૪૬ |
| ગૌરીની મૂર્તિનાં આયુદ્ધનું કોષ્ટક ... ... ... | ૧૪૬ |
| ગણેશ દેવનાં આયુદ્ધનું કોષ્ટક ... ... ... | ૧૪૭ |
| ગણેશના દેરાસરના દ્વારપાળનું કોષ્ટક ... ... ... | ૧૪૭ |
| કાર્તિક સ્વામીની મૂર્તિના આયુદ્ધનું કોષ્ટક ... ... | ૧૪૮ |


## પ્રકરણ ૯ મું


| | |
|---|---|
| શક્તિ દેવીની મૂર્તિનું વર્ણન... ... ... ... | ૧૪૯ |
| ચંડીકા દેવીનાં મંદીરના દ્વારપાળ ... ... ... | ૧૫૪ |
| લક્ષ્મી દેવીની મૂર્તિ... ... ... ... ... | ૧૫૫ |
| મહાલક્ષ્મી દેવીની મૂર્તિ ... ... ... ... | ૧૫૬ |
| મહાવિદ્યા સરસ્વતી દેવીની મૂર્તિ ... ... ... | ૧૫૭ |
| બ્રહ્મણી દેવીની મૂર્તિ ... ... ... ... | ૧૫૭ |
| માહેશ્વરી દેવીની મૂર્તિ ... ... ... ... | ૧૫૭ |
| કુમારીકા દેવીની મૂર્તિ ... ... ... ... | ૧૫૮ |
| વૈષ્ણવી દેવીની મૂર્તિ ... ... ... ... | ૧૫૮ |
| વારાહી માતાની મૂર્તિ ... ... ... ... | ૧૫૮ |
| ઇંદ્રાણી દેવીની મૂર્તિ ... ... ... ... | ૧૫૯ |


"Aho Shrutgyanam"

૭ ભુજાવાળી ચામુંડા દેવીની મૂર્તિ ... ... ... ૧૫૯
માતૃકા દેવીની મૂર્તિ ... ... ... ... ૧૬૦
ક્ષેત્રપાળ દેવની મૂર્તિ ... ... ... ... ૧૬૦
શક્તિ દેવીના આયુદ્ધનું કોષ્ટક ... ... ... ૧૬૨
ચંડીકાના મંદીરના દ્વારપાળ ... ... ... ૧૬૩
શક્તિ દેવીનાં આયુદ્ધોનું કોષ્ટક ... ... ... ૧૬૩
પ્રાચિન છતનું અદ્દભુત શિલ્પકામનું ચિત્ર ... ... ૧૬૫


## પ્રકરણ ૧૦ મું.


જૈનોનાં ચોવીસ તિર્થંકરોનાં યક્ષ યક્ષણીઓનું વર્ણન ... ૧૬૬
૧૬ વિદ્યાધર દેવીઓનું કોષ્ટક ... ... ... ૧૯૦
જૈન દેરાસરના દ્વારપાળનું કોષ્ટક ... ... ... ૧૯૨


## પ્રકરણ ૧૧ મું.


અથ શ્રી અપરાજીત–ગંધમાદન પર્વતનું વર્ણન ... ... ૧૯૩
શ્રી અપરાજીતો વાચ ... ... ... ... ૨૦૬

# શુદ્ધિપત્રમ્.


| પૃષ્ટ | શ્લોક | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧ | तथोसो | तथोसौ |
| ૧ | ૧ | सृष्टी | सृष्टि |
| ૭ | ૨૦ | गर्भगेह | गर्भगेहे |
| ૯ | ૨૭ | मूति | मूर्ति |
| ૧૦ | ૨૯ | सस्यते | शस्यते |
| ૧૦ | ૩૦ | नाधिका | नाधिकां |
| ૧૦ | ૩૧ | नाशभी | नाशनी |
| ૧૨ | ૩૮ | नेत्रशाय | नेत्रनाशाय |
| ૧૫ | ૪૦ | संक्षेप्ये | संक्षेपे |
| ૧૭ | ૪૭ | नाशयत्नि | नाशयन्ति |
| ૧૯ | ૫૩ | दैवत | दैवता |
| ૨૦ | ૫૬ | सोम | सोमं |
| ૨૦ | ૫૮ | सर्व | सर्वे |
| ૨૭ | ૭૧ | तेनांग्ल | तेनांगुल |
| ૨૮ | ૭૪ | होष्ट | लोष्ट |
| ૨૮ | ૭૬ | पचास्थां | पंचास्थां |
| ૩૨ | ૮૯ | भष्ट | अष्ट |
| ૩૨ | ૯૧ | विद्या | विधि |
| ૩૬ | ૧૦૨ | अनेता | अनेत्रा |
| ૩૮ | ૧૦૬ | प्राक्ता | प्रोक्ता |
| ૩૯ | ૧૧૨ | स्त्या | स्त्था |
| ૪૦ | ૧૧૩ | रामे | रामो |
| ૪૧ | ૧૨૦ | धे | द्वे |

"Aho Shrutgyanam"

| પૃષ્ઠ | શ્લોક | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૪ | ૧૨૯ | वेदव्क्र | वेदवक्र |
| ૪૬ | ૧૩૦ | गुलिमी | गुलिभि |
| ૪૬ | ૧૩૦ | बदां | वेदां |
| ૫૧ | ૧૩૫ | शुर | सुर |
| ૫૫ | ૧૪૭ | मर्कटातुनः | मर्कटाननः |
| ૫૬ | ૧૫૫ | पासोत्पलं | पाशोत्पलं |
| ૬૮ | ૧૭૧ | सूयो | सूर्यो |
| ૭૧ | ૧૮૪ | शाशां | शशां |
| ૭૭ | ૧૯૯ | द्विदि | द्विभिः |
| ૯૭ | ૨૨૧ | तोद्दकम् | तीक्ष्वम् |
| ૯૭ | ૨૨૧ | द्विवा | दिवो |
| ૯૭ | ૨૨૩ | रंगुलानि | अंगुलानि |
| ૯૯ | ૨૩૧ | दुपो | रूपो |
| ૯૯ | ૨૩૧ | बीभ्र | बीभ्र |
| ૧૦૧ | ૨૩૧ | सत्परुपं | सत्यरुपं |
| ૧૦૨ | ૨૪૦ | क्रिक | क्रिका |
| ૧૦૩ | ૨૪૨ | भोगीकम् | भागीकम् |
| ૧૧૭ | ૨૭૮ | चतुमुखो | चतुर्मुखो |
| ૧૨૧ | ૨૮૯ | ह्रिजी | ह्रिती |
| ૧૫૦ | ૩૫૯ | मरणान्विता | भरणान्विता |
| ૧૫૬ | ૩૮૦ | कौद | कौम |
| ૧૫૯ | ૩૮૯ | मदा | गदा |
| ૧૭૮ | ૪૨૧ | त्रि | त्रि |
| ૧૮૭ | ૪૩૭ | करत्रत्री | करत्रयो |

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




હિન્દમાતા.

"Aho Shrutgyanam"

# બૃહદ્ શિલ્પશાસ્ત્ર ભાગ ૨.

## પ્રકરણ ૧

## अथ श्री रुपावतार

॥ श्री गणेशाय नमः ॥

॥ श्री सरस्वत्यै नमः ॥

॥ श्री गुरुभ्यो नमः ॥

### સ્તુતિ.

आदौयः सूत्रधारस्त्रि भुवनरचिता सूत्रिणो लक्षरुपी ।
एनेदं देवदैत्योरग धरणीतलं पर्वताकाशरुपं ॥
सृष्टं चित्रं विचित्रं जगदिती सकलं जंतुवृन्दादि सर्वं ।
तद्योसो सृष्टीकर्ता सुरदतु मनरैसपी विद्याधराद्ये ॥१॥

અર્થઃ-સૂત્રના લક્ષ્યરૂપી અને વેદરૂપી સૂત્રોને ધારણ કરનાર છે તે પરમાત્માએ પહેલાં આ ત્રિભુવનને કેવી રીતે રચ્યું તેનું વર્ણન કહે છેઃ-દેવ, દૈત્યો, સર્પો, પૃથ્વી, તલ, પર્વતો, આકાશ, મનુષ્ય, પ્રાણીઓથી ભરાએલું અને દેવોના સમૂહથી સ્વર્ગ વ્યાપ્ત વગેરે ચિત્ર વિચિત્ર જગત્‌ને ઉત્પન્ન કરનાર ત્રણે જગતના કર્ત્તા પરમાત્માને હું નમસ્કાર કરૂં છુ. ૧

"Aho Shrutgyanam"

# શીલા પરીક્ષા.

**धातुरत्न शिलाकाष्टा चित्रलेप समुद्भव ॥**
**यद्रुपं विधिवत्तस्य विधिवक्ष्यामियोग्यत ॥२॥**

અર્થઃ-સોનું, રત્ન, પથ્થર, લાકડાં વગેરેના જે થાંભલા બનાવવા તેની શાસ્ત્ર પ્રમાણેની વિધિ કહું છું, ૨

**एक वर्णघनास्निग्धा मूलाग्रादार्जवाञ्चिता ॥**
**अजघंटार वायासा पुंसीलेति प्रकिर्तिता ॥३॥**

અર્થઃ-તે થાંભલાનો વર્ણ એક સરખો હોવો જોઇએ અને ઘંટડીઓના નાદ થઈ રહ્યા હોય તેવા પુરૂષની આકૃતિવાળા થાંભલા બનાવવા જોઇએ. ૩

**स्थुलमूलात् कृशाग्राप्य कंसता समध्वनि ॥**
**स्त्रीशिलाक्त समूलाग्रस पूताषड तिनिस्वना: ॥४॥**

અર્થઃ—નીચે જાડા અને ઉપર પાતળા અને પાકેલા તાડની માફક નકકર શબ્દ કરનાર, લાકડાના થાંભલા બનાવવા. વળી પાષાણના થાંભલામાં પણ સ્રી જાતિય પથ્થરથી (નક્કર રણુકારવાળો) થાંભલો બનાવવો, ખોખરા અવાજવાળો પથ્થર વાપરવો નહિ. ૪

**लिंगाति प्रतिमौमिछ कुर्यात् पुंशिलयाबुधः ॥**
**पुयोत् स्त्रि शिलयासम्यग् पिठीकाशं सिमूर्तयः ॥५॥**

અર્થા-લીંગ (બાણુ) પુરૂષ આકૃતિના પથ્થરથી બનાનવાં, જ્યાં મૂર્તિઓ અને સિંહાસન પથ્થરનું બનાવવું હોય ત્યાં સ્રી જાતિવાળા પથ્થરથી બનાવવાં તે શાસ્રની રીતી છે. ૫

"Aho Shrutgyanam"

निविडानिर्वणामूर्द्धं सुगंधा मधुराशिला ॥
सर्वेषु लिंगपिठेषु श्रेष्टकांनि युताचया ॥६॥

અર્થઃ- જે શિલા ખાડાખૈયા વગરની (ઝીણાપોગળની) સુંદર વર્ણવાળી સારા સુત્રઢાવાળી હોય તે, મુતિઓ, સિંહાસન અને બાજઠના કામમાં વપરાય છે. ૬

## કુર્મ શિલા.

शडापलेन कर्तव्यं ब्रह्म कूर्मशिलेतथा ॥
प्रासादतल कुम्भादि कर्मकुर्याद्‌ विचक्षण ॥७॥

અર્થઃ- પ્રાસાદની તળમાં (દેરાસર નીચે જમીનમાં પાણી સુધી) કુંભ અને કુર્મશિલા સ્થાપન કરવી, અને કુર્મ શિલાથી પ્રતિમાના સિંહાસન સુધીનું અંતર પોલું રાખવું. વિદ્વાન પુરૂષોએ અને શિલ્પીઓએ આ પ્રમાણે સમજીને કર્મ કરવું. ૭

प्राक्पश्चादक्षणे सोम्ये स्थीता भोमौतुयाशिला ॥
प्रतिमाया शिरस्तस्याः कुर्यात् पश्चिमदक्षिणे ॥८॥

અર્થઃ-ચારે દિશા એટલે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરમાં શિલા સ્થાપન કરવામાં આવી હોય, પણ મધ્યની કુર્મ શિલાનું મુખ પૂર્વ, પશ્ચિણ અને ઉત્તરમાં રાખવું, દક્ષિણ દિશામાં ઉત્તમ ગણાતુ નથી પણ મધ્યમ ગણાય છે, આ પ્રમાણે શાસ્ત્રનું પ્રમાણ છે,

## જડતર.

विमलंहेम कांस्यादि चिन्हंलोह मयंहयेत् ॥
तथापि द्विविधं चिन्हं प्रतिमायां भयावहेत् ॥९॥

"Aho Shrutgyanam"

અર્થઃ-હીરાનું, સોનાનું, અને કાંસાનું મુતિમાં એક વખત જડતર કરવું. એકથી વધારે વખત જડતર કરવાથી ભય આપનાર થાય છે. તેમાં લોઢાનું જડતર કરવું નહિ એમ શાસ્ત્ર કહે છે.

कपोत कुमुद भृंग चासमु सिनोपमा ॥
पांडुरा वत पद्माभाराधार्चा सुखावहा ॥१०॥

અર્થઃ-પારેવા પોયણા ભમરા જેવા, ચાસપક્ષી ધોળા કમળ વગેરે પ્રકારના આકારવાળાં જડતર સુખને આપનાર થાય છે. ૧૦

## મૂહુર્ત જોઇને.

सुदिने शुभ नक्षत्रे शुकने शान्ती चेष्टिते ॥
प्रतिमागृह काष्टादि कर्मकार्यंतु चान्यथा ॥११॥

અર્થઃ-મુતિઓ. ઘર તથા દેવાલય બનાવવા માટે લાકડા શિલાઓ વિગેરે લાવવા માટે સારો દિવસ, સારૂ ચોઘડીચું જોઇને શાસ્ત્રની રીતી પ્રમાણે કાર્ય કરવું. ૧૧

## પ્રાસાદની રેખાથી ઉભી પ્રતિમાનું પ્રમાણ.

एक हस्तेतु प्रासादे मूर्तिं एकादशांगुला ॥
दशांगुलाततोवृद्धी यावत् हस्त चतुष्टकं ॥१२॥

અર્થઃ-રેખાએ (ઓસાર સાથે) એક ગજના પ્રાસાદને પ્રતિમા આંગળ દશની કરવી. તેમજ ચાર ગજના પ્રાસાદ માટે ગજે ૧૦ દશ આંગળની વૃદ્ધિ કરવી. ૧૨

द्वांगुलादश हस्तातं शतर्धमं गुलस्यच ॥
अतिविदं शोशोनाम मध्यमाचार्कं नियसीम ॥१३॥

"Aho Shrutgyanam"

અને ચાર ગજના પ્રાસાદથી દશ ગજના પ્રાસાદ સુધી ગજે બે આંગળની વૃદ્ધિ કરવી. દશ ગજના પ્રાસાદથી પ-ચાસ ગજના પ્રાસાદ સુધી, ગજે એક આંગળની વૃદ્ધિ કરવી; તે **મધ્યમાન** જાણવું અને મધ્યમાનમાં દશમો ભાગ ઉમેરીએ તો **જેષ્ટમાન** થાય. તેમજ મધ્યમાનમાંથી દશમો ભાગ ઘટાડીએ તો **કનિષ્ટમાન** થાય. ૧૩

## બેઠી પ્રતિમાનું માન,

**हस्तांतेर्वेद हस्तांते षडवृद्धिस्यात् शडांगुलीत् ॥**
**तदूर्धदशहस्तांता अंगुलावृद्धि रिष्यते ॥१४॥**

અર્થઃ– એક ગજના પ્રાસાદથી ચાર ગજના પ્રાસાદ સુધી ગજે છ આંગળની વૃદ્ધિ કરવી અને ચાર ગજથી દશ ગજના પ્રાસાદ માટે ગજે એક આંગળની વૃદ્ધિ કરવી. ૧૪

**एकांगुला भवेत् वृद्धि र्यावत् पंचांशहस्तकं ॥**
**विंशन्मं शां अधिकाज्येष्टा विंषत्मोना कनीयसि ॥१५॥**

દશ ગજના પ્રાસાદથી પચાસ ગજના પ્રાસાદ માટે ગજે એક આંગળની વૃદ્ધિ કરવી તે **મધ્યમાન** જાણવું. અને મધ્યમાનમાં વીસમો ભાગ ઉમેરીએ તો **જેષ્ટમાન** થાય. અને મધ્યમાનમાંથી વિસમો ભાગ ઓછો કરીએ તો તે **કનિષ્ટમાન** જાણવું. ૧૫.

## દ્વારમાનથી પ્રતિમાનું પ્રમાણ.

**द्वारो श्रयोष्टधाकार्या भागमेकं परित्यजेत् ॥**
**सप्तभागं त्रीधाकृत्वा द्विभागं प्रतिमाभवेत् ॥१६॥**

"Aho Shrutgyanam"

અર્થ:–દ્વારની ઉંચાઇના ભાગ આઠ કરવા. તેની અંદરનો એક ભાગ ત્યજી દેવો, બાકી ભાગ સાત રહ્યા તેમાં ત્રણ ભાગ કરવા, તે ત્રણ ભાગમાંથી બે ભાગની પ્રતિમા કરવી. ૧૭

## બીજું માન.

द्वारंविभज्यनवधा भागमेकं परित्यजेत् ॥
अष्टभागं त्रीधाकृत्वा द्विभागं प्रतिमाभवेत् ॥१७॥

અર્થ:–દ્વારની ઉંચાઇના ભાગ નવ કરવા, તેની અંદરનો એક ભાગ તજવો, બાકી ભાગ આઠ રહ્યા. તે આઠ ભાગનાં ત્રણ ભાગ કરવા, તે ત્રણ ભાગમાંથી બે ભાગની પ્રતિમા કરવી. ૧૭

उर्धाचा प्रथमाप्रोक्ता आसनस्याद्वितीयका ॥
प्रोक्ताद्वार मानेन साचश्रेष्टा प्रकिर्तीता ॥१८॥

અર્થ:–ઉભી પ્રતિમા પ્રથમ અને આસન ઉપર બેઠેલી પ્રતિમા બીજા નંબરે ગણાય છે તેમજ પ્રતિમા દ્વારના માનથી બનાવાય તો શ્રેષ્ટ ગણાય છે. ૧૮

## પ્રાસાદનો ગભારો તથા રેખા (ભીતી.)

चतुरश्रीकृते क्षेत्रे दशधाप्रतिभाजीते ॥
चतुर्भागे भवेद्भिति शेषं गर्भगृहं स्मृतं ॥१९॥

અર્થ:–ચારે ખુણે સમચોરસ જમીનમાં દશ ભાગ કરવા, તેની અંદરના ચાર ભાગની રેખા (બબ્બે ભાગની ભીંતો એટલે બે બાજુની દીવાલો મલીને ચાર ભાગની

"Aho Shrutgyanam"

રેખા રાખવી.) અને વચ્ચે ભાગ છ રહ્યા તે ગભારો દેવસ્થાનનો રાખવો. ૧૯

## પ્રાસાદની અંદરના ગભારાથી બેઠી પ્રતિમાનું માન.

गर्भगेह त्रिभागेन ज्येष्टार्चा कथिताबुधैः
मध्यमाच दशांशोना पंचांशोना कनीयसी ॥२०॥

અર્થઃ—પ્રાસાદની અંદર ગભારામાં ત્રણ ભાગ કરવા, તેમાંના ભાગ એકની પ્રતિમા કરવી તે **જેષ્ટમાન** ગણાય. અને જેષ્ટમાનમાંથી દશમો ભાગ હીન કરીએ તો મધ્યમાનની પ્રતિમા થાય અને જેષ્ટમાનમાંથી પાંચમો ભાગ હીન કરીએ તો કનિષ્ટમાનની પ્રતિમા કહેવાય. ૨૦

## ઉભી પ્રતિમાનું માન.

सप्तांशे गर्भगेहेतु द्वौभागौ परिवर्जयेत् ॥
पंचभागो भवेदेवं शयन स्व सुखावह ॥२१॥

અર્થઃ— પ્રાસાદના ગભારામાં સાત ભાગ કરવા, તેમાંથી બે ભાગ ત્યાગ કરવા અને પાંચ ભાગની મુર્તિનું માપ રાખવું. આ માપ સુતેલી મુર્તિને માટે સારામાં સારૂં છે. ૨૧

## સીંહાસનનું પ્રમાણ.

त्रीभागे भाजीतेद्वारे द्विभागेच प्रकिर्तीता ॥
भागमेकं भवेत्पीठं कनिष्टा मध्यमोत्तमा ॥२२॥

અર્થઃ—દ્વારની ઉચાઈમાં ત્રણ ભાગ કરવા તેના અંદરના એક ભાગનું સીંહાસન કરવું, તે મધ્યમાન જાણવું. અને દ્વારની ઉંચાઇમાં બે ભાગ કરવા તેની અંદરનું એક

"Aho Shrutgyanam"

ભાગનું સીંહાસન તે જેષ્ટમાન કહેવાય અને મધ્યમાનથી નાનું કરે તો કનિષ્ટમાનનું કહેવાય. ૨૨

## ઘર દેરાસર માટે પ્રતિમાનુંમાન.

आरंभेकांगुलादूर्ध्वं पर्यंते द्वादशांगुला ॥
गृहेषु प्रतिमापुज्या नाधिकाशस्यति ततः ॥२३॥

અર્થ:-એક આંગળથી આરંભીને બાર આંગળની (નીચેની પાટલીના માપ સાથે.) પ્રતિમા ઘરમાં (ઘરદેરાસર માટે) પુજવા યોગ્ય છે. આ માપથી વધારે પ્રમાણુવાળી સારી નહિ એવો શાસ્ત્રનો મત છે. ૨૩

## કયે સ્થાને કયા માપની પ્રતિમા કરવી.

तदूर्ध्वं नवहस्तांता पूजनीय सुरालये ॥
दशहस्तादितोयार्चा प्रासादेन विवर्जयेत् ॥२४॥

અર્થ:-પ્રાસાદને માટે બાર આંગળથી તે નવ હાથ સુધીની પ્રતિમા કરવી. અને નવ હાથ ઉપરાંતની પ્રતિમા દેરાસરને માટે પુજવા યોગ્ય નથી. દશ હાથની પ્રતિમા અગર તે ઉપરાંતની પ્રાસાદની બહાર શોભાને માટે રાખવા યોગ્ય છે. (જલાશયના કુંડને વિષે, તળાવને વિષે, બગીચાને વિષે તથા રાજાના કિલ્લાના સિંહદ્વારને વિષે દશ હાથની પ્રતિમા શોભાને માટે રાખવા યોગ્ય છે. ૨૪

दशादीकर वृध्यंच षडविंशत्प्रतिमा पृथक् ॥
बालवेदकरान्पीच कुर्यात् पूजयेसुधी ॥२५॥

અર્થ:-દસ હાથથી આરંભીને છવીસ હાથ સુધીની

"Aho Shrutgyanam"

પૃથક પૃથક પ્રતિમાઓ બનાવવી. તેમજ ત્રણ હાથની તથા ચાર હાથની પ્રતિમાઓ બનાવીને પુજા કરવી. ૨૫

अष्टलोहस्ययामूर्ती शैलरत्नमया तथा ॥
श्रेष्टवृक्षमयावापि प्रवालादिमया तथा ॥२६॥

અર્થઃ–આઠ ભાગની લોહની મૂર્તિ, તેમજ આઠ ભાગની પત્થરની તથા રત્નોની મૂર્તિઓ બનાવવી. લાકડાની તેમજ પ્રવાલ વીગેરેની મૂર્તિઓ આઠ ભાગના માપથી શ્રેષ્ટ છે તેમ શાસ્ત્રો જણાવે છે. ૨૬

## ખંડીત મૂર્તિઓ નહિ પુજવા વિષે

अतिताक्ष शतायास्यात् मूर्तिस्थाप्या महामते ॥
स्फुटीता खंडीता पुज्या अन्यथा दोषदायका ॥२७॥

અર્થઃ–જેને સો વર્ષ થઇ ગયા છે, તેવી મુર્તિઓ તેમજ જે ખંડીત થઈ ગઇ છે, અને ફુટી ગઈ છે, તેવી મુર્તિઓની પુજા ન કરવી, કરવાથી દોષીત થવાય છે. ૨૭

धातुरत्न विलेपाद्या पंगासंस्कार योग्यका ॥
काष्टापाषाण निर्मीषात्ता संस्कार योग्यका ॥२८॥

અર્થઃ–સોના, ચાંદી, રત્નો વીગેરેથી બનાવેલી મૂર્તિઓ પાંગળી અથવા ખંડીત થએલી હોય તો તેને સુધારે તો તે મૂર્તિનું પૂજન થઇ શકે છે પરંતુ લાકડાની કે પત્થરની બનાવેલી મુતિઓ ભાંગી ગઈ હોય અથવા ખંડીત થએલી હોય તો તે નવીજ બનાવીને ફરીથી પ્રતિષ્ઠા કરીનેજ પુજાય છે. ૨૮

"Aho Shrutgyanam"

## મૂર્તિ ચલાયમાન ન કરવા વિષે.

**भैरवःसस्यते लोके प्रत्यायतन संस्थितः ॥**
**नमूलायतने कार्यो भैरवस्तु भयंकरः ॥२९॥**

અર્થ—ભૈરવ દેવલોકમાં પ્રચલીત હોય અને તેને સારી રીતે પ્રતિષ્ઠા કરી સ્થાપન કરેલ હોય તે ભૈરવની મૂર્તિને તેમજ તેવા બીજા ભયંકર દેવોની મૂર્તિને પણ મૂળસ્થાનથી ચલાયમાન ન કરવી કારણકે ભૈરવની મૂર્તિ ઘણીજ ભયંકર છે અને ખરાબ પરીણામ લાવનાર છે. ૨૯

## શાસ્ત્રના માપથી વિરૂદ્ધ બનાવી મૂર્તિ પૂજે તો.

**नरसिंहो वराहोथ तथान्येव भयंकरा ॥**
**नाधिकागान् हिनांगान कर्तव्यादेवताक्वचित् ॥३०॥**

અર્થ—નરસિંહ ભગવાન તેમજ વરાહ ભગવાન આ દેવો પણ મહા ભયંકર છે માટે આવા દેવોને શાસ્ત્રના માપથીજ બનાવવા. વધારે અંગવાળા તેમજ થોડા અંગ-વાળા ન બનાવવા. આ દેવો તો શું પરંતુ કોઈ દેવને વધારે અંગવાળા તેમજ ઓછા અંગવાળા બનાવવા નહિ. ૩૦

**स्वामिनं घातयेतुना करालवदनातदा ॥**
**अधिकशिल्पेत्यहंति कृशाचैवार्थ नाशमी ॥३१॥**

અર્થ—મૂર્તિનું મુખ ભયંકર બનાવવાથી સ્વામીનો (મૂર્તિ કરાવનારનો) ઘાત થાય છે. અને માપથી અધીક તથા હીન અંગવાળી બનાવે તો શિલ્પીનો પણ નાશ થાય છે. મૂર્તિને જો પાતળી બનાવે તો સ્વામીના દ્રવ્યનો નાશ કરે છે; માટે મૂર્તિને શાસ્ત્ર પ્રમાણે બનાવવી. ૩૧

"Aho Shrutgyanam"

वक्रनासा वितुरवाय संहि वर्गभयंकरी ॥
चिपटा उरक्तशोकाय अधिपत्यविनाशनी ॥३२॥

અર્થ—મૂર્તિનું મોઢું, નાક, ડોક જો ખરાબ હોય તો ભયને ઉત્પન્ન કરનાર છે. મૂર્તી ચીપટ આકારની હોય તો અને બહુજ પાતળી હોય તો સ્વામીના અધીપત્યનો નાશ કરે છે. ૩૨

दुरवदा हिन वक्रा अपाणि पादहतातथा ॥
हीनांगाहिन जंघाच भ्रमोन्ध करिनृणाम् ॥३३॥

અર્થ—જો મૂર્તિ હીન મોઢાવાળી કે હીન હાથવાળી હોય અને હીન પગવાળી હોય, તેમજ શરીરના કોઈપણ અંગ હીન હોય તો સ્વામીને ચીતભ્રમ અથવા ગાંડો તેમજ આંધળો બનાવી દે છે. ૩૩

शुष्क वक्रातुराजानं कटीहिनाय या भवेत् ॥
पाणिपाद विहीनाया जायते मरकोमहान् ॥३४॥

અર્થ—જો મૂર્તિ મોઢાથી હીન હોય તેમજ કેડમાં પાતળી હોય તો રાજાનો નાશ કરે છે. અને જે મૂર્તિ હાથ પગ વગરની અથવા હાથ પગથી ખંડીત થએલી હોય તો તે મહાન પુરૂષનો નાશ કરે છે. ૩૪

जंघाहिनातु पाडलचीसतु मूर्ति कल्याणकारिणी ॥
पुत्रमित्र विनाशाय हिनवक्ष्यःस्थलेनय ॥३५॥

અર્થ—જો મૂર્તિ જાંઘમાં થોડીક હીન હોય તો પુજા કરી શકાય છે. અને મૂર્તિ છાતીમાં ખંડીત થયેલી હોય તો પુત્ર તથા મીત્રનો નાશ કરે છે. ૩૫

"Aho Shrutgyanam"

पीठयांनखरा चारा धूसयतियथाक्रमं ॥
स्ववाहन मृत्पानां नाशो भवतिनिश्चितं ॥३६॥

અર્થ—મૂર્તિનું સિંહાસન શાસ્ત્રની રીતી પ્રમાણે બનાવવું. તેમાં સારા સારા ચિત્ર કાઢવાં અને સારી રીતે શણગારવું. જો મૂર્તિનું વાહન ખંડીત હોય તો પણ નાશ કરે છે. ૩૬

प्रतिमा काष्टलोहास्मा हंतचित्राय सांग्रहे ॥
मानाधिकार परिवार रहितेव पूज्यतः ॥३७॥

અર્થ—જે મૂર્તી લોઢાની અથવા લાકડાની ચીત્ર વગરની અને અધીક માપથી બનાવેલી હોય તે મૂર્તિની જે સ્ત્રી છોકરાંથી રહીત હોય તેણે પુજા કરવી. ૩૭

अनेत्रा नेत्रशाय स्वप्लास्पाद भोगवर्जीता ॥
अर्थहत् प्रतिमोत्ता निअतिताहेतुरधोमुख ॥३८॥

અર્થ—જે મૂર્તિ નેત્ર વગરની હોય તે સ્વામીના નેત્રનો નાશ કરે છે. અને જે મૂર્તિ નાના પગની હોય તે ભોગવિલાસનો નાશ કરે છે અને મૂર્તિનું મુખ નિચા જોયું હોય તો તે દ્રવ્યનો નાશ કરે છે. ૩૮

## શાસ્ત્રની વીધીથી પ્રતિમા બનાવી પુજે તો.

संपूर्णा वयवायात्र आयुलक्ष्या सदा सदा ॥
एवं लक्षणमासाध कर्तव्या देवताबुधैः ॥३९॥

અર્થ—જે મૂર્તિ શાસ્ત્રની વિધીથી સંપૂર્ણ અવયવોથી

"Aho Shrutgyanam"

યુક્ત બનાવેલી હોય અને દરેક લક્ષણોથી યુક્ત હોય, તેવી મૂર્તિ વિદ્વાન પુરૂષોએ અને શિલ્પીઓએ બનાવવી. તેવી મૂર્તિ કલ્યાણ કરનારી તેમજ લક્ષ્મીને આપનારી થાય છે. ૩૯

## નટરાજ



મદ્રાસના મ્યુઝમમાં ચાર ફૂટ ઉંચી નટરાજની એક ધાતુની મૂર્તિ છે. તે લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વેની ઇ. સ. ૫૦૦ ની સાલની ગણાય છે. શિવના તાંડવનૃત્યનો અપૂર્વ ખ્યાલ આપતી એ મૂર્તિના નૃત્યના એ પ્રસંગની મૂળ કથા કોયલ પુરાણમાં નીચે પ્રમાણે છે.

"Aho Shrutgyanam"

યજ્ઞના આડંબરમાં બ્રાહ્મણો બેઠા હતા. કોઇ પંડિતો શાસ્ત્રના ખંડન મંડનની ચર્ચાઓ કરતા હતા. વિદ્યાવિલાસ ચાલી રહ્યો હતો અને યાજ્ઞિકોના વૈભવ તથા ચમત્કારિક શક્તિઓનો પણ પાર નહોતો.

એ બધું પોલાણ રૂદ્ર સ્વરૂપ શંકરે જોયું; અને વિદ્વાનો ખુદ પોતાના વર્તનથી ખરા ધર્મની મશ્કરી કરતા હતા એમ લાગવાથી એ પોતે જંગલી બાવાનું રૂપ ધારી એ સ્થળે ગયા ને યજ્ઞને અભડાવીને ઉભા. બ્રાહ્મણો ગુસ્સે થયા ને એમણે યજ્ઞમાંથી મંત્રબળે એક સાપ ઉત્પન્ન કરી આ જોગી ઉપર ફેંકયો પણ બાવાએ તો સાપને પકડીને કેડે વિંટાળી દીધો. બ્રાહ્મણોએ તરત વાઘ ઉત્પન્ન કર્યો ને એના ઉપર છોડયો. જોગીએ એને પણ પકડી લીધો ને એનું ચામડું ઉતરડીને પોતાને અંગે ઓઢી લીધું. છેવટે હારીને બ્રાહ્મણોએ એક વામનરૂપ અસુર ઉત્પન્ન કર્યો અને એ અનાર્ય બાવાને મારવા એ વામનને પ્રેરણા કરી.

એ વામનને પણ આખરે બાવાએ પાડયો ને એને પગ તળે ચાંપી પોતાનું અલૌકિક તાંડવ નૃત્ય શરૂ કર્યું. જે નૃત્યની આ મૂર્તિ છે. બ્રાહ્મણો, વિદ્વાનો, પંડીતો ને યાજ્ઞિકો સૌ એ નૃત્ય જોઇ રહ્યા. ડમરૂ વાગતું હતુ. આખુ શરીર ત્વરિત ગતિથી નાચી રહ્યું હતું. કુદરતના નૃત્ય સાથે શંકરના આ નૃત્ય અને સંગિતના તાલ મળવા લાગ્યા—બ્રહ્માંડ ડોલતું હતું; સુર્યમંડળો, ગ્રહો અને ઉપગ્રહોના સંગીત અને નૃત્ય સાથે શિવ નાચતા હતા.

બ્રાહ્મણોને એમણે આ નૃત્યથી પદાર્થ પાઠ આપ્યો કે **“ સૃષ્ટિના નિયમોને અનુસરો, ” અનંતની સાથે**

"Aho Shrutgyanam"

**એકતાન થાઓ.** મૂર્તિમાં જોશો તો એ નૃત્યમાં શિવના બધા અંગો પ્રવૃત છે છતાં મુખપર નિવૃતિ છે, "**કર્તવ્ય માત્ર વેગથી કરવું, છતાં અંતરની શાંતિ છોડવી નહિ**" એ એનું સુચન છે.

**यानरुत् पोतान गर्ग प्रोवाचतान्हे ॥**
**वक्षोतेषां संक्षेप्येणयं प्रतरतेरन्यत्वं ॥४०॥**

અર્થ—જે કાંઇ બાકી છે તે ગર્ગાચાર્ય સંક્ષેપથી કહે છે. તે બધાનું વર્ણન હવે પછી કહેવામાં આવશે. ૪૦

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૨ જું.

### દોષનું નિવારણ.

अपचारेण तराणातुप सर्ग पापा सचया भवति
संश्रूयन्ति व्याप्त रिक्षमां भोस्त थौ त्पाता ॥४१॥
मनुजानां उपचारात् अपस्क्ता देवतातथा ॥
स्रजन्तेतान् तत् प्रतिथाताय नृपःशान्ति व्रजति ॥४२॥

અર્થ—અપકૃત્યો કરે, નિંદા કરે ને સાંભળે તો ઘણાં ઉત્પાતો થઇ પાપ થાય છે. ૪૧

અપકૃત્યોથી, પાપોથી ઉત્પાતો થઈ રાજાઓને અને મનુષ્યોને જે પીડા થાય છે, તેની શાન્તિ માટે દાન, પુન્ય અને યજ્ઞો કરવા, કે જેથી દેવતાઓ પ્રસન્ન થઇને રાજાઓ અને પ્રજાઓને દુઃખ મુક્ત કરે છે.

दिव्यंग्रहक्षचेक्षदत्त मुत्का निर्घात पवनिपरीवेषाः ॥
गंधर्व पुरपुरंदर चापासीयदांतरिक्षंतत् ॥४३॥
भोमंचरास्थिर भवन्तिशान्ति भिराहन समुपेति ॥
नाभंसमुपैति मृदुतां शमतिनाद व्यंचदत्यके ॥४४॥

અર્થ—આકાશમાં રહેલા ગ્રહોથી, પવનથી, ગંધર્વથી, ઇંદ્રથી, અંતરિક્ષના બીજા દેવોથી અને પૃથિવપર રહેલા દેવોથી, યક્ષો, કિન્નરો, રાક્ષસોથી જે દુઃખો થાય છે તે દુઃખોથી મુક્ત થવા માટે દાનપુણ્ય અને યજ્ઞો કરવા. ૪૩-૪૪

"Aho Shrutgyanam"

दिव्यमपिशमुपैति प्रभूत कनकांन्नगो महिदानैः ॥
रुद्रभ्यतते भूमौ गोदाहात् कोटीहोमातु ॥४५॥
आत्म सुत कोश वाहत पुरदाव पुरोहिते ॥
तुलोकेषु पाकमुपयातिदेवं परिकल्पित मष्टधातुपाता ॥४६॥

અર્થ—આકાશમાં રહેલા દેવો અને અગીયાર રૂદ્રોથી જે દુઃખ થાય છે તેનાથી મુક્ત થવા માટે સોનાનું, અન્નનું અને દૂધ આપનારી ગાયોનું, તેમજ સારી પૃથ્વિનું દાન અને યજ્ઞ કરવા કે જેથી દેવો તથા અગીયાર રૂદ્રો પ્રસન્ન રહે છે. ૪૫

તેમજ પોતાના પુરોહીતો, આશ્રિતો અને તેમના સ્રી પુત્રાદિને ઇચ્છીત દાન આપીને પ્રસન્ન કરવા. આ પ્રમાણે આઠ ધાતુની મુતિના વિધાનમાં કાંઇ દોષ રહી જાય તો તેની શાન્તિ થાય તેમ કરવું. ૪૬

## દેશની ખરાબી ક્યારે થાય છે.

अतिमितवलत भगस्वेदाश्रु षात जल्पना ॥
धाति लींगार्चायतनानां नाशयन्तितेदेशाः ॥४७॥

અર્થ—જે દેશમાં પુજનીક મૂર્તિ ખંડીત થયેલી હોય તે દેશ મહા ભયંકર લાગે છે, તેની પુજા કરનારને રોગ થાય છે, શરીરમાંથી પસીનો છૂટે છે અને કોઇ વખત ગાંડો પણ થઇ જાય છે, ઘણું બકે છે અને રોવાનો સમય આવી મરણ પણ થાય છે માટે તે મૂર્તિ ધાતુની હોય તો સુધારવાથી અને જો લાકડાની કે પત્થરની હોય તો બીજી બના-

२

"Aho Shrutgyanam"

વવાથી શાન્તિ થાય છે અને તેમ નહિ કરવાથી ઉત્પાત વધે છે. ૪૭

स्वदेशध्वांसःसफोटे भवत्तथाचैवजतमरकस्थानां ॥
चलने भागोदशस्य विर्निदीशेत प्राज्ञः ॥४८॥

અર્થ—જે દેશની ખરાબી થવા માંડી હોય, તેમાં સારા સારા પુરૂષોનો ઘણોજ લય થવા માંડે અને તેના રીતરીવાજો એકદમ બદલાતા હોય તો ડાહ્યા માણસોએ તે દેશ છોડી દેવો જોઈએ. ૪૮

मर्दनं जल्पतहास्य मुन्मीलनो निमीलने ॥
देवायत्र प्रकुर्विता तत्रविद्यात् महद्भयं ॥४९॥

અર્થ—જે દેશમાં દેવો બહુજ મર્દન કરે, ઘણુંજ બોલે, ઘણુંજ હસે, ઝીણી રીતે આંખો ઉઘાડે અને મીંચે, તે દેશમાં મોટો ઓચીંતો ભય આવી પડે છે, એવો શાસ્ત્રનો સિધાન્ત છે. ૪૯

रोदने वर्तते हास्यो देवानां च प्रसर्पणे ॥
महद्भयं त्रिजानियात्षडमासात्रिगुणापरां ॥५०॥

અર્થ—જ્યાં રોતા રોતા દેવો હસે, દેવોની ઘણીજ મશ્કરી થાય, તેવા સ્થળોમાં મહાન ભય જલદી આવી પડે છે અને તેવા દેશોમાં સારા ગુણવાન પુરૂષોનો છ માસમાં અથવા ત્રણ માસમાં અંત આવે છે. ૫૦

**રાજા તથા લક્ષ્મીના નાશનો ઉદય.**

धूम्रग्रानारजो भस्म यदाउगंति देवताः ॥
राजातचदाम्रियते प्रसूतेच धनक्षयम्‌ ॥५१॥

"Aho Shrutgyanam"

અર્થ—જ્યારે ધુમાડાના વર્ણવાળો અને શાખોડીના રંગનો સૂર્ય ઉદય થાય છે ત્યારે, અથવા તો ધુમ્રકેતુનો તારો ઉપરના રંગનો ઉદય થાય છે, ત્યારે રાજાનું મૃત્યુ અને લક્ષ્મીનો નાશ અવશ્ય થાય છે. ૫૧

भूमयंदांन भोजाति विशेद वसुंधरांनभः ॥
द्रष्यतेचांतरदैशा वास्त दाराजा वधोभवेत् ॥५२॥

અર્થ—જ્યારે પૃથ્વિ આકાશમાં પેસી જતી હોય; યા આકાશ પૃથ્વિમાં પેસી જતું હોય અથવા તો બધા દેશો આકાશમાં ઉડતા હોય આવું જ્યારે દેખાય ત્યારે રાજાનો વધ થાય છે આવું શાસ્ત્રનું પ્રમાણ છે. ૫૨

## રાજાઓનું શુભ ક્યારે થાય.

दैव त यात्रा शकटाक्षचक्र युगकेतु भंगतुपतनांति
समपर्यायनस्यांद न सगानदेनृपशुभिदा ॥५३॥

અર્થ—દેવતાઓ ગાડામાં બેસી યાત્રા કરવા જતા હોય તેવામાં તેમના ગાડાનું એક પડું અથવા બન્ને પૈડાં ભાંગી ગયાં હોય અને દેવતાઓ નિચે ઉતરી ગયેલા દેખાતા હોય ત્યારે રાજાનું શુભ થાય છે. ૫૩

## કપાળથી ઉત્પત્તિ અને શક્તિ.

रुषि धर्मपित्र ब्रह्म प्रेत भूत विक्रते द्विजातितां ॥
यद्रुद्र लोक पाळोध्भवं षशुनांम प्रतिष्ठंतत् ॥५४॥
गुरुशिवशनिश्वरो छूपुरोधसांविष्णुजे त्रिलोकिनां ॥
स्फंविशाख समुछं मांडलिकानां नरेन्द्राणाम ॥५५॥

"Aho Shrutgyanam"

वेद्व्यासोमत्रिणि विनायके वित्ततंच ॥
भूनाथे धातिरस विश्वकर्मणि लोकाभावायनिर्दीष्ट ॥५६॥
वकुमार कुमारिवनिता प्रेष्येषु वैक्तयशात् ॥
तन्नरपात कुमारक कुमारिकास्त्रि परिजनानाम् ॥५७॥
पुरक्षः पिशाच गुह्यकनां नागानां निर्दिष्टं ॥
मासैः श्वाप्यष्टीभिः सर्वेषामेवेफलपाक ॥५८॥

અર્થઃ–રુષિ, ધર્મ, દક્ષ પ્રજાપતિ, બ્રહ્મા, પ્રેત, ભુત, દ્વિજાતી રૂદ્રલોક વિગેરે કપાળના તેજથી ઉત્પન્ન થયા છે, એમ વંશજો જાણુનારા કહી ગયા છે. ૫૪

ગુરુ, શિવ, શનિ, મનુષ્યમાં વિજય તેજવાળા માંડલીક રાજાઓ, ૫૫ વેદવ્યાસ અત્રીરુષિ કુબેર પૃથ્વીના સ્વામી ધારણ કરનારી, વિશ્વકર્માના લોકને કલ્યાણુની દ્રષ્ટિથી જોનારી. ૫૬ દેવમાં કુમારક રૂપ અને સ્ત્રીઓમાં કુમારી રૂપ, સ્ત્રીઓમાં યશને ફેલાવનારી, કુમારક નર તથા કુમારી સ્ત્રીઓને રક્ષણ કરનારી. યક્ષો પિશાચો ગુહ્યકો નાગો સૃષ્ટીના સર્વ દેવો, સ્ત્રી અને પુરૂષોનું કલ્યાણુ ઇચ્છનારી એવી જે શક્તિ છે, તેનુ આઠ માસ સેવન કરવાથી સામાન્ય ફળ આપનારી. ૫૮

## કેવી ભાવનાથી પુજા કરવી.

बुद्धादेवं निराकारं श्रचिपुरोधार त्राहोशितः ॥
स्नातः स्रामकुसमान लेपनवस्त्रैरंभ्यर्च्यंप्रतिमाम् ॥५९॥
मधुपर्केण पुरोधाभक्षै बलिभिश्चविधित्उपतिष्टेत् । ।
स्थालापाकजुहुयात् विधित्मनंत्रे स्वनलींगे ॥६०॥

"Aho Shrutgyanam"

इतिविबुधवीकारैः शान्तयःसप्तरात्रिद्विजबुधगणाः ॥
चीयगीतक्रत् योष्यवाश्च विधिवद्नपालैः येप्रयुक्ता
न तेषां भवति पुरीसकापाक्रोद्क्षिणाभिश्वरुद्धः ॥६१॥

અર્થઃ—દેવોને નીરાકાર જાણીને, સ્નાનકરી, પવિત્ર વસ્ત્રો પહેરી, ચંદન પુષ્પ વિગેરેથી પુજા કરવી. ૫૯

અને પછી દેવોને મધુપર્ક કરીને નૈવેધ ધરાવી મંત્રોચ્ચારથી સ્તુતિ કરવી. ૬૦ પછી રાત્રીએ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી વાજીંત્રો સાથે ભજન કીર્તન કરવું. ૬૧.

## મૂર્તિને મંદીરમાં પધરાવતી વખતે.

विष्यनाभि मुखकार्या यात्राद्धारं च वांसक्ततः ॥
प्रवेशं प्रतिमादीनां गुर्विंणीनां विषेशतः ॥६२॥

અર્થઃ—જ્યારે મૂર્તિને મંદીરમાં પધરાવવી હોય ત્યારે દ્વાર આવે તે વખતે મૂર્તિને સન્મુખ કરીને વસામો આપ્યા પછી દ્વારમાં પ્રવેશ કરાવવો; તેમાં મુખ્ય મૂર્તિનું તો અવશ્ય ઉપર પ્રમાણે કરવું. ૬૨

नक्षत्रयोनीश्च षडाष्टकंच वर्गाष्टकंनाडीगतंचरुक्ष ॥
देवादीरुक्षाणी विषोपकांच्च एतेविलोकयाप्रतिमाश्रधामे ॥

અર્થઃ—યોની છ અથવા આઠ વર્ગમાં, નાડી નવ વર્ગમાં ગઈ હોય ત્યારે નક્ષત્ર દેવા. તેમજ પ્રતિષ્ઠાનો સમય જોયા પછી કાર્ય કરવું. ૬૩

"Aho Shrutgyanam"



અજન્તાઃ ૧ લી ગુફાનું જગતભરના રેખાંકનમાં અગ્રસ્થાન ભોગવતું અવલોકિતેશ્વર બોધિસત્વનું ભવ્ય ચિત્ર, જગતભરમાં રેખાંકન માટે અનુપમ ગણાય છે.

મનુષ્યના સામાન્ય કદ કરતાં તે મોટું અને જીવન મંથન કરતું મધુર મુખ કમળ હાથમાં પકડેલા કમળની

"Aho Shrutgyanam"


પણ સ્પર્ધા કરે છે. એના હોઠપર ફરકી રહેલું માધુર્ય અમૃતને પણ ભૂલાવી દે છે. એના અર્ધ નિમીલિત ચક્ષુઓ એના વિશદ પવિત્ર ચિત્તની પ્રતીતિ કરાવે છે. એના વિશાળ સ્કંધ, કોમળ પણ દીર્ઘ બાહુ તે જગતભરમાં વિજય કરવાને સરજાયેલ હોય તેમ જણાવે છે. કેટલી ઓછી રેખામાં ને છાયાના સ્પર્શ માત્રથી આ બધું ઉપજાવી કાઢયું છે એનો વિચાર કરતાં પણ મન થાકી જાય છે. એના હાથનો અભિનય ને કમળની ખીલતી પાંખડીઓ અને એનો રત્નજડીત મુગટ, કંઠનો હાર ને મનોભિરામ ઉપવીત અલંકારના સૌંદર્યની છેલ્લી કોટી બતાવે છે. શરીરનો રંગ રાજવંશી કુમારની સુકોમળતા બતાવવાને બરાબર પસંદ કર્યો છે.

એની આસપાસની દેવ તથા મનુષ્યસૃષ્ટિ પણ આબેબહુ ખડી કરી છે! જ્યાં ધૈર્યનો ભાવ બતાવવો ઘટે ત્યાં તેને અનુરૂપ રેખાઓ, જ્યાં ત્વરાનો ભાવ બતાવવો ઘટે ત્યાં તેને અનુરૂપ રેખાઓ, સ્થિરતા, મસ્તા, સર્વ કાંઈ ભાવો અદ્‌ભુત કૌશલ્યથી પ્રદર્શિત કર્યા છે. આ જોતાં એમજ લાગે કે પૂર્વના આ કલાકારોને માટે કશુંજ જગતમાં અશકય ન હતું.

"Aho Shrutgyanam"

# પ્રકરણ ત્રીજું.

## अथ जिनप्रतिमा प्रमाण.




**अरुपंरुपमाकारं विश्वरुपं जगत्प्रभु ॥**
**केवलं ज्ञानमुर्तिश्च वितरागोजिनेश्वर ॥६४॥**

અર્થઃ—પરમાત્માને રૂપ તેમજ રંગ નથી, તેમજ પરમાત્મા નામ રૂપથી રહીત છે, છતાં જગત ઉપર જ્યારે અધર્મ વધે છે, તેમજ દુષ્ટ માણસો સજ્જન માણસોને દુઃખ આપે છે. તેમજ માણસો વેદના માર્ગથી ભ્રષ્ટ થાય છે, આ પ્રકારના દુનીયામાં ઘણુંજ પાપ તેમજ અનર્થ વધે, ત્યારેજ જગતના સ્વામી નીરાકાર છે છતાં મૂર્તિ તરીકે આકાર સ્વરૂપે થાય છે, તેમજ પરમાત્મા કેવલજ્ઞાન રૂપ છે, તેમજ ચૌદ બ્રહ્માંડ તેમાં સમાયેલા

"Aho Shrutgyanam"

છે છતાં તે વીતરાગ એટલે બ્રહ્માંડથી ન્યારા છે, તેવી જિન ભગવાનની મૂર્તિ સમજવી. ૬૪

द्विभूजंचैकवक्रंच बद्वपद्मासन स्थितम् ॥
लियमानं परंब्रह्मं जैनमूर्ति जगद्गुरुम् ॥६५॥

અર્થ:—બે હાથ એક મોઢું પદ્માસન વાળીને બેઠેલ અને પરંબ્રહ્મમાં લીન, આવી રીતે જગતના ગુરુ જૈનની મૂર્તિ કરવી. ૬૫

नामानि गणमाज्ञातम् प्रयुक्तं वास्तु वेदभी ॥
चतुर्विंशति रिषभादौ वर्द्धमानं तकस्तथा ॥६६॥

અર્થ:—વાસ્તુ શાસ્ત્રને જાણનારા પુરૂષોએ ચોવીશ તીર્થંકરોના નામની ગણત્રી કરીને વાસ્તુના નીયમ પ્રમાણે મૂર્તી કરવી. ૬૬

रुषभादि परिवारे दुरगतिवर्णशंकरे ॥
नवांगुलासंज्ञाच प्रतिमामान कर्मणि ॥६७॥

અર્થ:—રૂષભદેવ અને પરિવારની મુર્તીઓ જો માપથી કરવામાં ન આવે તો તે વર્ણશંકર કહેવાય. નવ આંગળની પ્રતિમાની સંજ્ઞા સમજવી, પણ નવ આંગળની કરવી એવો કાંઇ નીયમ નથી. શાસ્ત્ર પ્રમાણે મૂર્તી કરવી. શાસ્ત્ર પ્રમાણે ન કરે તો શંકર દોષ લાગે છે. ૬૭

૨૪ તીર્થંકરો

| નામ | લંછન | જન્મનક્ષત્ર | વર્ણ | રાશી |
|---|---|---|---|---|
| ૧ ઋષભદેવ | વૃષભ | ઉત્તરાષાઢા | કંચન | ધન |
| ૨ અજીતનાથ | હાથી | રોહણી | ,, | વૃષ |
| ૩ સંભવનાથ | ઘોડો | | | |

"Aho Shrutgyanam"

| | | | | |
|---|---|---|---|---|
| ૪ અભિનંદન | કપિ (વાંદરો) | પુનર્વસુ | કંચન | મિથુન |
| ૫ સુમતિનાથ | ક્રૌંચ (કુકડો) | મઘા | ,, | સિંહ |
| ૬ પદ્મપ્રભુ | પદ્મ | ચીત્રા | લાલ | કન્યા |
| ૭ સુપાર્શ્વનાથ | સાથીઓ | વિશાખા | કંચન | તુલા |
| ૮ ચંદ્રપ્રભુ | ચંદ્ર | અનુરાધા | સ્વેત | વૃશ્ચિક |
| ૯ સુવિધિનાથ | મગર | મૂળ | ,, | ધન |
| ૧૦ શીતળનાથ | શ્રીવત્સ (સાથીઓ) | પૂર્વાષાઢા | કંચન | ,, |
| ૧૧ શ્રેયાંસનાથ | ગેંડો | શ્રવણ | ,, | મકર |
| ૧૨ વાસુપૂજ્ય | મહિષ | સતભિષા | લાલ | કુંભ |
| ૧૩ વિમળનાથ | સુવર | ઉત્રાભાદ્રપદ | કંચન | મીન |
| ૧૪ અનંતનાથ | શકરો (બાજ) | રેવતી | ,, | ,, |
| ૧૫ ધર્મનાથ | વજ્ર | પુષ્ય | ,, | કર્ક |
| ૧૬ શાંતિનાથ | મૃગ | ભરણી | ,, | મેષ |
| ૧૭ કુંથુનાથ | બોકડો | કૃતીકા | ,, | વૃષ |
| ૧૮ અરનાથ | નંદાવર્ત્ત (સાથીઓ) | રેવતી | ,, | મિન |
| ૧૯ મલ્લિનાથ | કુંભ | અશ્વની | નીલ | મેષ |
| ૨૦ મુનિસુવ્રત | કચ્છપ(કાચબો) | શ્રવણ | શ્યામ | મકર |
| ૨૧ નમિનાથ | નીલ કમળ | અશ્વની | કંચન | મેષ |
| ૨૨ નેમનાથ | શંખ | ચીત્રા | શ્યામ | કન્યા |
| ૨૩ પાર્શ્વનાથ | સર્પ | વિષાખા | નીલ | તુલા |
| ૨૪ મહાવીર સ્વામી | સિંહ | ઉત્રાફાલ્ગુન | કંચન | કન્યા |

**नारदोवाचः—किं विभागेष्ठिताअर्चिं किमेविस्तारवर्जिते ॥**
**किमेहस्तौ किमेपादौ किमेनानरिक्षते ॥६८॥**

અર્થઃ—આ પ્રમાણે સાંભળીને નારદજી વિશ્વકર્મા

"Aho Shrutgyanam"

ભગવાનને પુછે છે કે, હે ભગવાન ? કયાભાગમાં ઇષ્ટની અર્ચા કરવી, કયો વિસ્તાર કરવો, મંદિરમાં કયા ભાગનો ત્યાગ કરવો, મૂર્તીના હાથ, પગના ભાગ, મુખ, આંખો વિગેરેનાં માપ સાથે મને ઉપદેશ આપો. ૬૮

श्रीविश्वकर्मावाचः—

प्रासाद मानेन भवेद्‌र्वी द्वारमानेन विषेशतः ॥
प्रमाणाम्र कथ्यते पूर्वा विभागंच अतः श्रुणु ॥६९॥

અર્થઃ—વિશ્વકર્મા ભગવાન નારદજીને કહે છે કે, મંદિરની ઉંચાઇ તથા પહોળાઇ અને દ્વારનું માપ પણ ધ્યાનમાં રાખવું; તે પહેલાં કહેલું છે. પણ હવે વિસ્તારથી કહું છું તે સાંભળો. ૬૯

प्रतिमाविस्तारमानेन ग्रह्यतेचतुरांशकम्र ॥
तत्रांशच प्रकुर्वित आंगुलानांचतुर्दश ॥७०॥

અર્થાઃ—પ્રતિમાની પહોળાઇના ચાર ભાગ કરી તેમાંના એક ભાગના ચૌદ ભાગ કરવા, એટલે ૫૬ છપ્પન ભાગ પ્રતિમાની પહોળાઇના થાય; તેનુ માપ નીચે પ્રમાણે છે. ૭૦

तेनांगल प्रमाणेन षटपंचाश समुच्चयम्र ॥
विस्तारं तत् प्रमाणेन कर्तव्यं सर्वकामदम् ॥७१॥

અર્થઃ—તે પ્રમાણે છ આંગળ પાંચ આંગળ ગમે લેટલી પહોળાઇના ઉપર પ્રમાણે ભાગ કરવાથી સર્વ કામના સિદ્ધ થાય છે. ૭૧

"Aho Shrutgyanam"

अस्तकउच्छयं कार्यं अष्टांगुल प्रमाणतः ॥
पादांगुष्टांगुलं प्रोक्तो करंतुर्भ्यं तुशंगुलम् ॥७२॥
गुह्या चतुरांगुलवक्षे तेनभाग चतुर्दशाम् ॥
हृदयं त्रयोदशांचक्रे केशांतच त्रयोदशा ॥७३॥

અર્થઃ–ઊંચાઇનું માપ. આસનની ઉંચાઈ ૮ આઠ આંગળ, આસન ઉપર પગની ઉંચાઇ ૮ આંગળ હાથના પંજાની ૪ ચાર આંગળ, ગુહ્ય નાભી–ડુંટી લગી ૪ ચાર આંગળ, નાભીથી છાતી સુધી ૧૪ ચૌદ આંગળ અને છાતીથી ગળા સુધી ૧૩ તેર આંગળ, ગળાથી કપાળના કેશ સુધી ૧૩ તેર આંગળ રાખવું. ૭૩

ललाटं चतुरोभागं नासिकापंच मेवच ॥
अंगुलहोष्टमध्येच सार्धांगलमहोष्टकम् ॥७४॥
भूहोष्ट यदामध्ये अंगुलिकप्रवेषयो ॥
अर्धंगुलमध्यरोष्टौह हडपचिद्धियं गुलम् ॥७५॥

અર્થઃ–લલાટનો ભાગ ૪ ચાર આંગળ, નાકનો ૫ પાંચ આંગળ, ઉપલા હોઠનો ૧ એક આંગળ, નીચલા હોઠનો ૧॥ દોઢ આંગળના ભાગે રાખવો. બે હોઠની વચ્ચે ०॥ અડધો આંગળ, દાઢી (હડપચી) ૨ બે આંગળની રાખવી. ૭૫

एवं भवेत्शष्ट पचास्थां उच्छयंच विसेष्यताम् ॥
उस्तेषडांगतस्तच क्रेषांताच परिस्थितम् ॥७६॥

અર્થઃ–લલાટના વાળથી (શિખા સુધી) ૬ છ આંગળ, આ પ્રમાણે ૭૦ સીત્તેર આંગળ ઉંચાઇ જે ૫૬ છપ્પન આંગળ પહોળાઇથી સવાઇ આવશે. ૭૬

"Aho Shrutgyanam"

## ૭૦ ભાગની મૂર્તિની ઉંચાઇ.

| | | | |
|---|---|---|---|
| આશનની | ઉંચાઇ | ૮ | આંગળ |
| પગની | ,, | ૮ | ,, |
| હાથના પંજાની | ,, | ૪ | ,, |
| ગુહ્ય-નાભીથી | ,, | ૪ | ,, |
| નાભીથી છાતીની | ,, | ૧૪ | ,, |
| છાતીથી ગળા સુધી | ,, | ૧૩ | ,, |
| ગળાથી લલાટ સુધી | ,, | ૧૩ | ,, |
| લલાટથી શીખાસુધી | ,, | ૬ | ,, |
| | | ૭૦ | આંગળ-ભાગ. |

## મોઢાના ભાગ.

| | | | |
|---|---|---|---|
| લલાટની | ઉંચાઈ | ૪ | આંગળ. |
| નાક | ,, | ૫ | ,, |
| ઉપલો હોઠ | ,, | ૧ | ,, |
| નીચલો હોઠ | ,, | ૧।। | ,, |
| બેહોઠ વચ્ચે | ,, | ૦।। | ,, |
| હડપચીની | ,, | ૨ | ,, |

લલાટથી હડપચી સુધી આંગળ ૧૩માં ચૌદ ૧૪ ભાગ

## પહોળાઇનું માપ.

वक्रविस्तरमानंच अंगुलानी चतुर्दशः ।।
ग्रिवादशांगुलाप्रोक्ता स्तनगर्भेच द्वादशः ।।७७।।

"Aho Shrutgyanam"

कक्षबाह्ये प्रकुर्वंति द्वाविंशाभिभवेतविधी ॥
कटी विस्तार मानंच अंगुलानां षोडशः ॥७८॥

અર્થઃ—મૂર્તીનુ પહોળાઇનું માપ—મોઢાનો ચહેરો ૧૪ ચૌદ આંગળ, ડોકનો ભાગ ૧૦ દશ આંગળ, બે સ્તન વચ્ચેની પહોળાઈ ૧૨ બાર આંગળ અને આખા ભાગની પહોળાઇ ૨૨ બાવીસ આંગળ, કમ્મરની પહોળાઈ ૧૬ સોલ આંગળ રાખવી. ૭૮

बाह्य प्रक्षा प्रमाणंच अष्टादशांगलतथा ॥
वाहविस्तरमाशा अष्टांगुलं च मुर्धकम् ॥७९॥
सप्तांगुलास्थानेकर तुम्यांअष्टादशांगुला ॥
दिर्घं तत्र प्रकतव्यं अंश अष्टांगुलानिच ॥८०॥

અર્થઃ—મધ્યમાંથી બન્ને હાથોને બન્ને બાજુએ અઢાર આંગળ લઈને ખભા પાસે ૮ આઠ આંગળ જાડો (પહોળો) ખભો કરવો. ઉપરથી કોણી સુધી ૭ સાત આંગળ, હાથના પંજા બન્ને મળી ૧૮ અઢાર આંગળની પહોળાઇ એટલે એક પંજો ૯ નવ આંગળનો કરવો. ૮૦

हेतलं चतुरोभागं बाहग्रंच स्फसंगुलां ॥
मछकं सप्तासार्धंच घसिकंचद्विरांगुला ॥८१॥

અર્થઃ—હથેળી આંગળ ૪ ચાર. કાંડા ૫ પાંચ આંગળ, કોણી આગળ નીચેનો હાથ ૭॥ સાડાસાત આંગળ, હાથ અને પેટ વચ્ચેનો પોલાણુ ૨ બે આંગળ કરવો. ૮૧

आसनं अष्टाविंशत्यां षोडशांगुल मस्तके ॥
कर्णानासाग्र कर्तव्यं शोभनंच दशांगुला ॥८२॥

"Aho Shrutgyanam"

**चतुर्दशांगुल कर्तव्यां कर्णेचिंद्रियगुलम् ॥**
**चक्षु चतुरांगुल प्रोक्तंचत्वार्य निधियंगुलम ॥८३॥**

અર્થ:–આશન ઉપરથી મધ્યથી ૨૮ અઠાવીશ ભાગ એટલે આખીયે ૫૬ છપ્પન ભાગ–આંગળની પહોળાઈ કરવી. નાકના આગલા ભાગથી ૧૦ દશ આંગળને છેટે કાન. કાનની જાડાઈ ૨ બે આંગળ અને ૧૪ ચૌદ આંગળ ઉંચાઈ. આંખ ૪ ચાર આંગળ લાંબી અને ૨ બે આંગળ પહોળી મધ્યમાં કરવી. ૮૩

**नासिकस्कंधभागंच अग्रचसार्धमागुलं ॥**
**ललाटंहर्वेटिनंतु शोभनत्रमांगुलं ॥८४॥**

અર્થ:–નાક હોઠના ઉપલા ભાગથી ૧॥ દોઢ આંગળ બહાર પડતું કરવું. કપાળ અને હડપચી (દાઢી) ત્રણ આંગળ નાકની દાંડીથી અંદર કરવી. ૮૪

**गलवंदशांगुलंज्ञेयं सेत्रामंकर्णासेत्वाशी ॥**
**श्रीवरुपंच भागांच त्रिभागं विरात्मनम् ॥८५॥**
**निगर्भ त्रयं भागंच बहि बहिद्वयमेवच ॥**
**कटिबाहुक्षणांपक्ष्यो अंगुल्त्रयधिमता ॥८६॥**

અર્થ:–જે ગળુ ૧૦ દશ આંગળનું કહ્યું તેની બહાર પડતા બન્ને બાજુએ કાન સમજવા, કાનની ઉંચાઈ ઉપરથી પાંચ ભાગની, નીચે ખુટ, ત્રણ ભાગનુ ( વચ્ચે અવાજ સાંભળવાનું છિદ્ર ) કમર અને હાથ બેની વચ્ચે ૩ ત્રણ ભાગનું પોલાણ રાખવું. ૮૬

"Aho Shrutgyanam"

दशपंचभवेत्पादं अगुलंपिडमेद्वयम् ॥
छिद्रद्वि भागमुशोयवविस्तरेद्वयमेवच ॥८७॥

અર્થ:–પગની પાની ૧૫ પંદર આંગળની. તેમાં ૨ બે આંગળે આંગળીઓનો કાપો કરવો. પલાંઠી અને આંગળી વચ્ચે ૨ બે આંગળ પોલાણુ રાખવું. ૮૭

गर्भस्थानवभापक्षो हस्ताग्रद्वयमेवच ॥
द्वादशोस्तीताजंघ अग्रच पिष्टमेवच ॥८८॥

અર્થ:–ઉપર બતાવ્યા પ્રમાણે પોલાણુથી આશનના આગલા છેડાથી ૫ પાંચ ભાગ અંદર પડતું રાખવું અને ત્યાંથી મધ્યમાં જતાં હાથનો આગળનો ભાગ ૨ બે આંગળ અંદર પડતો રાખવો. ૮૮

स्तथाग्र पंचयले चतुरांगुलमानशो ॥
भष्टभिरभागं वामयादंच मध्यकम् ॥८९॥

અર્થ:–નીચલા પગની જાડાઇ ૮ આઠ આંગળ, કાંડાની પાંચ આંગળ, મધ્યમાં ડાબો પગ ૬ છ આંગળ, અંગુઠા પાસે પાનીની જાડાઈ ૪ ચાર આંગળ ઉંચી આવે તેવી રીતે પલાંઠી વળાવવી. આ પ્રમાણે શાસ્ત્રમાં છે. ૮૯

शमन्तिकर्तव्यम् स्वरुपं लक्षणान्वित ॥
एवे युलिविधातव्यं प्रतिमामंनकर्मणि ॥९०॥
एत्येत कथ्यतंचैव कर्तव्यंशास्त्रपारगो ॥
पूर्वमानं प्रमांच कर्तव्यं विद्वोपूर्वकम् ॥९१॥

"Aho Shrutgyanam"

अन्यथा न कर्तव्यं मानहिनं न कारयेत् ।
कर्तव्यंच बहुदोषा सिद्धीतत्रनजायते ॥९२॥
न दोषा जायमोनस्य सिद्धीऽपिदोषोमद्भयम् ॥
शास्त्र हिनोन कर्तव्यं स्वामीसर्वं धनक्षयम् ॥९३॥

અર્થ:-મૂર્તિને બન્ને બાજુ સરખો શાંત દેખાવ કરવો અને સ્વરૂપ દરેક તિર્થંકરના સરખું કરવું. આવી શાસ્ત્રના વિધાન પ્રમાણે માપથી યુક્ત સુંદર મૂર્તિ બનાવવી. ૯૦

આ પ્રમાણે શાસ્ત્રના પારને પામેલા વિદ્વાન પુરૂષોએ શાસ્ત્રો પ્રમાણે વીધીથી પ્રતિમા કરવી અને શાસ્ત્ર પ્રમાણે તેની સ્થાપના કરવી. ૯૧

શાસ્ત્રની વિધીથી ઉલ્ટી રીતે ન કરવું, શાસ્ત્રમાં બતાવેલ માન પ્રમાણેજ કરવી. શાસ્ત્રની વિધીનો ત્યાગ કરવાથી ઘણાજ દોષ થાય છે અને કરાવનારને સિદ્ધી કાંઈ મલતી નથી. ૯૨

શાસ્ત્રની વિધી છોડીને ઉલ્ટી રીતે કાર્ય કરે તો પણ તેને સિદ્ધી તો થોડી પણ મળતી નથી, પરંતુ મહા ભયજ ઉત્પન્ન થાય છે. કરનાર શિલ્પી મહાદોષમાં પડે છે ને કરાવનારના ધનનો નાશ થાય છે. ૯૩

एकंगुले भवेत् श्रेष्टा द्विअंगुलधन नाशनम् ॥
त्रीअंगुलभवेत्वृद्धी वर्जयेत् चतुअंगलम् ॥९४॥

અર્થ:-એક આંગળના માપથી શ્રેષ્ઠ સમજવું, બે આંગળની મૂર્તિ ધનનો નાશ કરનાર થાય છે, ત્રણ આંગ-

"Aho Shrutgyanam"

ળની મૂર્તી હરેક પ્રકારની વૃદ્ધિ આપે છે અને ચાર આંગ-
ળની મૂર્તીનો તો ત્યાગજ કરવો. ૯૪

पंचमांगुलभवेत्वृद्धि उद्वेगंतुषडांगुलम् ॥
सप्तांगुलनवोवृद्धि हिनं अष्टांगुलंसदा ॥९५॥

અર્થ:-પાંચ આંગળની મૂર્તિ વૃદ્ધી આપે છે અને
છ આંગળની મૂર્તિ હરેક પ્રકારનો ઉદ્વેગ કરાવે છે. સાત
આંગળની મૂર્તિ નવી નવી વૃદ્ધી કરે છે અને આઠ આંગ-
ળની મૂર્તિ શાસ્ત્રમાં સદા હીન કહેલી છે. ૯૫

नवांगुलायपुत्राय द्रव्यहिनंतुदशांगुलम् ॥
एकादशांगुलंबबं सर्वकमर्थिंसिधिदम् ॥९६॥

અર્થ:-નવ આંગળની મૂર્તિ પુત્ર અને દ્રવ્ય આપનાર
થાય છે, દશ આંગળની મુર્તિનું માપ સદા હીન છે, અગી-
યાર આંગળની મૂર્તિ જલ્દી કર્મ અને અર્થની સિદ્ધી
આપનાર થાય છે. આ પ્રમાણે શાસ્ત્રનું માનવું છે. ૯૬

एतत् प्रमाणं वक्षतेतंतेउद्र प्रासादकं ॥
उर्ध्वद्रष्टी द्रव्यनाषाय दुर्भिक्षायक्रशोदरि ॥९७॥

અર્થ:-આ પ્રમાણે માપથી અર્ધા ભાગમાં, ઉપલો
ભાગ પણ સમજવો અને મૂર્તિના માપ પ્રમાણે પ્રાસાદ
પણ બનાવવો. હવે બીજા બાકી રહેલા દોષો બતાવે છે.
જો મૂર્તિની ઉંચી દ્રષ્ટી હોય તો દ્રવ્યનો નાશ કરે છે
અને જો મૂર્તિની કમરનો ભાગ પાતળો કરે તો દેશમાં
દુષ્કાળ પડે છે. એટલે શાસ્ત્રના નીયમ પ્રમાણે મૂર્તિઓ
બનાવવી. ૯૭

"Aho Shrutgyanam"

**जंघाहिनाभवेत्भक्ष आर्यकटिघातिनी ॥**
**अंगारिनानीदुखाय सल्पोस्य भोगवर्जित ॥९८॥**

અર્થઃ-જો મુર્તિ જાંઘમાં ભાંગેલ હોય, તો તે મૂર્તિ દરેકનું ભક્ષણ કરે છે અને મૂર્તિની કમર જાડી અથવા વાંકી હોય તો, તે મૂર્તિ ઘાત કરનારી સમજવી. મૂર્તિ કોઇપણ અંગ વગરની હોય, અથવા કોઇપણ અંગથી ખંડીત થઇ હોય તો, તે મુર્તિ દરેક પ્રકારનું દુઃખ દેનારી થાય છે અને જો મુર્તિ માપમાં નાની હોય તો દરેક પ્રકારના ભોગોથી રહિત કરે છે. ૯૮

**वक्रनाशाडिगमुखं करषिणो न लोपना ॥**
**शरणोलं शकुलक्षया भालेनखे मुखं चैव ॥९९॥**

અર્થઃ—મુખ, નાસીકા, હાથ, મસ્તક આ બધા શાસ્ત્રના નિયમ પ્રમાણે બનાવવા. જો પગનો ભાગ નાનો મોટો બનાવે તો કુળનો ક્ષય થાય છે તેમજ લલાટનો ભાગ, નખના ભાગ, મુખનો ભાગ વિગેરે જો માપથી ન બનાવે તો પણ કુળનો ક્ષય થાય છે. ૯૯

**विशालेसंपदक्षयं नाभीलंबेकुलक्षयं ॥**
**लंबेक्षाचीजोगंच सोम्यसर्वार्थं साधिकम ॥१००॥**

અર્થઃ—લલાટ, મુખ, નાસિકા વિગેરે મોટા કરવાથી, સંપત્તિનો ક્ષય થાય છે અને ડુંટીનો ભાગ લાંબો રાખવાથી કુળનો ક્ષય થાય છે, આંખનો ભાગ લાંબો રાખવાથી પ્રજા થતી નથી. માટે જેમ સુંદર અને સારી દેખાય તેવી મુર્તિ

"Aho Shrutgyanam"

બનાવવી તેમજ મુર્તિ શાસ્ત્રના માપથી બનાવેલ હોય તો સર્વ પ્રકારની સિદ્ધી આપનાર થાય છે. ૧૦૦

रोदिनं हासनं कृत्वा मदीकांगाशील्पीनांम ॥
कृषा द्रव्यविनाशाय दुर्भिक्षाय क्रशोदरी ॥१०१॥

અર્થ:—જો મુર્તિ રડતી હોય તેવી બનાવે, અથવા મુર્તિ અત્યંત હાસ્યવાળી બનાવે, અથવા બહુજ જાડી તથા પાતળી બનાવે તો તે મુર્તિ બનાવનાર કારીગરનો નાશ કરે છે અને જો મુર્તિ પાતળા પેટવાળી બનાવે તો તે દ્રવ્યનો નાશ કરે છે તેમજ દેશમાં દુષ્કાળ પડે છે માટે શાસ્ત્રના નીયમ પ્રમાણે જ બનાવવી. ૧૦૧

वक्रनांशंतिदुखाय हुस्वंगाक्षयकारणी ॥
अनेतानेत्रनाशाय स्वल्पी स्यात् भोगवर्जिता ॥१०२॥

અર્થ:—મોઢાનો ભાગ નાનો અથવા વાંકો અથવા મોટો બનાવે તો દુઃખ થાય છે, જો હીન અંગવાળી હોય તો ક્ષય રોગને કરે છે. જો મુર્તિ નેત્ર વગરની બનાવી હોય તો તે મુર્તિ માણસને આંધળા કરે છે અને જો મુર્તિ શાસ્ત્રના નિયમ વીરૂદ્ધ નાની બનાવી હોય તો તે દરેક પ્રકારના ભોગોનો નાશ કરનારી થાય છે. ૧૦૨

जायतेप्रतिमाहीनं कटीशशायघातनो ॥
जंघाहीने भवेत् भ्राता पितापुत्र विनाशनी ॥१०३॥

અર્થ:—જે મંદીરમાં પ્રતિમા ન હોય તે દેશ દરેકનો નાશ કર્તા થાય છે અને જો મુર્તિની જંઘા ભાંગી ગઇ હોય

"Aho Shrutgyanam"

અથવા શાસ્ત્રના માપથી ઉલ્ટી બનાવેલી હોય તો તે મુર્તિ ચાકરનો, પિતાનો; ભાઇનો, પુત્રનો નાશ કરનારી થાય છે. માટે હરેક પ્રકારે શાસ્રની વીધીથી, તેમજ શાસ્ત્રના માપથીજ મંદીર, મુર્તીઓ વિગેરે બનાવે તોજ તે સિદ્ધીદાતા, તેમજ હરેક પ્રકારનું સુખ તેમજ હરેક પ્રકારની સંપત્તિ આપનાર થાય છે. ૧૦૩

"Aho Shrutgyanam"

# પ્રકરણ ૪ થુ

## માપનું વર્ણન.

याणुरेणु वालाग्रम्य लिक्षायुका यवोगुलः ॥
क्रमादष्ट गुणमात्रमास्य ॥१०४॥

द्वे अंगुलीकलाप्रोक्ता द्वभ्यातु भागमेवच ॥
भिरेवत्रिभोभागे तालमानं प्रकिर्तितं ॥१०५॥

एकतालादिवक्षादि यक्षाभवतिनान्यथा ॥
कीर्तीमुखंतालचैव द्वाभ्यामाक्ताविहंगम ॥१०६॥

त्रीताले कुजरुंज्ञेया वेदताले स्तुरंगमाः ॥
कुञ्त्रांश्चपंचभिस्ताले रुपविष्टोजिनस्तथा ॥१०७॥

उपविष्टाप्रकर्त्तव्या ब्रह्माविष्णु शिवाद्वष ॥१०८॥

અર્થ:-આઠ અણુનું એક રેણુ, આઠ રેણુનો એક વાળ, આઠ વાળની એક લીખ, આઠ લીખની એક જુ, આઠ જુનો એક યવ અને આઠ યવનો એક આંગળ થાય; આ પ્રમાણે આનું આઠ ગણું માપ સમજી લેવું ૧૦૪

બે આંગળની એક કળા, બે કળાનો એક ભાગ અને ત્રણ ભાગનો એક તાલ થાય છે. ૧૦૫

એક તાલથી વક્ષ પણ થઈ શકે છે, એમાં કાંઇ ફેર નથી. આ પ્રમાણે તાલ ( બાર આંગળ ) સુધીનું માપ સમજવું. બે તાલની કીર્તી (ગજ) બે કીર્તીની વિહંગ. ૧૦૬

"Aho Shrutgyanam"

ત્રણ તાલનો કુંજર (વાર) અને ચાર તાલનો તુરંગ સમજવો. પાંચ તાલનો એક કુંજવ, આઠ તાલનો એક ઉપવિષ્ટ થાય. ૧૦૭

ઉપવિષ્ટનાં માપથી એટલે આઠ તાલ ઉપરાંત બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને વૃષની મૂર્તીઓ બનાવવી. ૧૦૮

शुकरं पंचतालंच षटतालं स्यात् विनायकं ॥
मध्यमं शूकरं ज्ञेयं वृषचतथैवही ॥१०९॥

અર્થઃ-શુક પાંચ તાલના, ગણેશજી ૭ તાલના અને વૃષભને પણ પાંચ તાલના બનાવવા. ૧૦૯

मातुजासप्ततालेर तालोवृषभं शुकरंतथा ॥
अष्टभिपार्वतीप्रोक्ता मातरस्य तथैवहि ॥११०॥

અર્થઃ-માતાજીઓ, પોઠીઆ અને શુકની મુર્તિ સાત તાલની અને પાર્વતીજીની મુર્તિ આઠ તાલની બનાવવી. એમ શાસ્ત્રમાં કહ્યું છે. ૧૧૦

दुर्गालिला महालक्ष्मी सरस्वतीतथा ॥
कालेन्दाचैव सावित्री नन्दापद्मावति ॥१११॥

कात्यायनी समाख्याता भगवत्याष्टतालका ॥
नवतालं भवेत् विष्णु ब्रह्माद्यादेवतास्त्या ॥११२॥

અર્થઃ-દુર્ગાદેવી, લીલાદેવી, મહાલક્ષ્મી, સરસ્વતી, કાલિંદ્રી, સાવિત્રી, નંદા, પદ્માવતી(૧૧૧)અને કાત્યાયની વગેરે

"Aho Shrutgyanam"

દેવીઓની પ્રતિમા આઠ તાલની બનાવવી અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિગેરે દેવોની નવ તાલની પ્રતિમા બનાવવી. ૧૧૨

दशतालो भवेत्रामे वलिर्वैरोचनस्तथा ॥
सिद्धाश्चैव जिणन्दश्च तुधाते प्रकीर्तिता ॥११३॥

અર્થઃ-રામચંદ્ર ભગવાનની, બલરામની, વિરોચનની પ્રતિમા દશ તાલની બનાવવી. સિદ્ધ પુરૂષો અને જૈનોની ચાર પ્રકારની બનાવવી. ૧૧૩

तालएकादशस्कंदो हनुमांश्चंडिकातथा ॥
भूतानांम वैतालो प्रकित्तींता ॥११४॥

અર્થઃ-કાર્તિક સ્વામીની હનુમાનજીની, ચંડીકાની તથા સમગ્ર ભૂતોની પ્રતિમા અગીઆર તાલની બનાવવી. ૧૧૪

तालद्वादशवैताला राक्षसाच त्रयोदश ॥
पिशाचाक्रुर कर्माणि शस्येवेमुकुटविना ॥११५॥

અર્થઃ-વૈતાલની, રાક્ષસોની તથા પીશાચોની બાર તાલની પ્રતિમા બનાવવી અને ક્રુર કર્મો કરનારની તેર તાલની પ્રતિમા બનાવવી. તેમજ તેવાઓને મુગટ બનાવવા નહિ, એમ શાસ્ત્રમાં કહેલ છે. ૧૧૫

तालाश्चतुर्दशप्रोक्ता दैत्येन्द्रा मुकुटैर्युता ॥
तिथा समानतालेश्च भृगुरुपं प्रकरयेत् ॥११६॥

અર્થઃ-દૈત્યેદ્રની ચૌદ તાલની અને ભૃગુની પંદર તાલની પ્રતિમા બનાવવો અને તેઓને મુગટ કરવા. ૧૧૬

तालैःषोडशभीक्रुर देवीरुपाणिकारयेत् ॥
अनउर्धवंनकर्तव्यं प्रमाणं कथ्यतंमत ॥११७॥

"Aho Shrutgyanam"

અર્થઃ-ક્રુર તેમજ ભયંકર દેવીઓની પ્રતિમા સોલ તાલની બનાવવી. દરેક પ્રતિમાઓ શાસ્ત્રના માપ પ્રમાણે બનાવવાથી ફળદાયક થાય છે. ૧૧૭

## મનુષ્યની પ્રતિમાના ભાગ,

सप्ततालं प्रवक्ष्यामि केशांत्रयंचमात्रकं ॥
वक्रंताल प्रमाणंच ग्रवास्यादं गुलत्रयं ॥११८॥
सार्धं सप्तांगुलंवक्ष्यो मध्यमूनवभिरंगुलै ॥
सप्तसार्धनाभिभद्रे उरग्ष्टादशमृता ॥११९॥
जान्वं गुलत्र्यप्रोक्ता जंघेअष्टांदशां गुलं ॥
पादास्ये धे त्रि मात्रंतु मानुजाः सप्ततालकं ॥१२०॥

અર્થઃ-સાત તાલની મુર્તિ બનાવવી હોય તો માથા ઉપરના કેશો ત્રણ માત્રા પ્રમાણે બનાવવા અને મોઢું એક તાલના માપથી બનાવવું. ડોકનો ભાગ ત્રણ માત્રાનો (ત્રણ આંગળનો) બનાવવો. ૧૧૮

સાત તાલની મૂર્તિના માપમાં છાતીનો ભાગ સાડા સાત આંગળનો રાખવો અને મધ્યભાગ ( છાતીથી ડુંટી સુધી ) નવ આંગળનો કરવો. નાભી નીચે પેડુનો ભાગ સાડાસાત આંગળનો કરવો અને બન્ને ઉરૂઓના ભાગ ( સાથળના ભાગ ) અઢાર આંગળના રાખવા. ૧૧૯

જાનુનો ( ઢીંચણનો ) ભાગ ૩ ત્રણ આંગળનો કરવો, જંઘાનો ભાગ અઢાર આંગળનો રાખવો અને પગનો ભાગ ઉંચાઈમાં ત્રણ માત્રાનો ( ત્રણ આંગળનો ) રાખવો, આ પ્રમાણે સાત તાલનું માપ માણસની મૂર્તિ બનાવવા માટે છે, એમ શાસ્ત્રનો મત છે. ૧૨૦

"Aho Shrutgyanam"

## મંગળ શુક્ર બુધ અને સૂર્યની મૂર્તિના ભાગ.

सप्तसार्धं प्रवक्ष्यामी तालं मंगल शुक्रयोः ॥
बुधसोये स्तिज्ञेयम् केशातंचत्रिमात्रम् ॥१२१॥
वक्रद्वादश मात्रंतु ग्रिवाचैव त्रीमात्रका ॥
दशमात्रं भवेत् वक्षो नाभिमध्यं तथोदरम ॥१२२॥
अष्टदश भवेदउरु जानु मात्र त्रयं स्मृतं ॥
अष्टादश गुलोजंघा ग्रहाणां अंगुले पदौ ॥१२३॥

અર્થઃ—મંગળ, શુક્ર, બુધ અને સૂર્યની મૂર્તિ સાડા-સાત તાલની કરવી, માથા ઉપરના કેશનો ભાગ ત્રણ માત્રાનો ( ત્રણ આંગળનો ) રાખવો. ૧૨૧

મોઢાનો ભાગ ૧૨ બાર આંગળ, ડોકનો ભાગ ૩ ત્રણ આંગળ, છાતીનો ભાગ ૧૦ દશ આંગળ, નાભીનો તેમજ પેટનો ભાગ પણ તે પ્રમાણે રાખવો આ પ્રમાણે શાસ્ત્રનો મત છે. ૧૨૨

૧૮ અઢાર આંગળની ઉરૂઓ, ૧૮ અઢાર આંગળની જંઘા, બન્ને પગનો ભાગ ૯ નવ આંગળ અને જાનુ ૩ ત્રણ આંગળની બનાવવી. ૧૨૩

अष्टतालं प्रवक्षामि श्वदेव्याश्वंडश्च लक्षणम् ॥
मात्रात्रयंस्यात् केशांतव द्वादशांगुलम् ॥१२४॥
ग्रीवाच अंगुला कार्या हृदयंनवभिस्तथा ॥
द्वादशं भवेद् मध्यं तालोननाभि मेढक ॥१२५॥
उरुस्यांदे बिसत्था जानु चैत्रयमात्रकं ॥
जंघे उरु समे प्रोक्तौ अंगुलापादएवच ॥१२६॥

"Aho Shrutgyanam"

અર્થ:-આઠ તાલની દેવીની મૂર્તિ બનાવવી, તેમાં કેશોનો ભાગ ૩ ત્રણ આંગળનો જુદો સમજવો, મોઢાનો ભાગ ૧૨ બાર આંગળ રાખવો. ૧૨૪

ડોકનો ભાગ ૩ ત્રણ આંગળ; હૃદયનો ભાગ ૯ નવ આંગળ અને મધ્ય ભાગ (હૃદયથી ડુંટી સુધી) ૧૨ બાર આંગળનો કરવો. ૧૨૫

૨૧ એકવિશ આંગળનો ઉરૂનો ભાગ, જાનુનો ભાગ ૩ ત્રણ આંગળ, પગનો ભાગ ૧૦ દશ આંગળનો અને જંઘાઓનો ભાગ ઉરૂ પ્રમાણે બનાવવો ૧૨૬

**અભંગા.**




"Aho Shrutgyanam"

**અભંગાઃ**–આવી મૂર્તિઓનું શીખાથી પાની સુધીનું મધ્ય (ગર્ભ) સીધી લીટી ડુંટીની જમણી બાજુથી બતાવાય છે, એટલે કે મૂર્તિ ડાબી બાજુ નમેલી બતાવાય છે. તેમજ મૂર્તિનો અર્ધો ઉપલો ભાગ ( ડુંટીથી શિખા સુધી ) જમણી બાજુ નમેલો અને અર્ધો નીચલો ભાગ (ડુંટીથી પાની સુધી) ડાબી બાજુએ નમેલો બતાવાય છે. રૂષિઓની તેમજ પવિત્ર પુરુષોની અને દેવીઓની મૂર્તિઓ આવા પ્રકારની બનાવવી.

## બ્રહ્મા વિષ્ણુ શિવ વિગેરે દેવીની મૂર્તિના ભાગ

नवतालं प्रवक्ष्यामि ब्रह्माद्यादेवतायथा ॥
केशांतंतु त्रीमात्रं कर्तव्यदेवरुपकम् ॥१२७॥
यावन्मानो भवेत्तालो विभज्यद्वावभागीके ॥
सूर्यराम दशार्काब्धि वसुजैन युगाह्निका ॥१२८॥
वेदव्क्र गलोत्कौ नाभिस्तुदर गुह्यकम् ॥
तथोरुजोनुंनाजंघे चह्णेचयथाक्रमम् ॥१२९॥

અર્થઃ–નવ તાલના માપની બ્રહ્મા શીવજી વિગેરે દેવોની પ્રતિમા બનાવવી તેમાં કેશનો ભાગ ૩ ત્રણ આંગળનો જુદો રાખી બાકીનામાં દેવની મુર્તિના ભાગ કરવા ૧૨૭

નવ તાલમાં ૧ તાલનું (૧૨ બાર આંગળનું) મોઢું, ૧૨ બાર આંગળનું હ્રદય. ૧૨ બાર આંગળની નાભી, ૧૨ બાર આંગળનું પેડુ અને ગળું ૪ ચાર આંગળનું કરવું. ઉરુનો ભાગ ૨૪ ચોવીસ આંગળ, જાનું (ઢીંચણની ઢાંકણી) ૪ ચાર આંગળ અને જાંઘનો ભાગ ૨૪ ચોવીસ આંગળ. પગ (પાનીની ગાંઠથી તળીઆ સુધી) ચાર આંગળ રાખવા.

"Aho Shrutgyanam"

જ્યાં સુધી તાલનું માન થાય ત્યાં સુધી, બે ભાગ પાડીને બાર ભાગ, ત્રણ ભાગ દશ ભાગ, અગીઆર ભાગ સાત ભાગ આઠ ભાગ ચાર ભાગ આ પ્રમાણે પાડવા ૧૨૮

મોઢાના એક ભાગમાં (૧૨ બાર આંગળમાં) ૪ આંગળની દાઢી, ૪ ચાર આંગળ નાક, ૪ ચાર આંગળ કપાળ અને નાભીનો ભાગ, પેટનો ભાગ, ઉરુનો ભાગ જાનુનો ભાગ જાંઘનો ભાગ અને પગનો ભાગ યથાક્રમ બનાવવો ૧૨૯

## સમભાગા.




"Aho Shrutgyanam"

સમભાગાઃ-જે મૂર્તિ ઓળંભામાં સીધી ઉભેલી કે બેઠેલી હોય તેને સમભાગા કે સમપાદા મૂર્તિ કહે છે. બુધ, સૂર્ય, વિષ્ણુ, બ્રહ્મા અને શિવની મૂર્તિઓ આવા આકારની બનાવવી.

विस्तरे स्तनगर्भेच द्वादशांगुलिमीहीतं ॥
षेहेवदांशेकक्षे यक्षांतरेततः ॥१३०॥
सप्तसप्तांगलेबाहु दीर्घेस्यात् षोडशांगुले ॥
करो अष्टादशमात्रश्च विस्तरे ग्रेगुणागुलं ॥१३१॥

અર્થઃ-સ્તનનો ભાગ ૧૨ બાર આંગળ વિસ્તારમાં (પહોળાઈમાં) અને કક્ષા (કુખ)નો ભાગ ૪ ચાર આંગળ ગળાથી નિચો રાખવો. ૧૩૦

ગળાથી ખંભાનો ભાગ સાત આંગળનો જાડો કરવો ને વિસ્તારમાં ૧૬ સોળ આંગળ બનાવવો. કોણીથી કાંડા સુધી ૧૮ અઢાર આંગળનો હાથ હોય તો આગળના ભાગમાં (કાંડા) આગળ ૪ ચાર આંગળ જાડો કરવો અને મધ્યમાં જાડો ૬ છ આંગળ રાખવો.

दैर्ध्ये सूर्यांगुलोपाणि विस्तरे पंचमात्रक ॥
नाभि सूर्यांगुलासै कटीप्रोक्ता जिनागुला ॥१३२॥
मुलाएकादशोरुःस्यात् जंघाप्रान्ते युगांगुला ॥
चतुर्दशांगुलापादः स्तनोद्रेच युगांगुला ॥१३३॥
कक्षस्कंधतउर्वेतु कर्तव्यश्चाष्टमात्रकः ॥
ग्रीवाचाष्टांगुलव्यासे पादःप्रोक्तषडंगुल ॥१३४॥

અર્થઃ-કાંડાથી હાથની લંબાઇ ૧૨ આંગળ, પહોળાઈ પાંચ આંગળ અને કાંડાની જડમાં જાડાઇ ૩ ત્રણ આંગળ


"Aho Shrutgyanam"

રાખવી. નાભિ ૧૨ બાર આંગળ અને કેડની નીચેનો ભાગ ૨૪ ચોવીસ આંગળ રાખવો. ૧૩૨

ઉરુનો ભાગ જાડો ૧૧ અગીઆર આંગળ મૂળમાં કરવો, જંઘાનો ભાગ ૪ ચાર આંગળ અને પગનો ભાગ ૧૪ ચૌદ આંગળ રાખવો. સ્તનનો ભાગ ૬ છ આંગળ અથવા ૪ ચાર આંગળનો કરવો. ૧૩૩

ખાંધ અને ખાંધની પાસેનો ભાગ ૮ આંગળ, ડોકની પહોળાઈ ૮ આઠ આંગળ અને પગનો ભાગ ૬ છ આંગળ રાખવો. આ પ્રમાણે શાસ્ત્રનો નિયમ છે.

## તાલ ૯ મધ્યમાન




"Aho Shrutgyanam"

| નવતાલના માપની લંબાઈ | પહોળાઈ |
|---|---|
| કપાળથી હાઢી સુધી = ૧ તાલ | માથુ = ૧ તાલ |
| ગળાથી છાતી ,, = ૧ ,, | ગળુ = ૭ા માત્રા |
| છાતીથી ડુંટી ,, = ૧ ,, | બન્ને ખભા સુધી= ૩ તાલ |
| ડુંડીથી પેડુ ,, = ૧ ,, | છાતી = ૧૮ માત્રા |
| પેડુથી ઢીંચણુ ,, = ૨ ,, | નાભી આગળ = ૧૫ ,, |
| ઢીંચણુથી ઘુંટણુ ,, = ૨ ,, | પેડુ ,, = ૨ તાલ |
| કપાળથી શીખા ,, = ૩ માત્રા | ઢીંચણુ = ૬ માત્રા |
| હાઢીથી ગળા ,, = ૩ ,, | ઘુંટણુ = ૩ ,, |
| ઢીંચણુની ઢાંકણી ,, = ૩ ,, | પગ = ૧૫ ,, |
| પગની ઉંચાઇ = ૩ ,, | |

આંગળ ૧૦૮ તાલ ૯

| હાથની લંબાઇ | પહોળાઈ |
|---|---|
| ખભાથી કુણી સુધી= ૨ તાલ | બાહુ = ૬ માત્રા |
| કુણીથી કાંડા ,, = ૧૮ માત્રા | કુણી આગળ= ૪ા ,, |
| કાંડાથી આંગળા ,, = ૧ તાલ | કાંડા આગળ= ૩ ,, |

મોઢાની લંબાઈમાં—કપાળ, નાક અને હડપચી ત્રણે મોઢાના સરખે ભાગે કરવા.

## શુક્રાચાર્યનું માપ.

કપાળથી વાળની શીખાની ઉંચાઇ ૩ આંગળ, કપાળ ૪ આંગળ, નાક ૪ આંગળ, નાકની ડાંડીથી તે હાઢી સુધી ૪ ચાર આંગળ અને હાઢીથી ગળુ ઉંચાઇમાં ૪ ચાર આંગળ કરવું.

ભમર લાંબી ૪ આંગળ અને પહોળી ૦ા આંગળ, આંખ ૩ ત્રણ આંગળ લાંબી અને ૨ બે આંગળ પહોળી

"Aho Shrutgyanam"

કરવી. નાકની નળીઓ આંખના કદના ત્રીજે ભાગે બનાવવી. કાન ૪ ચાર આંગળ ઉંચા અને ૩ ત્રણ આંગળ પહોળા કરવા.

હથેળી ૭ સાત આંગળ લાંબી, વચલી આંગળી ૬ આંગળ અને અંગુઠો ૩ાા સાડા ત્રણ આંગળ લાંબો કરવો. અંગુઠાને બે ભાગ હોય છે અને બીજી દરેક આંગળીઓને ત્રણ ભાગ હોય છે. વીંટી પહેરવાની આંગળી વચલી આંગળી કરતાં એક ભાગ (વેઢો) ટુંકી છે અને ટચલી આંગળી એક ભાગ (વેઢો) વીંટી પહેરવાની આંગળી કરતાં નાની છે. અંગુઠા પાસેની આંગળી વચલી આંગળી કરતાં એક ભાગ નાની કરવી.

પગની લંબાઇ ૧૪ આંગળ, પગની મોટી આંગળી ૨ આંગળ, પહેલી આંગળી ૨ાા કે ૨ આંગળ (અંગુઠો) વચલી આંગળી ૧ાા, ત્રીજી ૧ાા અને ટચલી આંગળી ૧ાા આંગળ રાખવી.

## નાના છોકરાનું માપ

માથાના ભાગ કરતાં ૪ાા ગણો ધડનો ભાગ કરવો એટલે કે ગળાથી તે પેડુ સુધીનો ભાગ ૨ બે ગણો અને પેડુથી તે પગની પાની સુધીનો ભાગ માથાના ભાગ કરતાં ૨ાા અઢી ગણો કરવો અને હાથ લંબાઈમાં મોઢાની કે જંઘાની લંબાઇ કરતાં બમણો લાંબો કરવો. છોકરાઓનું ગળુ નાનું હોય છે અને માથુ મોટું હોય છે.



"Aho Shrutgyanam"

## મુર્તિના અવયવોના ભાગનું કોષ્ટક.

| ૬ તાલના ગણેશજી તથા વામન | ૭ તાલ મનુષ્યની મૂર્તિ | ૭॥ તાલ મંગળ, શુક્ર બુધ, સૂર્યની મૂર્તિ | ૮ તાલ દેવ, દેવીની મૂર્તિ | ૯ તાલ બ્રહ્મા, વિશ્નુ, શિવની મૂર્તિ | અંગનાં નામ | અંગની સમજુતી. |
|---|---|---|---|---|---|---|
| ૧॥ આંગળ | ૩ આંગળ | ૩ આંગળ | ૩ આંગળ | ૩ આંગળ | કેશ | કપાળ ઉપરથી |
| ૧૨ ,, | ૧૨ ,, | ૧૨ ,, | ૧૨ ,, | ૧૨ ,, | મોઢુ | કપાળની હડપચી |
| ૨॥ આંગળ | ૩ ,, | ૩ ,, | ૩ ,, | ૪ ,, | ગળુ | હડપચીથી નીચે |
| ૭ ,, | ૭॥ ,, | ૧૦ ,, | ૯ ,, | ૧૨ ,, | હ્રદય | ગળાથી હ્રદય |
| ૧૦ ,, | ૯ ,, | ૧૦ ,, | ૧૨ ,, | ૧૨ ,, | નાભી | હ્રદયથી નાભી |
| ૭ ,, | ૭॥ ,, | ૧૦ ,, | ૯ ,, | ૧૨ ,, | પેડુ | નાભીથી પેડુ |
| ૧૪ ,, | ૧૮ ,, | ૧૮ ,, | ૨૧ ,, | ૨૪ ,, | ઉરુ | પેડુથી ઉરુ |
| ૨ ,, | ૩ ,, | ૩ ,, | ૩ ,, | ૪ ,, | જાનુ | ઉરુથી જાનુ (ઢીંચણ) |
| ૧૪ ,, | ૧૮ ,, | ૧૮ ,, | ૨૧ ,, | ૨૪ ,, | જાંગ | ઢીંચણથી જાંગ પાનીની ગાંઠ સુધી |
| ૨ ,, | ૩ ,, | ૩ ,, | ૩ ,, | ૪ ,, | પગ | પાનીની ગાંઠથી પગનું તળીયું |
| ૭૨ આંગળ | ૮૪ આંગળ | ૯૦ આંગળ | ૯૬ આંગળ | ૧૦૮ આંગળ | | |

"Aho Shrutgyanam"

તે સિવાય ગ્રાસ ૧ એક ભાગ; ઉડતુ પક્ષી ૨ બે ભાગ, હાથી ૩ ત્રણુ ભાગ, ઘોડાનું ૪ ચાર ભાગ અને વૃષભનું ચીત્ર અથવા મુર્તિ ૫ પાંચ ભાગે બનાવવી.

**जानाति नानाविधिरुप भावं त्रिश्वकर्मा सुर सूत्रधारः ॥**
**उदि्डंडजः स्वेदजरायुगाधंस त्रिश्वरुपी शुरचवेशु ॥१३५॥**

અર્થઃ–નાના પ્રકારનાં વિવીધ રૂપો જેવાંકે પશુ પ્રાણી ઈંડાં મચ્છર, માંકડ, વૃક્ષો વિગેરે અને યુગાદિની રચના પણુ વિશ્વકર્માએ બનાવી છે.

"Aho Shrutgyanam"

# પ્રકરણ પાંચમું.

## વિશ્વકર્માની મુર્તિ.

हंसारुढ इति विश्वकर्मा रुगवेदादि प्रमेदोक्ता ॥
नृतादि युगभेदितः विप्रादिवर्ण भेदैन चतुवक्रं चतुर्भुजम् ॥१३॥
अक्षसूत्रं पुस्तकंच कमंडल कवान्वितम ॥
विश्वकर्मा चतुर्हस्त स्त्रिनेत्रश्चंइशेषरः ॥१३७॥

અર્થ:—ચાર વેદ, ચારયુગો અને ચાર વર્ણોની રચના કરનાર ચાર મુખવાળા અને ચાર હાથવાળા, એવા વિશ્વ-કર્માની મૂર્તિ સમજવી. ૧૩૬

એક હાથમાં સ્ફટિકની માળા. બીજામાં પુસ્તક. ત્રીજામાં કમંડળ અને ચોથામાં ગજ અને જગતને બનાવનાર ત્રિને-ત્રને ધારણ કરનાર એવી વિશ્વકર્માની મૂર્તિ બનાવવી. ૧૩૭

## કમલાસન.

कमळा सनामायं सर्ववर्णहितप्रदः
कर्तिक कारापकै सार्धे कलामयं कमलासन ॥१३८॥

અર્થ:—જેમાં શ્રેષ્ઠ કળામય ચિત્રો કરેલાં હોય અને જીણી નકસી અને રંગથી સુશોભિત બનાવ્યાં હોય, એવું કમલાસન દરેકનું કલ્યાણકારક છે. ૧૩૮

## બ્રહ્માની મુર્તિ.

अक्षसुत्र करेदक्षे श्रुचिस्तस्योर्धतः स्थीता ॥
वामे पुस्तकं हस्ते तस्यार्धच कमंडलु ॥१३९॥

"Aho Shrutgyanam"

અથ —બ્રહ્માની મુર્તિ ૪ ચાર હાથની બનાવવી. નીચેના જમણા હાથમાં સ્ફાટીકની માળા, ઉપર જમણા હાથમાં શુચી, ઉપરના ડાબા હાથમાં પુસ્તક, નીચેના ડાબા હાથમાં કમંડળ; આ પ્રમાણે ચાર સાધનયુક્ત મુર્તિ **કલિયુગમાં** બનાવવી. ૧૩૯

**अक्षसूत्रं पुस्तकंच शुचिचैव कमंडलु ॥**
**विरंचिश्च भवेत्मूर्तिं द्वापरे सुखदायिनी ॥१४०॥**

અર્થ:—**દ્વાપર યુગની બ્રહ્માની** મૂર્તિ:—એક હાથમાં સ્ફાટીકના માળા, બીજામાં પુસ્તક, ત્રીજામાં શુચી, ચોથા હાથમાં કમંડળ ધારણ કરાવવું. ૧૪૦

**कमंडलु श्चाक्षसूत्रं श्रुचिर्यं पुस्तकंतथा ॥**
**पितामहस्यसामूर्ती त्रेतायां सौख्यदायिनी ॥१४१॥**

અર્થ:—**ત્રેતાયુગની બ્રહ્માની** મૂર્તિ:—એક હાથમાં કમંડળ, બીજામાં અક્ષસુત્ર, (સ્ફાટીકની માળા) ત્રીજામાં શુચી; અને ચોથા હાથમાં પુસ્તક ધારણ કરેલું છે. ૧૪૧

**पुस्तकं चाक्ष सूत्रंच शुचिश्च च कमंडलु ॥**
**ब्रह्माणेच भवेत्मूर्तिं क्रते सुखदायिनी ॥१४२॥**

અર્થ:—**સત્ય યુગની બ્રહ્માની** મૂર્તિ:—એક હાથમાં પુસ્તક, બીજામાં સ્ફાટીકની માળા, ત્રીજામાં શુચી, ચોથા હાથમાં કમંડળ ધારણ કર્યુ છે. આ પ્રકારની બ્રહ્માની મૂર્તિ સત્યયુગમાં સુખ આપનારી થતી હતી. ૧૪૨

"Aho Shrutgyanam"

## સાવિત્રી દેવીની મુર્તિ.

अक्षसूत्रं पुस्तकंच धतेपद्म कमंडलु ॥
चतुर्वक्रा च सावित्री श्रोत्रियाणां ग्रहेहिता ॥१४३॥

અર્થ:—એક હાથમાં સ્ફાટીકની માળા, બીજામાં પુસ્તક. ત્રીજામાં કમળ, ચોથા હાથમાં કમંડળ અને ચાર મુખથી યુક્ત એવી સાવિત્રી દેવીની મુર્તિ બનાવવી.

## ચાર વેદોની મુર્તિ.

ऋग्वेद श्वेतवर्णस्यात् द्विभूजोरागर्ा भक्तनः ॥
अक्षमालां बुपात्रंच पीतस्या ध्यायनो व्यतः ॥१४४॥

અર્થ:–**ઋગ્વેદની મુર્તિ.** ઋગ્વેદનો વર્ણ ધોળો અને તેમાં જુદા જુદા રંગ વાળા; બે હાથવાળા, એક હાથમાં સ્ફાટીકની માળા અને બીજા હાથમાં પાણીનું પાત્ર ધારણ કરેલ છે. ૧૪૪

अजास्य पीतवर्णस्यात् यजुर्वेदोक्ष सूत्रधृक ॥
वामेचांतुश पाणिस्त्त भूतीदो मंगलप्रदः ॥१४५॥

અર્થ:—**યજુર્વેદની મુર્તિ.** યજુર્વેદનો વર્ણ પીળો છે, તેના જમણા હાથમાં સ્ફાટીકની માળા, ડાબા હાથમાં પાણીનું પાત્ર અને મૂખ બકરાના જેવું છે. ૧૪૫

नीलोत्पलदलाभास सामवेदो हयातनः ॥
अक्षमाला धृतोदक्षे वामेकंबुधर स्मृतः ॥१४६॥

અર્થ:—**સામવેદની મુર્તિ.** સામવેદ કાળા કમળ જેવા રંગવાળો, ઘોડાના જેવું મુખ, જમણા હાથમાં સ્ફાટીકની માળા અને ડાબા હાથમાં શંખ ધારણ કરેલ છે. ૧૪૬

"Aho Shrutgyanam"

अथर्वण भीधोवेदो धवलोमर्कटातुनः ॥
अक्षसूत्रं च खडवांग बभ्र भाणा विजयोश्रिये ॥१४७॥

અર્થ:–**અથર્વવેદની મૂર્તિ.** અથર્વવેદનો રંગ ધોળો, મુખ માંકડા જેવું, એક હાથમાં અક્ષયમાળા અને બીજામાં ખડગ્ને ધારણ કરેલ છે એવા જે શ્રેયને આપનાર વેદોની મૂર્તિ બનાવવી. ૧૪૭

## નૃત્ય શાસ્ત્રની મુર્તિ.

नृत्यशास्त्रं मितंरम्यं मृगवक्र जटाधरं ॥
अक्षसूत्रं त्रिशुलंच विभ्राणंच त्रिलोचनं ॥१४८॥

અર્થ:–અત્યંત રમણીય, હરણના જેવું મુખ, જટાને ધારણ કરનાર, એક હાથમાં અક્ષયમાળા, બીજામાં ત્રીશુળ અને ત્રણ લોચનથી ચપળ જોનાર, એવી નૃત્ય શાસ્ત્રની મૂર્તિ સમજવી. ૧૪૮

## દિશાઓના દેવ.

अग्नियांतु गणप्रोक्तं मात्र स्थानं तुदक्षीणे ॥
नैरुत्येतु सहस्राक्षं वारुण्यांजल शाचिनं ॥१४९ ॥
पार्वतिरुद्रो वायवे ग्रहचैवोत्तरेस्मृता ॥
ईशाने श्रियांदेवी प्राच्यांतु धरणीधरा ॥१५०॥

અર્થ:–અગ્નિ ખુણાના દેવ ગણ છે, દક્ષિણ દિશાનું સ્થાન માત્ર સ્થાન છે, નૈરુત્ય ખુણાનો દેવ ઇંદ્ર અને પશ્ચિમ દિશાના દેવ વરૂ છે. ૧૪૯

"Aho Shrutgyanam"

પાર્વતી, રૂદ્ર, કુબેર અને બ્રહ્મા આ બધા દેવતા ઉત્તર દિશાના છે. ઇશાન કોણના દેવતા શ્રી દેવી છે. અને પૂર્વ દિશાના દેવ ધરણીધર છે.

**બ્રહ્માના અષ્ટ પ્રતિહાર (દ્વારપાળ).**

ब्रह्मणोष्टो प्रतिहारा कथिष्यामि अनुक्रमात् ॥
पुरुषाकार गंभिरा सकुयामुकुटोज्ज्वला ॥१५१॥
पद्मसुवाक्ष दंडंच सत्यनामानु वामनः ॥
सव्यापसव्य योगेन कमंडलंश्च धर्मकः ॥१५२॥
अक्षपद्मं वामदंडं क्रमश्चमहतोद्भवः ॥
दंडागमः सस्त्रत्रा कमलंजयश्च सर्वकामद ॥१५३॥
अक्षसूत्रं गदादंडं दंडंचविजयो भवेत् ॥
अधो हस्ता पस्त्रव्येना खेट युक्तायज्ञ भद्रक ॥१५४॥
अक्षपाशां कुश दंड भवः सर्वकामद ॥
दंडांकुश पासोत्पलं विभवः सर्वे शान्तिदः ॥१५५॥

અર્થ—પુરુષના જેવો આકાર, ગંભીર, શાન્ત તથા મુકુટને ધારણ કરનાર આ **પહેલો પ્રતિહાર.** ૧૫૧

એક હાથમાં કમળ, બીજામાં અક્ષયસુત્ર, ત્રીજામાં કમંડળ; ચોથામાં દંડ, સત્ય નામથી યુક્ત અને ધૈર્ય સ્વરૂપ આ **બીજો પ્રતિહાર.** ૧૫૨

એક હાથમાં અક્ષયમાળા, બીજામાં કમળ, ત્રાજામા દંડ, ચોથા હાથમાં કમંડળ આ **ત્રીજો પ્રતિહાર.**

એક હાથમાં દંડ, બીજામાં શસ્ત્રો, ત્રીજા અને ચોથા

"Aho Shrutgyanam"

હાથમાં કમળ, જેનું નામ શત્રુવા કહેવાય છે. આ **ચોથો પ્રતિહાર.** ૧૫૩

એક હાથમાં અક્ષયસુત્ર, બીજામાં ગદા, ત્રીજામાં દંડ અને ચોથામાં કમળ, આ **પાંચમો પ્રતિહાર.**

છઠા પ્રતિહારમાં કમળને બદલે ખેટક, એવા ચક્રનું રક્ષણ કરનાર આ **છઠો પ્રતિહાર.** ૧૫૪

એક હાથમાં અક્ષયમાળા, બીજામાં પાશ, ત્રીજામાં અંકુશ, અને ચોથામાં દંડ, આ **સાતમો પ્રતિહાર.**

એક હાથમાં દંડ, બીજામાં પાશ, ત્રીજામાં અંકુશ, ચોથા હાથમાં કમળ, આ **આઠમો પ્રતિહાર.** આ પ્રમાણે બ્રહ્માની મુર્તિ બનાવવાથી દરેક પ્રકારનો વૈભવ અને શાન્તિ મળે છે. ૧૫૫

## દ્વાદશસૂર્યની મૂર્તિ

**इति ब्रह्मणोष्टो प्रतिहारः श्रुणुत्वष्य प्रवक्ष्यामी ॥**
**सूर्य भेदाश्वतेजयः ॥१५६॥**
**दक्षिणेष्करामाला करवामे कमंडलु ॥**
**पद्माभ्यांशोभितकरौ सुधामि प्रक्षमास्मृता ॥१५७॥**

અર્થઃ—આ પ્રમાણે બ્રહ્માના આઠ પ્રતિહાર કહ્યા. હવે સૂર્યના ભેદ વાહન અશ્વ, આયુધ વિગેરેથી કહેવામાં આવશે. ૧૫૬

જમણા હાથમાં માળા, ડાબા હાથમાં કમંડળ અને બીજા બે હાથમાં કમળ આ પ્રમાણે સુંદર મુર્તિ **પ્રથમ અર્યમા સૂર્યની** કહેલી છે. ૧૫૭

"Aho Shrutgyanam"

**शुलिवामकरेयस्य दक्षिणे सोम्यएवच ॥**
**मित्रानां अत्रिनयना क्शेशय विभूषीता ॥१५८॥**

અર્થ:-ડાબા હાથમાં ત્રીશુળ અને જમણા હાથમાં ચક્ર, બે નેત્રવાળા આભુષણથી શોભાયમાન એવી **મિત્ર નામના** સૂર્યનારાયણની મૂર્તિ બીજી સમજવી. ૧૫૮

**प्रथमेतुकरे चक्रं तथा वामेच कौमुदि ॥**
**मूर्त्तिराय मणिज्ञेया सउभौपाणि पल्लवौ ॥१५९॥**

અર્થ:-**રાયમણીની મુર્તિ**:—જમણા હાથમાં ચક્ર, ડાબા હાથમાં કુમુદ અને બીજા બે હાથમાં કમળને ધારણ કરનાર, આવી મૂર્તિ રાયમણીની સમજવી. ૧૫૯

**अक्षमाला करे यस्या गदा वामे प्रतिष्ठीता ॥**
**सामूर्ती रौद्रीज्ञातव्या प्रताय पद्म भूषिता ॥१६०॥**

અર્થ:-**રૌદ્રીની મુર્તિ**:-એક હાથમાં અક્ષયમાળા, બીજા હાથમાં ગદા અને નીચેના બન્ને હાથમાં કમળોને લીધે સુશોભીત એવી મૂર્તિ રૌદ્રીની બનાવવી. ૧૬૦

**चक्रंतुदक्षिणे यस्या वामेपाशसुशोभनः ॥**
**सा वारुणि भवेत्मूर्ति पद्मपत्र करद्वय ॥१६१॥**

અર્થ:-**જલદેવકીની મુર્તિ**:—એક હાથમાં ચક્ર, બીજામાં પાશ અને નીચેના બે હાથમાં કમળને ધારણ કરનાર, આવી મુર્તિ જલદેવકીની બનાવવી. ૧૬૧

**कमंडलु दक्षिणे हस्ते अक्षमाला च वामतः ॥**
**साम वश्यंमतासूर्यं मूर्तिपद्माविभूषीता ॥१६२॥**

"Aho Shrutgyanam"

અર્થઃ—**સૂર્ય નારાયણની મુર્તિઃ**—જમણા હાથમાં કમંડળ, ડાબા હાથમાં સ્ફટીકની માળા અને બીજા હાથોમાં કમળને ધારણ કરનાર; આવી મૂર્તિ સૂર્ય નારાયણની બનાવવી. ૧૬૨

**यस्यास्क दक्षिणेशूलं वामहस्ते सुदर्शनम् ॥**
**भगमूर्ति समाख्याता पद्महस्तासु भायवै ॥१६४॥**

અર્થઃ—**ભગદેવની મુર્તિઃ**—જમણા હાથમાં ત્રીશુળ; ડાબા હાથમાં સુદર્શન અને બીજા બે હાથમાં કમળ, એવા દરેકનું કલ્યાણ કરનારી ભગદેવની મૂર્તિ સમજવી. ૧૬૪

**अथ वाम करे माला त्रीशूलंदर्क्षीणे करे ॥**
**विश्वमूर्त्ति सुखदायि पद्मलांछन लक्षिता ॥१६५॥**

અર્થ—**વિશ્વ ભગવાનની મુર્તિઃ**—ડાબા હાથમાં સ્ફટીકની માળા, જમણા હાથમાં ત્રીશુળ અને કમળની શોભાથી શોભાયમાન; આ પ્રમાણે વિશ્વ ભગવાનની મૂર્તિ બનાવી પુજે તો સુખ આપનારી થાય છે. ૧૬૫

**पुषाख्य रवे मूर्ति द्विभूजापद्मलांछनः ॥**
**सर्व पापहराज्ञेया सर्व लक्षणलक्षिता ॥१६६॥**

અર્થઃ–**પુષ્પનામના સુર્યની મુર્તિઃ**–બે ભુજાવાળા, બન્ને હાથમાં કમળ ધારણ કરનાર અને દરેક પ્રકારનાં પાપનો નાશ કરનાર, સર્વ લક્ષણોથી યુક્ત આવી મૂર્તિ પુષ્પનામના સૂર્યની બનાવવી. ૧૬૬

**दक्षिणेतु गदायस्य वामहस्ते सुदर्शनम ॥**
**पद्माव्य वा तुसावित्री मूर्ति सर्वार्थ साधिनी ॥१६७॥**

"Aho Shrutgyanam"

અર્થઃ-સાવિત્રીની મુર્તિઃ-જમણા હાથમાં ગદા, ડાબા હાથમાં સુદર્શન ચક્ર, અને નીચેના બે હાથમાં કમળ ધારણ કરનાર, દરેક અર્થની સીદ્ધિ આપનાર અને મનની યથાર્થ ઈચ્છા પૂર્ણ કરનાર; આ પ્રમાણે સાવિત્રીની મૂર્તી બનાવવી. ૧૬૭

श्रुत्वचदक्षिणेहस्ते वामहोमजकीलकम् ॥
मूर्तिंत्वाष्ट्री भवेत् यज्ञः पद्मरुद्धकरद्वय ॥१६८॥

અર્થઃ-યજ્ઞદેવની મુર્તિઃ-જમણા હાથમાં શુચી, ડાબા હાથમાં હોમવાનાં બીજાં સાધનો અને બીજા બે હાથમાં કમળ; આ પ્રકારની યજ્ઞદેવની મૂર્તિ બનાવવી. ૧૬૮

सुदर्शन करे सर्वे पद्महस्तातु वामतः ॥
एषां सोद्धाद्वादशिमुर्त्ति वध्योरमितिनजसः ॥१६९॥

અર્થઃ-દ્વાદશીની મુર્તિઃ-જમણા બે હાથમાં સુદર્શન, ડાબા બન્ને હાથમાં કમળને ધારણ કરનાર, સિદ્ધીને આપનાર અને દરેક પાપનો નાશ કરનાર એવી દ્વાદશની મૂર્તિ બનાવવી. ૧૬૯

धाता मित्रोर्यं मारुद्रो वरुण सूर्यंएत्रच ॥
भगो विवस्वान पुषाच सवितात्वष्ट्र विध्यमुक्ते ॥१७०॥

અર્થઃ-બ્રહ્મા, મિત્ર, અર્યમા, રૂદ્ર, વરૂણ, સૂર્ય, ભગ, વિવસ્વાન, પુષ અને સાવિત્રી આ પ્રમાણે અષ્ટ મૂર્તિનું વર્ણન કરી બતાવ્યું ૧૭૦.

"Aho Shrutgyanam"

## ત્રિભંગા.



**ત્રિભંગાઃ**—આવી મૂર્તિઓમાં મધ્યબિંદુ (સેન્ટર) ની સીધી લીટી છાતીથી ડુંટી સુધી, ડાબી કે જમણી બાજુ થઇને, પાની સુધી પસાર થતી બતાવાય છે. આથી આવી મૂર્તિઓ વાંકી ચુંકી અથવા કમળની ડાંડી જેવી વળેલી જણાય છે. પેડુથી પગ સુધીનો નીચેનો ભાગ મૂર્તિની જમણી કે ડાબી બાજુ બતાવાય છે અને ધડનો ઉપલો ભાગ (પેડુથી ગળા સુધી) મૂર્તિની ડાબી કે જમણી બાજુ બતાવાય છે.

"Aho Shrutgyanam"

આ ત્રિભંગાને મળતી દેવીઓની મૂર્તિનાં માથાં જમણી બાજુ (મૂર્તિ બનાવનારની ડાબી બાજુએ) હોય છે, અને દેવોની મૂર્તિઓનાં માથાં એક બીજાની તરફ નમેલાં દેખાય છે. તેવીજ રીતે જ્યારે કોઇ પુરુષની અને સ્ત્રીની મૂર્તિ એકજ જોડમાં બનાવવી હોય ત્યારે સ્ત્રીની મૂર્તિ પુરૂષની ડાબી બાજુ બનાવવી.

વિષ્ણુની, સૂર્યની તથા બીજા દેવોની મૂર્તિઓ **સમભાગા** અને **ત્રિભંગા** એવી બે જાતની બનાવાય છે. અને શક્તિની તથા બીજા દેવોને મુખ્ય મૂર્તિની તરફ માથાની એક બાજુ સાથે બે પુરુષ અને એક સ્ત્રી મળીને **ત્રિભંગા** મૂર્તિ બનાવી શકાય છે. ત્રિભંગા મૂર્તિનું માથુ અને પેડુ મધ્ય સીધી લીટીથી ત્રણ માત્રા (ત્રણ આંગળ) જમણી અને ડાબી બાજુ નમેલા બતાવાય છે. પુરુષની સાથે સ્ત્રીની મૂર્તિ કરવી હોય તો પુરુષ કરતાં સ્ત્રીની મૂર્તિ ત્રણ માત્રા (ત્રણ આંગળ) નાની કરવી.

**અતિભંગાઃ**—એ એક જાતની મૂર્તિ છે. જેવી રીતે ત્રિભંગાની કેડ બતાવી છે તેવીજ રીતે અતિભંગાની કેડ બતાવાય છે. પેડુથી શરીરનો ઉપલો ભાગ (પેડુથી શીખા સુધીનો ભાગ) અને નીચલો ભાગ (પેડુથી પાની સુધી) પવનના તોફાનથી વળેલા ઝાડની પેઠે જમણી અને ડાબી બાજુ, પાછળ તેમજ આગળ વળેલો બતાવાય છે. આવી મૂર્તિઓ દેવોની અને અસુરોની લડાઇમાં શિવની તથા ભયંકર દેવદેવીઓની બતાવેલી છે.

"Aho Shrutgyanam"

## અતિભંગા.



નં. ૪.

અતિભંગા.

મૂર્તિ જ્યારે પોતાની ફરજ પોતાના ભક્તના આત્મા જેવી બતાવે છે અથવા કોઇ નોકરનો આત્મા તેના શેઠના આત્મા જેવો હોય છે ત્યારે મૂર્તિને ઉપરના જેવી બનાવવી.

જે મૂર્તિ રેતીની કે ગાળાની બનાવવામાં આવી હોય તે સરખા પ્રમાણુસર ન બનાવી હોય તો તેમાં કાંઇ વાંધા જેવું નથી કારણકે આવી મૂર્તિઓ સ્ત્રીઓએ એકાદ દિવસે વ્રતને માટે, અથવા બાળકોએ રમવા માટે બનાવી

"Aho Shrutgyanam"

હોય છે. આવી જાતની મૂર્તિઓ ચિતારાઓ પણ બનાવે છે અને હમેશાં ફેંકી દેવામાં આવે છે, પરંતુ જે મૂર્તિ ખાસ પુજવા માટે બનાવવી હોય તે બરાબર શાસ્ત્રની રીતી પ્રમાણેજ બનાવવી.

મૂર્તિ તેના સિંહાસન ઉપર અથવા ડુંગર ઉપર બેઠેલી કે ઉભેલી, આંખો, નાક વિગરે અવયવો સરખા પ્રમાણસર કરેલા, દાઢી અંદર પડતી અને વાળ ઉગ્યા વગરની, સોલ વર્ષના યુવાનના જેવી મૂર્તિને, મૂર્તિના બનાવનારાઓએ રંગથી સુશોભિત, ચાલમાં ભવ્ય અને માથુ પગ હાથ વિગેરેમાં દાગીના તથા વસ્ત્રોથી શણગારવી જોઇએ.

જ્યારે કોઇ મૂર્તિને ત્રણ કે તેથી વધારે માથાં બનાવવાં હોય, ત્યારે માથાંને હારોમાં ગોઠવવાં જોઇએ. આ પ્રમાણે પાંચ મુખવાળી મૂર્તિનાં ચાર માથાં સરખાં ગોઠવવાં અને ઉપર એક એવી રીતે પાંચ માથાં બનાવવાં જોઇએ.

જ્યારે મૂર્તિને ચાર અથવા તેથી વધારે હાથ હોય તો, ખંભાઓ દબાઇ જવા ન જોઇએ, પણ મોરની પુંછડીના પીછાની માફક બધા બાહુઓ દેખાડવા જોઇએ.

મૂર્તિ બનાવનારાઓએ હમેશાં પોતાની ફરજ બજાવવી જોઇએ, એટલે કે મૂર્તિઓને બરાબર શાસ્ત્રના પ્રમાણથીજ બનાવવી, નહિ કે યુવાનની મૂર્તિને ધરડાની મૂર્તિના જેવી અદ્દઢ બનાવવી.

"Aho Shrutgyanam"

# બ્રહ્મા, સાવિત્રી, ચાર વેદ અને નૃત્યશાસ્ત્રની મૂર્તિનું કોષ્ટક.

| | |
|---|---|
| કલિયુગની બ્રહ્માની મૂર્તિ ૧. | દ્વાપર યુગની બ્રહ્માની મૂર્તિ ૨. |
| ૧ હાથમાં શુચી \| ૨ હાથમાં પુસ્તક<br>૩ ,, માળા \| ૪ ,, કમંડળ<br>ચાર મુખ, ચાર ભુજા, વાહન હંસનું. | ૧ હાથમાં માળા \| ૨ હાથમાં પુસ્તક<br>૩ ,, શુચી \| ૪ ,, કમંડળ<br>ચાર મુખ, ચાર ભુજા, વાહન હંસનું. |
| ત્રેતાયુગની બ્રહ્માની મૂર્તિ ૩. | સત્યયુગની બ્રહ્માની મૂર્તિ ૪. |
| ૧ હાથમાં કમંડળ \| ૨ હાથમાં માળા<br>૩ ,, શુચી \| ૪ ,, પુસ્તક<br>ચાર મુખ, ચાર ભુજા, વાહન હંસનું. | ૧ હાથમાં પુસ્તક \| ૨ હાથમાં માળા<br>૩ ,, શુચી \| ૪ ,, કમંડળ<br>ચાર મુખ, ચાર ભુજા, વાહન હંસનું. |
| સાવિત્રી દેવીની મૂર્તિ ૫. | ઋગ્વેદની મૂર્તિ ૬. |
| ૧ હાથમાં માળા \| ૨ હાથમાં પુસ્તક<br>૩ ,, કમળ \| ૪ ,, કમંડળ<br>ચાર મુખ, ચાર ભુજા, વાહન હંસનું. | ૧ હાથમાં માળા \| ૨ હાથમાં કમંડળ<br>એક મુખ, બે ભુજા, વર્ણ ધોળો. |
| યજુર્વેદની મૂર્તિ ૭. | સામવેદની મૂર્તિ ૮. |
| ૧ હાથમાં માળા \| ૨ હાથમાં કમંડળ<br>મુખ બકરા જેવું, બે ભુજા, વર્ણ પીળો. | ૧ હાથમાં માળા \| ૨ હાથમાં શંખ<br>મુખ ઘોડા જેવું, બે ભુજા, વર્ણ કાળો. |
| અથર્વવેદની મૂર્તિ ૯. | નૃત્ય શાસ્ત્રની મૂર્તિ ૧૦. |
| ૧ હાથમાં માળા \| ૨ હાથમાં ખડગ<br>મુખ માંકડા જેવું, બે ભુજા, વર્ણ ધોળો | ૧ હાથમાં માળા \| ૨ હાથમાં ત્રીશુળ<br>મુખ હરણના જેવું, બે ભુજા, ત્રણ લોચન |



"Aho Shrutgyanam"

# બ્રહ્માના દેરાસરના દ્વારપાળનું કોષ્ટક.

| ગંભીર ૧. | | સત્ય ૧. | |
|---|---|---|---|
| ૧ હાથમાં માળા | ૨ હાથમાં કમળ | ૧ હાથમાં કમળ | ૨ હાથમાં માળા |
| ૩ ,, દંડ | ૪ ,, કમંડળ | ૩ ,, કમંડળ | ૪ ,, દંડ |

પુરૂષના જેવો આકાર, શાન્ત મુખ, ચાર ભુજા, માથે મુગટ.
**પૂર્વ દિશાના** દ્વારના જમણા તથા ડાબા.

| ધર્મ ૩. | | કમલંજય ૪. | |
|---|---|---|---|
| ૧ હાથમાં માળા | ૨ હાથમાં કમળ | ૧ હાથમાં દંડ | ૨ હાથમાં શસ્ત્રો |
| ૩ ,, દંડ | ૪ ,, કમંડળ | ૩ ,, કમળ | ૪ ,, કમળ |

શાન્ત મુખ, માથે મુગટ, દક્ષિણ દિશાના દ્વારના જમણા તથા ડાબા.

| વિજયો ૫. | | ભદ્રક ૬. | |
|---|---|---|---|
| ૧ હાથમાં માળા | ૨ હાથમાં ગદા | ૧ હાથમાં માળા | ૨ હાથમાં ગદા |
| ૩ ,, દંડ | ૪ ,, કમળ | ૩ ,, દંડ | ૪ ,, ખેટક |

પશ્ચિમ દિશાના દ્વારના જમણા તથા ડાબા.

| સર્વકામદ ૭. | | વિભવઃ ૮. | |
|---|---|---|---|
| ૧ હાથમાં માળા | ૨ હાથમાં પાશ | ૧ હાથમાં દંડ | ૨ હાથમાં પાશ |
| ૩ ,, અંકુશ | ૪ ,, દંડ | ૩ ,, અંકુશ | ૪ ,, કમળ |

ઉત્તર દિશાના દ્વારના જમણા તથા ડાબા.

"Aho Shrutgyanam"

# બાર સૂર્યની મૂર્તિનું કોષ્ટક.

| અર્યમા ૧. | મીત્ર ૨. |
|---|---|
| ૧ હાથમાં માળા \| ૨ હાથમા કમંડળ<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. | ૧ હાથમા ચક્ર \| ૨ હાથમા ત્રીશુળ<br>બે ભુજા, વાહન અશ્વ. |
| **રાયમણી ૩.** | **રૌદ્રી ૪.** |
| ૧ હાથમાં ચક્ર \| ૨ હાથમાં કુમુદ<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. | ૧ હાથમાં માળા \| ૨ હાથમાં ગદા<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. |
| **જલદેવકી ૫.** | **સૂર્યનારાયણ ૬.** |
| ૧ હાથમાં ચક્ર \| ૨ હાથમાં પાસ<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા વાહન, અશ્વ. | ૧ હાથમાં કમંડળ \| ૨ હાથમાં માળા<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. |
| **ભગદેવ ૭.** | **વિશ્વભગવાન ૮.** |
| ૧ હાથમાં ત્રીશુળ \| ૨ હાથમાં સુદર્શન<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. | ૧ હાથમાં ત્રીશુળ \| ૨ હાથમાં માળ<br>બે ભુજા, પદ્મલંછન, વાહન અશ્વ. |
| **પુષ્પ ૯.** | **સાવિત્રી ૧૦.** |
| ૧ હાથમાં કમળ \| ૨ હાથમાં કમળ<br>બે ભુજા, પદ્મલંછન, વાહન અશ્વ. | ૧ હાથમાં ગદા \| ૨ હાથમાં સુદર્શન<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. |
| **યજ્ઞદેવ ૧૦** | **દ્વાદશી ૧૨.** |
| ૧ હાથમાં શુચી \| ૨ હાથમાં હોમવાના સાદ્દત<br>૩ ,, કમળ \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. | ૧ હાથમાં સુદર્શન \| ૨ હાથમાં કમળ<br>૩ ,, સુદર્શન \| ૪ ,, કમળ<br>ચાર ભુજા, વાહન અશ્વ. |

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૬ હું

सूयोऽच्युतशक्ति रुद्राविन्वशक्तीश्वर ॥
विष्णुसूर्याश्रीनायथ विघ्नेश भगां वित्तेकेशा
चंडीशहेरंब पतगतध्यः ॥१७१॥

અર્થઃ-સૂર્ય, અચ્યુત, શક્તિ, ગણેશ, રૂદ્ર, ઇંદ્ર, વિષ્ણુ, શ્રીનાય વિન્ઘશ, ભગાં, ત્રીગદેવતા, ચંડીકા, હેરંબ-પતંગા વિગેરે દેવોનું વર્ણન કરવામાં આવ્યું છે અને બાકી હશે તેનું હવે પછીથી કહેવામાં આવશે. ૧૭૧

### કઇ દિશામાં સ્થાપન કરવા.

श्रीकंठ सूर्यापुरथांबि काजा प्रदक्षिणम् ॥
मध्य दिशीक्ष्य पुज्यास्त्वस्थ नगासर्वंभनार
स्थीतेयं छति दिग्नानि पत्र संस्था ॥१७२॥
सूर्यो विनायको विष्णु श्चंडीशंभुस्ताधवेच ॥
अनुक्रमेण पुज्यांत फलदस्यु सदार्चन ॥१७३॥

અર્થઃ-શોભાથી યુક્ત સૂર્યદેવને પૂર્વદિશામાં સ્થાપન કરવા, અંબીકાને દક્ષિણ દીશામાં અને મધ્ય સ્થાનમાં સર્વને સ્થાન આપીને સ્થાપન કરવા, તો દરેક કાર્ય સીદ્ધ થાય છે. ૧૭૨

સૂર્યદેવ, ગણેશ, વિષ્ણુ ભગવાન, ચંડીકાદેવી, શંકર ભગવાન આ બધા દેવોની અનુક્રમથી પુજા કરવી. અને દેવોની પુજા કરવાથી સર્વ કામના પૂર્ણ થાય છે. ૧૭૩

"Aho Shrutgyanam"

## ગ્રહોનું સ્થાપન.

अग्रतुकुंज स्थाप्या गुरुर्यास्ये प्रतिष्टितं ॥
नैरुत्ये राहु संस्थानं शुक्रस्थानंतु पश्चिमे ॥१७४॥
वायव्येके तवस्थानं सोम्यायां बुधमेवच ॥
इशाने शनिस्थाप्य प्राच्यांस्थाप्यश्च चंद्रमा ॥१७५॥

અર્થ:-સૌથી આગળના ભાગમાં કળશનું સ્થાપન કરવું, તેની સન્મુખ ગુરુનું, નૈરૂત્ય કોણમાં રાહુનું અને શુક્રનું પશ્ચિમે સ્થાપન કરવું. ૧૭૪

વાયવ્ય કોણમાં કેતુની, ઉત્તરમાં બુદ્ધની, ઇશાનમાં શનિની અને પૂર્વ દિશામાં ચંદ્રમાની સ્થાપના કરવી.

## ગ્રહો કેવા બનાવવા.

चंडी च पिंगश्चैव आनंदः श्चात करतथा ॥
चित्रो विचित्रोज्ञातव्ये किरणाक्ष्य सुलोचन ॥१७६॥

અર્થ-ચંડીનો વર્ણ પીળો કરવો, સૂર્યની મૂર્તિ આનંદ આપનારી બનાવવી, ગણેશની મૂર્તિ સારા શોભાયમાન રંગથી રંગીને કરવી અને વિષ્ણુને સારા હરણ લોચન જેવા બનાવવા.

सर्वेच पुरुषाकारा कर्त्तव्या शान्ति मिच्छता ॥
चतुद्वारेषु संस्थाप्य दिशांचैव प्रदक्षिणे ॥१७७॥

અર્થ:-ઉપર કહ્યા તે દેવો, ગ્રહો વિગેરેને મનુષ્યના આકાર જેવા બનાવવા. જો પોતાની શાન્તિ ઇચ્છવી હોય તો ચાર દિશામાં ચાર દ્વારમાં દ્વારપાળ સ્થાપન કરવા. તે દરેકની પ્રદક્ષીણા થઇ શકે તેવી રીતે સ્થાપન કરવા. ૧૭૭

"Aho Shrutgyanam"

## સૂર્યના દેરાશરના પ્રતિહાર તથા નવ ગ્રહો.

### પ્રતિહાર.

प्रतर्जन्यो द्विकरणं ताम्रचुडं दंडायुधं ॥
दंडिवाम विभागेतु पिंगलास्यादते श्रुणु ॥१७८॥

અર્થ–જમણા હાથમાં તર્જની અને બીજા હાથમાં બે કીરણ, ત્રીજા હાથમાં દંડ ધારણ કરનાર, અને ચોથા નીચેના ડાબા હાથમાં દંડી, **મુખનો વર્ણ થોડા પીળા ભાગવાળો** આવી સૂર્યના પ્રતિહારની મૂર્તિ બનાવવી. ૧૭૮

किरणस्थाने यदाशक्ति किरणं ताम्र चुडके ॥
तर्जनी दंड पूर्वंच पिंगल पूर्वं दक्षिणे ॥१७९॥

અર્થઃ—જમણા હાથમાં કીરણની બદલીમાં શક્તિ, બીજા હાથમાં કીરણ આપવું. ત્રીજા હાથમાં તર્જની અને ચોથા હાથમાં દંડ આપવો, પૂર્વ તથા દક્ષિણમાં પીળો ભાગ રાખવો, તેવા સુર્યના પ્રતિહારની મૂર્તિ બીજી રીતની બનાવવી. ૧૭૯

एकवक्रं च तर्जनि दंडेना नंदकः स्मृतः ॥
तर्जनी दंड सव्यंम संभवः दंतकथुभः ॥१८०॥

અર્થઃ—એક હાથમાં તર્જની બીજા હાથમાં દંડ ધારણ કરે, ત્રીજા જમણા હાથમાં દંડ, ચોથા હાથમાં તર્જની તેવા સૂર્યનારાયણના પ્રતિહારની મૂર્તિ સુખને આપનારી થાય છે માટે સુખની ઈચ્છાવાળાઓએ આવી સૂર્યદેવના દેરાશરમાં મૂર્તિ બનાવવી. ૧૮૦

तर्जनीद्वौ पद्मिनी दंडं दंडात चित्रको भवेत् ॥
तर्जनी दंडयसव्य संभवेत् चित्रक तथा ॥१८१॥

"Aho Shrutgyanam"

અર્થઃ—એક હાથમાં તર્જની અને બે કમળ, બીજા ડાબા હાથમાં કમળ અને દંડ, નીચેના ત્રીજા જમણા હાથમાં તર્જની અને દંડ ચોથા ડાબા હાથમાં પણ દંડ ધારણ કરાવે ત્યારે **સુર્યના** પ્રતિહારની **મુર્તિ** ઘણીજ સુંદર દેખાય છે. ૧૮૧

## નવગૃહ રવી (સૂર્ય)

**तर्जनीद्व किरणम दंडान किरणोद्भवः ॥**
**तर्जनी दंडापसव्यः कर्तव्यसुः सुलोचनः ॥१८२॥**

અર્થઃ—જમણા હાથમાં તર્જની અને કિરણ, ડાબા હાથમાં તર્જની અને દંડ, ત્રીજા હાથમાં તર્જની, ચોથા ડાબા હાથમાં દંડ અને સુંદર નેત્રોથી યુક્ત, આ પ્રમાણે સૂર્ય દેવની મૂર્તિ બનાવવી આવો શાસ્ત્રનો મત છે. ૧૮૨

## ચંદ્રની મૂર્તિ ત્રણ પ્રકારની

**चन्द्रश्च त्रिविधातव्या श्वेतांवरद्युतः ॥**
**दैशैश्चैताश्च संयुक्तः अरुढ स्पंदनशुभः ॥१८३॥**

અર્થઃ—ચંદ્રમાની મૂર્તિ ત્રણ પ્રકારની બનાવવી. એક રંગમાં કાંઈ ધોળી, બીજી સ્વચ્છ ધોળી અને ત્રીજી તો થોડાજ ધોળા અંશવાળી, બહુ પાતળી નહિ તેમજ બહુ જાડી નહિ અને આભુષણોથી યુક્ત આવી રીતે ચંદ્રની મૂર્તિ શુભ ફળ આપનારી થાય છે. ૧૮૩

**द्विभुजौ दक्षिणेपाणौ गदा विभ्रन्ययोदरम ॥**
**वामस्तु वरादोहस्त शाशांकस्य निरुप्यते ॥१८४॥**

અર્થઃ—જમણા બે હાથમાં ગદાને ધારણ કરનાર,

"Aho Shrutgyanam"

ત્રીજા ડાબા અને ચોથા જમણા હાથથી વરદાન આપનારા, સસલાનું ચિન્હ એવી ચંદ્રની મૂર્તિ સુખને આપનારી થાય છે. ૧૮૪

## મંગળની મૂર્તિ.

धरा पुत्रस्य वक्ष्यामि लक्षणं चित्र कर्मणि ॥
चतुर्भूजो मेषडाम श्रांगारं सदृशयुति ॥१८५॥
दक्षिणं बुद्धांहस्तंच रदं परिकल्पयेत् ॥
उर्ध्व शक्ति समायुक्तं वामो शुलगदाधरौ ॥१८६॥

અર્થઃ—મંગળની મૂર્તિનું વર્ણન કરે છે. ચાર હાથવાળી, ઘેટાના વાહનવાળી, અંગારાના જેવી કાન્તીવાળી એવી ધરાના પૂત્રની એટલે મંગળની મૂર્તિ બનાવવી. ૧૮૫

જમણો હાથ બુદ્ધની તરફ રાખવો, બીજો હાથ હૃદય પર રાખવો અને તે હાથમાં શક્તિ નામનું હથીયાર આપવું, ડાબા ત્રીજા હાથમાં ત્રીશુળ ,અને ચોથા હાથમાં ગદા આપવી. આ પ્રમાણે મંગળની મૂર્તિ બનાવવી. ૧૮૬

## બુદ્ધની મૂર્તિ.

सिंहारुढं बुधंवक्षे कर्णिकार समप्रभम ॥
पीतशाल्यांबरधरं स्वर्ण भूषाविभूशितम ॥१८७॥
वरदं खडग संयुक्तां खेटकेन समन्वितम
गदायाच समायुक्तं बिभ्राणांदोश्चतुष्ठयम ॥१८८॥

અર્થઃ—બુદ્ધની મૂર્તિ ગરમાળાના વૃક્ષ જેવા રંગવાળી, પીળા વસ્ત્રોથી તથા સોનાનાં આભુષણથી યુક્ત અને સિંહના વાહન ઉપર બેઠેલી બનાવવી. ૧૮૭

"Aho Shrutgyanam"

એક હાથથી વરદાન આપતા, બીજા હાથમાં સુંદર ખડગ, ત્રીજા હાથમાં ખેટક અને ચોથા હાથમાં ગદાને ધારણુ કરનાર, આ પ્રમાણે સાધનોથી યુક્ત, પ્રસન્ન કરવા-વાળી બુદ્ધની મૂર્તિ બનાવવી. ૧૮૮

## ગુરુની મૂર્તિ

यातोदम गुरोर्लक्ष शुभश्च भृगुनंदनः ॥
चतुर्भुजार्हं सीयुक्ती चित्रकर्म विशारदे ॥१८९॥

અર્થઃ-હવે ગુરુની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. ચાર ભુજાવાળી અને ભૃગુરુષીને આનંદ આપનારી, સર્વ દુઃખનો નાશ કરનારી, ચારે સાધનોથી યુક્ત, ચિત્ર કામમાં શ્રેષ્ટ, એવી વિદ્વાન શિલ્પીએ બનાવવી. ૧૮૯

## ગુરુ તથા શુક્રની મુર્તિ.

वरदौ साक्षसूत्रोच कमंडलधरो तथा ॥
दंडीनौवत तथाबाहु बिभ्राणौ परिकल्पयेत् ॥१९०॥

અર્થઃ-એક હાથથી વરદાન આપતા, બીજા હાથમાં સ્ફાટીકની માળા, ત્રીજા હાથમાં કમંડલ અને ચોથા હાથમાં દંડ ધારણુ કરનાર, આ પ્રમાણે ગુરૂની તથા શુક્રની મૂર્તિ બન્ને સરખી બનાવવી. આ ગુરૂની મૂર્તિમાં શુક્રની મૂર્તિનો સમાવેશ થઇ જાય છે, ૧૯૦

## શનિની મુર્તિ.

शौरिनिल समाभासं गृध्रारुढं चतुर्भुजम् ॥
वरदं बाणसंयुक्त चापश्चल धरे लिखेत् ॥१९१॥

અર્થઃ—શનિની મૂર્તિ, શુરવાન કાળા રંગની, ગધેડા ઉપર બેસાડેલી, એક હાથથી વરદાન આપતી, બીજા હાથમાં ધનુષ્ય, ત્રીજા હાથમાં ચાપ અને ચોથા હાથથી અભય,

"Aho Shrutgyanam"

(મુદ્રા) ચાર હાથની સુંદર બાણના આયુધથી યુક્ત આવા શનિદેવની મૂર્તિ બનાવવી. ૧૯૧

## રાહુની મૂર્તિ.

सिंहासन गतंराहु करालवदनं लिखेत् ॥
वरद खडग संयुक्त खेटश्रुलधरं लिखेत् ॥१९२॥

અર્થ:—હવે રાહુની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. સિંહાસનથી યુક્ત, મુખની આકૃતિ ભયંકર અને ખુલ્લુ બનાવવું. એક હાથથી વરદાન આપતા, બીજા હાથમાં ખડગ, ત્રીજા હાથમાં ખેટક નામનું આયુદ્ધ અને ચોથા હાથમાં ત્રીશુળ ધારણ કરાવવું, આ પ્રકારની રાહુની મૂર્તિ બનાવવી. ૧૯૨

## કેતુની મૂર્તિ.

धुम्राद्विषा वहवः सर्वे वरदागदाधरः ॥
गृध्रष्टष्ट समारूढो लेखनीया श्रुकेतवः ॥१९३॥

અર્થ:—ધુમ્ર દિશાનું વહન કરનાર, સર્વ પ્રકારના બે હાથથી વરદાન દેનાર અને બે હાથમાં સુંદર ગદાઓ ધારણ કરનાર, ગૃધ્રષ્ટ નામના વાહન ઉપર આરૂઢ થયેલ, આ પ્રમાણે કેતુની મૂર્તિ બનાવવી. ૧૯૩

## નવ ગ્રહો કેવા બનાવવા.

ग्रहाकिरी हिनः कार्याः नव तालप्रमाणकः ॥
रत्न कुंडल केयुर हाराभरण भूषीता ॥१९४॥

અર્થ:—સર્વ ગ્રહો મુકટથી યુક્ત કરવા અને માપમાં નવતાલના પ્રમાણથી બનાવવા. રત્નો કુંડલ કેયુર અને સુશોભીત સોનાના હારથી ભુષીત, સુંદર રીતે શોભે તેવા નવ ગ્રહોની મૂર્તિઓ બનાવવી. ૧૯૪

"Aho Shrutgyanam"

# સૂર્યના પ્રતિહાર (દ્વારપાળ) અને નવગ્રહનું કોષ્ટક.

| | |
|---|---|
| **સૂર્યના પૂર્વ દિશાના દ્વારપાળ ૨** | **સૂર્યના દક્ષિણ દિશાના દ્વારપાળ ૨** |
| ૧ હાથમા તર્જની \| ૨ હાથમા બેકીરણ<br>૩ ,, દંડ \| ૪ ,, દંડી<br>મૂખનો વર્ણ પીળો જમણા તથા ડાબા<br>આયુદ્ધ સવ્ય અપસવ્ય બનાવવા. | ૧ હાથમાં શક્તિ \| ૨ હાથમા કીરણ<br>૩ ,, તર્જની \| ૪ ,, દંડ<br>મૂખનો વર્ણ પીળો જમણા તથા ડાબા<br>આયુદ્ધ સવ્ય અપસવ્ય બનાવવા. |
| **સૂર્યના પશ્ચિમ દિશાના દ્વારપાળ ૨** | **સૂર્યના ઉત્તર દિશાના દ્વારપાળ ૨** |
| ૧ હાથમા તર્જની \| ૨ હાથમા દંડ<br>૨ ,, દંડ \| ૪ ,, તર્જની<br>દ્વારમાં જમણા તથા ડાબા બનાવવા<br>આયુદ્ધ સવ્ય અપસવ્ય | ૧હાથમાતર્જનીકમળ \| ૨હાથમાંકમળદંડ<br>૩ ,, તર્જની દંડ \| ૪ ,, ,,<br>દ્વારમાં જમણા તથા ડાબા બનાવવા<br>આયુદ્ધ સવ્ય અપસવ્ય |
| **નવગૃહ.** | |
| **સૂર્યની મૂર્તિ ૧.** | **ચંદ્રની મૂર્તિ ૨.** |
| ૧હાથમાંતર્જનીકિરણ \| ૨હાથમાંદંડકિરણ<br>૩ ,, તર્જની \| ૪ ,, દંડ<br>વાહન અશ્વો સાથે રથ | ૧ હાથમા ગદા \| ૩ હાથવરદ (મુદ્રા)<br>૨ ,, ગદા \| ૪ ,, વરદ(મુદ્રા)<br>સસલાનું ચિન્હ |
| **મંગળની મૂર્તિ ૩.** | **બુદ્ધની મૂર્તિ ૪.** |
| ૧હાથબુધનીતરફ \| ૨ હાથહૃદયતરફ<br>૩ ,, ત્રીશુળ \| ૪ ,, ગદા [તરવાર<br>વાહન ઘેટાનું | ૧ હાથવરદાન (મુદ્રા) \| ૨ હાથમાં ખડગ<br>૩ ,, ખેટક \| ૪ ,, ગદા<br>વાહન સિંહનું |
| **ગુરૂ અને શુક્ર ૫–૬** | **શનીની મૂર્તિ ૭.** |
| ૧ હાથ વરદાન (મુદ્રા) \| ૨ હાથમાં માળા<br>૩ ,, કમંડળ \| ૪ ,, દંડ<br>આ પ્રમાણે ગુરૂ તથા શુક્ર<br>બન્નેની સરખી. | ૧હાથવરદાન(મુદ્રા) \| ૨ હાથમાં ધનુષ્ય<br>૩ ,, ચાપ \| ૪ ,, અભય (મુદ્રા)<br>વાહન ગૃદ્ધ |
| **રાહુની મૂર્તિ ૮.** | **કેતુની મૂર્તિ ૯.** |
| ૧ હાથવરદાન (મુદ્રા) \| ૨ હાથમા ખડગ<br>૩ ,, ખેટક \| ૪ ,, ત્રીશુળ<br>વાહન સિંહાસન | ૧ હાથવરદ (મુદ્રા) \| ૨ હાથવરદ (મુદ્રા)<br>૩ ,, ગદા \| ૪ ,, ગદા<br>વાહન ગૃદ્ધ |

"Aho Shrutgyanam"

# દશ દિગ્પાળ

## ઇંદ્રદેવની મૂર્તિ.

वरदं वज्रां कुशंच कमंडलु विविधृत्करम् ॥
गजारूढ सहस्राक्षं इन्द्र पूर्व दिशिस्याम् ॥१९५॥

અર્થ:—એક હાથ વરદાન આપતા, બીજા હાથમાં વજ્ર, ત્રીજા હાથમાં સુંદર અંકુશ અને ચોથા હાથમાં કમંડલ ધારણ કરનાર, તેમજ બીજા વિવિધ પ્રકારના આયુદ્ધોને ગ્રહણ કરનાર, હાથી ઉપર બેઠેલા, હજારો નેત્રવાળા, **પૂર્વ દિશામાં રહેલા** એવા ઇંદ્ર દેવની મૂર્તિ આ પ્રમાણે કરવી. ૧૯૫

## યમદેવની મૂર્તિ.

वरदं शक्तिहस्तंच मृणालंच कमंडलु ॥
शीला युजनि परुषं मेषारुंडाक्रर्दुमांगस्यायमो भवेत् ॥१९६॥

અર્થ:—જમણો એક હાથ વરદાન આપતો, બીજા હાથમાં શક્તિ ધારણ કરનાર. ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં કમંડલને ધારણ કરનાર, પત્થરના સમૂહ જેવું રૂપ, પાડાના વાહન ઉપર બેસનાર અને દક્ષિણ દિશામાં રહેનાર ( એટલે **દક્ષિણ દિશાના દેવ યમ છે** ) એવી યમદેવની મૂર્તિ બનાવવી. ૧૯૬

## નૈરુત્ય દેવની મૂર્તિ.

खडग खेटक हस्तंच कार्तिकावेरीमस्तकं ॥
द्रंष्ट्रा कराल्यास्यंकुर्यात् श्वानारुढं नैरुतम् ॥१९७॥

"Aho Shrutgyanam"

અર્થ:—ખડગ અને ખેટકને ધારણ કરનાર, કાતરને માથામાં રાખનાર, મોટા દાંતવાળા અને વિક્રાળ દાઢોવાળા ભયંકર મોઢાવાલા, કુતરાના વાહન ઉપર બેઠેલા એ પ્રકારની મૂર્તિ **નૈરુત્ય દિશાના** દેવની બનાવવી.

## વરૂણ દેવની મૂર્તિ.

**वरदं पाश पद्मंच कमंडल हस्ताकरे ॥**

**मकरारुढा कर्तव्यं वरुणं पश्चिमदिशि ॥१९८॥**

અર્થ:—એક હાથથી વરદાન આપતી, બીજા હાથમાં પાશ, ત્રીજા હાથમાં કમળનું ફુળ, ચોથા હાથમાં કમંડલ ધારણ કરનાર અને મગરમચ્છના વાહન ઉપર બેઠેલા એવા **પશ્ચિમ દિશાના અધીપતિ** વરૂણ દેવની એ પ્રમાણે મૂર્તિ બનાવવી. આવું શાસ્ત્રનું પ્રમાણ છે. ૧૯૮

## વાયુદેવની મૂર્તિ.

**वरध्वजा पताकंच कमंडलु तथाकरे ॥**

**मृगारुढ प्रकर्त्तव्यं वायुदेवतादिदि ॥१९९॥**

અર્થ:—એક હાથ વરદાન આપતો, બીજા હાથમાં ધ્વજા, ત્રીજા હાથમાં પતાકા, ચોથા હાથમાં કમંડલ ધારણ કરેલ અને મૃગના વાહન ઉપર બેઠેલ એવા **વાયવ્ય દિશાના દેવ**ની આ પ્રમાણે મૂર્તિ બનાવવી.

## કુબેર દેવની મુર્તિ.

**गदानिधि करंचैव कमंडलु अभय करे ॥**

**गजारुढं प्रकर्तव्यं सौम्यायाधनदिशितम् ॥२००॥**

અર્થ:—એક હાથમાં ગદા, બીજા હાથમાં દ્રવ્યનો ભંડાર, ત્રીજા હાથમાં કમંડલ, ચોથા હાથથી અભય આપનાર અને હાથીના વાહન ઉપર બેસનાર **ઉત્તર દિશાના** સ્વામી કુબેરદેવની મૂર્તિ આ પ્રમાણે બનાવવી.


"Aho Shrutgyanam"

# દશ દિગ્પાળનું કોષ્ટક.

| ઇંદ્ર પૂર્વદિશાના ૧. | અગ્નીદેવ અગ્નિદિશાના ૨. |
|---|---|
| ૧ હાથમાં વરદ (મુદ્રા) \| ૨ હાથમાં વજ્રા<br>૩ ,, અંકુશ \| ૪ ,, કમંડળ | ૧ હાથમાં શુકી \| ૨ હાથમાં અગ્નિ<br>૩ ,, માળા \| ૪ ,, કમંડળ |
| ચાર ભુજા વાહન હાથીનું. | ચાર ભુજા વાહન બાજઠ ઉપર. |
| **યમદેવ દક્ષિણદિશાના ૩.** | **ક્ષેત્રપાળ નૈરૃત્યદિશાના ૪.** |
| ૧ હાથમાં વરદ(મુદ્રા) \| ૨ હાથમાં તરવાર<br>૩ ,, કમળ \| ૪ ,, કમંડળ | ૧ હાથમાં ખડગ \| ૨ હાથમાં ખેટક |
| ચાર ભુજા વાહન પાડાનું. | બે ભુજા વાહન કુતરાનું. |
| **વરૂણદેવ પશ્ચિમદિશાના ૫.** | **વાયુદેવ વાયવ્યદિશાના ૬.** |
| ૧ હાથ વરદાન (મુદ્રા) \| ૨ હાથમાં પાશ<br>૩ ,, કમળનું ફળ \| ૪ ,, કમંડળ | ૧ હાથ વરદાન(મુદ્રા) \| ૨ હાથમાં ધ્વજા<br>૩ ,, પતાકા \| ૪ ,, કમંડળ |
| ચાર ભુજા વાહન મગરનું. | ચાર ભુજા વાહન મૃગનું. |
| **કુબેર ઉત્તરદિશાના ૭.** | **શંકર ઇશાનદિશાના ૮.** |
| ૧ હાથમાં ગદા \| ૨ હાથમાં દ્રવ્યભંડાર<br>૩ ,, કમંડળ \| ૪ ,, અભય(મુદ્રા) | ૧ હાથમાં ત્રીશુળ \| ૨ હાથમાં સર્પ<br>૩ ,, બીજોરૂ \| ૪ ,, કમંડળ |
| ચાર ભુજા વાહન હાથીનું. | ચાર ભુજા વાહન ગોધીકાનું. |
| **બ્રહ્મા આકાશ ૯.** | **વિષ્ણુ પૃથ્વી ૧૦.** |
| ૧ હાથમાં માળા \| ૨ હાથમાં પુસ્તક<br>૩ ,, વરદ(મુદ્રા) \| ૪ ,, કમંડળ | ૧ હાથમાં કમળ \| ૨ હાથમાં શંખ<br>૩ ,, વરદ(મુદ્રા) \| ૪ ,, ચક્ર |
| ચાર ભુજા વાહન હંસનું. | ચાર ભુજા વાહન ગરૂડનું. |

"Aho Shrutgyanam"

# ઉપમાઓની સાર્થકતા




"Aho Shrutgyanam"

**પ્રથમ ચિત્ર ૫-૬માં બતાવ્યા પ્રમાણે એક** ઈંડાના આકારનું અને બીજું પીપળાના પાનના આકારનું. પાનના આકારનું મોઢું ઘણા ભાગે નેપાલમાં અને બંગાળા માં દેવ અને દેવીઓમાં બનાવેલું જોવામાં આવે છે. હવે આપણે ગોળ મોઢાનું વર્ણન કરીએ. આપણે ફક્ત એટલુંજ જાણીએ છીએ કે આ મોઢું ગોળ છે અને કાંઇ લાઇનમાં નથી. આ જાતનું મોઢું ગોળાને મળતું છે અને તેને ઇંડાને કાંઇક મળતાપણું છે. તેથી તેને ઇંડાના જેવું વર્ણવ્યું છે. અને ઇંડાના આકાર જેવું મોઢું મહત્તાનો ભાવ બતાવનારૂં છે, તેથી મહાન પુરૂષની મૂર્તિનું મોઢું આવા આકારનું બનાવાય છે. બીજું પીપળાના પર્ણ સમી આકૃતિવાળું મુખ શાંત ભાવ દર્શાવે છે. જ્યાં મૂર્તિમાં શાન્તિનો ભાવ બતાવવો હોય ત્યાં આ જાતનું મુખ બનાવવાથી મોઢું શાન્ત ભાવનું દેખાય છે.

**ચિત્ર ૭-મું:**-કપાળ ધનુષ્યના આકારનું વર્ણવ્યું છે. ભ્રમર અને વાળની શીખા સુધીનો વચલો ભાગ કાંઇક ધનુષ્યના આકારનો, કમાન જેવો વળેલો બતાવેલ છે, આ ચિત્ર ભાગ્યેજ પુરુષની મૂર્તિમાં બનાવવામાં આવે છે.

**ચિત્ર ૮ માં:-ભ્રમરો** લીંબડાના પાનના આકારની અથવા ધનુષ્યના આકારની વર્ણવી છે. આનંદ, ભય, ગુસ્સો વિગેરે હરેક જાતની સ્થીતિ આંખની ભ્રમરો ઉંચી કે નિચી કરીને બતાવી શકાય છે. આવી જાતનું ચિત્ર ખાસ સ્ત્રીની મૂર્તિમાં બનાવવામાં આવે છે. આપણા પ્રાચિન કળા-કારોએ તથા સાહિત્યકારોએ આંખનું સહુથી વધારે ને

"Aho Shrutgyanam"

કાનનું સહુથી ઓછું નિરીક્ષણ કર્યું હતું, કારણ કે કાનથી કંઇ મોઢાનો ભાવ બતાવી શકાતો નથી. તેથી આંખની ઉપમાઓના તેઓએ ઘણા ઘણા પ્રકાર બતાવેલ છે જ્યારે કાન વિષે બહુ ઓછી ઉપમાઓ મળે છે.

**ચિત્ર ૯ સુઃ**–કમળની પાંખડી જેવી આંખ બતાવે છે. એક તરફ આંખ છે અને બીજી બાજુ કમળની પાંખડી છે. જુઓ કે બન્નેની કેટલી બધી સાદ્દશ્યતા એટલે તેને મળતાપણું બતાવેલ છે. આપણે આંખ અંબુજ પાંખડીની ઉપમા ગાઇએ છીએ તે આ ચિત્ર જોતાં યથાર્થજ ગણાશે. આવી જાતની આંખ શાન્તિનો ભાવ બતાવે છે.

**ચિત્ર ૧૦ સુઃ**–પદ્મકોશ–કમળના ડોડા જેવી આંખ બતાવેલ છે તે પણ એક શાંતિનો ભાવ બતાવે છે.

**ચિત્ર ૧૧ સુઃ**–હરણના નેત્ર જેવી ઉપમા આપેલ છે તે સાર્થક છે. હરણના જેવી આંખ નિર્દોષ અને ભોળા સ્વભાવવાળા માટે બનાવવામાં આવે છે.

**ચિત્ર ૧૨ સુ.** પારેવાના આકારના જેવી આંખ બતાવેલ છે. એવી આંખ રમતિઆળ, ખુશ મીજાજી અને નિર્દોષતાનો સ્વભાવ બતાવે છે.

**ચિત્ર ૧૩ સુ.** કરેણના પાંદડાના જેવી આંખ બતાવેલ છે. તે શાન્ત સ્વભાવ અને આરામનો ભાવ બતાવે છે.

**ચિત્ર ૧૪ સુ.** માછલીના આકારના જેવી આંખ બતાવેલ છે, તે આંખ સતત્ મહેનતની ટેવ અને આરામ વગરના સ્વભાવવાળા માટે બતાવેલ છે.

૬

"Aho Shrutgyanam"

હરણની આંખ જેવી અને કરણના પાંદડાના આકારની સ્ત્રીના ચિત્રમાં બનાવવામાં આવે છે. બીજી ત્રણ નં. ૯–૧૦–૧૪ પત્થરની તેમજ ધાતુની દેવ દેવીઓની મૂર્તિમાં જોવામાં આવે છે. આ ઉપરાંત એક જાતની આંખ નં. ૧૨ પારેવાના જેવી છે અને તે ભાગ્યેજ કોઇ ઠેકાણે જોવામાં આવે છે. તેવી આંખો અજંતાની ગુફામાં ભીંતોમાં, સ્ત્રીની આંખો પારેવાના જેવી આકારની ચિતરેલ છે. રમતીઆળ ખુશ મીજાજી મૂર્તિ બનાવવી હોય તો તેવા આકારની આંખ બનાવવી.

ચિત્ર ૧૫ મું. બેઠેલ ગીધ પક્ષિના આકારના જેવા કાન બતાવેલ છે.


ચિત્ર ૧૬મું. અમુક અક્ષરના જેવા કાન બતાવેલ છે. ભાવનો મુખ્ય આધાર આંખ, નાક, હોઠ ઉપર હોવાથી, કાન દ્વારા ભાવ બતાવવાનો હોતો નથી.

ચિત્ર ૧૭ મું. આગળનો હાથ (કુણીથી હથેળી સુધી) કેળના થડના જેવો બતાવ્યો છે અને તે ઉપરથી થડની દઢતા જેવો આગળનો હાથ હોય છે. આ ઉપરથી સમજી શકાશે કે પ્રાચીન સાહિત્યમાં પ્રવર્તી રહેલી ઉપમાઓ કેવળ તરંગ પરથી નહિ પણ સૃષ્ટિનું સુક્ષ્મ નિરીક્ષણ કરીનેજ યોજાયેલી છે.

ચિત્ર ૧૮–૨૦ મુંઃ–નાક સીસમના ફૂલના આકારનું. નં. ૧૮ માં બતાવેલ અને નશકોરા બાર્બટીના બીના આકારનું નં. ૨૦ માં બતાવેલ છે. સીસમના ફૂલના આકારનું નાક દેવીઓની મૂર્તિમાં તેમજ સ્ત્રીની છબીમાં ખાસ જોવા-

"Aho Shrutgyanam"

# ઉપમાઓની સાર્થકતા. ૨.




"Aho Shrutgyanam"

માં આવે છે અને આવા આકારનું નાક ભમરની એક સીધી લીટી જેવું દેખાય છે.

ચિત્ર ૧૯–૨૦ મું:–પોપટની ચાંચના જેવું નાક. ખાસ લડાયક દેવો અને દેવીઓનું તેમજ મનુષ્યમાં શુરવીરો અને શક્તિ જેવી સ્ત્રીઓનું નાક આવા આકારનું બનાવવું. આ જાતનું નાક ભમરના ખુણા સુધી છે અને નશકોરૂં નં, ૨૦ ના આકાર જેવું બતાવેલ છે.


ચિત્ર ૨૧–૨૨ મું:–હોઠ સુંવાળા રંગે લાલ અને નિચલો હોઠ બીબા નામના ફૂલ જેવો બતાવ્યો છે. બંધુલી અથવા બંધુ જીલા નામના ફૂલના જેવા બન્ને હોઠ બતાવ્યા છે,

ચિત્ર ૨૩ મું:–આ ચિત્રથી ગળું શંખના આકારનું બતાવ્યું છે, કારણ કે શંખને મથાળે જેવી રીતે ઘેડો પડતી કરચલીઓ છે, તેવી રીતે ગળાને પણ કરચલીઓ પડેલી છે. આ ઉપરાંત ગળું અવાજનું ખાસ ઠેકાણું છે, તેવીજ રીતે શંખમાંથી પણ કુદરતી અવાજ નિકળે છે, તેથી શંખને ગળા સાથે ખાસ મળતું બતાવ્યું છે.

ચિત્ર ૨૪ મું:-હાઢી કેરીના ગોટલાના આકારની છે. હાઢી ખાસ કેરીના ગોટલાને મળતી હોતી નથી પણ જેવી રીતે ભ્રમરો, નશકોરા, આંખ અને હોઠના માપમાં નાની કે મોટી હોય છે તેવીજ રીતે એક અમુક ફળના ગોટલાની સાથે મળતી છે. જ્યારે બીજી મૂર્તિઓમાં ફૂલના, માછલીના, પાંદડાના આકારની હોય છે, કાન પણ આપણા ચહેરાનો અંદરનો ભાગ ગણાય છે, તેથી તેને ચહેરા સાથે અમુક બંધબેસ્તાપણું હોય છે.

"Aho Shrutgyanam"

# ઉપમાઓની સાર્થકતા. ૩.




"Aho Shrutgyanam"

ચિત્ર ૨૫–૨૬–૨૭ મું:–ધડ (માણસના ગળાની નિચેનો ભાગ) સિંહની છાતી જેવો ભાગ બતાવ્યો છે. નં ૨૬ માં ગાયના માથાના જેવું બતાવ્યું છે. આ ઉપરથી માણસની છાતીનું બળ તેમજ હિંમત સિંહની છાતીની સરખામણીથી બતાવેલ છે. નં ૨૭માં સ્ત્રીનું ચિત્ર તેમાં છાતી અને પેટનો ભાગ ડમરૂના આકારની સરખામણી માટે બતાવેલ છે જેથી પેટ અને છાતીનો ભાગ જુદો માલમ પડે.

ચિત્ર ૨૮ મું––ખંભા હાથીના માથાના જેવા બતાવ્યા છે. આપણા ચિત્રકારોએ ખભા હાથીના માથા જેવા અને હાથ હાથીની સુંઢ જેવા બતાવ્યા છે. કવી કાળીદાસે પોતાની શુરવીરતા આખલાના આકારની વર્ણવી નથી, પરંતુ હાથીના માથાના જેવી પોતાના ખંભાથી બતાવેલ છે. હાથીની સુંઢ અને આપણા હાથ મળતા છે એટલુંજ નહિ પરંતુ સુંદર પણ છે.

ચિત્ર ૨૯–૩૦ મું––આ ચિત્રમાં આંગળીઓ પીપોડના પાન જેવી આકારની બતાવેલ છે. નં ૩૦ માં ફૂલની કળીઓ જેવી આંગળીઓના નખ બતાવેલ છે.

ચિત્ર ૩૧–૩૨ મું––જાંગો માણસોની જાંગોમાં. પુરુષની અને સ્ત્રીની જાંગો આપણા ચિત્રકારોએ કેળના થડના જેવી બતાવી છે. પણ ખાસ કરીને કેળના થડના જેવી જાંગો હાથીની સુંઢના જેવી જાંગો કરતાં વધારે મજબુત અને દ્રઢતાવાળી હોય છે.

ચિત્ર ૩૩ મું––જંઘા પગની પીંડી ગુસ્સાથી ભરેલી માછલીના આકારની બતાવી છે.

"Aho Shrutgyanam"

ચિત્ર ૩૪ મું—ઢીંચણની ઢાંકણી કડચલા જાતના જીવડાની સાથે સરખાવેલ છે.

ચિત્રે ૩૫–૩૬–૩૭-૩૮ મું—હાથ અને પગને કમળની સાથે તેમજ છોડના નાના પાંદડાની સાથે સરખાવ્યા છે. આવા ચિત્રો અજંતાની ગુફામાં પૂર્વેના શિલ્પીઓએ સુંદર બનાવ્યાં છે.

પ્રાચીન સાહિત્યમાં આપેલી ઉપમાઓ વાંચતાં ઘણી વખત વાચકને તેમાં અતિશયોકિત લાગે છે. આતે શું સાચું હશે ? માછલીના જેવી આંખ, અંબુજ પાંખડીશી આંખ, શુકની ચાંચ જેવું નાક, કેળના જેવા સાથળ કે હાથ વિગેરે હોતા હશે ? પણ એ વિચાર કેવળ આપણી ક્ષુલ્લક બુદ્ધિનુંજ પરિણામ છે. રૂપનો ઉંડો અભ્યાસ કર્યા પછીથી જ એ ઉપમાઓ અસ્તીત્વમાં આવી છે ને તે સાર્થક છે આ પ્રમાણે જૈન જયોતિના તંત્રીશ્રી ધીરજલાલભાઈ લખે છે. એટલુંજ નહિ પણ તે દરેકના વિશિષ્ટ ગુણદોષોનો પણ અભ્યાસ કરી શ્રીયુત અવનીંદ્રનાથ ટાગોરે શરીરના પ્રત્યેક અંગને જે વસ્તુની ઉપમા આપી છે તે તે વસ્તુનું ચિત્ર આપી એ આખા વિષય પર સારૂં અજવાળું પાડયું છે. જો કે એ ચિત્રોને એમાં શિલ્પના નિયમ મુજબ કયા અંગો કેવા બનાવવા તેને ઉદ્દેશી તે મૂકેલા છે પણ તેથી સાહિત્યકારોને પણ ઘણુંજ જાણવાનું મળે છે.

---

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૭ મું.

### વિષ્ણુ ભગવાનના અવતારોનું વર્ણન.

**वासुदेवं संकर्षणं प्रद्युम्नश्चानीरुद्धक ॥**
**श्वेतरक्ता पितक्रमात् क्रमतः उपमायुगादिषु ॥२०१॥**

અર્થઃ-હવે પછી કયા દેવનું પૂજન અર્ચન કેવી રીતે કરવું, તેમજ કયા દેવને કયું આયુદ્ધ જોઇએ તે વિગેરેનું વર્ણન કરવામાં આવશે. વાસુદેવ ભગવાન, સંકર્ષણાય ભગવાન, પ્રદ્યુમ્ન ભગવાન અને અનીરૂદ્ધ ભગવાનની કેવા રંગની મૂર્તિઓ બનાવવી તેનું વર્ણન કરે છે. **સત્યયુગમાં** વાસુદેવની મૂર્તિ ધોળા વર્ણની બનાવવી. **ત્રેતાયુગમાં** સંકર્ષણાયની મૂર્તિ લાલ રંગની બનાવવી, પ્રદ્યુમ્નની મૂર્તિ દ્વાપરયુગમાં પીળા રંગની બનાવવી અને અનિરૂદ્ધની મૂર્તિ કળીયુગમાં શ્યામરંગની એટલે કાળારંગની બનાવવી. ઉપમા અને યુગનો ક્રમ અનુક્રમથી સમજવો. બ્રાહ્મણ વિગેરેએ ક્રમસર પુજા કરવી. ૨૦૧

### બ્રાહ્મણોને માટે.

**नारपदं केशवश्च माधवो मधुसुदनः ॥**
**पूजितामूर्तयोएते विप्राणां सौख्यदायकाः ॥२०२॥**

અર્થઃ-હવે બ્રાહ્મણોને કયા દેવની પુજા કરવાથી લાભ મળે છે. નારાયણ ભગવાન, કેશવભગવાન, માધવ ભગવાન અને મધુસુદન ભગવાનની મૂર્તિઓનું બ્રાહ્મણોએ પુજન કરવું જેથી તેઓને સુખ આપનાર થાય છે. ૨૦૨

"Aho Shrutgyanam"

## ક્ષત્રી તથા વૈશ્યોને માટે.

मधुसुदन त्रिष्णुच क्षत्रियाणां फलप्रदै ॥
त्रिविक्रमो वामनश्च वैश्यानामर्चने शुभौ ॥२०३॥

અર્થઃ–મધુસુદન ભગવાન, વિષ્ણુ ભગવાન આ દેવોની પુજા ક્ષત્રીયોએ કરવી જેથી ક્ષત્રીઓને સુખ થાય છે.

ત્રીવીક્રમ ભગવાન અને વામન ભગવાન આ દેવોની પુજા વૈશ્યોએ કરવી જેથી તેઓને સુખકારક થાય છે. ૨૦૩

## શુદ્રો, ધોબી ચમારોને માટે.

पूजिता श्रीधरमूर्ती शुद्राणां सौख्य दायकाः ॥
चर्मत्यक्तरजकानांच नटस्य वरटस्यच ॥२०४॥

અર્થઃ–શ્રીધર ભગવાનની મૂર્તિની પુજા શુદ્રોએ કરવી. આ પ્રમાણે કરવાથી શુદ્રોને સુખ અને શાન્તિ મળે છે.

ધોબીએ તેમજ ચમારોએ નટરાજ ભગવાનની તેમજ વરદરાજ ( વરદાન આપતી યોગમુદ્રાવાળી ) ભગવાનની પૂજા કરવી તેથી તેઓને સુખ મળે છે આ પ્રમાણે શાસ્ત્રનો સિદ્ધાંત છે. ૨૦૪

## મેદ, ભીલ, કીરાત, કુંભાર, વેપારી, વેશ્યા વગેરે માટે.

मेदभिल किरातानां रुषीकेश सुखप्रदा ॥
कुंभकार वणीग्वेश्याचाक्रिका ध्वीजीनामपी ॥२०५॥

અર્થઃ–મેદજાતી, ભીલ, કીરાત વિગેરેએ રુષીકેશવ ભગવાનની પુજા કરવી આથી તે લોકોને સુખકારક થાય છે.

કુંભાર, વાણીઆ અને વેશ્યાઓએ તેમજ દરેક પ્રકા-

"Aho Shrutgyanam"

રના વેપાર કરનારે પણ રુષીકેશવ ભગવાનની પુજા કરવી તેથી સિદ્ધી થાય છે. ૨૦૫

## બ્રહ્મચારી. દંડી અને દરેક લોકોને માટે.

सर्वेषांप्रकिर्तिनांच पद्मनाभ शुभावहा ॥
दामोदर सौख्यद स्यात् ब्रह्मचार्यैकदंडिनेः ॥२०६॥

અર્થ:—દરેક લોકોને પદ્મનાભ ભગવાનની પુજા કરવાથી સુખ અને શાન્તિ મળે છે.

બ્રહ્મચારી અને એક દંડી ધારણ કરનાર વિગેરેને દામોદર ભગવાનની પુજા કરવાથી સિદ્ધી મળે છે આ પ્રમાણે શાસ્ત્રનો સિદ્ધાંત છે. ૨૦૬

## દરેક જાતીઓને માટે.

हरिहरो हिरण्यगर्भो नरसिंहोथ वामनः ॥
वाराह सर्ववर्णेषु सौख्यदो हितकारकः ॥२०७॥

અર્થ:—હરિહર ભગવાન, હિરણ્યભગવાન, નરસિંહ ભગવાન, વામન ભગવાન અને વારાહ ભગવાન આ દેવોની દરેક વર્ણોએ પુજા કરવી, આથી દરેક વર્ણોને સુખ આપનાર થાય છે. આ પ્રમાણે શાસ્ત્રનો સિદ્ધાન્ત છે. ૨૦૭

## ચોવીશ વિષ્ણુ અવતાર.

वासुदेवो गदासंख्या चक्र पद्म धरामत ॥
केशव कमलंकंबु धत्त चक्रं गदामये ॥२०८॥

અર્થ:—વાસુદેવ ભગવાનની મૂર્તિ એક હાથમાં શંખ, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં કમળ આ પ્રમાણે તેમની પ્રતિમા બનાવવી.

"Aho Shrutgyanam"

**કેશવભગવાનની** મૂર્તિ એક હાથમાં શંખ, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં ગદા, આ પ્રમાણે પ્રતિમા બનાવવી. ૨૦૮

नारायण कंबु पद्म गदा चक्र धरोमत ॥
माधवस्तु गदा चक्रं शंख वहति पंकजम् ॥२०९॥

અર્થઃ-**નારાયણ ભગવાનની** મૂર્તિ એક હાથમાં કમળ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં શંખ અને ચોથા હાથમાં ચક્રવાળી બનાવવી.

**માધવભગવાનની** મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં કમળ. આ પ્રમાણે મૂર્તિ બનાવવી. ૨૦૯

पुरुषोत्तमस्तुचक्र पद्मशंखगदावधृत् ॥
अधोक्षजः सुरीजंगदा शंख सुदर्शनम् ॥२१०॥

અર્થઃ-**પુરુષોત્તમ ભગવાનની** મૂર્તિને એક હાથમાં કમળ, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં ગદાવાળી બનાવવી.

**અધોક્ષજભગવાનની** મૂર્તિ એક હાથમાં ગદા, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં ચક્ર આ પ્રમાણે પ્રતિમા બનાવવી. ૨૧૦

संकर्षणो गदा कंबु सरसी रुहचक्रभृत् ॥
गोविंद धरे चक्र गदा पद्मच कंबुना ॥२११॥

**અર્થઃ-સંકર્ષણભગવાનને એક હાથમાં શંખ, બીજા**

"Aho Shrutgyanam"

હાથમાં કમળ, ત્રીજામાં ગદા અને ચોથા હાથમાં ચક્ર આ પ્રમાણે તેમની મૂર્તિ બનાવવી.

**ગોવિંદભગવાનને** એક હાથમાં ગદા, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં શંખ આ પ્રમાણે તેમની મૂર્તિ બનાવવી. ૨૧૧

**विष्णु कौमोदकि पद्मं पंचजन्यं सुदर्शनम् ॥**
**मधुसुदनसुचक्रं शंखसरसीजगदा ॥२१२॥**

અર્થ:-**શ્રી વિષ્ણુભગવાનની** મૂર્તિ એક હાથમાં કમળ, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં ચક્ર વાળી બનાવવી.

**શ્રીમધુસુદન ભગવાનની** મુર્તિ એક હાથમાં શંખ, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં ગદા આ પ્રમાણે તેમની પ્રતિમા બનાવવી. ૨૧૨

**अच्युतस्तु गदापद्म चक्र शंखौसमन्वित ॥**
**उपेन्द्रोयहनेशंख गदाचक्र शंखानयितिन ॥२१३॥**

અર્થ:-**શ્રી અચ્યુતભગવાનની** મુર્તિ એક હાથમાં કમળ, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં શંખવાળી બનાવવી.

**શ્રી ઉપેન્દ્રભગવાનની** મુર્તિ એક હાથમાં ગદા, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં શંખ અને ચોથા હાથમાં કમળ આ પ્રમાણે પ્રતિમા બનાવવી. ૨૧૩

**प्रद्युम्नश्चक्रत शंख गदां बोजापाणिभि ॥**
**त्रिविक्रम स्त्विषुजगदाचक्र शंखनवितिन ॥२१४॥**

"Aho Shrutgyanam"

અર્થઃ-**શ્રી પ્રદ્યુમ્ન ભગવાન**ની મૂર્તિ એક હાથમાં શંખ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં ચક્ર, અને ચોથા હાથમાં કમળવાળી બનાવવી.

**ત્રિવિક્રમ ભગવાન**ની મૂર્તિ એક હાથમાં ગદા, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં કમળ, અને ચોથા હાથમાં શંખ આ પ્રમાણે પ્રતિમા બનાવવી. ૨૧૪

**नरसिंहस्तु चक्रादागदाकंबु विराजीत ॥**
**जनार्दनोबुजं चक्रं कंबुकौमोदकीदधौ ॥२१५॥**

અર્થ-**શ્રી નરસિંહ ભગવાન**ની મૂર્તિ એક હાથમાં કમળ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં શંખ વાળી બનાવવી.

**શ્રી જનાર્દન ભગવાન**ની મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં ગદા આ પ્રમાણે પ્રતિમા બનાવવી. ૨૧૫

**वामनस्तु शंख चक्रं गदापद्मलसतकरौ ॥**
**श्रीधरोवाजिं चक्रं गदाशंखौ विराजितः ॥२१६॥**

અર્થઃ-**શ્રી વામન ભગવાન**ની મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં શંખ અને ચોથા હાથમાં કમળ વાળી બનાવવી.

**શ્રીધરભગવાન**ની મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં શંખ આ પ્રમાણે પ્રતિમા બનાવવી. ૨૧૬

**गदाशंखगदाधाती अतिशुद्धोलग्नचक्र ॥**
**केशोगदाचक्र पद्मशंखधायत ॥२१७॥**

"Aho Shrutgyanam"

અર્થ:-**શ્રી હરિભગવાનની** મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં શંખ અને ચોથા હાથમાં ગદા વાળી બનાવવી.

**ઋષિકેશ ભગવાનની** મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં શંખ આ પ્રમાણે બનાવવી.

**पद्मनाभपांचजन्य पद्म चक्रगदामय ॥**
**दामोदरां बुन शंख गदाधत्ते सुदर्शनम् ॥२१८॥**

અર્થ:-શ્રી **પદ્મનાભ ભગવાનની** મૂર્તિ એક હાથમાં કમળ, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં શંખ અને ચોથા હાથમાં ગદા. બનાવવી.

**શ્રી દામોદર ભગવાનની** મૂર્તિ એક હાથમાં શંખ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં ચક્ર આ પ્રમાણે તેમની પ્રતિમા બનાવવી. ૨૧૮

**जयंतोक्षचक्रदंडं पद्मयादित्रसंभवम् ॥**
**गोर्वद्धनोक्षसचक्रं शंख पद्मै गदाहितः ॥२१९॥**

અર્થ:-**શ્રી જયંત ભગવાનની** મૂર્તિ એક હાથમાં ચક્ર, બીજા હાથમાં દંડ, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં ગદાવાળી બનાવવી.

**શ્રી ગોવર્ધન ભગવાનની** મુર્તિ એક હાથમાં શંખ, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં ચક્ર. આ પ્રમાણે આયુધો સાથે ચોવીશ અવતારની મુર્તિઓ કહેલ છે તે પ્રમાણે બનાવવી.

"Aho Shrutgyanam"

# વિષ્ણુના ચોવીશ અવતારનું કોષ્ટક.

| | | |
|---|---|---|
| વાસુદેવ ૧. | કેશવ ૨. | નારાયણ ૩. |
| ૧ હાથમાં શંખ \| ૩ હાથમાં ગદા<br>૨ ,, ચક્ર \| ૪ ,, કમળ | ૧ હાથમાં શંખ \| ૩ હાથમાં કમળ<br>૨ ,, ચક્ર \| ૪ ,, ગદા | ૧ હાથમાં કમળ \| ૩ હાથમાં શંખ<br>૨ ,, ગદા \| ૪ ,, ચક્ર |
| માધવ ૪. | પુરૂષોત્તમ ૫. | અધોક્ષજ ૬. |
| ૧ હાથમાં ચક્ર \| ૩ હાથમાં ગદા<br>૨ ,, શંખ \| ૪ ,, કમળ | ૧ હાથમાં કમળ \| ૩ હાથમાં ચક્ર<br>૨ ,, શંખ \| ૪ ,, ગદા | ૧ હાથમાં ગદા \| ૩ હાથમાં કમળ<br>૨ ,, શંખ \| ૪ ,, ચક્ર |
| સંકર્ષણ ૭. | ગોવિંદ ૮. | શ્રીવિષ્ણુ ૯. |
| ૧ હાથમાં શંખ \| ૩ હાથમાં ગદા<br>૨ ,, કમળ \| ૪ ,, ચક્ર | ૧ હાથમાં ગદા \| ૩ હાથમાં ચક્ર<br>૨ ,, કમળ \| ૪ ,, શંખ | ૧ હાથમાં કમળ \| ૩ હાથમાં ગદા<br>૨ ,, શંખ \| ૪ ,, ચક્ર |
| મધુસુદન ૧૦ | શ્રીઅચ્યુત ૧૧. | ઉપેન્દ્ર ૧૨. |
| ૧ હાથમાં શંખ \| ૩ હાથમાં ચક્ર<br>૨ ,, કમળ \| ૪ ,, ગદા | ૧ હાથમાં કમળ \| ૩ હાથમાં ગદા<br>૨ ,, ચક્ર \| ૪ ,, શંખ | ૧ હાથમાં ગદા \| ૩ હાથમાં શંખ<br>૨ ,, ચક્ર \| ૪ ,, કમળ |

"Aho Shrutgyanam"

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રદ્યુમ્ન ૧૩. | | ત્રિવિક્રમ ૧૪. | | નરસિંહ ૧૫. | |
| ૧ હાથમાં શંખ | ૩ હાથમાં ચક્ર | ૧ હાથમાં ગદા | ૩ હાથમાં કમળ | ૧ હાથમાં કમળ | ૩ હાથમાં ચક્ર |
| ૨ ,, ગદા | ૪ ,, કમળ | ૨ ,, ચક્ર | ૪ ,, શંખ | ૨ ,, ગદા | ૪ ,, શંખ |
| જનાર્દન ૧૬. | | વામન ૧૭. | | શ્રીધર ૧૮. | |
| ૧ હાથમાં ચક્ર | ૩ હાથમાં કમળ | ૧ હાથમાં ચક્ર | ૩ હાથમાં શંખ | ૧ હાથમાં ચક્ર | ૩ હાથમાં કમળ |
| ૨ ,, શંખ | ૪ ,, ગદા | ૨ ,, ગદા | ૪ ,, કમળ | ૨ ,, ગદા | ૪ ,, શંખ |
| શ્રીહરી ૧૯. | | રૂષિકેશવ ૨૦. | | પદ્મનાભ ૨૧. | |
| ૧ હાથમાં ચક્ર | ૩ હાથમાં શંખ | ૧ હાથમાં ચક્ર | ૩ હાથમાં ગદા | ૧ હાથમાં કમળ | ૩ હાથમાં શંખ |
| ૨ ,, કમળ | ૪ ,, ગદા | ૨ ,, કમળ | ૪ ,, શંખ | ૨ ,, ચક્ર | ૪ ,, ગદા |
| દામોદર ૨૨. | | શ્રીજયંત ૨૩. | | શ્રીગોવર્દ્ધન ૨૪ | |
| ૧ હાથમાં શંખ | ૩ હાથમાં કમળ | ૧ હાથમાં ચક્ર | ૩ હાથમાં કમળ | ૧ હાથમાં શંખ | ૩ હાથમાં ગદા |
| ૨ ,, ગદા | ૪ ,, ચક્ર | ૨ ,, દંડ | ૪ ,, ગદા | ૨ ,, કમળ | ૪ ,, ચક્ર |

"Aho Shrutgyanam"

## ગરૂડની મૂર્તિ

द्वौभुजौक्तान्तजलीः विष्णुभक्तिरतस्तथा ॥
वैनतेयो विजानियात् कर्तव्यामूर्तीमेवच ॥२२०॥

અર્થ;-વિષ્ણુ ભગવાનની ભક્તિમાં તત્પર રહેનાર, તેમજ બન્ને હાથ જોડીને ઉભેલા અને વિષ્ણુનું વાહન છે તેવી રીતે જણાય, તેવી ગરૂડની મૂર્તિ બનાવવી તેમજ હરેક પક્ષીઓનો રાજા છે તેવી ભાવના પણ થવી જોઇએ. ૨૨૦

वैनतेयं प्रवक्षामि प्रमाणं स्वामितोद्वम ॥
विष्णुदेवाग्रताकार्या नान्यश्चैवादिवाकसां ॥२२१॥
मूलयचाद्भवंमानं नतामासादत्त्रांसकं ॥
नवताला भवाकार्यं अर्चायांसमातद्भवो ॥२२२॥

અર્થઃ-ગરૂડનું પ્રમાણ કહેવામાં આવે છે—ગરૂડને દેવાલયમાં વિષ્ણુ પરમાત્માની આગળ બેસાડવા, એટલે તેમની નિચે અગર જગ્યા ન હોય તો સામે બેસાડવા. તેની મૂર્તિનું માપ મુળથી નવતાલનું કહ્યું છે પણ પુજનને માટે નવતાલની ગરૂડની પ્રતિમા લાયક નથી એમ શાસ્ત્રનું કહેવું છે.

त्रीयंचसप्तनानीयं रंगलानि तथोचया ॥
गुह्यानाभीस्तं सूत्रं वाहनानी ततोछ्र्यम ॥२२३॥
पादजानु कटीयावत् यर्चाद्रष्टीसवाहने ॥
करपटा गच्छानेषु कर्तव्यं च भित्यात्मकम ॥२२४॥

અર્થઃ-ગરૂડની ઉંચાઈ ત્રણ તાલની, પાંચ તાલની અથવા સાત તાલની કરવી. આંગળીઓનાં માપ, ગુહ્ય,



"Aho Shrutgyanam"

નાભીનો ભાગ, છાતીનો ભાગ, પગનો ભાગ, જાનુનો ભાગ, કેડનો ભાગ અને હાથ વિગેરે અવયવોના ભાગ પણ માપસર બનાવવા. ૨૨૩ થી ૨૨૪.

वामपादं तलंपटे दक्षिणे जान पद्यापरम् ॥
पादपद्माग्रकाद्भवं पक्षोछाहिसोनितम् ॥२२५॥
गरुडमानेनमान प्रमाणमूलनायक ॥
वार्धेन वैनतेयम् कर्त्तव्यंच सुखप्रदम् ॥ २२६॥

અર્થઃ-ગરૂડજીનો ડાબો પગ નીચે રાખવો અને જમણો પગ જાનુ પાસે રાખવો એટલે સીદ્ધ આસનથી બેસાડવા. પગ રૂપી કમળની પાસે બન્ને બાજુ સુંદર પાંખો રાખવી; ગરૂડની મૂર્તિ શાસ્ત્રના માપથી બનાવાય તો સુખ આપનાર થાય છે અને તેથી વિરૂદ્ધ બનાવે તો દુઃખ આપનાર થાય છે આ પ્રમાણે શાસ્ત્રનો મત છે. ૨૨૫-૨૨૬

## હંસ તથા મોર.

हंसवैतत् प्रमाणेन मयुरस्तथैवच ॥
अर्चामान प्रमाणेन कर्त्तव्यं विस्तरेणच ॥२२७॥
उश्रयंतत् समंकार्यं साष्ट्वास पादकम् ॥
उश्रयं च समंद्रष्टा तेखंपीडमध्यस्थीतं ॥२२८॥

અર્થઃ-હંસ તથા મોર પણ ગરૂડની પ્રમાણે બનાવવા, પુજા જેવી રીતે કરીએ, તે પ્રમાણે માપથી બનાવવા; વિસ્તાર તથા ઉંચાઇ પણ તે પ્રમાણે અને સિંહાસન પણ તે પ્રમાણે માપથી બનાવવાં. દરેક દેવનું સિંહાસન મધ્યમાં રાખવાનું છે માટે તે પણ માપથીજ બનાવવું. ૨૨૭-૨૨૮

"Aho Shrutgyanam"

## શ્રી કૃષ્ણ પરમાત્મા

**श्रीसाचगोपीश गोपीचं सयांचांगसगोचय ॥**
**साचपंगसंगंगं पंचदक्षिणोर्धकस्क्रमात् ॥२२९॥**

અર્થઃ—શોભાથી યુક્ત જે ગોપી અને ગોપીના જે ઈશ શ્રીકૃષ્ણપરમાત્મા ગોપીયો તથા ગોવાળીયાઓ સહીત, શ્રીકૃષ્ણ પરમાત્મા જમણા હાથમાં મોરલી રાખીને આનંદ કરતા હોય તેવી મૂર્તિઓ કરવી. ૨૨૯

## ગરૂડધ્વજ ભગવાન

**अक्षसूत्रमकार्तिकोज्वराशक्तिखटकंगदा ॥**
**गरुडध्वजताक्षस्थौ शंखध्वजचिद्रवान ॥२३०॥**

અર્થઃ—શ્રીગરૂડધ્વજ ભગવાનને એક હાથમાં અક્ષયમાળા, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં ધ્વજા અને ચોથા હાથમાં ગદા આ પ્રમાણે ગરૂડધ્વજ ભગવાનની મૂર્તિ બનાવવી. ૨૩૦

## વિષ્ણુના દશ અવતાર

**मत्स्य कुर्मोस्वस्वदुपोनृप वाराहोगदांबुजं ॥**
**व्रीभ्रस्यामो वराहो सोद्रंष्ट्राग्रेणो धरधरा ॥२३१॥**

અર્થઃ—**મત્સ્ય અવતાર** અને **કુર્મઅવતાર** પોત પોતાના સ્વરૂપ પ્રમાણે ગદા અને કમળને ધારણ કરનારા૦ **વરાહ સ્વરૂપ** ભયંકર મુખવાળુ અને ભયંકર દાંતવાળુ સ્વરૂપ ભગવાને ધારણ કરીને પૃથ્વીને પાતાળમાંથી ખેંચી લાવ્યા તે વરાહ અવતાર. ૨૩૧

"Aho Shrutgyanam"

**नृसिंहः सिंहवक्रोति द्रंष्टालः कुटिलोसुक ॥**
**हिरण्योरस्छालासक्त विदारण करद्वय ॥२३२॥**

અર્થઃ-**નરસિંહ ભગવાનનો** અવતાર અર્ધો માણસ જેવો અને અર્ધો સિંહ જેવો, મોટા ભયંકર દાંત તથા ડાઢોવાળો, ભયંકર કેશવાળો, ભયંકર મુખવાળો અને ભયંકર હાથના નોંરવાળો, તેમજ હીરણ્યાક્ષને મારવાને માટે બન્ને હાથ તેમણે તૈયાર કરેલા છે તેવા નરસિંહ ભગવાનનો અવતાર. ૨૩૨

**वामनसशीखश्यामो दंड पितांबुपात्रवान् ॥**
**जटाजीन धरोरामो भार्गवपरशुद धत्ः ॥२३३॥**

અર્થઃ-**વામનભગવાનનો** અવતાર-માથે જેમણે મોટી શીખા ધારણ કરી છે તેવા તેમજ એક હાથમાં દંડ ધારણ કરનાર, બીજા હાથમાં ભીક્ષાને માટે પાત્રને ધારણ કરનાર અને પીળુ પીતાંબર પહેરનાર; વામનભગવાનનો અવતાર.

**પરશુરામનો અવતાર** માથે મોટી જટાને ધારણ કરનારા, વસ્ત્ર તરીકે મૃગચર્મને ધારણ કરનારા અને હાથમાં ફરસીને ધારણ કરનારા પરશુરામનો અવતાર સમજવો. ૨૩૩

**रामसरेषुधृकश्याम शशीमुखविशाललोचन ॥**
**वधपञ्चासनोरक्ता सत्योक्ता भरणभूषितः ॥२३४॥**

અર્થઃ-**રામચંદ્રજી ભગવાનનો** અવતાર બાણ સાથે ચાંપ ચડાવી રાખનાર, શ્યામ વર્ણવાળા અને મહાદેવના ધનુષ્યને ભાગનારા રામચંદ્રજી ભગવાનનો અવતાર. **કશ્યપ**

"Aho Shrutgyanam"

તથા **બુધઅવતાર**-જેમણે પદ્માસન વાળેલું છે, ધ્યાનમાં મગ્ન થયેલા, માથે મોટા મોટા વાળને ધારણ કરનારા કશ્યપ અવતાર તેમજ તેવો બુધાવતાર જાણવો. ૨૩૪

**कशायवस्त्रो ध्यासनस्तोद्ध्रजोकोर्धपाणंकम् ॥**
**कलकी सषड्गोश्वारुंढो हरेरवतारइमे ॥२३५॥**

અર્થઃ-**કલંકી ભગવાન** ભગવાં વસ્ત્રોને ધારણ કરનાર અને ધ્યાનમાં મગ્ન રહેનાર, એક હાથમાં ધ્વજા અને બીજા હાથમાં દંડ ધારણ કરનાર અને ઘોડા ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે કલંકી ભગવાનનો અવતાર સમજવો. ૨૩૫

આ પ્રમાણે દશે અવતાર ભગવાનના પુરા થયા.

## શેષનારાયણની મૂર્તિ.

**सत्परुपं शेषनल्पे दक्षोद्रढ मुस्यतु ॥**
**सीरोधरायो वामुस्तु सपुष्याजेलशयः ॥२३६॥**

અર્થઃ-સુંદર સ્વરૂપ શેષનારાયણની શય્યામાં દક્ષિણ દિશામાં માથુ રાખી સુતેલા અને સુંદર હાથવાળા, જળાશયમાં શયન કરનારા. ૨૩૬

**तंनाभिपंकजेधाता श्रीभुमीसिरोद्घिगे ॥**
**निजवस्त्रादिस्त्ररुपाणि पार्श्वयाम धुकैटभौ ॥२३७॥**

અર્થઃ-એવાં જલશાયી ભગવાનની નાભીમાંથી કમળ ધારણ કરનારા અને બ્રહ્માને કમળમાંથી ઉત્પન્ન કરનારા તેમજ જે ચરણો લક્ષ્મીજી ચાંપી રહેલા છે, પાસે મધુ અને કૈટભ રક્ષણ કરવાને માટે તૈયાર છે; તેવા 'શેષસાયી ભગવાન જાણવા. ૨૩૭

"Aho Shrutgyanam"

## શાલીગ્રામ.

नागभोगसमाकारा शीलासूक्ष्मासमा भवेत् ॥
पूजनीया प्रयत्नेनस्थीरारिनाधास्तुचतुला ॥२३८॥

અર્થઃ—શાલીગ્રામ ભગવાનની મૂર્તિ કાળા નાગના જેવા વર્ણવાળી, સુંવાળી, સ્થીર અને ગોળ, આવા શાલીગ્રામ ભગવાનની પુજા કરવાથી કાર્ય સીદ્ધ થાય છે; આવો શાસ્ત્રનો મત છે. ૨૩૮

यथायथाशीलासूक्ष्मा तथातथामहत्फलम् ॥
तस्मात् संपूजयनित्यं धर्मार्थं काममुक्तये ॥२३९॥

અર્થઃ—બહુજ સુક્ષ્મ તેમજ ઘણાજ સુંવાળા પત્થરની મૂર્તિઓ બનાવીને જો પુજા કરવામાં આવે તો મનુષ્યોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે વસ્તુ અનાયાસે મળે છે અને મનુષ્યોનાં દરેક સંકટો દૂર થાય છે; મનવાંછીત સીદ્ધિ પ્રાપ્ત થાય છે માટે મૂર્તિને માટે પત્થર પરિક્ષા કરાવીનેજ લેવો. ૨૩૯

कपिला कर्बुराभग्ना छीद्रा सुक्ष्मा कुलावया ॥
रेखाकुलाऽतिस्थुला बहुचक्रैकचक्रिक ॥२४०॥

અર્થઃ—કપીલ વર્ણવાળી, કાબરચીત્રા વર્ણવાળી, ભાંગલા વર્ણવાળી, મોટા છીદ્રવાળી અથવા નાનાં છીદ્રવાળી, અત્યંત જાડી, ઘણાંજ ચક્રવાળી, એક ચક્રવાળી તેમજ—૨૪૦

बृहन्मुखी बृहनूचक्रा बृहन्यकि वयापुनः ॥
बधचक्राय वास्यभिन्न चक्रास्याधोमुखाः ॥२४१॥

"Aho Shrutgyanam"

અર્થ:-મોટા મોઢાવાળી, મોટાં ચક્રવાળી તેમજ બે ત્રણ મુખવાળી અથવા ચક્ર વીનાની, મોઢાથી ભાંગી ગએલી અથવા ચક્રથી ભાંગેલ અને નીચા મુખવાળી, આવી શાલીગ્રામની મૂર્તિનું પુજન કરવાથી દરેક પ્રકારે હાની થાય છે; તેમજ મનુષ્ય નર્કનો અધિકારી થાય છે. ૨૪૧

**वृत्तसूत्रैष्टमोभाग उत्तम वक्रलक्षणम् ॥**
**मध्यमंच चतुर्भागं कन्यस्तुत्रीभोगीकम् ॥२४२॥**

અર્થ:-ગોળાકારમાં મૂર્તિ આઠ સૂત્રની ઉત્તમ કહેવાય, ચાર સૂત્રવાળી મધ્યમ અને ત્રણ સૂત્રની ગોળાકારવાળી મૂર્તિ કનીષ્ટ સમજવી; આવો શાસ્ત્રનો સિદ્ધાન્ત છે. ૨૪૨

## વૈકુંઠભગવાનની મૂર્તિ.

**वैकुंठतु प्रवस्यामि साष्टबाहुमहाबलः ॥**
**ताक्षसिनश्चतुर्वक्रो कर्तंव्यशान्तिमिछतम् ॥२४३॥**

અર્થ:-વૈકુંઠ ભગવાનની મૂર્તિની રીત બતાવાય છે. વૈકુંઠમાં રહેવાવાળા, આઠ હાથવાળા તેમજ ગરૂડના વાહનવાળા, ચાર મુખવાળા આ પ્રમાણે વૈકુંઠ ભગવાનની મૂર્તિ બનાવવી જે શાન્તિ અને સુખને આપનાર થાય છે. ૨૪૩

**गदाखड्गंसरं चक्रं दक्षीणेस्त्रचतुष्टयम् ॥**
**शंखखेटं धनुःपद्मं वामदछाचतुष्टयम् ॥२४४॥**

અર્થ:-જમણી બાજુના એક હાથમાં ગદા, બીજા હાથમાં ખડગ, ત્રીજા હાથમાં સર અને ચોથા હાથમાં ચક્ર; જમણી બાજુના ચાર હાથમાં ચાર શસ્ત્રો આપવાં અને ડાબી

"Aho Shrutgyanam"

બાજુની તરફ એક હાથમાં શંખ, બીજા હાથમાં ખેટક, ત્રીજા હાથમાં ધનુષ્ય અને ચોથા હાથમાં કમળ આ પ્રમાણે ડાબી બાજુના ચાર હાથમાં આયુદ્ધ આપવાં. જમણી તથા ડાબી બાજુ મળીને આઠ શસ્ત્રવાળા શ્રી વૈકુંઠભગવાનની મૂર્તિ બનાવવી. ૨૪૪

अग्रतः पुरुषाकारं नारसिंहचदक्षिणम ॥
अपरं स्त्रीमुखाकारं वाराहास्यतथोत्तरम ॥२४५॥

અર્થઃ—વૈકુંઠભગવાનની મૂર્તિનો ભાગ આગળથી પુરુષના આકાર જેવો, જમણી બાજુનો ભાગ નરસિંહ જેવા આકારનો, તેમજ ડાબા ભાગનો આકાર વારાહ સ્વરૂપનો બનાવવો. આ પ્રમાણે ચાર બાજુનો આકાર ચાર પ્રકારનો સમજવો. ૨૪૫

### શ્રી વિશ્વરૂપ ભગવાનની મૂર્તિ.

वीशत्याहस्तकैर्युक्तैः विश्वरुपचतुर्मुखः ॥
पताकाहल शंखौच वज्रांकुश सरांतथा ॥२४६॥

અર્થઃ—વિશ્વરૂપ ભગવાનનું વર્ણન કરવામાં આવે છે. વીશ હાથવાળા, વિશ્વ સ્વરૂપવાળા, ચાર મુખથી યુક્ત અને જમણી બાજુના દશ હાથમાં એક હાથમાં પતાકા. બીજા હાથમાં હળ, ત્રીજા હાથમાં શંખ, ચોથા હાથમાં વજ્ર, પાંચમા હાથમાં અંકુશ, છઠા હાથમાં સર—૨૪૬

चक्रंबीजपुरंच वारादक्षिणबाहुषु ॥
पताकदंडपाशौच गदास्यादोत पलनिच ॥२४७॥

અર્થઃ—સાતમા હાથમાં ચક્ર, આઠમા હાથમાં બીજોરૂ, નવમા હાથમાં ફરષી અને દશમા હાથમાં અંકુશ આ

"Aho Shrutgyanam"

પ્રમાણે જમણી બાજુના દશ હાથમાં દશ આયુદ્ધ આપવાં અને ડાબી બાજુના દશ હાથમાં શું આપવું તેનું વર્ણન એક હાથમાં પતાકા, બીજા હાથમાં દંડ, ત્રીજા હાથમાં પાશ, ચોથા હાથમાં ગદા, પાંચમા હાથમાં કમળ

श्रृंगीमुशलमक्षं चक्रमात् स्युवामबाहुषु ॥
हस्तापाद् योगमुद्रा वैनत्यो परिस्थितः ॥२४८॥

અર્થઃ—છઠા હાથમાં સારંગી, સાતમા હાથમાં મુશળ, આઠમા હાથમાં અક્ષમાળા, નવમા હાથમાં ખેટક અને દશમા હાથમાં કમંડલ, આ પ્રમાણે ડાબી બાજુના દશે હાથમાં આયુ-દ્ધથી યુક્ત બનાવવા તેમજ યોગમુદ્રાથી ગરૂડ ઉપર સ્વારી કરાવવી; આ પ્રમાણે વિશ્વરૂપ ભગવાનની મૂર્તિ બનાવવી.

क्रमात्नरनरसिंह स्त्रीधारामुखवत्मुखैः ॥२४९॥

અર્થઃ—વિશ્વરૂપ ભગવાનના શરીરનો આકાર આગલો ભાગ પુરુષના આકારનો તેમજ પાછળનો ભાગ સ્ત્રીના આકારનો અને જમણી તરફનો ભાગ નરસિંહનો તેમજ ડાબી તરફનો ભાગ વારાહ જેવો બનાવવો. આ પ્રમાણે શાસ્ત્રની રીતીથી યુક્ત વિશ્વરૂપ ભગવાનની મૂર્તિ બનાવ-વાથી દરેક પ્રકારે સુખ અને શાન્તિ મળે છે.

## શ્રી અનંત ભગવાનની મૂર્તિ

अनंतोअनंतरुपस्तु हस्तैर्द्वादशभिर्युतः ॥
अनंतशक्तिसंपन्नो गरुडस्यचतुर्मुखम ॥२५०॥

અર્થઃ—અનંત ભગવાનની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. બાર હાથવાળા, અત્યંત સ્વરૂપવાળા, મહાન શક્તિથી યુક્ત, ચાર મુખવાળા અને ગરૂડની સ્વારીથી સુશોભીત અનંત ભગવાનની મૂર્તિ અલૌકીક બનાવવી.

"Aho Shrutgyanam"

दक्षिणेतुगदाखड्गो चक्रवज्रां कुशशरः ॥
शंखखेट धनुःपद्मं दंडपाशौ च धामतः ॥२५१॥

અર્થ:—જમણી બાજુના છ હાથનાં આયુદ્ધનું વર્ણન. એક હાથમાં ગદા, બીજા હાથમાં ખડગ, ત્રીજા હાથમાં ચક્ર, ચોથા હાથમાં વજ્ર, પાંચમા હાથમાં અંકુશ અને છઠા હાથમાં સર; આ પ્રમાણે જમણી બાજુના છ હાથમાં આયુદ્ધ આપવાં અને ડાબી બાજુના છ હાથમાં, તેમાં એક હાથમાં શંખ, બીજા હાથમાં ખેટક, ત્રીજા હાથમાં ધનુષ્ય ચોથા હાથમાં કમળ, પાંચમા હાથમાં દંડ અને છઠા હાથમાં પાશ આ પ્રમાણે બારે હાથમાં બાર આયુદ્ધથી યુક્ત મૂર્તિ બનાવવી. ૨૫૧

क्रमात् नरसिंह स्त्रीवाराह मुखवत् मुखैः ॥२५२॥

અર્થ:-તેમજ ક્રમ પ્રમાણે મૂર્તિનો આગળનો ભાગ પુરુષના આકારનો, પાછળનો ભાગ સ્ત્રીના આકારનો, જમણી બાજુનો ભાગ નરસિંહ આકારનો અને ડાબો ભાગ વારાહના આકારનો બનાવવો અને ગરૂડ ભગવાનની સ્વારીથી યુક્ત અનંત ભગવાનની મૂર્તિ બનાવવી; આ પ્રમાણે બનાવે તો બનાવનારાઓને સુખ અને શાન્તિ થાય છે. ૨૫૨

### શ્રી ત્રૈલોક્ય મોહનની મૂર્તિ

सशोडष भूजातार्क्षो रुढामागवत् चतुर्मुखे ॥
त्रैलोक्यमोहनमूर्ती कर्तव्या च विधानतः ॥२५३॥

અર્થ:-ત્રૈલોક્ય મોહનની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. સોલ ભુજાથી યુક્ત, ગરૂડની સ્વારીથી શોભાયમાન,

"Aho Shrutgyanam"

ચાર મુખની, અવલોકીક શોભાવાળા આ પ્રમાણે ત્રૈલો-
કય ભગવાનની મૂર્તિ શાસ્ત્રના વિધાનથી બનાવવી. ૨૫૩.

**गदाचक्र कुशबाणि शक्तिखङ्गवरं क्रमात् ॥**

**दक्षिणेषुमुद्गरपाशः साद्रैः शंखाजबकुडिका ॥२५४॥**

અર્થ:-જમણી બાજુના આઠ હાથમાં, એમાં એક હાથમાં ગદા, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં અંકુશ, ચોથા હાથમાં બાણ, પાંચમા હાથમાં શક્તિ, છઠા હાથમાં ખડગ, સાતમા હાથમાં વરદ ( મુદ્રા ) અને આઠમા હાથમાં ખેટક; આ પ્રમાણે જમણી તરફના હાથોમાં આ-યુદ્ધ આપવાં. ડાબી તરફના આઠ હાથમાં, તેમાં એક હાથમાં મુદ્દગર, બીજા હાથમાં પાશ, ત્રીજા હાથમાં મુશળ, ચોથા હાથમાં શંખ, પાંચમા હાથમાં બીજોરૂ, છઠા હાથમાં કુંડીકા, સાતમા હાથમાં ધનુષ્ય અને આઠમા હાથમાં શ્રૃંગી આ પ્રમાણે ત્રૈલોકય મોહન ભગવાનના હાથમાં આયુદ્ધ આપવાં. ૨૫૪

**श्रृंगीवामेषुहस्तेषु योगमुद्राकरद्वयम् ॥**

**नरंच नारसिंहंच शुकरं कपिलाननम् ॥२५५॥**

અર્થ:-બે હાથથી યોગમુદ્રા કરાવવી અને ગરૂડ ભગવાનની સ્વારીથી મુર્તિ આરૂઢ કરવી. તેમજ આગલો ભાગ પુરુષના આકારનો રાખવો. અને પાછલો ભાગ સ્ત્રીના આકારનો, તેમજ જમણો ભાગ નરસિંહના આકારનો રાખવો, ડાબો ભાગ વારાહના આકારનો રાખવો અને કપીલ મુખ બનાવવું આ પ્રમાણે ત્રૈલોકય મોહન ભગવા-નની મૂર્તિ અત્યંત સુંદર બનાવવી તો સુખ અને શાન્તિ આપનાર થાય છે. ૨૫૫

"Aho Shrutgyanam"

# વિષ્ણુના નામ તથા આયુદ્ધનું કોષ્ટક.

| | | | |
|---|---|---|---|
| મત્સ્યભગવાન ૧ | કુર્મ ભગવાન ૨ | વરાહ ભગવાન ૩ | નરસિંહ ભગવાન ૪ |
| વામનભગવાન ૫ | પરશુરામ ૬ | રામચંદ્રજી ૭ | કશ્યપ ભગવાન ૮ |
| બુધભગવાન ૯ | કલંકીભગવાન ૧૦ | ગરૂડોદ્ગજ ૧ | શેસનારાયણ ૨ |
| વૈકુંઠ ભગવાન ૧ | | અનંત ભગવાન ૩ | |
| ૧ હાથમાં ગદા | ૧ હાથમાં શંખ | ૧ હાથમાં ગદા | ૧ હાથમાં શંખ |
| ૨ ,, ખડગ | ૨ ,, ખેટક | ૨ ,, ખડગ | ૨ ,, ખેટક |
| ૩ ,, સર | ૩ ,, ધનુષ્ય | ૩ ,, ચક્ર | ૩ ,, ધનુષ્ય |
| ૪ ,, ચક્ર | ૪ ,, કમળ | ૪ ,, વજ્રા | ૪ ,, કમળ |
| | | ૫ ,, અંકુશ | ૫ ,, દંડ |
| | | ૬ ,, સર | ૬ ,, પાસ |
| ચારમુખ, આઠભુજા, વાહન ગરૂડનું | | ચારમુખ, બારભુજા, વાહન ગરૂડનું | |
| વિશ્વરૂપ ભગવાન ૨ | | ત્રીલોક મોહન ૪ | |
| ૧ હાથમાં પતાકા | ૧ હાથમાં પતાકા | ૧ હાથમાં ગદા | ૧ હાથમાં મુદગર |
| ૨ ,, હર | ૨ ,, દંડ | ૨ ,, ચક્ર | ૨ ,, પાસ |
| ૩ ,, શંખ | ૩ ,, પાસ | ૩ ,, અંકુશ | ૩ ,, મુશળ |
| ૪ ,, વજ્રા | ૪ ,, ગદા | ૪ ,, બાણ | ૪ ,, શંખ |
| ૫ ,, અંકુશ | ૫ ,, કમળ | ૫ ,, શકિત | ૫ ,, બીજોરૂ |
| ૬ ,, સર | ૬ ,, શ્રૃંગી | ૬ ,, ખડગ | ૬ ,, કુંડીકા |
| ૭ ,, ચક્ર | ૭ ,, મુશળ | ૭ ,, વરદ(મુદ્રા) | ૭ ,, ધનુષ્ય |
| ૮ ,, બીજોરૂ | ૮ ,, અક્ષમાળા | ૮ ,, ખેટક | ૮ ,, શ્રૃંગી |
| ૯ ,, ફરષી | ૯ ,, ખેટક | | |
| ૧૦ ,, અંકુશ | ૧૦ ,, કમંડળ | | |
| ચારમુખ, વીશભુજા, વાહન ગરૂડનું | | ચારમુખ, સોલભુજા, વાહન ગરૂડનું. | |

"Aho Shrutgyanam"

## વિષ્ણુના દેવાલયમાં દેવોને કેવી રીતે બેસાડવા

**दक्षिणे पुंडरिकाक्षं पूर्वेनारायणःसमृतः ॥**
**गोविंद पश्चिमे स्थाप्य उत्तरे मधुसुदनम् ॥२५६॥**

અર્થઃ-જ્યાં સર્વ દેવોની સ્થાપના કરવી હોય, ત્યાં દેવોને કેવી રીતે ગોઠવી બેસાડવા તે બતાવવામાં આવે છે.

દક્ષિણ દિશામાં પુંડરીકાક્ષ ભગવાન, પૂર્વદીશામાં નારાયણ ભગવાન, પશ્ચિમ દીશામાં ગોવીંદ ભગવાન અને ઉત્તર દીશામાં મધુસુદન ભગવાનની સ્થાપના કરવી. ૨૫૬

**इशानस्थापयेत्विष्णु माग्नेयांतुजनार्दनः ॥**
**नैरुत्ये पद्मनाभंच वायव्ये माधवंतथा ॥२५७॥**

અર્થઃ-તેમજ ઈશાનકોણમાં વિષ્ણુ ભગવાન, અગ્નિકોણમાં જનાર્દન ભગવાન, નૈરૂત્યકોણમાં પદ્મનાભ ભગવાન અને વાયવ્યકોણમાં માધવ ભગવાનની સ્થાપના કરવી ૨૫૭

**केशवोमध्यतस्थाप्यो वासुदेवोथवाबुधैः ॥**
**संकर्षणो वा प्रद्युम्नो निसुध्नोयथाविधिः ॥२५८॥**

અર્થઃ-તેમજ પંડિતોએ કેશવ ભગવાનની મધ્ય ભાગમાં સ્થાપના કરવી અથવા વાસુદેવ ભગવાન, સંકર્ષણ ભગવાન અથવા તો પ્રદ્યુમ્ન ભગવાનની તથા નીસુદન ભગવાનની, આટલી મૂર્તિઓમાંથી ગમે તે મૂર્તિની મધ્યભાગમાં સ્થાપના કરવી આવો શાસ્ત્રનો અભિપ્રાય છે. ૨૫૮

**दशअवतारसंयुक्तं च जलशायोथवाग्रतः ॥**
**शुक्रतः सस्थाप्या सर्वदेवमयशुभा ॥२५९॥**

અર્થઃ-આગળના ભાગમાં દશ અવતાર સાથે જલશાય ભગવાનની મૂર્તિની સ્થાપના કરવી. તેમજ શુક્રની

"Aho Shrutgyanam"

સ્થાપના કરવાથી પણ હરેક કાર્યની સિદ્ધી થાય છે. આ પ્રમાણે જ્યાં સર્વ દેવની સ્થાપના કરવી હોય ત્યાં આ પ્રમાણે કરવી આવો શાસ્ત્રનો સિદ્ધાન્ત છે. આ પ્રમાણે કરવાથી ફળ આપનાર થાય છે તેમજ સુખ અને શાન્તિને આપનાર થાય છે આથી ઉલટી રીતે કરે તો કલેષ તેમજ હરેક પ્રકારથી દુઃખ મળે છે. ૨૫૯

### વિષ્ણુના પ્રતિહાર (દ્વારપાળ)

प्रतिहारानततोवक्षे चतस्तत्रिणीदिशोक्रमात् ॥
वामनाकारुयास्ते कर्तव्यासर्वतःशुभा ॥२६०॥

અર્થ:-વિષ્ણુના દેરાશરમાં ચાર દિશાના દ્વારમાં પ્રતિહાર કેવી રીતે ગોઠવવા અને તેને કેવા બનાવવા તેનું વર્ણન કરવામાં આવે છે. પ્રતિહારનો આકાર વામનના આકાર જેવો બનાવવો, બહુ ઉંચા નહિ તેમજ બહુજ જાડા નહિ એવા માપશર બનાવવા. ૨૬૦

पद्मखड्गखेटं च क्रमात् विभ्रतःगदायः ॥
विजीयस्तौ कामान्यसेत् ॥२६१॥

અર્થ:-એક હાથમાં કમળ, બીજા હાથમાં ખડગ, ત્રીજા હાથમાં ખેટક અને ચોથા હાથમાં ગદા આ પ્રમાણે દ્વારની જમણી બાજુ **જય** નામનો અને દ્વારની ડાબી બાજુ **વીજય** નામનો એવા બે પ્રતિહાર દક્ષિણ દિશામાં બનાવવા.

तर्जनीबाण चा पौच गदांधाता च सृष्टीतः ॥
मुद्रापसव्येरत्नैः विद्यात् वामदक्षिणे ॥२६२॥

અર્થ:-ઉત્તરદિશાના પ્રતિહારના એક હાથની ત્રીજી આંગળી પાસે બાણ, બીજા હાથમાં ચાપ, ત્રીજા હાથમાં

"Aho Shrutgyanam"

ગદા અને ચોથો હાથ રત્નથી યુક્ત મુદ્રાવાળો રાખવો. આ પ્રમાણે **ધાતાનામને** દ્વારની જમણી બાજુ અને **વિધાતાનામને** દ્વારની ડાબી બાજુ એવા બે પ્રતિહાર દેરાશરની ઉત્તરદિશામાં બનાવવા. ૨૬૨

**तर्जनी कमलं अस्य गदा भद्रक्रमाद्धत ॥**

**सस्त्रायसव्ययोगेन सुभद्रस्तौक्रमात् न्यसेत् ॥२६३॥**

અર્થઃ-પશ્ચિમ દિશાના પ્રતિહારના એક હાથની ત્રીજી આંગળી પાસે કમળ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં શસ્ત્ર અને ચોથા હાથમાં યોગમુદ્રા રાખવી. તેવા **ભદ્ર** અને **સુભદ્ર** નામના જમણા તથા ડાબા બનાવવા.

પૂર્વદિશાના પ્રતિહારમાં શસ્ત્ર તથા મુદ્રા સવ્યની બદલીમાં અપસવ્ય આપવું એટલે જે શસ્ત્ર જમણા હાથમાં આપેલ હોય તે ડાબા હાથમાં આપવું. આ પ્રમાણે વિષ્ણુ-ભગવાનના દેરાશરને જમણી બાજુ **સસ્ત્રવા** નામને અને ડાબી બાજુએ **કમલોજય** નામને દ્વારપાળ બનાવવો; આ પ્રમાણે શાસ્ત્રને મત છે. ૨૬૩





## વિષ્ણુના દેરાસરના દ્વારપાળનું કોષ્ટક.

| | | | |
|---|---|---|---|
| જય | | વિજય | |
| ૧ હાથમાં કમળ | ૩ હાથમાં ખેટક | ૧ હાથમાં ખેટક | ૩ હાથમાં કમળ |
| ૨ ,, ખડગ | ૪ ,, ગદા | ૨ ,, ગદા | ૪ ,, ખડગ |
| દક્ષિણ દિશાના દ્વારની જમણી બાજુ | | દક્ષિણદિશાના દ્વારની ડાબી બાજુ | |
| ધાતા | | વિધાતા | |
| ૧ હાથમાં બાણ | ૩ હાથમાં ગદા | ૧ હાથમાં ગદા | ૩ હાથમાં બાણ |
| ૨ ,, ચાંપ | ૪ ,, મુદ્રા | ૨ ,, મુદ્રા | ૪ ,, ચાંપ |
| ઉત્તરદિશાના દ્વારની જમણી બાજુ | | ઉત્તરદિશાના દ્વારની ડાબી બાજુ | |
| ભદ્ર | | સુભદ્ર | |
| ૧ હાથમાં કમળ | ૩ હાથમાં શસ્ત્ર | ૧ હાથમાં શસ્ત્ર | ૩ હાથમાં કમળ |
| ૨ ,, ગદા | ૪ ,, યોગમુદ્રા | ૨ ,, યોગમુદ્રા | ૪ ,, ગદા |
| પશ્ચિમદિશાના દ્વારની જમણી બાજુના | | પશ્ચિમદિશાના દ્વારની ડાબી બાજુના | |
| શસ્ત્રવા | | કમલોજય | |
| ૧ હાથમાં શસ્ત્ર | ૨ હાથમાં મુદ્રા | ૧ હાથમાં મુદ્રા | ૨ હાથમાં શસ્ત્ર |
| ૩ ,, કમળ | ૪ ,, ગદા | ૩ ,, ગદા | ૪ ,, કમળ |
| પૂર્વદિશાના દ્વારની જમણી બાજુના | | પૂર્વદિશાના દ્વારની ડાબી બાજુના | |

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૮ મું.

## શિવની મૂર્તિનું વર્ણન.

शुक्लांबरं धरंदेवं शुक्लभानुलेपनम् ॥
जटाभरयुतःक्रमात् बालेन्दुतत्शेखरम् ॥२६४॥

અર્થઃ-શંકર ભગવાનની મૂર્તિઓનું વર્ણન કરવામાં આવે છે. સુંદર ધોળા અંબરને ધારણ કરનાર, ધોળી કાન્તિવાળા, કપુર વિગેરેનો લેપ કરનારા, જટા જુટથી ભરપુર અને મસ્તક ઉપર બાલચંદ્રમાને ધારણ કરનારા, એવી શંકર ભગવાનની મૂર્તિ સમજવી. ૨૬૪

त्रीलोचन सौख्यसुखं कुंडलाभ्यांमलंकृतः ॥
सद्योजात महोतसर्वैः वरदाभयपाणिनम् ॥२६५॥

અર્થઃ-**સદ્યોજાત શંકરની મુર્તિ**-ત્રણ નેત્રવાળા, દરેકને સુખ આપનારા, પોતે સુખ સ્વરૂપ અને બન્ને કાનમાં કુંડલથી શોભાયમાન, જલ્દી દરેકને મોહ કરનારા, જલ્દી સ્વરૂપને ધારણ કરનારા, એક હાથથી વરદાન આપનારા અને બીજા હાથથી ભયને નાશ કરનારા (અભય મુદ્રા) આવી રીતે સદ્યોજાત શંકર ભગવાનની મૂર્તિ બનાવવી.૨૬૫

जटाबद्धधरं कुर्यात् त्रीनेत्रतुगनासिका ॥
वामदेव महाबाहुः रक्तद्रखेटक धारिणाम ॥
सर्वालंकार संयुक्तं रक्तकुंडल धारिणाम ॥२६६॥

અર્થઃ-**વામદેવ શંકર ભગવાનની** મૂર્તિ-મસ્તક ઉપર જટા બાંધેલી રાખવી, ત્રણ નેત્ર તેમજ એક હાથમાં રૂદ્રાક્ષ

"Aho Shrutgyanam"

અને બીજા હાથમાં ખેટકને ધારણ કરનારા, કાનમાં કુંડલ અને દરેક અલંકારોથી યુકત તેવા વામદેવ શંકરની મૂર્તિ બનાવવી. ૨૬૬

द्रंष्ट्राकरालवदनं सर्पशिर्सीत्रीलोचनम् ॥
रुढमालाधरंदेव सर्पकुंडलमंडीताम् ॥२६७॥

અર્થ:–અઘોર કાલરૂપ શંકર ભગવાનની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. તે ભયંકર દાંતવાળા તેમજ ભયંકર દાઢોથી યુકત, માથાની જટા સર્પોથી વીટાએલી અને કપાળમાં ત્રીજુ નેત્ર તેમજ રૂઢમાલાને ધારણ કરનાર અને સર્પના કુંડલથી શોભાયમાન–૨૬૭

त्रुपुरकेयुरधरं सर्पहारोप वितिनम् ॥
योनसंकटीसूत्रेच गलेवृश्चकमालकम् ॥२६८॥

અર્થ:-તેમજ ત્રીપુરને ધારણ કરનારા, સર્પ આરોહણ કરનારા અને કટીસૂત્રને ધારણ કરનારા, ગળામાં સર્પોની માળાને ધારણ કરનારા આવા આવા અલંકારવાળા અને

नीलोत्पलदलश्याम मतसिपुष्यसंनिभम् ॥
पीठाभुपींगजटीलं सशांकक्तत्पखरम् ॥२६९॥

અર્થ:–લીલા કમળના પાનના જેવી શોભાવાળી અથવા અળશીના ફૂલના જેવી શોભાવાળી અને પીળચટી જટાને ધારણ કરનાર, લલાટમાં સુંદર સસલાના ચીન્હથી યુક્ત ચંદ્રને ધારણ કરનાર તેમજ

"Aho Shrutgyanam"

तक्षकमुष्टिकंचैव पादपोत्स्वस्थतुपरौ ॥
अघोररुपकंकुर्यात् कालरुपमीवापरम् ॥२७०॥

અર્થ:–મુઠીમાં તક્ષક ધારણ કરનાર તેમજ તાંડવ નાચથી યુક્ત જાણવી. બીજો ભયંકર કાળ છે તેવું ભયંકર સ્વરૂપ બનાવવું અને—

महावीर्यमहोत्साहं अष्टबाहुमहाबलम् ॥
त्रीसयनरीणेसंघः निवासो अत्रभूतले ॥२७१॥

અર્થ:–મહાન પરાક્રમી, મહાન ઉત્સાહથી યુક્ત, આઠ ભુજાઓથી શોભાયમાન, ભુતોનો સમુહ જેમના સંગમાં છે અને પૃથ્વી ઉપર નિવાસ સ્થાન કરનાર એટલે પૃથ્વી ઉપર સુનાર તેમજ બેસનાર તેમજ–

खडगंच कपालंच खेटकंपात्र एवच ॥
वामहस्तेषु कर्तव्य मेतत् शस्त्रचतुष्टयम् ॥२७२॥

અર્થ:–ડાબી બાજુના ચાર હાથમાં કેવાં આયુદ્ધ આપવાં તે બતાવે છે. એક હાથમાં ખડગ, બીજા હાથમાં ખેટક, ત્રીજા હાથમાં કપાલ અને ચોથા હાથમાં પાત્ર આ પ્રમાણે ડાબી બાજુના ચાર હાથમાં ચાર શસ્ત્રો આપવાં અને જમણી બાજુના ચાર હાથમાં શું આપવું તેમાં–૨૭૨

त्रीषुलंपरषु स्वद्रो दंडश्चैवारीमर्दनः ॥
शस्त्रएतानिचत्वारि दक्षिणेषुकरेषुच ॥२७३॥

અર્થ:–એક હાથમાં ત્રીશુળ, બીજા હાથમાં ફરષી, ત્રીજા હાથમાં મુદ્દગર અને ચોથા હાથમાં દંડ આ પ્રમાણે

"Aho Shrutgyanam"

જમણી બાજુના ચાર હાથમાં ચાર આયુદ્ધ આપવાં; આ પ્રમાણે આઠે હાથમાં આઠ આયુદ્ધથી યુકત, તેમજ અલંકારોથી યુકત શાસ્ત્રની વિધી પ્રમાણે શંકરની અઘોર નામની મૂર્તિ બનાવવી. ૨૭૩

पीतांबर स्तुसुखः पीतयज्ञोपवितमान् ॥
मातुलीगकरेवामे अक्षमालादक्षिणेतथा ॥२७४॥

અર્થઃ–**અનંત્યરૂદ્ર** ભગવાનની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. સુંદર પીતાંબર ધારણ કરનાર, પીળા વર્ણની, યજ્ઞોપવીતથી સુંદર શોભાયમાન, ડાબા હાથમાં બીજોરૂ અને જમણા હાથમાં અક્ષમાળા ધારણ કરનારા આ પ્રમાણે અનત્યરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૭૪

शुद्धस्कंधः विकसितांसौ जयचंद्रविभूषितः ॥
अक्षस्त्रिशुलहस्तौच कपालवामनशुभः ॥२७५॥

અર્થઃ–**ઇશાનરૂદ્ર** ભગવાનની મૂર્તિ સુંદર બાંધવાળી અથવા સુંદર ડોકવાળી સુંદર ખંભાથી યુકત, જયચંદ્ર એટલે બીજના ચંદ્રને ધારણ કરનાર અને એક હાથમાં અક્ષમાળા, બીજા હાથમાં ત્રીશુળ ધારણ કરનાર તેમજ માથા ઉપર કપાળ ધારણ કરનાર આ પ્રમાણે ઇશાનરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૭૫

कपालमालीनंश्वेतं सशांक कृतशेखरम् ॥
व्याघ्रचर्मधरंदेवं मृत्युंजयोभवेत्रुद्रः ॥२७६॥

અથઃ–**મૃત્યુંજયરૂદ્ર** ભગવાનની મૂર્તિ ધોળા ખોપરાની માળાને ધારણ કરનાર, બીજના ચંદ્રને મુગટ તરીકે માથે

"Aho Shrutgyanam"

દીપાવનાર; વાઘના ચામડાને ધારણ કરનાર આ પ્રમાણે મત્યુંજયરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૭૬

**त्रिशुलं चाक्षमालाच दक्षयोकर योस्मृता ॥**
**कपालकुंडिकावामे योगमुद्राकरद्वयम् ॥२७७॥**

અર્થ:-મૃત્યુંજયરૂદ્રની મૂર્તિના હાથમાં કેવાં આયુદ્ધ આપવાં તે બતાવે છે. તેમાં જમણી બાજુના એક હાથમાં ત્રીશુળ, બીજા હાથમાં અક્ષમાલા, ડાબી બાજુના એક હાથમાં કપાળ અને બીજા હાથમાં કુંડીકા તેમજ યોગમુદ્રાથી બન્ને હાથોને ગોઠવીને મૂર્તિ બનાવવી. ૨૭૭

**चतुर्मुखोमहाबाहु शुक्लपादा क्षमालिका ॥**
**पुस्तकांभयहस्तौच सचराक्षत्रीलोचनः ॥२७८॥**

અર્થ:-**કીણાક્ષરૂદ્ર ભગવાનની** મુર્તિ-ચાર મુખવાળી, અક્ષમાળાને ધારણ કરનાર તેમજ બન્ને હાથમાં પુસ્તક અને ચોથા હાથમાં અભયને ધારણ કરનાર, બીજના ચંદ્રને ત્રીજા નેત્ર તરીકે શોભાવનાર આ પ્રમાણે સુશોભીત કીણાક્ષરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૭૮

**चीत्रवस्त्रधरंकुर्यात् चत्रयंजोपवितिनः ॥**
**चीत्ररुपमहेशान्तः चीत्रेश्वर्यसमन्वितः ॥२७९॥**

અર્થ:-**શ્રી કંઠરૂદ્ર ભગવાનની** મૂર્તિ-ચીત્રવિચીત્ર વસ્રો, ચીત્રવિચીત્ર રંગની જનોઈ ધારણ કરનાર અને ચીત્રમય રૂપવાળી તેમજ શાન્ત સ્વરૂપવાળી સુંદર ઐશ્વર્યથી યુક્ત. એવી આભુષણોવાળી તેમજ. ૨૭૯

"Aho Shrutgyanam"

सर्वालंकार भुषितं खडगो धनुसरोखेटम् ॥
श्रीकंठंविभृतभुजैः चतुर्बाहुचैकवक्रः ॥२८०॥

અર્થ:-હરેક અલંકારોથી વિભુષીત અને એક હાથમાં ખડગ, બીજા હાથમાં ધનુષ્ય, ત્રીજા હાથમાં સર અને ચોથા હાથમાં ખેટક આ પ્રમાણે ચાર આયુદ્ધથી યુક્ત સુંદર ચાર ભુજાવાળી તેમજ કંઠની શોભાથી યુક્ત, મુખવાળી આવી શ્રીકંઠરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૮૦

अहिबुध्नोगदासर्पं चक्रंडमरुमुद्गरैः ॥
शुलांकुशाक्षमालांच क्षोद्राधक्रममादधन् ॥२८१॥

અર્થ:-બુધ્નરૂદ્ર ભગવાનની મૂર્તિનું વર્ણન.-તેમાં જમણી બાજુના આઠ હાથમાં આયુધ આપવાની વિગત. પહેલા હાથમાં ગદા, બીજા હાથમાં સર્પ ત્રીજા હાથમાં ચક્ર, ચોથા હાથમાં ડમરૂ, પાંચમા હાથમાં મુદગર, છઠા હાથમાં ત્રીશુલ, સાતમા હાથમાં અંકુશ અને આઠમા હાથમાં અક્ષમાળા, તેમજ ૨૮૧

तोमरंपटीसंचर्मः कापालंतर्जनीघटैः
शक्तिपरषुकंवामः हस्तैक धारयत्पसौ ॥२८२॥

અર્થ:-ડાબી બાજુના આઠ હાથમાં ધારણ કરવાના શસ્ત્રો. તેમાં એક હાથમાં તોમર, બીજા હાથમાં પટી, ત્રીજા હાથમાં વ્યાઘ્રામ્બર, ચોથા હાથમાં કપાલ, પાંચમા હાથમાં તર્જની, છઠા હાથમાં ઘંટ, સાતમા હાથમાં શકિત, અને આઠમા હાથમાં ફરશી આ પ્રમાણે બુધ્નરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૮૨

"Aho Shrutgyanam"

विरुपाक्षस्तनंखद्र शुलंडंरुमकुशः ॥
सर्पंचक्रगदामक्ष सूत्रं बीभृतकाष्टके ॥२८३॥

અર્થ:-**વીરૂપાક્ષરૂદ્ર ભગવાન**ની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. તેમને જમણી બાજુના આઠ હાથમાં શું આપવું તેની વિગત. તેમાં પહેલા હાથમાં અદ્ર, બીજા હાથમાં ત્રીશુલ, ત્રીજા હાથમાં ડમરૂ, ચોથા હાથમાં અંકુશ, પાંચમા હાથમાં સર્પ, છઠા હાથમાં ચક્ર, સાતમા હાથમાં ગદા અને આઠમા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે જમણી બાજુના હાથમાં આયુદ્ધ આપવા. તેમજ २८૩

खेटकटागदाशक्ति परशुतर्जनीपटम् ॥
घंटाकापालंकचेती वामेआयुधकराष्टके ॥२८४॥

અર્થ:-ડાબીતરફમાં આઠ ભુજાના આયુધો, તેમાં એક હાથમાં ખેટક, બીજામાં કટાર, ત્રીજા હાથમાં ગદા, ચોથા હાથમાં શક્તિ, પાંચમા હાથમાં ફરશી, છઠા હાથમાં તર્જની આંગળી પાસે પટ, સાતમા હાથમાં ઘંટ અને આઠમા હાથમાં કપાલ, આ પ્રમાણે ડાબીબાજુના હાથમાં આઠ આયુધ આપવાં આ પ્રમાણે સોલ હાથવાળા વીરૂપાક્ષરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૮૪

बहुरुपोदधृतहस्ते डमरुंचसुदर्शनम ॥
सर्पशुलांकुशोकुंभ जयपालिकाखेटकम ॥२८५॥

અર્થ:-**બહુરૂપીરૂદ્ર ભગવાન**ની મૂર્તિનું વર્ણન. જમણી બાજુના આઠ હાથમાં શસ્ત્રો આપવાની વિગત. તેમાં એક હાથમાં ડમરૂ, બીજા હાથમાં સુદર્શન,

"Aho Shrutgyanam"

ત્રીજા હાથમાં સર્પ, ચોથા હાથમાં ત્રીશુલ, પાંચમા હાથમાં અંકુશ, છઠા હાથમાં કુંભ, સાતમા હાથમાં જયપાલીકા અને આઠમા હાથમાં ખેટક આ પ્રમાણે આઠે હાથમાં આઠ આયુદ્ધ આપવાં. તેમજ ૨૮૫

घंटाकपालखडगं तर्जनी कुंडीकाधनुः ॥
परशुपटिसचेती दामोर्धादीकराष्टके ॥२८६॥

અર્થ:-ડાબીબાજુના આઠ હાથમાં આયુદ્ધનું વર્ણન. તેમાં એક હાથમાં ઘંટ, બીજા હાથમાં કપાલ, ત્રીજા હાથમાં ખડગ, ચોથા હાથમાં તર્જની આંગળી પાસે કુંડીકા અને પાંચમા હાથમાં ધનુષ્ય, છઠા હાથમાં પરશુ સાતમા હાથમાં પટીસ અને આઠમા હાથમાં પાશ આ પ્રમાણે ડાબીબાજુના આઠ હાથમાં આઠ આયુધ આપવાં, આ પ્રમાણે સોલ આયુધથી યુક્ત સોલ હાથવાળી બહુરૂપી રૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૮૬

चक्रंडमरुमुद्गरं शरंशुलांकुशाक्षसूत्रम ॥
इति अंबिकारुद्रं दक्षोर्धादिक्रमेणहि ॥२८७॥

અર્થ:-**અંબીકારૂદ્ર** ભગવાનની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. તેમના જમણી તથા ડાબી તરફના આઠ ભુજાઓનાં આયુધો. તેમાં પહેલા હાથમાં ચક્ર, બીજા હાથમાં ડમરૂ, ત્રીજા હાથમાં મુદ્દગર, ચોથા હાથમાં સર, પાંચમા હાથમાં ત્રીશુલ, છઠા હાથમાં અંકુશ, સાતમા હાથમાં અક્ષસૂત્ર અને આઠમા હાથમાં દક્ષઉર્ધ આ પ્રમાણે ક્રમથી આઠ ભુજાઓમાં આઠ આયુધ આપવાં. ૨૮૭

"Aho Shrutgyanam"

**उमामहेश्वरंवक्ष्ये उमायासहशंकरः ॥**

**मातुलींगं त्रीशुलंच धरतेदक्षिणेकरे ॥२८८॥**

અર્થ:-**ઉમામહેશ્વરરૂદ્ર ભગવાન**ની મૂર્તિનું વર્ણન. તેમાં શંકર અને ઉમાદેવી સહીતથી શોભાયમાન, તેમજ તેમના જમણી બાજુના એક હાથમાં બીજોરૂ અને બીજા હાથમાં ત્રીશુલને ધારણ કરનારા. ૨૮૮

**आलिंगीवामहस्तौ नागेन्द्रद्विजीयेकरे ॥२८९॥**

અર્થ:-ડાબીબાજુનો એક હાથ પાર્વતીદેવી ઉપર રાખેલ, અને બીજા હાથમાં નાગેંદ્રને ધારણ કરેલ આ પ્રમાણે ચાર ભુજાઓથી શોભાયમાન ઉમા મહેશ્વરની મૂર્તિ શાસ્ત્રની વીધીથી તેમજ સુંદરતાથી બનાવવી. તેમજ ૨૮૯

**अधस्ताद्वृशकुमारं गणेश्वरं श्रृंगीरीटी ॥**

**नीर्मासं नृत्यपरमश्रृंगीरीटीचसनिधम् ॥२९०॥**

અર્થ:-નીચેની જમણી તરફના ભાગમાં કાર્તીકસ્વામી અને ડાબી બાજુમાં પોઠીઓ. ખોળામાં ગણેશજીથી યુક્ત તેમજ પાછળ ભાગમાં શ્રૃંગી અને રીટી નામના દ્વારપાળ ઉભેલા છે. આવી રીતે શોભાથી યુક્ત ઉમામહેશ્વરરૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૯૦

**कार्याहरिहरादक्षिणार्धे शिवसदाकुखी ॥**

**केशस्यवामोर्धे श्वेतनिलाकृतिक्रमात् ॥२९१॥**

અર્થ:-**હરિહરરૂદ્ર ભગવાન**ની મૂર્તિનું વર્ણન-તેમાં શરીરનો અર્ધો ભાગ શંકરની આકૃતીનો અને અર્ધો ભાગ વિષ્ણુની આકૃતીનો બનાવવો. તેમાં ડાબી બાજુના કેશ ધોળા રાખવા અને જમણી બાજુના કેશ કાળા રાખવા. શરીરની

"Aho Shrutgyanam"

ઉપરની આકૃતિ વિષ્ણુની રાખવી અને નીચેની આકૃતી શંકરની રાખવી. ૨૯૧

अधस्तात् वृषभकुमार श्रगणेश्वरं श्रृंगीरिटः ॥
कार्या हरिहरादीस्यापी दक्षीणार्धे शिवतथाकुर्यात् ॥२९२॥

અર્થઃ—નીચા ભાગમાં એક બાજુ પોઠીયો અને કાર્તિક સ્વામીને બેસારવા. બીજી બાજુ ગણેશજીને તથા શ્રૃંગીને અને રીટ નામના દ્વારપાળોને બેસારવા. તેમજ હરીહરની મૂર્તિ સુંદર સૌમ આકારની તેમ નૃત્ય કરતી હોય તેવી રીતે બનાવવી. ૨૯૨

वरंत्रीषुलं चक्रंबु धारीणो बाहुकाक्रमात् ॥२९३॥

અર્થઃ—તેમજ એક હાથથી વરદાન આપતા (મુદ્રા) બીજા હાયમાં ત્રીશુલ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં કમળ ધારણ કરાવવા. આ પ્રમાણે હરીહર રૂદ્રની શાસ્ત્રની વીધી પ્રમાણે મૂર્તિ બનાવવી. ૨૯૩

एकपीठसमारुढ चतुर्थंके निवासिनम ॥
खटशुभचतुर्वक्र सर्वलक्षणसंयुतम् ॥२९४॥

અર્થઃ—હરિ પીતામહ રૂદ્રની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. એક સુંદર સિંહાસન ઉપર બેસાડેલા, ચાર દ્વારપાળથી શોભાયમાન તેમજ છ હાથથી યુક્ત અને સુંદર ચાર મુખથી શોભાયમાન આવી અલૌકીક તેમજ સર્વ લક્ષણોથી યુક્ત ૨૯૪

अक्षमालां त्रीशुलंच गदाकुर्यात दक्षिणे ॥
कमंडलंचखट्वांगंचक्रवाम भुजेतथा ॥२९५॥

"Aho Shrutgyanam"

અર્થ:-તેમજ જમણી બાજુના એક હાથમાં અક્ષમાળા, બીજા હાથમાં ત્રીશુલ અને ત્રીજા હાથમાં ગદા આપવી. ડાબી બાજુના એક હાથમાં કમંડલ, બીજા હાથમાં ખટ્વાંગ, ત્રીજા હાથમાં ચક્ર આ પ્રમાણે છએ હાથમાં છ આયુધથી યુક્ત હરિ પીતામહ રૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૯૫

उभौचद्विभुजाकार्या लक्ष्मीनारायणाश्रिउता ॥
देवंशास्त्रिस्त्रक्रियैश्च गरुडोपरिसंस्थितम् ॥२९६॥

અર્થ:-યુગ્મરૂદ્રની મૂર્તિનું વર્ણન-તેમાં બન્ને બાજુએ બે બે ભુજાઓ બનાવવી. લક્ષ્મીનારાયણની આકૃતિથી યુક્ત અને દેવોના અંશવાળી તેમજ શંકરના અંશવાળી અને ગરૂડના વાહનથી શોભાયમાન ૨૯૬

दक्षिणे कंबलश्चोस्यात् वामोशरगजद्रुक्षः
वीभवोर्वाकरोलक्ष्मी कुक्षोतागं स्थितसदा ॥२९७॥

અર્થ:-જમણી બાજુના એક હાથમાં સર્પ, બીજા હાથમાં સર, ડાબી બાજુના ત્રીજા હાથમાં હાથીનું ચર્મ અને ચોથા હાથમાં વૃક્ષ. સુંદર ડાબા હાથની પાસે ડાબા સાથળ ઉપર હંમેશાં જેને લક્ષ્મી શોભી રહ્યાં છે એવી યુગ્મ રૂદ્રની મૂર્તિ બનાવવી. ૨૯૭

सर्वेषामेवदेवानां एवंयुग्मविधियते ॥
तेषांसतीपृथकरुपातदस्त्रवाहनाकृतीः ॥२९८॥

અર્થ:-આ પ્રમાણે દરેક દેવની યુગ્મ મૂર્તી બનાવવી હોય ત્યાં આ પ્રમાણે વિધીથી બનાવવી. જે દેવો હોય તેવાં પૃથક રૂપ બનાવવાં અને દરેક દેવોને શાસ્ત્રોમાં વર્ણન કરેલાં આયુદ્ધો આપવાં તેમજ દરેક મુર્તિઓ શાસ્ત્રની વિધીથીજ બનાવવી. ઇતી યુગ્મમુર્ત. ૨૯૮

"Aho Shrutgyanam"

# શંકરની મૂર્તિના આયુદ્ધોનું કોષ્ટક.

**સદ્યોજાત ૧.**

| | |
|---|---|
| ૧ હાથમાં વરદ (મુદ્રા) | ૧ હાથમાં અભય (મુદ્રા) |

એક મુખ બે ભુજાવાળા

**વામદેવશંકર ૨.**

| | |
|---|---|
| ૧ હાથમાં રૂદ્રાક્ષની માળા | ૧ હાથમાં ખેટક |

એક મુખ બે ભુજાવાળા

**અઘોર કાલરૂપ રૂદ્ર ૩.**

| | |
|---|---|
| ૧ હાથમાં ત્રીશુલ | ૧ હાથમાં ખડગ |
| ૨ ,, ફરશી | ૨ ,, ખેટક |
| ૩ ,, મુદગર | ૩ ,, કપાલ |
| ૪ ,, દંડ | ૪ ,, પાત્ર |

એક મુખ આઠ ભુજાવાળા

**અનંત્ય રૂદ્ર ૪.**

| | |
|---|---|
| ૧ હાથમાં અક્ષમાળા | ૧ હાથમાં બીજોરૂ |

એક મુખ બે ભુજાવાળા

**ઇશાન રૂદ્ર ૫.**

| | |
|---|---|
| ૧ હાથમાં અક્ષમાળા | ૧ હાથમાં ત્રીશુલ |

એક મુખ બે ભુજાવાળા

**મૃત્યુંજય રૂદ્ર ૬.**

| | |
|---|---|
| ૧ હાથમાં ત્રીશુલ | ૧ હાથમાં કપાલ |
| ૨ ,, અક્ષમાળા | ૨ ,, કુંડીકા |

એક મુખ ચાર ભુજાવાળા

**કીણાક્ષરૂદ્ર ૭.**

| | |
|---|---|
| ૧ હાથમાં અક્ષમાળા | ૧ હાથમાં અભય (મુદ્રા) |
| ૨ ,, પુસ્તક | ૨ ,, પુસ્તક |

ચાર મુખ, ચાર ભુજાવાળા

**શ્રીકંઠ રૂદ્ર ૮.**

| | |
|---|---|
| ૧ હાથમાં ખડગ | ૧ હાથમાં સર |
| ૨ ,, ધનુષ્ય | ૨ ,, ખેટક |

એક મુખ ચાર ભુજાવાળા

**ગુહ્ય રૂદ્ર ૯.**

| | |
|---|---|
| ૧ હાથમાં ગદા | ૧ હાથમાં તોમર |
| ૨ ,, સર્પ | ૨ ,, પટી |
| ૩ ,, ચક્ર | ૩ ,, વ્યાઘ્રામ્બર |
| ૪ ,, ડમરૂ | ૪ ,, કપાલ |
| ૫ ,, મુદગર | ૫ ,, તર્જની |
| ૬ ,, ત્રીશુલ | ૬ ,, ઘંટ |
| ૭ ,, અંકુશ | ૭ ,, શક્તિ |
| ૮ ,, અક્ષમાળા | ૮ ,, ફરશી |

એક મુખ સોલ ભુજાવાળા

"Aho Shrutgyanam"

### વીરૂપાક્ષ રૂદ્ર ૧૦

| | |
|---|---|
| ૧ હાથમાં ખદ્ર | ૧ થાથમાં ખેટક |
| ૨ ,, ત્રીશુળ | ૨ ,, કટાર |
| ૩ ,, ડમરૂ | ૩ ,, ગદા |
| ૪ ,, અંકુશ | ૪ ,, શક્તિ |
| ૫ ,, સર્પ | ૫ ,, ફરસી |
| ૬ ,, ચક્ર | ૬ ,, તર્જની અને પટ |
| ૭ ,, ગદા | ૭ ,, ઘંટ |
| ૮ ,, અક્ષમાળા | ૮ ,, કપાળ |

### બહુરૂપી રૂદ્ર. ૧૧

| | |
|---|---|
| ૧ હાથમાં ડમરૂ | ૧ હાથમા ઘંટ |
| ,, સુદર્શન | ૨ ,, કપાળ |
| ૩ ,, સર્પ | ૩ ,, ખડગ |
| ૪ ,, ત્રીશુળ | ૪ ,, કુંડીકા |
| ૫ ,, અંકુશ | ૫ ,, ધનુષ્ય |
| ૬ ,, કુંભ | ૬ ,, પરશુ |
| ૭ ,, જયપાલીકા | ૭ ,, પટી |
| ૮ ,, ખેટક | ૮ ,, પાશ |

એક મુખ સોલ ભુજાવાળા.

### અંબીકા રૂદ્ર ૧૨

| | |
|---|---|
| ૧ હાથમાં ચક્ર | ૧ હાથમાં ત્રીશુળ |
| ૨ ,, ડમરૂ | ૨ ,, અંકુશ |
| ૩ ,, મુદગર | ૩ ,, અક્ષમાળા |
| ૪ ,, સર | ૪ ,, દક્ષઉધ |

એક મુખ આઠ ભુજાવાળા.

### ઉમામહેશ્વર ૧૩

| | |
|---|---|
| ૧ હાથમાં બીજોરૂ | ૧ હાથ પાર્વતી દેવી તરફ |
| ૨ ,, ત્રીશુલ | ૨ ,, સર્પ |

એક મુખ ચાર ભુજાવાળા.

### હરીહર રૂદ્ર ૧૪

| | |
|---|---|
| ૧ હાથમાં વરદાન (મુદ્રા) | ૧ હાથમાં ચક્ર |
| ૨ ,, ત્રીશુલ | ૨ ,, કમળ |

એક મુખ ચાર ભુજાવાળા.

### હરીહર પીતામહ રૂદ્ર ૧૫

| | |
|---|---|
| ૧ હાથમાં અક્ષમાળા | ૧ હાથમાં કમંડલ |
| ૨ ,, ત્રીશુલ | ૨ ,, ખદ્રાંગ |
| ૩ ,, ગદા | ૩ ,, ચક્ર |

ચાર મુખ, ૭ ભુજાવાળા.

### યુગ્મ રૂદ્ર ૧૬

| | |
|---|---|
| ૧ હાથમાં સર્પ | ૧ હાથમાં સર |
| ૨ ,, વૃક્ષ | ૨ ,, હાથીનું ચર્મ |

એક મુખ ચાર ભુજાવાળા

"Aho Shrutgyanam"

## શિવલિંગનું વર્ણન.

**स्थिरलक्ष्मीप्रदंहेत तारजं धैर्यराज्यदम् ॥**
**प्रजावृद्धिकरंतीभ्रः वंगमायुविवर्धनम् ॥२९९॥**

અર્થઃ—હવે શંકરના લીંગનું વર્ણન કરવામાં આવે છે. તેમાં સ્થીર લીંગની પુજાથી લક્ષ્મીની પ્રાપ્તી થાય છે. સીધા તેમ સુંદર લીંગની પુજા કરવાથી ધૈર્ય તેમજ રાજ્ય પ્રાપ્તી થાય છે. તીભ્રજો લીંગની પુજા કરવામાં આવે તો પ્રજાની વૃદ્ધિ થાય છે અને વંગ (વાંકા) લીંગની પુજા કરવામાં આવે તો આયુષ્યની વૃદ્ધિ થાય છે. ૨૯૯

**विषेश्थकारकंकास्पृ पितलं भुक्तिमुक्तिदम् ॥**
**शशिकं समुद्भवंलीगं अंतर्ध्यान प्रसिद्धीदम् ॥३००॥**

અર્થઃ—વિશેષ કરીને પીળા રંગના લીંગની પુજા કરવાથી સંસારમાં સારા સારા ભોગ વીલાસ આપે છે અને મરણ પછી મુક્તિ આપે છે. તેમજ ધોળી આકૃતીના લીંગની પુજા કરવાથી માણસને અંતર્ધ્યાન થવાની સીદ્ધી મળે છે આવો શાસ્ત્રોનો મત છે. ૩૦૦

**अष्टलोहमयंलिगं कुष्टरोगभयापहम् ॥**
**त्रिलोहंसंभवंलीगं अंतर्ध्यानप्रसिद्धिदम ॥३०१॥**

અર્થઃ—આઠ જાતના લોહન એકઠાં કરીને, જો શંકરનું લીંગ બનાવવામાં આવે તો અને તે લીંગની પુજા કરવામાં આવે તો, અઢાર પ્રકારના કોઢના રોગ તેમજ દરેક રોગોમાં મહાન ભયંકર રોગોના રાજા ક્ષય રોગ છે તે નાશ થાય છે. તેમજ ત્રણ જાતના લોઢાને એકઠાં કરાવીને જો તેનું શંક-

"Aho Shrutgyanam"

રનું લીંગ બનાવવામાં આવે અને તેની પુજા કરવામાં આવે તો અંતર્ધ્યાન થવાની સિદ્ધી પ્રાપ્ત થાય છે. ૩૦૧

**आयुष्यहिरकंलीगं भोगदंमौक्तिकोद्भवम् ॥**
**सुखक्रतिष्यरागोव वैडर्यंशत्रुमर्दनः ॥३०२॥**

અર્થઃ-તેમજ હિરાનું જો શંકરલીંગ બનાવીને પુજા કરવામાં આવેતો આયુષ્ય વધે છે અને જો સાચાં મોતીનું લીગ કરીને પુજા કરવામાં આવેતો આ સંસારના સારા સારા ભોગવીલાસ ભોગવવા મલે છે તેમજ મરણ પછી મોક્ષ પણ મલે છે. વૈદુર્યમણીનું શંકરનું લીંગ કરીને પુજા કરે તો સારાં સારાં સુખ મળે છે અને દરેક કષ્ટને હરે છે તેમજ શત્રુઓ તેની મેળેજ નાશ થાય છે. આવો શાસ્ત્રનો મત છે. ૩૦૨

**श्रीप्रदं पद्मरागंच चन्द्रनालवसुप्रदम् ॥**
**लींगमणिमयंपुज्यै स्फाटिकसर्वंकामदम् ॥३०३॥**

અર્થઃ—પદ્મરાગ મણિનું લીંગ કરીને જો પુજા કરવામાં આવે તો લક્ષ્મી મળે છે તેમજ ચંદ્રમણીનું શંકરનું લીંગ કરીને પુજા કરે તો ધન ધાન્ય વીગેરે મળે છે. મણીમય લીંગની પુજા કરવામાં આવે તો સર્વ પ્રકારનું સુખ મળે છે તેમજ સ્ફટીકનું લીંગ બનાવીને પુજા કરવામાં આવે તો મનની જે કામના હોય તે પૂર્ણ થાય છે. ૩૦૩

**रत्नलींगद्विधास्थानं सपीठ धातुपीठकम् ॥**
**धातुजंतस्त्वयोस्थितं सिद्धिमुक्तिप्रदायकं ॥३०४॥**

"Aho Shrutgyanam"

અર્થઃ—રત્નનું લીંગ એ સ્થાનથી બનાવવું, કાંતો રત્નમયજ થાળુ (પીઠીકા) બનાવવું અથવા તો ધાતુમય થાળુ બનાવીને અંદર રત્નનું લીંગ સ્થાપન કરવું પરંતુ ધાતુનાં જે લીંગ બનાવવાં તે તો ધાતુના થાળાથીજ યુક્ત બનાવવાં; તોજ તે સિદ્ધી આપનાર તેમજ મુકતી દાતા થઇ શકે છે નહીતર નહીંજ. ૩૦૪

**मुद्रादेकांगुलवापी सद्वद्वंगुलिनिर्मितम् ॥**
**सपीठंभिनपीठंवारत्नलींगचलंमतम् ॥३०५॥**

અર્થઃ—રત્નનું લીંગ બે આંગળનું અથવા તો એક આંગળની ગોળાશનું પણ તેજ પ્રમાણ છે. માટે તે પ્રમાણથી બનાવવામાં આવે તેમજ રત્નના થાળાથી યુક્ત હોય અથવા તો રત્નનું લીંગ ધાતુના થાળાથી યુક્ત હોય તેમજ રત્નનું લીંગ જે થાળામાં સ્થાપન કર્યું હોય ત્યાંથી લઇને બીજે પણ સ્થાપના થઇ શકે છે તેમાં કોઇ પ્રકારનો દોષ લાગતો નથી. ૩૦૫

**समस्तमणिजातिनां दीप्तसानिध्यकारकम् ॥**
**मानोन्मान प्रमाणानितत्तेषुग्राह्यंनवाबुधैः ॥३०६॥**

અર્થઃ—દરેક પ્રકારના મણિઓની જાતીનું શંકરનું સુંદર બનાવેલું લીંગ શાસ્ત્રના માપથી યુક્ત અથવા તો શાસ્ત્રના માપથી અયુક્ત હોય તોપણ વિદ્વાન પુરૂષો એ ગ્રહણ કરવા યોગ્ય હોય તો ગ્રહણ કરવું અને ન ગ્રહણ કરવા યોગ્ય હોય તો ન ગ્રહણ કરવું આવો શાસ્ત્રનો મત છે. ૩૦૬

"Aho Shrutgyanam"

शैलेयभोगदं लिंगं मृन्मयंसर्वकामदम् ॥
दारुजंवसुसिद्धार्थं सर्वमेतचलाचलं ॥३०७॥

અર્થ:-તેમજ શીલાના બનાવેલા શંકરના લીંગની પુજા કરવાથી સારા સારા ભોગ મળે છે અને માટીથી બનાવેલ શંકરનું લીંગ સર્વ પ્રકારની કામનાને આપનાર થાય છે. કાષ્ટનું બનાવેલ શંકરનું લીંગ પુજા કરવાથી દ્રવ્યની સિદ્ધી થાય છે. આ દરેક પ્રકારના લીંગ ચળ તેમજ અચળ થઇ શકે છે. ૩૦૭

एकांगुलादिपंचानं षडलिंग च कन्यसः ॥
खटपंचार्वादिसात च मध्यमेकादशादित् ॥३०८॥

અર્થ:-એક આંગળથી પાંચ આંગળ સુધી ધાતુનું લીંગ ઉત્તમ ગણાય છે. સાત આંગળનું તેમજ અગિયાર આંગળનું લીંગ મધ્યમ ગણાય છે અને છ આંગળનું લીંગ કનિષ્ટજ ગણાય છે. ૩૦૮

नैकहस्तादचोवोयं प्रासादस्थिरतानयेत ॥
स्थीरंतस्थापयेत्गृहे ग्रहण्यादुरक्रुधत ॥३०९॥

અર્થ:-પ્રાસાદને વિષે જે લીંગ સ્થાપન કરવાનું હોય તે તો એક હાથથી ઓછું નજ કરવું કારણ કે એક હાથથી ઓછું કરવાથી પ્રાસાદ સ્થીર થતો નથી. તેમ ઓછા માપથી કરવામાં આવે તો કરાવનારની તેમજ કરનારની સ્ત્રીઓનો નાશ થાય છે માટે દેરાશરને માટે માપથી જ લીંગ બનાવવું. ૩૦૯



"Aho Shrutgyanam"

**बाणलक्षणहिनोपि अत्रवैरमतेमनः ॥**
**तत्रपुजाप्रकुर्वित धर्मकर्मार्थमोक्षदम ॥३१०॥**

અર્થઃ–મહાદેવનું બાણુ શાસ્ત્રોના માપથી તેમજ લક્ષણોથી હીન હોય, પણ જો તેજ બાણુમાં આપણું અનન્ય ભાવથી મન લાગેલ હોય તો, તેજ બાણુની પુજા કરવાથી આપણુને ધર્મ અર્થ, કામ અને મોક્ષને આપનાર થાય છે આવો શાસ્રનો સિધાન્ત છે. ૩૧૦

**रत्नमेकांगुलंलींग अंगुलांगुलवृद्धिनम् ॥**
**नवांतनवलिगंच वृद्धिर्वोमुद्रमानिका ॥३११॥**

અર્થઃ–રત્નનું લીંગ કેટલા માપથી બનાવવું તેની વિધી કહેવામાં આવે છે. રત્નનું લીંગ એક આંગળથી તે નવ આંગળ સુધી વધારી શકાય, અથવા તો મુદ્રમાનીકા સુધી તેનું વધારવાનું માપ છે. આવો શાસ્રનો મત છે. ૩૧૧

**धातुरष्टांगुलं पूर्वं मष्टांगुलवर्धनात् ॥**
**त्रीहस्तांतंनवैच स्फुलिगानिचयथाक्रमम ॥३१२॥**

અર્થઃ–ધાતુના લીંગની વૃદ્ધિ કયાંથી કયાં સુધી બનાવવાં તેનું વર્ણન કરવામાં આવે છે. ધાતુનું લીંગ આઠ આંગળથી ત્રણુ હાથ સુધીનું બનાવી શકાય. આ પ્રમાણે ક્રમથી ધાતુનાં લીંગ બનાવવાં. ૩૧૨

**द्रढाकाष्टमयंलींग कर्तव्याशोडशांगुला ॥**
**शोडशांगुलकांवृद्धि खटकराननवैवहा ॥३१३॥**

અર્થઃ–લાકડાનું લીંગ સુંદર મજબુત કયાંથી કયાં સુધી

બનાવવું તેનું વર્ણન કરવામાં આવે છે. લાકડાનું લીંગ સોલ આંગળથી આરંભીને છ હાથ સુધીનું બનાવવું તેમજ છ મુખવાળું પણ બનાવી શકાય છે. આવો શાસ્ત્રનો સિધાન્ત છે. ૧૧૩

हस्तादीनवहस्तांतं शैललींग विधियते ॥
हस्तवृद्धानचैयस्युः मध्येवृधियदुछया ॥३१४॥

અર્થઃ-પાષાણનું લીંગ સુંદર એક હાથથી આરંભીને નવ હાથનું બનાવવું પરંતુ એકદમ નવહાથનું ન બનાવવું. પ્રાસાદના ગભારાનું માપ તપાસીને તથા બનાવનારની ઈચ્છાનુસાર બનાવે તો તેમાં કાંઈ હરકત નથી. સારૂ શોભાયમાન થાય તે પ્રમાણે બનાવવું પરંતુ બેદરકારીથી ઘાટ વીનાનું નજ બનાવવું. ૩૧૪

स्थुलंखंडंचदीर्घंच स्फुटीनंछीद्रसंयुतम ॥
बींदुयुतंमध्यहिनंच बहुवर्णंव भवेत्यदि ॥३१५॥

અર્થઃ-બહુજ જાડું, ઘણા ખંડવાળુ ઘણુંજ તેડવાળુ, ઘણાંજ છીદ્રોવાળુ, ઘણાંજ બીંદુવાળુ, મધ્યભાગમાં ઘણુંજ પાતળુ અને ઘણાજ વર્ણવાળુ એવી જો લીંગની આકૃતિ હોય તો ૩૧૫

मतिमान् वर्जयेतलींग सर्वदोषकरंयतः ॥३१६॥

અર્થઃ-અને શાસ્ત્રની વિધીથી રહીત હોય તો બુદ્ધિમાન પુરૂષોએ તેની કોઇ દીવસ પુજા કરવી નહિ. કારણકે તેવા શંકરના લીંગની પુજા કરવાથી શાસ્રોમાં જેટલા દોષો

"Aho Shrutgyanam"

લખ્યા છે તે દોષો તે પુજા કરનારને લાગે છે તેમજ તેના ધનનો નાશ થાય છે તેમજ દરીદ્રી થાય છે અને તેનું આયુષ્ય પણ ટુંકું થાય છે. ૩૧૬

**ग्रथान्तरे महान दीसमुद्भुतंसीद्र क्षेत्रादिसंभवः ॥**
**पाषाण प्रमाभत्यालीगंवत् पूजयेतसुधिः ॥३१७॥**

અર્થ:—બીજા કેટલાક શાસ્રોમાં મોટી તીર્થક્ષેત્રોની નદીઓમાં તેમજ બીજા સિદ્ધક્ષેત્રોમાં જો પાશાણનું લીંગ તેની મેળે ઘડયા સિવાયનું મળી આવે તો તે સુંદર હોય તેમજ આ શાસ્રના પ્રમાણથી યુક્ત હોય અથવા અયુક્ત હોય તોપણ તે લીંગની પુજા વિદ્વાન પુરૂષોએ કરવી તેમાં કાંઈ દોષ નથી આવો શાસ્રોનો મત છે. ૩૧૭

**सर्वदानेषुतपोदानं तीर्थवेदेषुयतफलम् ॥**
**तत्फलं कोटीगुणितः प्राथ्यनेलिंग पुजनात् ॥३१८॥**

અર્થ:—દરેક દાનમાં તપનું દાન ઉત્તમ છે. દરેક તીર્થ કરવાથી જે ફળ મળે તેમજ દરેક વેદ ભણવાથી જે ફળ મળે તેથી કરોડો ઘણુંજ ફળ પાર્થેશ્વર લીંગની પુજા કરવાથી મળે છે આવો શાસ્રોનો મત છે. ૩૧૮

**शतवारं कुरुक्षेत्रे सहस्रजानवीजले ॥**
**लक्षवारं नर्मदायां कोटीचकुरुजांगले ॥३१९॥**

અર્થ:—સો વખત કુરૂક્ષેત્રમાં સ્નાન કરે, હજાર વાર ગંગામાં સ્નાન કરે, લાખ વાર નર્મદામાં સ્નાન કરે, કરોડો વખત કુરૂદેશમાં અને જાંગલ દેશમાં સ્નાન કરે અને જે

"Aho Shrutgyanam"

પુણ્ય થાય તે પુણ્ય પાર્થેશ્વર લીંગની પુજા કરવાથી થાય છે. ૩૧૯

कृत्वास्नानं तथापींडं होमदानंच भोजनम् ॥
भोजनं कुरुतेकोटीवारं सर्वपुण्यलमेत्नरः ॥३२०॥

અર્થઃ—ઉપર પ્રમાણે સ્નાન કરે, પીંડદાન આપે, હોમ કરે, દાન કરે, બ્રહ્મ ભોજન કરોડવાર કરાવે ને જે ફળ મળે તે શંકરના લીંગની પુજા કરવાથી મળે છે આવો શાસ્ત્રનો મત છે. ૩૨૦

उपरि उपरिपीठानां संधीरगावसानके ॥
नालस्थमध्यमध्येच कर्णोसंधिनसंधयः ॥३२१॥

અર્થઃ—મહાદેવની જળાધારીની ઉપર જે પાળ આવે છે, તેની સંધી બરાબર બેસાડવી અને જલાધારીનું નાળચુ છે ત્યાંનોજ મધ્ય ભાગ છે, તે મધ્ય ભાગમાં જે પત્થર મુકવામાં આવે છે તે પત્થર આખો મુકવો પરંતુ બીજા પત્થરની સંધી કરીને મુકવો. તેમજ જળાધારીનું નાળચુ છે તેની પાસે છીદ્ર રાખવામાં આવે છે, તે છીદ્રને સારી રીતે સુંદરતાથી ગોઠવીને રાખવું. કે જેથી જળાધારીમાં પાણી પડે તે પાણી તરતજ તે છીદ્રથી બહાર ચાલ્યું જાય. આ પ્રમાણે છીદ્રને ગોઠવવું તેથી શંકરના લીંગ પાસે ગંદકી થતી નથી. ૩૨૧

चतुरस्त्रादिवृत्तानां पीठीकादशधासमृता ॥
उन्नतादशधाकारा बाहमेमेखलयायुता ॥३२२॥

અર્થઃ—પીઠીકામાંથી પાણી જવાની બાર જળાધારીના

"Aho Shrutgyanam"

ચાર ભાગથી અથવા ત્રણ ભાગથી અથવા જો મોટી જળા-
ધારી હોય તો દસ ભાગથી ગોઠવવી તેમજ ઉંચી પણ ચાર
ભાગથી, ત્રણ ભાગથી અથવા તો દસ ભાગથી તેમજ
બહારથી જળાધારીને મેખલાથી યુક્ત અને સુંદર આકૃતિ-
વાળી બનાવવી. ૩૨૨

त्रीशोदंशतुपीठायाश्च जगत्यांच परिक्षीपेत् ॥
उर्द्धाधोजाबाह्य कुंभस्य तन्मध्येकर्णकं भवेत् ॥३२३॥

અર્થ:—જે જળાધારી છે તેના ત્રીશ અંશથી માપ કાઢી-
ને મહાદેવની જગતી બનાવવી તેમજ મહાદેવ ઉપર જળા-
ધારી જે અભીષેક માટે ઘડો રાખવામાં આવે છે તેને મહા-
દેવના થાળાથી ત્રીશ અંશ ઉંચો રાખવો આવો શાસ્ત્રનો
મત છે. ૩૨૩

वामेगणाधिपस्थाप्यो दक्षिणेपार्वतीतथा ॥
नैरुत्ये भासकर विवातः वायव्येचजनार्दनम् ॥३२४॥

અર્થ:—પંચદેવ:—ડાબી તરફ ગણપતી, જમણી તરફ
પાર્વતીદેવી, નૈરૂત્ય ભાગમાં સૂર્યનારાયણ, વાયવ્ય ભાગમાં
જનાર્દન ભગવાન અને બરાબર મધ્યભાગમાં મહાદેવની
સ્થાપના કરવી. આ પ્રમાણે પંચ દેવની મૂર્તિની સ્થાપના
કહેવાય છે. ૩૨૪

## મહાદેવના મંદિરના દ્વારપાળ.

मातुलिंगंचनागेंधः डमरुबीजपुरंकम् ॥
नादाम्रकुटसौम्यद्वारे सर्वाभरण भूषितम् ॥३२५॥

"Aho Shrutgyanam"

અર્થઃ—હવે મહાદેવના મંદીરના દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે. ઉત્તર દિશાનો દ્વારપાળ, તેના જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં નાગેંદ્ર, ડાબી બાજુના એક હાથમાં ડમરૂ, બીજા હાથમાં બીજોરૂ આ પ્રમાણે દરેક પ્રકારના આભુષણુથી શોભાયમાન **નાદમુકુટ નામનો દ્વારપાળ ઉત્તર દીશામાં** બનાવવો. ૩૨૫

**खटवांगंवकपालंच डमरुबीज पुरकम् ॥**

**दंट्राकरालवदनो महाकायस्तु दक्षिणे ॥३२६॥**

અર્થઃ—હવે દક્ષિણ દિશાના દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે. તેમાં જમણી બાજુના એક હાથમાં ખટાંગ, બીજા હાથમાં કપાલ તેમજ ડાબી બાજુના એક હાથમાં ડમરૂ, બીજા હાથમાં બીજોરૂ આ પ્રમાણે ચારે હાથમાં આયુદ્ધ આપવાં અને મોટી મોટી દાઢો અને દાંતોવાળો ભયંકર મુખવાળો અને મોટા શરીરવાળો આ પ્રમાણે **મહાકાયસ્તુ નામનો દ્વારપાળ** બનાવવો. ૩૨૬

**तर्जनीच त्रीषुलंच डमरुगजमेवच ॥**

**हेरंबोवाम भागेस्यात् भृगी दक्षिण स्मृत ॥३२७॥**


**गजडमरु खनदगं तर्जनिवामहस्तकम ॥**

**उभौचदक्षिणे द्वारे भृगीदक्षिणतशुभः ॥३२८॥**

અર્થઃ—પૂર્વ દિશાના દ્વારના ડાબા તથા જમણા એવા બે પ્રતિહારનું વર્ણન કરવામાં આવે છે. દ્વારની ડાબી બાજુના **હેરંબ નામના દ્વારપાળના** જમણી બાજુના એક હાથમાં તર્જની, બીજા હાથમાં ત્રીશુલ. ડાબી બાજુના એક હાથમાં ડમરૂ અને બીજા હાથમાં હાથી આ પ્રમાણે ચારે હાથમાં ચાર આયુદ્ધ આપવાં. ૩૨૭

"Aho Shrutgyanam"

# કાશી વિશ્વનાથના મંદીરનું દ્વાર.



"Aho Shrutgyanam"

જમણી બાજુના દ્વારપાળના એક હાથમાં હાથી, બીજા હાથમાં ડમરૂ, ત્રીજા હાથમાં ખનદ્ર અને ચોથા હાથમાં તર્જની આ પ્રમાણે ચાર આયુદ્ધવાળો **ભૃગી નામનો દ્વારપાળ** પૂર્વ દિશાના દ્વારમાં જમણી બાજુ બનાવવો.

**त्रीषुलं डमरुं चैव खट्वांगंचकपालकम् ॥**
**पश्चिमे द्वारे कृतव्यो भृंगीनामच प्रतिहारः ॥३२९॥**

અર્થ-પશ્ચિમ દિશાના દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે. તેના એક હાથમાં ત્રીશુલ, બીજા હાથમાં ડમરૂ, ત્રીજા હાથમાં ખટ્વાંગ અને ચોથા હાથમાં કપાળ આ પ્રમાણે ચાર આયુધથી ચાર હાથ શોભાયમાન એવા **શ્રૃંગી નામના દ્વારપાળ** પશ્ચિમ દિશાના સમજવા. ૩૨૯

## ગૌરીની મૂર્તિનું વર્ણન.

**अथगौर्याप्रवक्ष्यामि प्रमाणमूर्तीनीर्णयः ॥**
**चतुर्भुजा त्रीनेत्राच सर्वाभरणभूषिता ॥३३०॥**

અર્થઃ-ગૌરીની મૂર્તિને ચાર ભુજા, ત્રણ નેત્ર અને દરેક પ્રકારના આભુષણુથી શોભાયમાન સુંદર ગૌરીદેવીની શાસ્ત્રના નીયમ પ્રમાણે મૂર્તિ બનાવવી. ૩૩૦

**अक्षसूत्राशीवंदेव गणाद्यक्षाकमंडलुः ॥**
**पक्षयेद्द्वै अग्निकुडस्य पर्वतोत् भवाचसा ॥३३१॥**

"Aho Shrutgyanam"

અર્થ:–**પર્વતોદ્ભવાની:**–નામની દેવીનું વર્ણન કરવામાં આવે છે. તેમાં શંકર જેના દેવ છે અને ગણેશજી જેવા અધ્યક્ષ છે, તેમજ એક હાથમાં અક્ષમાળા, બીજા હાથમાં કમંડળને ધારણ કરનાર અને બન્ને બાજુમાં અગ્નિના કુંડ શોભાથી યુક્ત બે હાથમાં ગોઠવાએલા છે. આ પ્રમાણે પર્વતોદ્ભવાની નામની દેવીની મૂર્તિ બનાવવી. ૩૩૧

**अक्षसूत्र तथा पद्म अभयंचापस्तथैव च ॥**
**गोधाम्रा मीयामूर्ती ग्रहे पुज्याश्रीये सदा ॥३३२॥**

અર્થ:–**ગોધામ્રા:**–નામની દેવીનું વર્ણન કરવામાં આવે છે. તેના એક હાથમાં અક્ષસૂત્ર (સ્ફાટીકની માળા) બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં અભયદાનને આપવાવાળી (મુદ્રા) અને ચોથા હાથમાં ચાપ, આ પ્રમાણે સુંદર ગોધામ્રા દેવીની મૂર્તિ હમેશાં ઘરમાં પુજવા માટે બનાવવી. તે સર્વ પ્રકારે સુખ તેમજ લક્ષ્મીને આપનાર થાય છે. ૩૩૨

**कमंडलाक्षसूत्रंच बीभ्राणा वज्रांकुशम ॥**
**गजासनस्थीतारंभा कर्तव्या सर्वकामदा ॥३३३॥**

અર્થ:—**રંભા દેવીની મૂર્તિનું** વર્ણન:–તેના એક હાથમાં કમંડલ, બીજા હાથમાં અક્ષમાળા, ત્રીજા હાથમાં વજ્ર અને ચોથા હાથમાં અંકુશ. હાથીના આસન ઉપર બેઠેલી અને સર્વ કામનાને દેવાવાળી તેવી ચાર ભુજાથી યુક્ત તેમજ ચારે ભુજાઓમાં ચાર આયુદ્ધથી યુક્ત તેવી રંભા નામની સારી સુંદર મૂર્તિ બનાવવી. ૩૩૩

"Aho Shrutgyanam"

**नागापाशांकुशाचैव अभयदेवरदंकरः ॥**
**त्रीपुरानन संयुज्या वंदितात्रीदशैरपी ॥३३४॥**

અર્થ:–**નાગાપાશ દેવીનું** વર્ણન કરવામાં આવે છે. તેના એક હાથમાં નાગપાશ, બીજા હાથમાં અંકુશ, ત્રીજા હાથમાં અભય (મુદ્રા) ચોથા હાથમાં વરદ (મુદ્રા) અને મહાદેવથી યુક્ત તેમજ ત્રણે લોકને વંદન કરવા યોગ્ય આ પ્રમાણે નાગાપાશ દેવીની સુંદર મૂર્તિ બનાવવી. ૩૩૪

**गौर्यमूर्तीयवामे सिद्धि श्रियान्येत्र्ये सावित्रि ॥**
**पश्चमे पृष्ट कर्णद्रकार्यो भगवतिसरस्वती ॥३३५॥**
**इशाने गणेश स्थाप्येत् कुमारोग्निकाणके ॥**
**मध्यमे गौरी प्रतिष्टप्य सर्वा भरण भूषीत ॥३३६॥**

અર્થ:–**ગૌરી દેવીના મંદીરમાં** કયા દેવ કઇ દિશામાં સ્થાપન કરવા તેનું વર્ણન કરવામાં આવે છે. ગૌરીની મૂર્તિની ડાબી બાજુમાં સિદ્ધી અને શ્રી તથા અત્રી અને સાવીત્રી દેવી. જમણી બાજુમાં અને પાછળના ભાગમાં ભગવતી અને સરસ્વતી દેવીને સ્થાપીત કરવાં. ૩૩૫

ઇશાન કોણુમાં ગણેશદેવને બીરાજમાન કરવા તેમજ અગ્નિ કોણુમાં કાર્તિકસ્વામીની મૂર્તિને અને મધ્ય ભાગમાં દરેક પ્રકારના આભુશણોથી શોભાયમાન, સુંદર ગૌરીદેવીની મૂર્તિ બનાવીને સ્થાપન કરવી. ઇતી ગૌરી આયતન. ૩૩૬

**अभयांकुशपात्रादंडैर्जपावैतु पूर्वतः ॥**
**सव्यापसव्य योगेन विजयानामासा भवेत् ॥३३७॥**

"Aho Shrutgyanam"

અર્થ:-**વિજયા દેવીનું** વર્ણન કરવામાં આવે છે. તેમાં એક હાથમાં અભય, બીજા હાથમાં અંકુશ, ત્રીજા હાથમાં પાત્ર, ચોથા હાથમાં દંડ. ડાબી અને જમણી બાજુના ભાગમાં જપમાળાને ધારણ કરનાર આવી સુંદર દેવીની મૂર્તિ વિજયા કહેવાય છે. ૩૩૭

## ગણેશ દેવની મૂર્તિઓનું વર્ણન.

**अभयांकुशपाशदंडै अजिता वैराजिता ॥**
**वज्रांकुशदंडैविभक्ता शोभिता मंगलापिच ॥३३८॥**

અર્થ:-**અજીતા અને વૈરાજીતા**:-નામના ગણેશની મૂર્તિને એક હાથમાં અભય, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં પાશ, અને ચોથા હાથમાં દંડ. આ પ્રમાણે ચાર ભુજાઓમાં ચાર આયુદ્ધ યુક્ત, અજીતા અને વૈરાજીતા નામની ગણેશની મૂર્તિ બનાવવી.

**વિભક્ત** અને **મંગલા**:-નામના ગણેશની મૂર્તિને એક હાથમાં અભય, બીજા હાથમાં વજ્ર, ત્રીજા હાથમાં અંકુશ અને ચોથા હાથમાં દંડ. આ પ્રમાણે વિભક્ત અને મંગલા નામની ગણેશ દેવની મૂર્તિ બનાવવી. ૩૩૮

**अभयंसपद्मदंडै मोहनीस्थंभनीतथा ॥**
**जयाचविजयाचैव अजितात्वपराजीता ॥३३९॥**

અર્થ:-**મોહની સ્થંભ**:-નામની ગણેશની મૂર્તિઓનું વર્ણન કરવામાં આવે છે તેમજ બીજી ગણેશદેવની મૂર્તિનું પણ વર્ણન કરવામાં આવે છે. તેમાં એક હાથમાં અભય

"Aho Shrutgyanam"

અને કમળ બન્નેને ધારણ કરનાર, તેમજ બીજા હાથમાં દંડને ધારણ કરનારી અને સુંદરતાથી યુક્ત મોહની સ્થંભની **જયા, વીજયા, અજીતા** અને **અપરાજીતા** નામોની ગણેશની મૂર્તિઓ બનાવવી. ૩૩૯

**विभक्तामलांचैव श्रीलोकमोहनितथा ॥**
**गौर्यापापातनंभृषद्व मोहकंगजानना ॥३४०॥**

અર્થઃ—તેમજ **વિભક્તા, મંગલા, શ્રીલોક, મોહની, ગૌરી અયાપા** અને **ગજાનન** તેમજ **મોહક** આ નામોની ગણેશદેવની મૂર્તિઓ ઉપર કહેલા આયુધથી યુક્ત બનાવવી. ૩૪૦

**गणेशोमुशकारुढो विभूण सर्व कामदा ॥३४१॥**

અર્થઃ—તેમાં ગણેશની મૂર્તિને ઉંદરના વાહન ઉપર આરૂઢ કરવી, તે મૂર્તિ સર્વ કામોને આપનારી થાય છે તેમજ દરેક પ્રકારના વિઘ્નોને દુર કરનારી થાય છે. માટે ગણેશ દેવની મૂર્તિઓ શાસ્ત્રની વિધીથી બનાવવી. ઇતિ ગણેશ આયતન. ૩૪૧

**वरतथांकुशदंतः धारयेतकरैरश्चैः ॥**
**पंचवक्र त्रोलोचनः हेरंबमुशकारुढः ॥३४२॥**

અર્થઃ—**વક્રતુંડઃ**—નામના ગણેશ દેવની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. તેમાં એક હાથમાં વરદ, (મુદ્રા) બીજા હાથમાં અંકુશ અને એક દંતથી સુંદર મુખવાળી તેમજ પાંચ મુખવાળી અને ત્રણ નેત્રવાળી. મહાદેવ પોતાના ખોળામાં ગણેશની મૂર્તિને બેસાડીને પોતાના હાથથી પકડી

"Aho Shrutgyanam"

રાખેલ તેવી અને ઉંદરના વાહનથી શોભાયમાન આવી વક્રતુંડ ગણેશની મૂર્તી બનાવવી. ૩૪૨

**वामांगेगजकर्ण तु सिद्धिदद्याचदक्षिणे ॥**
**पृष्टकर्णतदाद्योच धुम्रकोबालचन्द्रमाः ॥३४३॥**
**उत्तरेतुसदागौरि वाम्येचैव सरस्वती ॥**
**पश्चिमे यक्षराक्षश्च बुद्धि पूर्वेषुसंस्थीता ॥३४४॥**

અર્થ–ગણેશ દેવના દેરાશરમાં ડાબી બાજુમાં **ગજકર્ણ**, દક્ષીણ બાજુમાં **સિદ્ધી** અને પાછલા ભાગમાં **બાલચંદ્રમા** તથા **ધુમ્રક** આ બન્નેને પાછળ રાખવા. ૩૪૩

તેમજ ઉત્તરભાગમાં **ગૌરી દેવી** આગલા ભાગમાં **સરસ્વતી દેવી**, પશ્ચિમ ભાગમાં **યક્ષ** અને **રાક્ષસો.** પૂર્વ દિશા તરફ **બુદ્ધિ** આ પ્રમાણે ગણેશના દેરાશરમાં આટલા દેવોની સ્થાપના કરવી એવો શાસ્ત્રનો મત છે. ૩૪૪

**सर्वाचवामनाकारा सौम्याचरुपानना ॥**
**तर्जनीयाशुपद्म विघ्नोदंड हस्तकः ॥३४५॥**

અર્થઃ–**વિઘ્નહરઃ**–નામના ગણેશદેવના દેરાશરના દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે. તેમાં દરેક ગણપતીના દ્વારપાળ વામન આકારના બનાવવા અને સુંદર આકૃતીવાળા તેમજ શોભાયમાન મુખવાળા અને એક હાથમાં તર્જની બીજા હાથમાં બાણ, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં વિઘ્નોને નાશ કરનાર એવા દંડને ધારણ કરનાર આ પ્રમાણે **ઉત્તર દિશાનો** દ્વારપાળ બનાવવો. ૩૪૫

"Aho Shrutgyanam"

**तर्जनीर्दंडासव्ये दक्षीणे दलवात भैरतः ॥**
**तर्जनीबाणचापंचदंतचगजर्णक ॥३४६॥**

અર્થ:–ગજકર્ણ નામના દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે તેના ડાબા હાથમાં તર્જની, બીજા હાથમાં દંડ અને જમણી બાજુના બે હાથ તેમાં એક હાથમાં તર્જની અને બીજા હાથમાં બાણ આ પ્રમાણે ચાર હાથમાં ચાર આયુદ્ધ આપવાં. એવા સુંદર આકારના ગજકર્ણ નામના **દક્ષિણ દિશાના** દ્વારપાળ બનાવવા. ૩૪૬

**तर्जनीडायसव्यै गोकर पश्चिमे स्थिते ॥**
**तर्जनीपद्माकुशदंडः हस्तमौसुसोम्यकम ॥३४७॥**

અર્થ:–ગોકર **નામના:**–દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે. તેમાં એક હાથમાં તર્જની, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં અંકુશ અને ચોથા હાથમાં દંડ આ પ્રમાણે **પશ્ચિમ દિશાનો** ગોકર નામનો દ્વારપાળ બનાવવો. ૩૪૭

**तर्जनीऽपसव्येचस चैव शुदायका पक्ष ॥**
**चतुर्द्वारादीके सर्वे प्राच्या पृष्ट संस्थीताम ॥३४८॥**

અર્થ:–**અભયદાયક:**–નામનો દ્વારપાળ તેનું વર્ણન કરવામાં આવે છે તેમાં એક હાથમાં તર્જની, બીજા હાથમાં કમળ, ત્રીજા હાથમાં અંકુશ અને ચોથા હાથમાં દંડ. આ પ્રમાણે સુંદર આકૃતીવાળો અને ચાર ભુજાઓમાં આયુધ-વાળો **પૂર્વ દીશાનો** દ્વારપાળ અભયદાયક નામનો બનાવવો. આ પ્રમાણે ગણેશ દેવના દેરાશરમાં ચારે દિશામાં

"Aho Shrutgyanam"

ચાર દ્વારપાળો બનાવવા એવો શાસ્ત્રનો મત છે. ઇતિ ગણેશ પ્રતિહાર. ૩૪૮

## કાર્તિક સ્વામીની મૂર્તિનું વર્ણન.

**कार्तिकेय प्रवक्ष्यामि तरुणादिन्यसन्छिभम् ॥**
**कमलोदलवर्णनवर्णभि कुमारं सुकुमारकम् ॥३४९॥**

અર્થ:-હવે કાર્તિક સ્વામીની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. સુંદર તરૂણાવસ્થાથી શોભાયમાન અને કમળના સરખા વર્ણવાળા, નાના બાળક જેવી જેની સુકુમાર કોમળતાથી યુકત અને જેની મૂર્તિ અત્યન્ત દેદીપ્યમાન છે. ૩૪૯

**गडकैश्चीरकैयुतं मयुरवर वाहनः ॥**
**स्थीनियंखेटनगरै भुजाद्वादशकल्पयेत् ॥३५०॥**

અર્થ:-સુંદર પીંછાઓથી સુશોભીત તેમજ માથા ઉપર કલગી તથા સુંદર કાંઠલાથી શોભાયમાન અને દરેક મયુરોમાં શ્રેષ્ટ એવા મયુર વાહનવાળી તેમજ ખેટક નગરની અંદર સ્થીર રહેનાર અને સુંદર બાર ભુજાઓથી શોભાયમાન. ૩૫૦

**चतुर्भुजंकर पुटैस्यात् धर्नगमेधिबाहुकम ॥**
**दक्षिणे शक्तिपाशोच खद्रबाणत्रिषुलंच ॥३५१॥**

અર્થ:-તેમાં ચાર ભુજાઓથી સંપુટ કરાવવો અને તેમાં એક જમણા હાથની આંગળીથી યોગ મુદ્રા કરાવવી તેમજ જમણી બાજુના હાથમાં શું શસ્ત્રો આપવાં તેનું વર્ણન કરવામાં આવે છે. તેમાં પહેલા હાથમાં શકિત, બીજા હાથમાં

"Aho Shrutgyanam"

પાશ ત્રીજા હાથમાં ખડ્ગ ચોથા હાથમાં બાણ અને પાંચમા હાથમાં ત્રીશુલ-૩૫૧

वरदत्तश्चैक हस्तेसः अथवात्रयेदोमतः ॥
धनुपताकामुष्टींच तर्जनी तु प्रसारिता ॥३५२॥

અર્થઃ—અને છઠા હાથમાં વરદ અથવા ત્રયદ આપવું. હવે ડાબી બાજુના હાથમાં શું આપવું તેનું વર્ણન કરવામાં આવે છે. એક હાથમાં ખેટક, બીજા હાથમાં તામ્રચુડ, ત્રીજા હાથમાં ધનુષ્ય, ચોથા હાથમાં પતાકા અને પાંચમા હાથની મુઠીમાં તર્જની

शडभुजेशक्तिस्यात् वरदामूर्ती एवंस्यात् ॥
कर्तव्याशास्त्र प्रमाणतः शुभ फलदायका भवेत् ॥३५३॥

અર્થઃ—અને છઠા હાથમાં શકિત આપવી. આ પ્રમાણે શાસ્ત્રોના પ્રમાણુથી અત્યન્ત શોભાયમાન અને વરદાનને આપવાવાળી કાર્તિક સ્વામીની મૂર્તિ બનાવવી તે ફળ આપનાર થાય છે. ઈતીકાર્તીકેય ૩૫૩



"Aho Shrutgyanam"

## મહાદેવના મંદીરના દ્વારપાળનું કોષ્ટક.

### નાદમુકુટ.

| | |
|---|---|
| ૧ હાથમાં બીજોરૂ | ૧ હાથમાં ડમરૂ |
| ૨ ,, નાગેન્દ્ર | ૨ ,, બીજોરૂ |

ઉત્તરદિશાનો દ્વારપાળ.

### મહાકાયસ્તુ.

| | |
|---|---|
| ૧ હાથમાં ખટવાંગ | ૧ હાથમાં ડમરૂ |
| ૨ ,, કપાલ | ૨ ,, બીજોરૂ |

દક્ષિણદિશાનો દ્વારપાળ.

### ભૃંગીનામનો.

| | |
|---|---|
| ૧ હાથમાં હાથી | ૧ હાથમાં ખડ્ગ |
| ૨ ,, ડમરૂ | ૨ ,, તર્જની |

પૂર્વદિશાનો જમણી બાજુનો દ્વારપાળ

### હેરંબ નામનો.

| | |
|---|---|
| ૧ હાથમાં તર્જની | ૧ હાથમાં ડમરૂ |
| ૨ ,, ત્રીશુળ | ૨ ,, હાથી |

પૂર્વદિશાનો ડાબી બાજુનો દ્વારપાળ.

### શ્રૃંગી નામનો.

| | |
|---|---|
| ૧ હાથમાં ત્રીશુળ | ૧ હાથમાં ખટ્વાંગ |
| ૨ ,, ડમરૂ | ૨ ,, કપાલ |

પશ્ચિમ દિશાનો દ્વારપાળ.

## ગૌરીની મૂર્તિના આયુધનું કોષ્ટક.

### પર્વતો ભવાની.

| | |
|---|---|
| ૧ હાથમાં અગ્નિનો કુંડ | ૧ હાથમાં અગ્નિનો કુંડ |
| ૨ ,, અક્ષમાળા | ૨ ,, કમંડલ |

### ગોધાગ્રા દેવી.

| | |
|---|---|
| ૧ હાથમાં અક્ષસૂત્ર | ૧ હાથમાં અભય (મુદ્રા) |
| ૨ ,, કમળ | ૨ ,, ચાપ |

વાહન આખલાનું.

### રંભાદેવી.

| | |
|---|---|
| ૧ હાથમાં કમંડળ | ૧ હાથમાં વજ્ર |
| ૨ ,, અક્ષમાળા | ૨ ,, અંકુશ |

વાહન હાથીનું.

### નાગપાશ દેવી.

| | |
|---|---|
| ૧ હાથમાં નાગપાશ | ૧ હાથમાં અભય |
| ૨ ,, અંકુશ | ૨ ,, વરદ(મુદ્રા) |

### વિજયાદેવી.

| | |
|---|---|
| ૧ હાથમાં અભય | ૧ હાથમાં પાત્ર |
| ૨ ,, અંકુશ | ૨ ,, દંડ |

"Aho Shrutgyanam"

## ગણેશદેવના આયુદ્ધનું કોષ્ટક.

**અજીતા અને વૈરાજીતા.**

| | |
|---|---|
| ૧ હાથમાં અભય | ૧ હાથમાં પાશ |
| ૨ „ કમળ | ૨ „ દંડ |

**વિભક્ત અને મંગલા.**

| | |
|---|---|
| ૧ હાથમાં અભય (મુદ્રા) | ૧ હાથમાં અંકુશ |
| ૨ „ વજ્રા | ૨ „ દંડ |

શ્રીલોક મોહનગૌરી અપાયા અને ગજાનન વિગેરે ગણેશના નામોના આયુદ્ધ.

**મોહનીસ્થંભ.**

| | |
|---|---|
| ૧ હાથમાં અભય અને કમળ | ૧ હાથમાં દંડ |

જયા, વિજયા, અજીતા અને અપરાજીતા ગણેશદેવના આયુદ્ધ.

**વક્રતુંડ.**

| | |
|---|---|
| ૧ હાથમાં વરદ | ૧ હાથમાં અંકુશ |

પાંચ મુખવાળી ત્રણ નેત્ર વાહન ઉંદરનું.

## ગણેશના દેરાશરના દ્વારપાળનું કોષ્ટક.

**વિઘ્નહર.**

| | |
|---|---|
| ૧ હાથમાં તર્જની | ૧ હાથમાં કમળ |
| ૨ „ બાણ | ૨ „ દંડ |

ઉત્તરદિશાનો દ્વારપાળ.

**ગજકર્ણ.**

| | |
|---|---|
| ૧ હાથમાં તર્જની | ૧ હાથમાં તર્જની |
| ૨ „ બાણ | ૨ „ દંડ |

દક્ષિણ દિશાનો દ્વારપાળ.

**ગોકળ નામનો.**

| | |
|---|---|
| ૧ હાથમાં તર્જની | ૧ હાથમાં અંકુશ |
| ૨ „ કમળ | ૨ „ દંડ |

**અભયદાયક.**

| | |
|---|---|
| ૧ હાથમાં અંકુશ | ૧ હાથમાં તર્જની |
| ૨ „ દંડ | ૨ „ દંડ |

પૂર્વ દિશાનો દ્વારપાળ.

"Aho Shrutgyanam"

## કાર્તિક સ્વામીની મૂર્તિના આયુદ્ધનું કોષ્ટક.

| | |
|---|---|
| ૧ હાથમાં શક્તિ | ૧ હાથમાં ખેટક |
| ૨ ,, પાશ | ૨ ,, તામ્રચુડ |
| ૩ ,, ખડ્ગ | ૩ ,, ધનુષ્ય |
| ૪ ,, બાણ | ૪ ,, પતાકા |
| ૫ ,, ત્રીશુળ | ૫ ,, તર્જની |
| ૬ ,, વરદ | ૬ ,, શક્તિ |
| બાર ભુજા વાહન મોરનું. | |

"Aho Shrutgyanam"

# પ્રકરણ ૯ મું

## શક્તિદેવી મુર્તિનું વર્ણન

अक्षसूत्रांबुकपात्रैः अधोहस्तेप्रकारयेत्
पद्मयुग्मेलिलयास्यात् सर्वाभूषण शोभिता ॥३५४॥

અર્થઃ લીલાદેવીની મુર્તિનું વર્ણન કરવામાં આવે છે. તેમાં એક જમણા તથા ડાબા ઉપલા હાથોમાં, શોભાથી યુક્ત સુંદર લીલા રંગવાળા બન્ને હાથોમાં કમળો આપવાં. તેમજ નિચેના જમણા હાથમાં અક્ષમાળા, બીજા ડાબા હાથમાં કમંડલ અને દરેક પ્રકારના આભુષણોથી યુક્ત આવી લીલાદેવીની મૂર્તિ બનાવવી. ૩૫૪

वरंत्रीषुलं पद्मंच पान पात्रं करेतथा ॥
क्षेमंकरितदानाम क्षेमारोग्यदायिनी ॥३५५॥

અર્થઃ-ક્ષેમકરી દેવીનું વર્ણન કરવામાં આવે છે. તેમાં ચાર ભુજા બનાવવી. તેની જમણી બાજુમાં એક હાથમાં વરદ, બીજા હાથમાં ત્રીશુલ, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં પાણીનું પાત્ર આપવું. આ પ્રમાણે શાસ્ત્રના પ્રમાણથી મૂર્તિ બનાવી પુજે તો આરોગ્ય અને સુખને આપનારી થાય છે. ૩૫૫

कमंडलुंचखड्गंच डमरुपानमाकं ॥
हरीतथानाम सर्वेषां सिद्धिहेतवे ॥३५६॥

અર્થઃ-પ્રસીદ્ધિ નામની દેવી તેના એક હાથમાં કમંડલ, બીજા હાથમાં ખડ્ગ, ત્રીજા હાથમાં ડમરૂ અને ચોથા

"Aho Shrutgyanam"

હાથમાં પાત્ર આ પ્રમાણે પ્રસીદ્ધિ નામની દેવીની મૂર્તિં બનાવી પુજે તો સિદ્ધી આપનારી થાય છે. ૩૫૬

गोधासना भवेत् गौरि लीलयाहस्तवाहना ॥
सिंहारुढाभवेत् दुर्गामातर स्ववाहनी ॥३५७॥

અર્થ:-ગોધા આસનથી યુક્ત ગૌરીની મુર્તિં તથા હાથીના વાહનથી શોભાયમાન બનાવવી તેમજ સિંહના ઉપર સ્વારીથી શોભાયમાન દૂર્ગા દેવીની મૂર્તિં સમજવી. આ પ્રમાણે માતાજીની મૂર્તિંઓ આસનવાળી બનાવવી.

चंडिकाक्रुररुपाच पींगकेशाकृशोदरि ॥
रक्ताक्षिभग्ननेत्रंचनिर्मांसा विकृत आनना॥३५८॥

અર્થ:- ચંડીકા દેવીનું વર્ણન કરવામાં આવે છે; તેમાં તેનું રૂપ ભયંકર કરવું તેમજ માથાના કેશનો રંગ પીળચટો કરવો અને પેટનો ભાગ પાતળો બનાવવો, તેમજ નેત્રનો ભાગ લાલ રંગનો તેમજ કાંઈક મીચેલ નેત્રથી યુક્ત અને મુખનો દેખાવ પણ ભયંકર બનાવવો. ચંડીકા દેવીની મૂર્તિંને વાહન ઘુવડનું બનાવવું. ૩૫૮

व्याघ्रचर्म परिधान भुजंगाभरणान्विता ॥
कपालमालिनि कृदमासवासुढभयावहा ॥३५९॥

અર્થ:-કૃદમાદેવીની મૂર્તિંનું વર્ણન કરવામાં આવે છે. તેમાં વાઘનું ચાંમડુ જેમણે ધારણ કરેલ છે ઉંપવસ્ત્ર તરીકે અને સર્પોની માળાઓથી શોભાયમાંન તેમજ માણુસના ખોપરાની માળાને ધારણુ કરનાર અને ભયંકર આકૃતીવાળી, આવી કૃદમા દેવીની મૂર્તિં બનાવવી. ૩૫૯

"Aho Shrutgyanam"

त्रीशुलंखेटकंखद्र चतुपाशांकुशेशय ॥
कुगरो दर्पणं घंटा शंख चक्रगदापवि ॥३६०॥

અર્થઃ—પવી દેવીની મૂર્તિનું વર્ણન. તેને બાર ભુજાઓ બનાવવી જમણી બાજુના છ હાથમાં શસ્ત્રો આપવાની વિધી, તે એક હાથમાં ત્રીશુલ, બીજા હાથમાં ખેટક, ત્રીજા હાથમાં ખદ્ર, ચોથા હાથમાં ચતુઃ પાંચમા હાથમાં પાશ અને છઠા હાથમાં અંકુશ. ડાબી બાજુના હાથમાં તેમાં એક હાથમાં કુગર, બીજા હાથમાં દર્પણ, ત્રીજા હાથમાં ઘંટ, ચોથા હાથમાં શંખ પાંચમા હાથમાં ચક્ર અને છઠા હાથમાં ગદા, આ પ્રમાણે પવી દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૦

दंडामुद्गररद्रइत्यैत्यर्यथास्थानायुधैयुतः ॥
बाहुखोद्रासंस्युक्ता चामुंडा विघातिनी ॥३६१॥

અર્થઃ—ચામુંડાદેવીની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે, તેના જમણી બાજુના એક હાથમાં દંડ, બીજામાં મુદ-ગર, ત્રીજામાં રદ્ર, અને ચોથા હાથમાં ખોદ્ર આ પ્રમાણે ચાર ભુજાઓથી યુક્ત તેમ સુંદર આસન ઉપર શોભાયમાન ચામુંડાદેવીની મૂર્તિ બનાવવી. ૩૬૧

खद्रंपात्रंच मुशलैलगलंचविभक्तिसा ॥
आक्षातारक्त मुद्रादेवी योगेश्वरितिच ॥३६२॥

અર્થઃ—યોગેશ્વરી દેવીનું વર્ણન તેમાં જમણી બાજુના એક હાથમાં ખદ્ર, બીજા હાથમાં પાત્ર અને ડાબી બાજુના એક હાથમાં મુશલ, બીજા હાથમાં લગલ. આ

"Aho Shrutgyanam"

પ્રમાણે ચાર ભુજાઓથી શોભાયમાન, લાલ નેત્રવાળી તેમજ મુદ્રાથી યુક્ત યોગેશ્વરી દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૨

अयाव्याप्तम शीलं जगतस्थावर जंगमः ॥
ईमांये पूजयेतदैत्याः सव्याप्रोनी चराचरम् ॥३६३॥

અર્થ:-અયાદેવીનું વર્ણન કરવામાં આવે છે. જેની અંદર ત્રણે જગતની અંદર વ્યાપ્ત થએલી અને ચરા ચર જગતને ઉત્પન્ન કરનારી આ પ્રમાણે સુંદર સ્વરૂપવાળી અયાનામની દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૩

कात्यायनिततोवक्षे दशहस्तामजाभुजा ॥
तेज मदायतानित्यं नृपाणां सुखबोधिनी ॥३६४॥

અર્થ:-કાત્યાયની મૂર્તિનું વર્ણન કરવામાં આવે છે. લાંબા દશ ભુજાવાળી, મહાન તેજસ્વી, રાજાઓને સુખ આપનારી તેમજ શાન્ત સ્વરૂપવાળી અને સુંદર આભુષણોથી યુક્ત આવી કાત્યાયની દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૪

त्रीभंगीस्थानामहिशासुरसूदिनी ॥
दक्षेत्रीशुलखड्गंच चक्रबाणचसक्तिकां ॥३६५॥

અર્થ:-ત્રીભંગાદેવીઃ-તેને ચાર ભુજાઓ બનાવવી, તેમાં જમણી બાજુના એક હાથમાં ત્રીશુલ, બીજા હાથમાં ખડ્ગ ડાબી બાજુના એક હાથમાં ચક્ર, બીજા હાથમાં બાણ આ પ્રમાણે ત્રીભંગા દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૫

खेटकं पूर्णचापंच पाशमंकुशमेवच ॥
घंटानो वामनोदत्वा दैत्यमुर्धंजधत्कराम् ॥३६६॥

"Aho Shrutgyanam"

અર્થ:-**ભેરવી દેવીની** મૂર્તિ:-એક હાથમાં ખેટક, બીજા હાથમાં બાણુ, ત્રીજા હાથમાં પાશ, ચોથા હાથમાં અંકુશ અને પાંચમા હાથમાં ઘંટ તેમજ છઠા હાથમાં દૈત્યનું માથું આપવું, આવી ભયંકર મૂર્તિ છ ભુજાવાળી ભૈરવી દેવીની સમજવી. ૩૬૬

अधस्तात् महिषंदधत् असिखांप्रदर्शयतः ॥
शीरछेदोद्भवंतद्धः दानवंखद्रपाणिनम् ॥३६७॥

અર્થ:-**ત્રીલોચના દેવીનું** વર્ણન કરવામાં આવે છે. ત્રણ નેત્રવાળી, પગમાં પાડાને દબાવી ઉભેલ અને એક હાથમાં તરવાર, બીજા હાથમાં ખપર, ત્રીજા હાથમાં દૈત્યનું માથુ અને ચોથા હાથમાં ખદ્ર આ પ્રમાણે ત્રીલોચના દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૭

दद्रिशुलेर्नानमितेतिर्यदंतभूशितम् ॥
रक्तरक्तिकृतवर्णंच रक्तेविस्फारीतेक्षणः ॥३६८॥

અર્થ:-**રકતાક્ષ દેવી**:-તેમાં એક હાથમાં ત્રીશુલ, બીજા હાથમાં સાંગ તેમજ મોઢાનો એક દાંત વાકો વળવાથી શોભાયમાન અને શરીર ઉપર લાલ પોશાક ધારણ કરનાર લાલ ખુણા નેત્રથી ભયંકર સ્વરૂપવાળી રક્તાક્ષ દેવીની મૂર્તિ બનાવવી. ૩૬૮

देव्यास्तुदक्षीणेपाटः समंसिद्धोपरिस्थीतांम् ॥
किंचिदर्द्धधवामः मुगुष्टमहिषोपरीः ॥३६९॥

અર્થ **દેવ્યા દેવી**:—જમણા હાથમાં પાટ નામનું શસ્ત્ર અને ડાબા હાથમાં ખડગને ધારણ કરનાર તેમજ પાડાને

"Aho Shrutgyanam"

પગમાં દાબીને સિદ્ધોની માફક સ્થીર રહેલ આવી દેવ્યા દેવીની મૂર્તિ શાસ્ત્રની વિધી પ્રમાણે બનાવવી. ૩૬૯

## ચંડીકા દેવીના મંદીરના દ્વારપાળો.

चंडिकाया प्रतिहारान् कथयिष्यामि अनुक्रमात् ॥
करटश्चैव पींगलो भृगीटो तथा रक्तोक्षश्चसुलोचनः॥३७०॥
धुम्रकककदश्चैवदष्ट्रानविकर्कटास्य ॥
स्फुरद्दसनोज्यलो वैतालश्चतथैव च ॥३७१॥

અર્થ:—ચંડીકાના પ્રતિહારોનું વર્ણન કરવામાં આવે છે. કરટ, પીંગલ, ભૃગીટી, રક્તાક્ષ, સુલોચન, ધુમ્રક, કકદ અને વેતાલ જેના દાંત તથા દાઢો મહા ભયંકર છે. જેઓ દાંતને કટકટાવી રહેલા છે તેમજ જેના અધરોષ્ટ ફરકી રહેલા છે તેવા અને મહાન ઉગ્ર સ્વરૂપવાળા, આવા ભયંકર ચંડીકા દેવીના પ્રતિહારો બનાવવા. હવે પછી કેવા બનાવવા તેનું વર્ણન કરવામાં આવશે. ૩૭૦ થી ૩૭૧

बर्बरिरक्तदेहश्च रक्ताक्षस्वमहाबलीत ॥
तर्जनी चैव खट्वांगमुर्धजमरुदंडकौ ॥३७२॥

અર્થ—જાણે બોલતી હોય તેવી, લાલ રંગની અને ખુલ્લા લાલ નેત્રવાળી ચાર ભુજાઓથી યુક્ત તેમાં એક ભુજામાં તર્જની, બીજા હાથમાં ખટ્વાંગ, ત્રીજા હાથમાં મુર્ધજ અને ચોથા હાથમાં દંડ. ૩૭૨

वैतालस्तु समाख्यातो अपसव्यैर्कटायुत्तः ॥३७३॥

અને ડાબી બાજુના કેડના ભાગમાં કટાર જેમણે ધારણ કરી છે આવી વૈતાલની મૂર્તી બનાવવી. ૩૭૩

"Aho Shrutgyanam"

अभयंखद्गखेटं च दंड पिंगललोचनः ॥
वामाप सव्य योगेन भवेत भृगुटी नामकः ॥३७४॥

અર્થ—ભૃગુટીનામના દ્વારપાળનું વર્ણન કરવામાં આવે છે. તેમાં એક હાથમાં અભય (મુદ્રા) બીજા હાથમાં ખંજર, ત્રીજા હાથમાં ખેટક અને ચોથા દંડ તેમજ પીળા નેત્રવાળો અને જમણા તથા ડાબા શસ્ત્રોવાળા દ્વારની બે બાજુ ગોઠવવા. આયુદ્ધ જમણા તથા ડાબા આપવા. ૩૭૪

तर्जनी त्रीपुलंच खद्रांगं दंड एत्र च ॥
रक्तोनाम भवेद्सौ वामदक्षे सुलोचनः ॥३७५॥

અર્થ—રક્તાક્ષ નામનો દ્વારપાળ–તેના એક હાથમાં તર્જની, બીજા હાથમાં ત્રીશુલ, ત્રીજા હાથમાં ખંજર અને ચોથા હાથમાં દંડ આ પ્રમાણે રક્તાક્ષ નામનો જમણો અને સુલોચન નામનો ડાબો એવા બે બે પ્રતિહારો ચારે દિશામાં ગોઠવવા. ૩૭૫

दिग्धास्याक्ष युग्मेवच प्रशस्ता विघ्ननाशनः ॥३७६॥

અર્થ—સુલોચના નામના દ્વારપાળને આયુદ્ધ ઉપર પ્રમાણે સવ્ય પસવ્ય ગોંઠવા. મુખ ભયંકર, બે નેત્ર-વાળું સમગ્ર વિઘ્નોને નાશ કરનાર આવી મૂર્તિ, સુલોચન નામના દ્વારપાળની બનાવવી. ૩૭૬

## લક્ષ્મી દેવીની મૂર્તિ.

अष्ट पत्रांबुजसार्धे लक्ष्मी सिंहासने शुभे ॥
विनायकविदासीना सर्वा भरणभूषिता ॥३७७॥

"Aho Shrutgyanam"

અર્થ—આઠ પાંદડાવાળા કમળથી શોભાયમાન તેવા સિંહાસન ઉપર આરૂઢ થએલી અને ગણેજીની માફક બેઠેલાં અને દરેક આ ભુષણોથી સુશોભીત તેમજ ૩૭૭

उर्ध्वहस्तौ प्रकर्तव्यो देयापंकज धारीणौ ॥
वामेऽमृत घटो धत्त दक्षिणे मातुलिंगकम् ॥३७८॥

અર્થ—ઉપરના બન્ને હાથમાં સુંદર કમળોને ધારણ કરનાર, તેમજ નીચેના બે હાથમાં તેમાં ડાબી બાજુના એક હાથમાં અમૃતનો ઘડો, જમણી બાજુના હાથમાં બીજોરૂ આ પ્રમાણે લક્ષ્મી દેવીની શોભાયમાન સુંદર મૂર્તિ બનાવવી. ૩૭૮

## મહાલક્ષ્મી દેવી મૂર્તિ.

क्षेत्रकोलयुरदेते दक्षिणे मातुलिंगकम् ॥
महालक्ष्मियदर्चंते लक्ष्मिवत्सातदाकार्यो
रुपा भरणभूषता ॥३७९॥

અર્થ—જમણી બાજુમાં ક્ષેત્રકોલ, ડાબી બાજુની તરફ બીજોરૂ, લક્ષ્મી દેવીની માફક સર્વાભુષણથી શોભાયમાન. ૩૭૯

दक्षिणाधकरे पात्रमुर्ध्वकौदकिमवेत ॥
वामोर्ध्व खेटकं धते श्रीफलंदधतकरे ॥३८०॥

અર્થ—જમણા હાથમાં અમૃતનો ઘડો, બીજા હાથમાં કૌમુદી ઉપરના હાથમાં તેમજ ડાબા હાથમાં ખેટક અને જમણા હાથમાં શ્રીફળ આપવું આ પ્રમાણે છ ભુજાવાળી મહાલક્ષ્મિદેવીની મૂર્તિ શાસ્ત્રના પ્રમાણથી બનાવવી. ૩૮૦

"Aho Shrutgyanam"

## મહા વિદ્યા સરસ્વતી દેવીની મૂર્તિ.

एक चक्रचतु हस्ता मुकुटे न वीराजीता ॥
प्रभा मंडल संयुक्ता कुंडलानवितपरा ॥३८१॥

અર્થ—ચાર હસ્તોથી યુક્ત, સુંદર મુગટવાળી, એક ચક્રવાળી, સુંદર મંડળથી શોભાયમાન, સુંદર કુંડલોથી તથા સર્વ આભુષણોથી સુશોભીત તેમજ. ૩૮૧

अक्षा अंबु विणा पुस्तकं महा विद्या प्रकिर्तिता ॥
व राक्षाबु पुस्तकं च सरस्वति शुभावहा ॥३८२॥

અર્થ—એક હાથમાં સ્ફાટીકની માળા. બીજા હાથમાં વીણા, ત્રીજા હાથમાં પુસ્તક અને ચોથા હાથમાં વરદ, આ પ્રમાણે મહા વિદ્યા સરસ્વતી દેવીની મૂર્તિ મયુરવાહનથી આરૂઢ બનાવવી. ૩૮૨

## બ્રહ્માણી દેવીની મૂર્તિ.

हंसारूढ प्रकर्तव्या साक्षात्सूत्रकमंडलुः ॥
श्रुतं पुस्तकंधते उर्ध हस्ते धरेत् शुभा ॥ ३८३॥

અર્થ—એક હાથમાં કમંડલ, બીજા હાથમાં અક્ષમાળા, ત્રીજા હાથમાં ચાર વેદના પુસ્તકોને ધારણ કરનાર અને ચોથા હાથમાં વરદ (મુદ્રા) આ પ્રમાણે સુંદર હંસની સ્વારી ઉપર આરૂઢ થયેલાં એવી બ્રાહ્મણીદેવીની મૂર્તિ બનાવવી. ૩૮૩

## માહેશ્વરી દેવીની મૂર્તિ.

माहेश्वरी प्रकर्तव्या वृषभासनसंस्थिता ॥
कपालशुलखड्डगा वरदा च चतुर्भुजा ॥३८४॥

"Aho Shrutgyanam"

અર્થ—એક હાથમાં કપાલ, બીજા હાથમાં ત્રીશુલ, ત્રીજા હાથમાં ખડગ અને ચોથા હાથમાં વરદ પ્રમાણે ચાર ભુજાઓમાં ચાર શસ્ત્રો આપવાં અને આખલાના વાહનથી શોભાયમાન આવી માહેશ્વરીની મૂર્તી બનાવવી.

## કુમારીકા દેવીની મૂર્તિ.

कुमाररुप कौमारी सुशोभनामयुर वाहिनि ॥
रक्त वस्त्रधरा तद्वत्शुल गदापद्मधरा ॥३८५॥

અર્થ—એક હાથમાં ત્રીશુલ, બીજા હાથમાં શક્તિ ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં કમળ આ પ્રમાણે સુંદર કુમારીવસ્થાને ધારણ કરનાર અને શોભાયમાન, મયુર વાહન ઉપર આરૂઢ થયેલ તેમજ લાલ વસ્ત્રોને ધારણ કરનાર એવી કુમારી દેવીની મૂર્તિ સમજવી. ૩૮૫

## વૈદભવી દેવીની મૂર્તિ.

वैदभवी विदमुसदसी गरुडो परि संस्थिता ॥
चतुर्बाहु च वरदा शंख चक्र गदा धरा ॥३८६॥

અર્થઃ—એક હાથમાં વરદ, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં ગદા. આ પ્રમાણે ચંદ્રના સરખા મુખવાળી તેમજ ગરૂડના વાહન ઉપર બીરાજેલ અને ચાર ભુજાઓમાં ચાર શસ્ત્રોને ધારણ કરેલ એવી શોભાયમાન વૈદભવી દેવીની મૂર્તિ બનાવવી. ૩૮૬

## વારાહી માતાની મૂર્તિ.

वाराहितुषरंवक्ष्मि महिशा परि संस्थिता ॥
वाराह सदसी देवी घंटा चक्र धारिणी ॥३८७॥

"Aho Shrutgyanam"

गदा चक्र गदा चामर दान वेद्र विधातीनी ॥
लोकानां च पीनासा सर्वे व्याधि विनाशनी ॥३८८॥

અર્થ—એક હાથમાં ઘંટ, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં ગદા, ચોથા હાથમાં ચક્ર પાંચમા હાથમાં ગદા અને છઠ્ઠા હાથમાં ચામર આ પ્રમાણે ૭ ભુજાઓથી યુક્ત અને પાડાના વાહનથી શોભાયમાય તેમજ દહીતોનો નાશ કર-કરનારી એવી વારાહી દેવીની પૂજા કરનારા લોકોના દરેક પ્રકારના રોગોનો નાશ થાય છે. ૩૮૭ થી ૩૮૮

## ઇંદ્રાણી દેવીની મૂર્તિ.

इन्द्राणि तु इन्द्र सदसी वज्र शुल मदा नाग ॥
गजासन गजादेवी लोचनैर्बहुभीवता ॥३८९॥

અર્થ—એક હાથમાં વજા, બીજા હાથમાં ત્રીશુલ, ત્રીજા હાથમાં ગદા. અને ચોથા હાથમાં નાગને ધારણ કરનાર તેમજ બધા દેવ અને દેવીઓના કરતાં સુંદર નેત્રવાળી તેમજ ગજની સ્વારીથી શોભાયમાન તેવી ઇંદ્રાણી દેવીની મૂર્તિ બનાવવી. ૩૮૯

## ૭ ભુજાવાળી ચામુંડા દેવીની મૂર્તિ.

दिग्वा सुक्ष्म कुक्षिश्च कुशलवक्र मार्गणेः ॥
अंकुश विभूर्ति खद्र दक्षिणे पृथ वामतः
खेट पास धतु दंडकुमारोति विभृतम ॥३९०॥
चामुंडा प्रेतगारक्ताविक्रतास्याद विभूषिता ॥
विद्रित्रजावा भकर्तव्या कार्तिकार्ये रान्विता ॥३९१॥

"Aho Shrutgyanam"

અર્થ:-જમણી બાજુના એક હાથમાં અંકુશ, બીજા હાથમાં વિભૂતિ ત્રીજા હાથમાં ખંજર અને ડાબી બાજુના એક હાથમાં ખેટક, બીજા હાથમાં પાશ અને ત્રીજા હાથમાં દંડ આ પ્રમાણે છ ભુજાથી યુક્ત, સુંદર પાતળીકેડ વાળી. તેમજ ચક્રને ફેરવવામાં મહા કુશળ અને કુમારાવસ્થાથી શોભાયમાન, તેમજ પ્રેતના વાહનવાળી, મહા ભયંકર રાક્ષસોને નાશ કરવામાં તૈયાર રહેનાર એવી મહા ભયંકર મુખની આકૃતિવાળી તેમજ આભુષણોને ધારણ કરનારી એવી ચામુંડાદેવીની મૂર્તિ આ પ્રમાણે બનાવવી. ૩૯૦થી ૩૯૧

## માતૃકા દેવીની મૂર્તિ

वीरेश्वर रक्त भगवान वृषा रुद्दोधनुर्धरो ॥
वीणा हस्त त्रीपुलं च मात्रीणीमग्रनो भवेत् ॥३९२॥

અર્થ:-એક હાથમાં મહાદેવનું બાણ, બીજા હાથમાં ધનુષ્ય, ત્રીજા હાથમાં વીણા અને ચોથા હાથમાં ત્રીશુલ આ પ્રમાણે માતૃકાનીમૂર્તિ લાલ રંગની બનાવવી અને વૃષભ વાહન છે તેમજ માતૃકાદેવની મૂર્તિને મંદીરના આગળના ભાગમાં સ્થાપન કરવી. ૩૯૨

मध्ये मातर कार्या अन्तेसाति विनायकम् ॥३९३॥

અર્થ:-અને જ્યાં માતૃકાની મૂર્તિ મધ્યમાં સ્થાપન કરી હોય ત્યાં ગણપતી દેવની મૂર્તિને પણ માતૃકાની પાસેજ કરવી આવો શાસ્ત્રનો સિધાન્ત છે. ૩૯૩

## ક્ષેત્રપાલ દેવની મૂર્તિ.

क्षेत्रपालो विधातव्योदिग्वासाधंटो विभूषिता ॥
कार्तिकाडमरु बिभृत् दक्षिणे तुकरद्वयः ॥६९४

"Aho Shrutgyanam"

**वामे शुलंकपालं च मुंडमालो प्रवितक्रम ॥**
**करोति कटीनोधम सर्वग्रा स्थीत शेखरं ॥३९५॥**

અર્થઃ–દીશારૂપી વસ્ત્રોને ધારણ કરનાર, તેમજ ઘંટાથી શોભાયમાન તેમજ ચાર ભુજાયોથી યુક્ત, તેમાં જમણી બાજુના એક હાથમાં કરવતી અને બીજા હાથમાં ડમરૂ આ પ્રમાણે જમણી બાજુના બન્ને હાથોમાં શસ્ત્રો આપવાં. ૩૯૪

અને ડાબી બાજુના બે ભુજાઓમાં તેમાં એક હાથમાં ત્રીશુલ બીજા હાથમાં ખોપરી ( કપાલ ), સુંદર જનોઇને ધારણ કરનાર તેમજ ગળામાં માથાની માળાને ધારણ કરનાર તેમજ કેડ કસીને બાંધેલ આ પ્રમાણે સર્વની આગળ સ્થાપન કરેલી, આવી ક્ષેત્રપાલની મૂર્તિ બનાવવી. ૩૯૫



"Aho Shrutgyanam"

## શક્તિદેવીના આયુદ્ધનું કોષ્ટક.

**લીલાદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં કમળ | ૧ હાથમાં કમળ |
| ૨ ,, અક્ષમાળા | ૨ ,, કમંડલ |

**પ્રસીદ્ધિદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં કમંડલ | ૧ હાથમાં ડમરૂ |
| ૨ ,, ખડ્ગ | ૨ ,, પાત્ર |

**પવીદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં ત્રીશુળ | ૧ હાથમાં કુગટ |
| ૨ ,, ખેટક | ૨ ,, દર્પણ |
| ૩ ,, ખડ્ગ | ૩ ,, ઘંટ |
| ૪ ,, ચતાં | ૪ ,, શંખ |
| ૫ ,, પાશ | ૫ ,, ચક્ર |
| ૬ ,, અંકુશ | ૬ ,, ગદા |

બાર ભુજાવાળી

**અયાદેવી તથા કાત્યાયની**

સુંદર સ્વરૂપ અને શાન્ત દેખાવવાળી

**ભૈરવી દેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં ખેટક | ૧ હાથમાં અંકુશ |
| ૨ ,, બાણ | ૨ ,, ઘંટ |
| ૩ ,, પાશ | ૩ ,, દૈત્યનુંમાથું |

છ ભુજાવાળી

**રક્તાક્ષદેવી**

૧ હાથમાં ત્રીશુળ | ૨ હાથમાં સાંગ

**ક્ષેમકરીદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં વરદ | ૧ હાથમાં કમળ |
| ૨ ,, ત્રીશુળ | ૨ ,, પાણીનું પાત્ર |

**ચંડીકાદેવી તથા કૃદમા દેવી**

ભયંકર આકૃતિવાળી રાક્ષસોનો નાશ કરવામાં તૈયાર રહેનાર તેવી, વાહન ઘુવડનું કરવું

**ચામુંડાદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં દંડ | ૧ હાથમાં રદ્ર |
| ૨ ,, મુદગર | ૨ ,, ખોદ્ર |

**યોગેશ્વરીદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં ખડ્ગ | ૧ હાથમાં મુશળ |
| ૨ ,, પાત્ર | ૨ ,, લગલ |

**ત્રીભંગાદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં ત્રીશુળ | ૧ હાથમાં ચક્ર |
| ૨ ,, ખડ્ગ | ૨ ,, બાણ |

**ત્રીલોચનાદેવી**

| | |
|---|---|
| ૧ હાથમાં તરવાર | ૧ હાથમાં દૈત્યનુંમાથું |
| ૨ ,, ખપર | ૨ ,, ખડ્ગ |

**દ્રવ્યાદેવી**

૧ હાથમાં પાટ | ૨ હાથમાં ખડગ

"Aho Shrutgyanam"

## ચંડીકાના દેરાશરના દ્વારપાળ.

| કરટ, પીંગળ,ધુમ્રક, કકદ અને વૈતાલ | | ભૃગુટી નામનો | |
|---|---|---|---|
| ૧ હાથમાં તર્જની<br>૨ ,, ખદ્રાંગ | ૧ હાથમાં મુર્ધજ<br>૨ ,, દંડ | ૧ હાથમાં અભય<br>૨ ,, ખંજર | ૧ હાથમાં ખેટક<br>૨ ,, દંડ |
| દેડે કટાર | | | |
| રક્તાક્ષ નામનો | | સુલોચન | |
| ૧ હાથમાં તર્જની<br>૨ ,, ત્રીશુળ | ૧ હાથમાં ખંજર<br>૨ ,, દંડ | ૧ હાજમાં ખંજર<br>૨ ,, દંડ | ૧ હાથમાં તર્જની<br>૨ ,, ત્રીશુળ |
| દ્વારની જમણી બાજુ | | દ્વારની ડાબી બાજુ | |

## શક્તિદેવીના આયુદ્ધનું કોષ્ટક.


| લક્ષ્મીદેવી | | મહાલક્ષ્મીદેવી | |
|---|---|---|---|
| ૧ હાથમાં કમળ<br>૨ ,, બીજોરૂ | ૧ હાથમાં કમળ<br>૨ ,, અમૃતનોઘડો | ૧ હાથમાં ક્ષેત્રકોલ<br>૨ ,,અમૃતનોઘડો<br>૩ ,, શ્રીફળ | ૧હાથમાં બીજોરૂ<br>૨ ,, કૌમુદી<br>૩ ,, ખેટક |
| કમળના સિંહાસનવાળી | | ૭ ભુજાવાળી વાહન હાથીનું | |
| મહાવિદ્યા સરસ્વતીદેવી | | બ્રહ્માણીદેવી | |
| ૧ હાથમાં સ્ફાટીની માળા<br>૨ ,, વીણા | ૧ હાથમાં પુસ્તક<br>૨ ,, વરદ | ૧ હાથમાં કમંડલ<br>૨ ,, અક્ષમાળા | ૧ હાથમાં ચાર વેદના પુસ્તક<br>૨ ,, વરદ(મુદ્રા) |
| વાહન મોરનું | | વાહન હંશનું | |
| માહેશ્વરી દેવી | | કુમારીકાદેવી | |
| ૧ હાથમાં કપાલ<br>૨ ,, ત્રીશુળ | ૧ હાથમાં ખડગ<br>૨ ,, વરદ(મુદ્રા) | ૧ હાથમાં ત્રીશુળ<br>૨ ,, શક્તિ | ૧ હાથમાં ગદા<br>૨ ,, કમળ |
| વાહન આખલાનું | | વાહન મોરનું | |

"Aho Shrutgyanam"

| વૈદભવી દેવી | | વારાહીદેવી | |
|---|---|---|---|
| ૧ હાથમાં વરદ | ૧ હાથમાં ચક્ર | ૧ હાથમાં ઘંટ | ૧ હાથમાં ચક્ર |
| ૨ ,, શંખ | ૨ ,, ગંદા | ૨ ,, ચક્ર | ૨ ,, ગદા |
| | | ૩ ,, ગદા | ૩ ,, ચામર |
| વાહન ગરૂડનું | | ૭ ભુજાવાળી વાહન પાડાનું | |
| ઈંદ્રાણીદેવી | | ૭ ભુજાવાળી ચામુંડા દેવી | |
| ૧ હાથમાં વજ્ર | ૧ હાથમાં ગદા | ૧ હાથમાં અંકુશ | ૧ હાથમાં ખેટક |
| ૨ ,, ત્રીશુળ | ૨ ,, નાગપાશ | ૨ ,, વિભુતિ | ૨ ,, પાશ |
| | | ૩ ,, ખંજર | ૩ ,, દંડ |
| વાહન હાથીનું | | વાહન પ્રેતનું | |
| માતૃકાદેવી | | ક્ષેત્રપાળ દેવ | |
| ૧ હાથમાં મહાદેવનું બાણ | ૧ હાથમાં વીણા | ૧ હાથમાં કરવતિ | ૧ હાથમાં ત્રીશુળ |
| ૨ ,, ધનુષ્ય | ૨ ,, ત્રીશુળ | ૨ ,, ડમરૂ | ૨ ,, ખોપરી |
| વાહન વૃષભનું | | | |

"Aho Shrutgyanam"

# પ્રાચીન છતનું અદ્દભુત શિલ્પકામ.



"Aho Shrutgyanam"

## પ્રકરણ ૧૦ મું.

## જૈનોના ચોવીશ તિર્થંકરોના યક્ષ-યક્ષિણીયોનું વર્ણન.

સૂત્ર

यथा प्रथम जिनस्थ गोमुखोयक्षः सुवर्णगजवानः ॥
चतुर्भुजोवरदाक्षमालिकायुक्त दक्षिणे पाणीद्वयोः ॥
मातुलींगापाशकान्वितवामपाणिद्वयश्च ॥३९५॥

અર્થ:-હવે જૈનોના ચોવીશ તિર્થંકરોના યક્ષ અને યક્ષીયોનાં નામ તેમજ શસ્ત્રો કયા કોને આપવાં, તેમજ કોને કેવા વાહનથી યુક્ત બનાવવાં, તેમાં **આદીશ્વર ભગવાનનો યક્ષ** તેમ **યક્ષણીનું** પહેલું વર્ણન કરવામાં આવે છે.

**ગોમુખનામનો યક્ષ**:-તેના શરીરનો વર્ણ સુંદર સોનાના જેવો તેમજ વાહન હાથીનું, ચાર ભુજાઓથી શોભાયમાન તેમજ એક હાથમાં વરદ ( મુદ્રા ) બીજા હાથમાં અક્ષમાળા, ત્રીજા હાથમાં પાશ અને ચોથા હાથમાં બીજોરૂ. આ પ્રમાણે હાથીના વાહનથી યુક્ત આદીશ્વર ભગવાનની જમણી બાજુમાં ગોમુખ નામના યક્ષની મૂર્તિ બેસાડવી. ૩૯૫

सुवर्णा गरुड वाहनाऽष्ट करावरदबाण चक्र ॥
पाशयुक्तदक्षिणपाणि चतुष्टया धनुर्वज्रा ॥
चक्रांकुशयुक्तवाम पाणि चतुष्टयाचेति ॥३९६॥

અર્થ:-**ચક્રેશ્વરી** યક્ષણીનું વર્ણન કરવામાં આવે છે. આઠ ભુજાઓથી યુક્ત તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં બાણ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં પણ ચક્ર આપવું. ડાબી બાજુના ચાર હાથમાં

"Aho Shrutgyanam"

તેમાં એક હાથમાં ધનુષ્ય, બીજા હાથમાં વજ્ર, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં અંકુશ તેમજ સોનાના સરખા વર્ણવાળી અને ગરૂડના વાહનથી શોભાયમાન આ પ્રમાણે **આદીશ્વર ભગવાન**ની ડાબી બાજુમાં ચક્રેશ્વરી દેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૩૯૬

अजिनाथस्थ महा यक्षाभि धोयक्ष चतुर्मुखः ॥
श्यामवर्णः करिन्द्र वाहनोऽष्ट पाणिवरदमुद्गराक्ष ॥
सूत्र पाशकान्वितदक्षिण पाणि चतुष्टयो ॥
बीजपुरकाभयांकुशशक्ति युक्तवामपाणि चतुष्टयश्च॥३९७॥

અર્થ:-**મહાયક્ષનીમૂર્તિ**:—શ્યામવર્ણ, ચાર મુખથી યુક્ત તેમજ આઠ ભુજાઓથી શોભાયમાન, તેમાં જમણી બાજુના ચાર હાથમાં ચાર શસ્રો આપવાં. તેમાં એક હાથમાં વરદ ( મુદ્રા ) બીજા હાથમાં મુદગર, ત્રીજા હાથમાં અક્ષમાળા, ચોથા હાથમાં પાશ આ પ્રમાણે આપવાં. તેમજ ડાબી બાજુના ચાર હાથમાં તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં અભય, ત્રીજા હાથમાં અંકુશ અને ચોથા હાથમાં શક્તિ. આ પ્રમાણે આઠે હાથમાં શસ્રો આપવાં અને હાથીના વાહનથી શોભાયમાન એવા **અજીત-નાથભગવાન**ની જમણી બાજુમાં મહાયક્ષ નામની મૂર્તિ બનાવવી. ૩૯૭

अजितनाथस्याजिताजित बला देवी गौरवर्णा ॥
लाहासनाधिरुढा चतुर्भुजा वरदपाशका ॥
अधिष्ठितकरद्वय दक्षिणकद्वया बीजपुरकांकुशा ॥
लंकृत वाम पाणिद्वयाच ॥३९८॥

"Aho Shrutgyanam"

**અર્થઃ-જીતાજીતબલાદેવીઃ** નામની યક્ષણી ચાર ભુજાઓથી શોભાયમાન તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં પાશ તેમજ ડાબીબાજુના બે હાથમાં તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં અંકુશથી શોભાયમાન અને બકરાના વાહનથી યુક્ત આ પ્રમાણે **અજીત નાથ ભગવાનની** ડાબી બાજુ જીતાજીત બલાદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૩૯૮

**श्रीसंभव जिनस्य त्रिमुखानाम यक्षस्त्रिवदनः ॥**
**त्रीनेत्रः श्यामवर्णो मयुर वाहन षड भुजोनकुल ॥**
**गदा भय युक्त दक्षिण करकमल त्रयोमातुलींग ॥**
**नागाक्ष सूत्र युक्त वाम पाणि पद्मत्रयश्च ॥३९९॥**

અર્થ-**ત્રીમુખા નામનો યક્ષઃ**-તેને ત્રણ મુખ બનાવવાં. ત્રણ નેત્ર, વર્ણ શ્યામ, છ ભુજાઓ તેમાં જમણી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં અભય આ પ્રમાણે જમણી બાજુના ત્રણ હાથમાં તેમાં એક હાથમાં કમળ, બીજા હાથમાં માતુલીંગ તેમજ અક્ષસૂત્ર અને ત્રીજા હાથમાં કમળ આ પ્રમાણે છ ભુજાઓથી શોભાયમાન તેમજ મયુરના વાહનથી આરૂઢ થયેલ, **શ્રી સંભવનાથ ભગવાનની** જમણી બાજુએ ત્રીમુખા નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૩૯૯

**श्रीसंभवस्यदुरीता देवी गौरवर्णामेष वाहना ॥**
**चतुर्भुजावरदाक्ष सूत्रभूषित दक्षिण भुजद्वया ॥**
**फलाभयान्वित वाम करद्वयाच ॥४००॥**

"Aho Shrutgyanam"

અર્થઃ-દુરીતાદેવીઃ- નામની યક્ષણી તેનો વર્ણ સફેદ બનાવવો તેમજ ચાર ભુજાઓથી સોભાયમાન અને જમણી બાજુના બે હાથમાં બે શસ્ત્રો આપવા તેમાં એક હાથમાં વરદ ( મુદ્રા ) બીજા હાથમાં અક્ષમાળા. તેમજ ડાબી બાજુના બે હાથમાં બે શસ્ત્રો આપવા. તેમાં એક હાથમાં ફલા બીજા હાથમાં અભય આ પ્રમાણે ચારે હાથમાં ચાર શસ્ત્રો અને ઘેટાના વાહનથી યુક્ત. એવા **શ્રી સંભવનાથ** ભગવાનના ડાબી બાજુએ દુરીતા નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૦૦

**श्री अभिनंदनस्य ईश्वरोयक्ष श्याम कान्ति गजवाहनः ॥**
**श्चतुर्भुजो मातुंगाक्ष सूत्र युक्त दक्षिण करकमल ॥**
**द्वयोनकुलांकुशान्वित वाम पाणिद्वयश्च ॥४०१॥**

અર્થ—**ઇશ્વર નામનો યક્ષ**—શ્યામવર્ણ ચાર ભુજાઓથી શોભાયમાન તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ બીજા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે જમણા હાથમાં બે શસ્ત્રો આપવા તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં અંકુશ અને હાથીના વાહન ઉપર આરૂઢ થએલ એવા **અભીનંદન** ભગવાનની જમણી બાજુમાં ઇશ્વર નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૦૧

**श्री अभिनन्दनस्य कालिनामा देवी श्याम कान्ति ॥**
**पद्मासना चतुर्भुजा वरद पाशाधिष्टिता दक्षिण करद्वया ॥**
**नागांकुशांलकृता वाम पाणि द्वयाच ॥४०२॥**

અર્થઃ—**કાલીકા દેવી નામની** યક્ષણી-શ્યામ કાન્તિવાળી, કમળાસનથી શોભાયમાન તેમજ ચાર ભુજાઓ

"Aho Shrutgyanam"

વાળી તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં પાશ. તેમજ ડાબી બાજુના એક હાથમાં નાગ, બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચારે ભુજાઓમાં ચાર શસ્ત્રોથી શોભાયમાન એવા **શ્રી અભીનંદન** ભગવાનની ડાબી બાજુમાં કાલીકા નામની યક્ષણીની મૂર્તિ બનાવવી.૪૦૨

**श्री सुमतेस्तुम्बरुयक्षः श्वेत वर्णोगरुडवाहनश्चतुर्भुजो ॥**
**वरद शक्ति युक्त दक्षिण पाणिद्वयोगदानागपाशं युक्त ॥**
**वाम पाणि द्वयश्च ॥४०३॥**

અર્થ–**તુંબરૂ નામનો યક્ષઃ**–ચાર ભુજાઓથી શોભાયમાન તેમજ ધોળા વર્ણથી સુંદર અને ચાર શસ્રોવાળો તેમાં જમણી બાજુઓના એક હાથમાં વરદ, બીજા હાથમાં શક્તિ તેમજ ડાબી બાજુના એક હાથમાં ગદા અને બીજા હાથમા નાગપાશ આ પ્રમાણે ગરૂડ વાહનથી યુક્ત એવા **શ્રી સુમતીનાથ** ભગવાનની જમણી બાજુમાં તુંબરૂ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૦૩

**श्री सुमतेर्महाकालि देवी सुवर्णा पद्मासना ॥**
**चतुर्भुजा वरद पाशाधिष्टित दक्षिण करद्वया ॥**
**मातुलीगांकुश युक्त वाम पाणिद्वयाचेति ॥४०४॥**

અર્થ–**મહાકાલી દેવી** નામની યક્ષણીઃ–સોનાના વર્ણથી સુંદર તેમજ ચાર ભુજાઓમાં ચાર શસ્ત્રોથી શોભાયમાન તેમાં જમણી બાજુમાં એક હાથમાં વરદ (મુદ્રા) બીજા હાથમાં પાશ ડાબી બાજુના એક હાથમાં બીજોરૂ,બીજા હાથમાં અંકુશ અને કમળના આસનથી સુશોભીત એવા **શ્રીસુમતીનાથ** ભગ-

"Aho Shrutgyanam"

વાનની ડાબી બાજુ મહાકાળી દેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૦૪

श्रीपद्मप्रभोः कुसमोयक्षोनीलवर्ण कुरंगवाहन ॥
चतुर्भुजःफलाभययुक्तदक्षिणपाणिद्वयोनकुला ॥
यक्षसूत्रयुक्तवामपाणिद्वयश्च ॥४०५॥

અર્થ:-કુસુમનામનોયક્ષ:-લીલાવર્ણથી યુક્ત તેમજ ચાર ભુજાઓમાં ચાર શસ્ત્રોથી દેદીપ્યમાન તેમાં જમણી બાજુના એક હાથમાં ફલ બીજા હાથમાં અભય તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં અક્ષમાળા અને હાથીના વાહનથી આરૂઢ થયેલ એવા **શ્રીપદ્મ પ્રભુની** જમણી બાજુમાં કુસુમ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૦૫

श्रीपद्मप्रभोः अच्युतामतान्तरेण श्यामादेवी ॥
श्वानवाहना चतुर्भुजा वरद बाणान्वितदक्षिणकरद्वया: ॥
कार्मुका भययुक्त वामपाणिद्वयाच ॥४०६॥

અર્થ—**અચ્યુતાદેવી** નામની યક્ષણી શ્યામ વર્ણવાળી, ચાર ભુજાઓથી અતી સુંદર તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં બાણ તેમજ ડાબી બાજુના એક હાથમાં ધનુષ્ય, બીજા હાથમાં અભય (મુદ્રા) આ પ્રમાણે ચાર ભુજાઓમાં ચાર શસ્ત્રો આપવા તેમજ વાહન કુતરાનું બનાવવું. એવાં શ્રી પદ્મપ્રભુની ડાબી બાજુમાં અચ્યુતા નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૦૬

श्रीसुपार्श्वनाथस्यमातंगोयक्षो ॥
नीलवर्णो गजवाहनश्चतुर्भुजोबिल्वपाशयुक्तो ॥
दक्षिणपाणिद्वयोनकुलांकुशयुक्तवामपाणिदयश्च ॥४०७॥

"Aho Shrutgyanam"

અર્થઃ-**માતંગનામનો** યક્ષઃ-તેનો વર્ણ લીલો અથવા કાળો તેમજ ચાર ભુજાઓ યુક્ત તેમાં જમણી બાજુના એકહાથમાં બીલુ, બીજા હાથમાં પાશ તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચાર હાથમાં ચાર શસ્ત્રોથી શોભાયમાન તેમજ હાથીના વાહન ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની જમણી બાજુમાં માતંગ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૦૭

**श्रीसुपार्श्वस्यशान्तादेवी सुवर्णवर्णागजवाहना ॥**
**चतुर्भुजा वरदाक्षसूत्रयुक्त दक्षिणकरद्वया ॥**
**शूलाभययुक्त वामहस्तद्वयाच ॥४०८॥**

અર્થ-**શાન્તાદેવી** નામની યક્ષણી-વર્ણ સોના સરખો ચાર ભુજાઓથી શોભાયમાન તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ (મુદ્રા) બીજા હાથમાં અક્ષમાળા તેમજ ડાબી બાજુના એક હાથમાં ત્રીશુલ, બીજા હાથમાં અભય આ પ્રમાણે ચાર હાથમાં ચાર શસ્ત્રો આપવા તેમજ હાથીના વાહનથી આરૂઢ થયેલ એવા **સુપાર્શ્વનાથ** ભગવાનની ડાબી બાજુમાં શાન્તાદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૦૮

**श्रीचन्द्रप्रभोः विजयोयक्षोहरितवर्णस्त्रीलोचनः**
**हंसवाहनोद्वि भुजोक्तदणिणहस्तचक्रो**
**वामहस्तधृतमुद्गरश्च ॥४०९॥**

અર્થઃ-**વિજયનામનો યક્ષઃ**-લીલા વર્ણવાળો તેમજ ત્રણ નેત્રથી શોભાયમાન અને બે ભુજાઓથી યુક્ત તેમજ

"Aho Shrutgyanam"

જમણી ભુજામાં ચક્ર અને ડાબા હાથમાં મુદગર આ પ્રમાણે બન્ને હાથમાં બે શસ્ત્રો આપવાં તેમજ વાહન હંસનું બનાવવું આ પ્રમાણે **શ્રી ચંદ્રપ્રભુ** ભગવાનની જમણી બાજુમાં વીજયા નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૦૯

**श्रीचन्द्रप्रभोःज्वालामतान्तरेण भृगुटीदेवीपीतवर्णा ॥**
**त्रिरालाख्यजीवविषेषवाहनी चतुर्भुजाखड्ग ॥**
**मुद्गर भूषीतदक्षिणकरद्वयाफलका परशुय वामा ॥**
**पाणिद्वयाच ॥४१०॥**

અર્થ—**ભ્રુગુટીદેવી** નામની યક્ષણી-તેનો વર્ણ પીળો તેમજ સુંદર ચાર હાથ તેમાં જમણી બાજુના એક હાથમાં ખડગ, બીજા હાથમાં મુદગર. તેમજ ડાબી બાજુના એક હાથમાં ફલક, બીજા હાથમાં ફરષી આ પ્રમાણે ચારે ભુજામાં ચાર શસ્ત્રો આપવા અને વિરાલ (બિલાડાની) સ્વારી બનાવવી. આ પ્રમાણે **ચંદ્ર પ્રભુ** ભગવાનની બાજુમાં ભૃગુટી દેવી નામની યક્ષણી બનાવવી. ૪૧૦

**सुविधैःचतुर्भुजामातुलिंगाक्षसूत्रयुक्तपाणिद्वयो ॥**
**नकुलकलितवामपाणिद्वयश्च ॥४११॥**

અર્થ—**અજીત નામનો યક્ષઃ**-ચાર ભુજાઓથી શોભાયમાન એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં અક્ષમાળા, તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં ભાલો આ પ્રમાણે ચારે હાથમાં ચાર શસ્ત્રોથી યુક્ત તેમજ કાચબાના વાહન ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે **સુવિધીનાથ** ભગવાનની જમણી બાજુમાં અજીત નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૧૧

"Aho Shrutgyanam"

**श्रीसुविधेःसुतारादेवीगौरवर्णावृषभवाहना ॥**
**चतुर्भुजावरदाक्षसूत्रयुक्तदक्षिणकरद्वया ॥**
**कलशांकुचितवामपाणिद्वयाच ॥४१२॥**

અર્થ—**સુતારા દેવી** નામની યક્ષણી-શ્વેત વર્ણથી શોભાયમાન, ચાર ભુજાવાળી તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં અક્ષમાળા તેમજ ડાબી બાજુના એક હાથમાં કલશ, બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચારે ભુજાઓમાં ચાર સાધન આપવાં અને આખલાના વાહન ઉપર સ્વારી કરાવવી. આ પ્રમાણે **સુવિધીનાથ ભગવાન**ના ડાબી બાજુ સુતારા દેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૧૨

**श्रीशितलस्यब्रह्मायक्षश्च चतुर्मुखस्त्रिनेत्रःसितवर्णः ॥**
**पद्मासनोऽष्टभुजोमातुलिंग मुद्गरपाशकाभय ॥**
**युक्तदक्षिणपाणिश्चतुष्टयो नकुलगदांकुशाक्षसूत्र ॥**
**युक्तवामपाणिचतुष्टयश्च ॥४१३॥**

અર્થ—**બ્રહ્મા નામનો યક્ષઃ**-શ્વેત વર્ણથી શોભાયમાન, સુંદર ચાર મુખથી યુક્ત તેમજ ત્રણ નેત્રથી દેદીપ્યમાન અને આઠ ભુજાઓથી અત્યન્ત શોભાયમાન તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં મુદગર, ત્રીજા હાથમાં પાશ, ચોથા હાથમાં અભય આ પ્રમાણે જમણી બાજુના ચાર હાથમાં ચાર શસ્ત્રો આપવાં તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં અંકુશ અને ચોથા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે આઠે ભુજાઓમાં આઠ સાધન અને કમળના આસન ઉપર આરૂઢ થએલ.

"Aho Shrutgyanam"

એવા **શીતલનાથ** ભગવાનની જમણી બાજુમાં બ્રહ્મા નામનો યક્ષ બનાવવો. ૪૧૩

**श्रीशितलस्य अशोकदेवीनीलवर्णापद्मासना ॥**
**चतुर्भुजावरद पाशयुक्त दक्षिणपाणिद्वया ॥**
**फलकांकुशयुक्तवामपाणिद्वयाच ॥४१४॥**

અર્થઃ-**અશોકદેવી** નામની યક્ષણી-કાળા વર્ણવાળી, ચાર ભુજાવાળી તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં પાશ તેમજ ડાબી બાજુના એક હાથમાં ફલક બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચાર હાથમાં ચાર શસ્ત્રો આપવા તેમજ કમળાસન ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે અશોકા દેવી નામની યક્ષણી **શ્રી શીતલનાથવાનની** ડાબીબાજુ બનાવવી. ૪૧૪

**श्रीश्रेयांसस्यमनुजोयक्षोमतान्तरेणेश्वरो ॥**
**धवलवर्णस्त्रिलोचनवृषभ वाहन चतुर्भुजो ॥**
**मातुलींगगदायुक्तदक्षिणपाणिद्वयश्चनकुलक्षसूत्र**
**वामपाणिद्वयश्च ॥४१५॥**

અર્થઃ-**મનુજનામનો** ઉર્ફે **ઇશ્વરનામનો યક્ષઃ**-વર્ણ શ્વેત, ત્રણ નેત્ર તેમજ ચાર ભુજાવાળો, તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં ગદા તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં અક્ષ-માળા આ પ્રમાણે ચારે હાથમાં ચાર સાધનથી શોભા-યમાન અને પોઠીઆના વાહનની સ્વારી કરનાર એવા મનુજ નામના ઉર્ફે ઇશ્વર નામના યક્ષની **શ્રી શ્રેયાંસનાથ** ભગવાનની જમણી બાજુએ મૂર્તિ બનાવવી. ૪૫૧

"Aho Shrutgyanam"

**श्रीश्रेयांसस्य श्रीवत्सादेवीमतान्तरेण**
**मानवीगौरवर्णासिंह वाहना चतुर्भुजावरदपाश**
**युक्तदक्षिणकरद्वयाकलशायुक्त वामपाणिद्वयाच ॥४१६॥**

અર્થઃ-**વત્સાદેવી** ઉર્ફે **માનવીદેવી** નામની, યક્ષણીઃ તેનો વર્ણ ગોરો બનાવવો. ચાર હાથથી સુંદર શોભીત તેમજ જમણી બાજુના એક હાથમાં વરદ બીજા હાથમાં પાશ તેમજ ડાબી બાજુના બન્ને હાથમાં કલશ આ પ્રમાણે ચાર હાથમાં ચાર સાધનથી યુક્ત અને સિંહના વાહન ઉપર આરૂઢ થએલ એવી વત્સા ઉર્ફે માનવીનામની યક્ષણી શ્રી **શ્રેયાંસ ભગવાનની** ડાબી બાજુ બનાવવી. ૪૧૬

**श्रीवासुपूज्यस्य सुरकुमारोयक्षःश्वेतवर्णो**
**हंसवाहन चतुर्भुजो बीज पुरकेवीणान्वित**
**दक्षिणपाणिद्वयो नकुलकर्षतुर्युक्तवामपाणिद्वयोच ॥४१७॥**

અર્થઃ-**સુરકુમાર** નામનો યક્ષ-વર્ણ શ્વેત ચાર ભુજાઓ તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં વીણા અને ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં તરવાર આ પ્રમાણે ચારે હાથમાં સુંદર ચાર શસ્ત્રોથી યુક્ત તેમજ હંસના વાહન ઉપર સ્વારી આવી **શ્રી વાસુપૂજ્ય ભગવાનની** જમણી બાજુમાં રહેલ સુરકુમાર નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૧૭

**श्रीवासुपूज्यस्यप्रवरादेवी मतान्तरेण चंडादेवी**
**श्यामवर्णातुरंगवाहनाचतुर्भुजावरदशक्तियुक्त**
**दक्षीणकरयुगापुष्पगदायुक्त वामकरद्वयाच ॥४१८॥**

"Aho Shrutgyanam"

અર્થ:- **પ્રવરાદેવી** ઉર્ફે **ચંડાદેવી** નામની યક્ષણી. તેનો વર્ણ કાળો બનાવવો. ચાર ભુજાવાળી તેમજ જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં શક્તિ અને ડાબી બાજુના એક હાથમાં પુષ્પ, બીજા હાથમાં ગદા આ પ્રમાણે ચાર હાથમાં ચાર સાધન આપવાં તેમજ ઘોડાના વાહન ઉપર સ્વારી કરાવવી. આવી રીતે શ્રી વાસુ-પુજ્ય ભગવાનની ડાબી બાજુ પ્રવરા નામની ઉર્ફે ચંડા નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૧૮

**श्रीविमलस्यषणमुखोयक्ष श्वेतवर्णशिखिवाहनो**
**द्वादशभुजफलक चक्रबाणखड्ग पाशकाक्षसूत्रयुक्त**
**दक्षिणपाणिशट्को नकुलचक्र धनुःफलकांकुश**
**अभययुक्त वामपाणि षट्कश्च ॥४१९॥**

અર્થ:-**શણમુખ** નામનો યક્ષઃ—તેનો વર્ણ શ્વેત, અને ભુજાઓ બાર બનાવવી. તેમજ જમણી તરફની છ ભુજા-ઓમાં શસ્ત્રો આપવાં. તેમાં એક હાથમાં ફલક, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં બાણ, ચોથા હાથમાં ખડગ, પાંચમા હાથમાં પાશ, છઠા હાથમાં અક્ષમાળા અને ડાબી બાજુના છ હાથમાં શસ્ત્રો આપવાં. તેમાં એક હાથમાં નકુલ, બીજા હાથમાં ચક્ર, ત્રીજા હાથમાં ધનુષ્ય, ચોથા હાથમાં ફલક, પાંચમા હાથમાં અંકુશ અને છઠા હાથમાં અભય ( મુદ્રા ) આ પ્રમાણે બારે ભુજાઓમાં બાર શસ્ત્રો આપવાં તેમજ મયુ-રની સ્વારી ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે શણમુખ નામના યક્ષની મૂર્તિ **વીમલનાથ** ભગવાનની જમણી બાજુ બનાવવી. ૪૧૯



"Aho Shrutgyanam"

**श्रीविमलस्यविज्यादेवी मतान्तरेण विदीतादेवी हरितालवर्णा पद्मासना चतुर्भुजा बाणपाशयुक्तदक्षिण करद्वया धनुर्नागयुक्त वामपाणिद्वयाच ॥४२०॥**

અર્થઃ-**વીજયાદેવી** ઉર્ફે **વિદીતાદેવી** નામની યક્ષણી તેમાં તેનો વર્ણ હરતાલના જેવો બનાવવો તેમજ ચાર ભુજાઓથી શોભાયમાન તેમજ જમણી બાજુના એક હાથમાં બાણ, બીજા હાથમાં પાશ અને ડાબી બાજુના એક હાથમાં ધનુષ્ય, બીજા હાથમાં નાગ આ પ્રમાણે ચારે હાથમાં ચાર શસ્ત્રોથી શોભીત તેમજ પદ્માસનવાળી બેઠેલ એવી વીજયાદેવી ઉર્ફે વિદીતાદેવીની મૂર્તિ **શ્રી વીમલનાથ** ભગવાનની ડાબી બાજુમાં બનાવવી. ૪૨૦

**श्रीअनंतनाथस्यपातालोयक्ष स्त्रिमुखोरक्तवर्णो मकरवाहनो षडभुजो पद्मखड्ग पाशयुक्तदक्षिण पाणित्रयोनकुलफलकाक्षसूत्रयुक्त वामपाणित्रयश्च ॥४२१॥**

અર્થઃ-**પાતાલ નામનો** યક્ષઃ-ત્રણ મુખવાળો, લાલ વર્ણ તેમજ ૭ ભુજાઓથી સુશોભીત તેમાં જમણી તરફની ત્રણ ભુજાઓમાં શસ્ત્રો, તેમાં એક હાથમાં કમળ, બીજા હાથમાં ખડગ અને ત્રીજા હાથમાં પાશ, તેમજ ડાબી બાજુના ત્રણ હાથમાં શસ્ત્રો, તેમાં એક હાથમાં નકુલ, બીજા હાથમાં ફલક, ત્રીજા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે ૭ હાથમાં ૭ આયુધોથી યુક્ત તેમજ મઘરના વાહન ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે પાતાલ નામના યક્ષની મૂર્તિ **શ્રી અનંતનાથ** ભગવાનની જમણી બાજુમાં બનાવવી. ૪૨૧

"Aho Shrutgyanam"

**श्रीअनंतनाथस्य अंकुशादेवी गौरवर्णा पद्मासना चतुर्भुजा खड्गपाशयुक्त पाणिद्वया फलकांकुशयुक्त वामकरद्वयाच ॥४२२॥**

અર્થ:-**અંકુશાદેવી** નામની યક્ષણી-ગૌરવર્ણવાળી ચાર ભુજાઓથી શોભાયમાન તેમાં જમણી બાજુના એક હાથમાં ખડગ, બીજા હાથમાં પાશ અને ડાબી બાજુના બે હાથમાં શસ્ત્રો તેમાં એક હાથમાં ફલક, બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચાર હાથમાં સુંદર ચાર શસ્ત્રો આપવાં તેમજ કમળાસન ઉપર બેસાડવી. આ પ્રમાણે અંકુશાદેવી નામની યક્ષણીની મૂર્તિ શ્રી **અનંતનાથ ભગવાનની** ડાબી બાજુમાં બનાવવી. ૪૨૨

**श्रीधर्मस्यकिनरोयक्ष स्त्रिमुखोरक्तवर्णकुर्मवाहन षड्भुजोबीजपुरकगदाभययुक्तदक्षिणपाणित्रयो नकुल पद्माक्षमालायुक्त पाणित्रयश्च ॥४२३॥**

અર્થ:-કિન્નર નામનો યક્ષઃ-ત્રણ મુખવાળો લાલ વર્ણ તેમજ સુંદર છ ભુજાથી શોભાયમાન બનાવવો. તેમાં જમણી બાજુની ત્રણ ભુજામાં શસ્ત્રો તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં ગદા અને ત્રીજા હાથમાં અભય (મુદ્રા) તેમજ ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં કમળ અને ત્રીજા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે છએ હાથમાં છ આયુધો આપવાં તેમજ કાચબાના વાહન ઉપર આરૂઢ થએલ એવા કિન્નર નામના યક્ષની મૂર્તિ શ્રી ધર્મનાથ ભગવાનની જમણી બાજુમાં બનાવવી. ૪૨૩

"Aho Shrutgyanam"

**श्रीधर्मस्य पन्नगादेवी मतान्तरेण कन्दर्पागौरवर्णा मत्स्यवाहनाचतुर्भुजाउत्पलां कुशयुक्तदक्षिण पाणिद्वया पद्माभययुक्तवाम पाणिद्वयाच ॥४२४॥**

અર્થ—**પન્નગાદેવી ઉર્ફે કંદર્પાદેવી** નામની યક્ષણી–તેનો વર્ણ ગૌર અને ચાર સુંદર હાથ બનાવવા. તેમજ જમણી બાજુના એક હાથમાં કમળ, બીજા હાથમાં અંકુશ અને ડાબી બાજુના એક હાથમાં પદ્મ અને બીજા હાથમાં અભય (મુદ્રા) આ પ્રમાણે ચાર હાથમાં ચાર શસ્રો આપવાં તેમજ માછલાના વાહન ઉપર સ્વારી કરાવવી. આ પ્રમાણે **શ્રી ધર્મનાથ ભગવાનની** ડાબી બાજુમાં પન્નગાદેવી ઉર્ફે કંદર્પાદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૨૪

**श्रीशान्तिनाथस्य गरुडोयक्षोवराह वाहनः क्रोडवदनःश्यामरुचि चतुर्भुजोबीजपुरक पद्मान्वितदक्षिणकरद्वयोनकुलक्षसूत्रवाम पाणिद्वयोश्च ॥४२५॥**

અર્થ—**ગરૂડ નામનો** યક્ષઃ—તેનો વર્ણ કાળા રંગનો તેમ મુખ ભુંડના જેવું અને ચાર ભુજાઓથી સુશોભીત તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં કમળ અને ડાબી બાજુના એક હાથમાં નકુલ, બીજા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે ચારે હાથમાં સુંદર શસ્રો આપવાં તેમજ ગરૂડના વાહન ઉપર સ્વારી કરાવવી. આ પ્રમાણે **શ્રી શાન્તિનાથ** ભગવાનની જમણી બાજુમાં ગરૂડ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૨૫

"Aho Shrutgyanam"

**श्रीशान्तिनाथस्य निर्वाणीदेवी कनकरुचि**
**पद्मासना चतुर्भुजा पुस्तकोत्पल दक्षिणपाणिद्वया**
**कमंडलु कमल कलितवामकरद्वया ॥४२६॥**

અર્થઃ—**નીર્વાણી દેવી** નામની યક્ષણીઃ—સોના સરખી કાન્તિથી શોભાયમાન, ચાર ભુજાઓથી અતી સુંદર તેમાં જમણી બાજુના એક હાથમાં પુસ્તક, બીજા હાથમાં ફુલ તેમજ ડાબી બાજુના એક હાથમાં કમંડલ અને બીજા હાથમાં કમળ આ પ્રમાણે ચાર હાથમાં ચાર વસ્તુઓ આપવી તેમજ કમળાસનથી યુકત એવી **શ્રી શાન્તિનાથ** ભગવાનની ડાબી બાજુમાં નિર્વાણી દેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૨૬

**श्रीकुन्थोर्गंधर्वयक्षः श्यामवर्णो हंसवाहनश्च**
**चतुर्भुजो वरदपाशकान्वित दक्षिणपाणिद्वयो ॥**
**मातुलिंगां कुशाधिष्टत वामकरद्वयश्च ॥४२७॥**

અર્થ–**ગંધર્વ નામનો યક્ષઃ**–તેનો રંગ શ્યામવર્ણનો અને ચાર ભુજાઓ તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં પાશ તેમજ ડાબી બાજુના એક હાથમાં બીજોરૂ બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચાર ભુજાઓમાં ચાર શસ્રો તેમજ હંસના વાહન ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે **શ્રી કુંથુનાથ** ભગવાનની જમણી બાજુમાં ગંધર્વ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૨૭

**श्रीकुन्थोरच्युतादेवी मतान्तरेण बलाभिधाना**
**कनकरुछामयुरवाहना चतुर्भुजा बीजपुरक शूलान्वित**
**दक्षिणपाणिद्वया मुषष्ढिका पद्मान्वित वामकरपाणिद्वयाच**
**॥४२८॥**

"Aho Shrutgyanam"

અર્થ:-**અચ્યુતાદેવી ઉર્ફે બલાભીધાનાદેવી** નામની યક્ષણી:-તેના રંગની કાન્તિ સોના સરખી બનાવવી. તેમજ ચાર સુંદર ભુજાઓ તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં ત્રીશુલ અને ડાબી બાજુના એક હાથમાં માળા, બીજા હાથમાં કમળ આ પ્રમાણે ચારે હાથમાં ચાર આયુધો આપવાં. તેમજ મયુરના વાહનની સ્વારીથી શોભાયમાન આવી **શ્રી કુંથુનાથ ભગવાનની** ડાબી બાજુમાં અચ્યુતાદેવી ઉર્ફે બલાભીધાનાદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૨૮

**श्रीअरजिनस्य यक्षेन्द्रोयक्षः षणमुखस्त्रिनेत्रः**
**श्यामवर्णः शंखवाहनोद्वादश भुजोबीजपुरकबाण**
**खडगमुद्गर पाशकाभययुक्त दक्षिण करषट्को ॥**
**नकुल धनु फलकशूलां कुशाक्षसूत्रयुक्तवामपाणि**
**षट्कश्च ॥४२९॥**

અર્થ:—**યક્ષેન્દ્ર** નામનો યક્ષ-તેનો વર્ણ કાળા રંગનો, મુખ છ બનાવવાં, નેત્ર ત્રણ અને બાર ભુજાઓ બનાવવી. તેમાં જમણી બાજુના છ હાથમાં શસ્ત્રો, તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં બાણ, ત્રીજા હાથમાં ખડગ, ચોથા હાથમાં મુદગર, પાંચમા હાથમાં પાશ અને છઠા હાથમાં અભય. તેમજ ડાબી બાજુના છ હાથમાં શસ્ત્રો તેમાં એક હાથમાં નકુલ, બીજા હાથમાં ધનુષ્ય, ત્રીજા હાથમાં ફલક, ચોથા હાથમાં ત્રીશુલ, પાંચમા હાથમાં અંકુશ અને છઠા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે બારે હાથમાં બાર શસ્ત્રો

"Aho Shrutgyanam"

આપવાં તેમજ શંખના વાહન ઉપર સ્વારી કરાવવી. આ પ્રમાણે **અરનાથ ભગવાન**ના જમણી બાજુમાં યક્ષેન્દ્ર નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૨૯

**श्रीअरजीनस्य धारणिदेवी नीलवर्णा पद्मासना**
**चतुर्भुजा मातुलींगोत्पलयुक्त दक्षिणपाणिद्वया**
**पद्माक्षसूत्रान्वित वामपाणिद्वयाच ॥४३०॥**

અર્થઃ-**ધારણીદેવી નામની યક્ષણીઃ**—તેમાં તેનો વર્ણ લીલો બનાવવો. ચાર ભુજાઓવાળી તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં ફળ અને ડાબી બાજુના એક હાથમાં કમળ, બીજા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે ચારે ભુજાઓમાં ચાર સાધનથી યુકત અને કમળના આસનથી શોભાયમાન **શ્રી અરનાથ ભગવાનની** ડાબી બાજુમાં ધારણીદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૩૦

**श्रीमल्लिजीनस्य कुबेरोयक्षः चतुर्मुखन्द्रायुध**
**वर्णोंगज वाहनो अष्टभुजोवरद परषुशूलभययुक्त**
**दक्षिणपाणिचतुष्टयो बीजपुरकशक्तिमुद्गराक्षसूत्र**
**युक्तवामपाणिचतुष्टयश्च अन्येकुबरस्थाने कुबेरमाहुः ॥४३१॥**

અર્થઃ-**કુબેર નામનો યક્ષ**-ઇન્દ્રના સરખા વર્ણથી શોભાયમાન તેમજ આઠ ભુજાવાળા તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં પરશુ, ત્રીજા હાથમાં ત્રીશુલ, ચોથા હાથમાં અભય અને ડાબી બાજુના ચાર હાથ તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં શક્તિ,

"Aho Shrutgyanam"

ત્રીજા હાથમાં મુદગર અને ચોથા હાથમાં અક્ષમાળા. આ પ્રમાણે આઠ ભુજાઓમાં આઠ આયુધ આપવા. તેમજ ચાર સુંદર મુખથી યુકત અને હાથીના વાહનની સ્વારી ઉપર આરૂઢ થએલ આવી રીતે **શ્રીમલ્લીનાથ ભગવાનની** જમણી બાજુમાં રહેલ કુબેર નામના યક્ષની મૂર્તિ બનાવવી. કેટલાક વિદ્વાનોનો મત એવો છે કે કુબેર નામના યક્ષજ કુબેર છે આ પ્રમાણે કેટલાક માને છે. ૪૩૧

**श्रीमल्लिनाथस्य वैरोटयादेवी कृष्णवर्णा पद्मासना चतुर्भुजावरदाक्षसूत्रयुक्ता दक्षिणपाणिद्वया बीजपुरकशक्तियुक्ता वामपाणिद्वयाच ॥४३२॥**

અર્થઃ—**વૈરોટયાદેવી** નામની યક્ષણી-તેનો રંગ કાળો તેમજ ચાર સુંદર હાથ બનાવવા. તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં અક્ષસૂત્ર અને ડાબી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં શક્તિ આ પ્રમાણે ચારે હાથમાં ચાર વસ્તુઓ આપવી અને કમળના આસનથી શોભાયમાન આવી રીતે **શ્રીમલ્લીનાથ ભગવાન**ની ડાબી બાજુમાં વૈરોટયાદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૩૨

**श्रीमुनिसुव्रतस्य वरुणोयक्षः चतुर्मुखस्त्रिनेत्रोऽसित वर्णोवृषभवाहनो जटामुगुट भूषीतोऽष्टभूजोबीजपुरक गदाबाणशक्ति युक्तदक्षिण करकमल चतुष्कोनकुपद्मधनुः पुरषयुत वामपाणिचतुष्टयश्च ॥४३३॥**

"Aho Shrutgyanam"

અર્થ:-**વરૂણ નામનો યક્ષઃ**—તેનો વર્ણ કાળા રંગનો સુંદર ચાર મુખથી શોભાયમાન, ત્રણ નેત્રથી સુંદર અને જટાને મુગટથી દેદીપ્યમાન તેમજ જમણી બાજુના ચાર હાથમાં શસ્ત્રો તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં ગદા, ત્રીજા હાથમાં બાણ અને ચોથા હાથમાં શક્તિ, ડાબી બાજુના ચાર હાથ તેમાં એક હાથમાં ચાર કમળ, બીજા હાથમાં નકુલ, ત્રીજા હાથમાં ધનુષ્ય અને ચોથા હાથમાં પરશી, આ પ્રમાણે આઠે હાથમાં આઠ આયુધ આપવા. તેમજ પોઠીઆના વાહન ઉપર બીરાજમાન થયેલ એવા **શ્રી મુનિસુવ્રત ભગવાનની** જમણી બાજુમાં વરૂણ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૩૩

**श्रीमुनिसुव्रतस्याच्छुप्तादेवी मतान्तरेनरदत्ताकनकरुचिः**
**भद्रासनारुढा चतुर्भुजावरदाक्षसूत्रयुक्तदक्षिणभुजाद्वया ॥**
**बीजपुरक शूलयुक्त वामकरद्वयाच ॥ ४३४ ॥**

અર્થ:-**અચ્છુપ્તાદેવી ઉર્ફે નરદત્તાદેવી નામની** યક્ષણીઃ-તેનો રંગ સોનાના જેવો રમણીય બનાવવો અને ચાર ભુજાઓથી શોભાયમાન તેમાં જમણી બાજુના બે હાથ તેમાં એક હાથમાં વરદ, બીજા હાથમાં અક્ષમાળા અને ડાબી બાજુના બે હાથ તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં ત્રીશુલ આ પ્રમાણે ચાર ભુજાઓમાં ચાર શસ્ત્રો આપવાં અને ભદ્રાસન ઉપર આરૂઢ થએલ આવી રીતે **શ્રી** મુનિસુવ્રત ભગવાનની ડાબી બાજુમાં અચ્છુપ્તાદેવી **ઉર્ફે નરદત્તાદેવી નામની યક્ષણીની** મૂર્તિ બનાવવી. ૪૩૪

"Aho Shrutgyanam"

**श्रीनमीजिनस्य भृकुटीयक्षश्चतुर्मुखस्त्रिनेत्रः सुवर्णवर्णा वृषभवाहनोऽष्ट भुजोबीजपुरक शक्तिमुद्गराभययुक्त दक्षिणकर चतुष्टयो नकुपरषुवज्राक्षसूत्रयुक्त वामकर चतुष्टयश्च ॥४३५॥**

અર્થ:-**ભૃકુટી નામનો** યક્ષઃ—તેનો રંગ સોનાની કાન્તિ જેવો બનાવવો અને ચાર સુંદર મુખ તેમજ ત્રણ નેત્રોથી યુક્ત અને આઠ ભુજાઓથી શોભાયમાન તેમાં જમણી બાજુના ચાર હાથ તેમાં એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં શક્તિ, ત્રીજા હાથમાં મુદગર અને ચોથા હાથમાં અભય. ડાબી બાજુના ચાર હાથ તેમાં એક હાથમાં નકુલ, બીજા હાથમાં પરશી, ત્રીજા હાથમાં વજ્ર અને ચોથા હાથમાં અક્ષમાળા આ પ્રમાણે આઠ હાથમાં આઠ આયુધ આપવા તેમજ પોઠીઆના વાહન ઉપર સ્વારી કરાવવી આવી રીતે **શ્રી નમીનાથ ભગવાનની** જમણી બાજુમાં ભૃકુટી નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૩૫

**श्रीनमिजिनस्यगान्धारिदेवी श्वेतवर्णा हंसवाहना चतुर्भुजावरदखड्गयुक्त दक्षिणकरद्वयाबीजपुरक कुन्तकलितवामकरद्वया च ॥ ४३६ ॥**

અર્થ:—**ગાંધારીદેવી** નામની યક્ષણી-તેનો વર્ણ ધોળા રંગનો બનાવવો. ચાર શોભાયમાન ભુજાઓ બનાવવી તેમાં જમણી બાજુના એક હાથમાં વરદ, બીજા હાથમાં ખડગ અને ડાબી બાજુના હાથ તેમાં એક હાથમાં બીજોરૂ બીજા હાથમાં કુંતલ આ પ્રમાણે ચારે હાથમાં ચાર વસ્તુ-ઓ આપવી તેમજ હંસના વાહનની સ્વારી ઉપર આરૂઢ

"Aho Shrutgyanam"

થએલ એવી **શ્રી નમીનાથ ભગવાનની** ડાબી બાજુમાં ગાંધારીદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૩૬

**श्रीनेमिजिनस्य गोमद्योयक्षस्त्रिमुखः श्यामकान्ति पुरुषवाहनः षड्भुजो मातुलींग परषुक्रान्वित करत्रयो नकुलशूलशक्तियुक्त वामपाणियश्च ॥४३७॥**

અર્થ:-**ગોમેધ નામનો** યક્ષ:—તેનો રંગ કાળો, ત્રણ સુંદર મુખવાળો અને ત્રણ નેત્રથી શોભાયમાન તેમજ છ ભુજાઓથી યુકત તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં પરશુ, ત્રીજા હાથમાં ચક્ર અને ડાબી બાજુના ત્રણ હાથ તેમાં એક હાથમાં નકુલ, બીજા હાથમાં ત્રીશુલ અને ત્રીજા હાથમાં શક્તિ આવી રીતે છ હાથમાં છ શસ્ત્રો આપવાં તેમજ પુરૂષના વાહનની સ્વારી ઉપર આરૂઢ થએલ આ પ્રમાણે **નેમીનાથ ભગવાનની** જમણી બાજુમાં ગોમેધ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૩૭

**श्रीनेमीजिनस्य अम्बाकनक कान्तिसिंहवाहना ॥ चतुर्भुजा आम्रम्बी पाशयुक्तदक्षिणकरद्वया पुत्रांकुशक्ति वामकरद्वया च ॥४३८॥**

અર્થ:-**અંબાદેવી** નામની યક્ષણી:—તેની કાન્તિ સુવર્ણ જેવી બનાવવી તેમજ ચાર ભુજાઓથી સુંદર તેમાં જમણી તરફના એક હાથમાં આંબાનું ફળ, બીજા હાથમાં પાશ અને ડાબી બાજુના એક હાથમાં અંકુશ, બીજા હાથમાં શક્તિ આ પ્રમાણે ચારે હાથમાં સુંદર ચાર વસ્તુઓ આપવી અને સિંહના વાહન ઉપર આરૂઢ થયેલ આવી

"Aho Shrutgyanam"

રીતે **શ્રી નેમીનાથ ભગવાનની** ડાબી બાજુમાં અંબાદેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૩૮

**श्रीपार्श्वजिनस्यवामनोयक्षोमतान्तरेण पार्श्वाक्षो गणमुख उरगफणमंडितोशिरः श्यामवर्णाकुर्मवाहन श्चतुर्भुजोबीजपुरकोरगयुक्तदक्षिणपाणिद्वयोनकुलभुजंग युक्तवाम पाणियुगश्च ॥४३९॥**

અર્થઃ–**વામન** ઉર્ફે **પાર્શ્વનાથ** યક્ષ—તેનો રંગ કાળો બનાવવો અને ચાર શોભાયમાન હાથ તેમાં જમણી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં સર્પ અને ડાબી બાજુના એક હાથમાં નકુલ અને બીજા હાથમાં સર્પ આ પ્રમાણે ચાર હાથમાં ચાર શસ્ત્રો તેમજ હાથીના જેવા મુખથી શોભાયમાન તેમજ સર્પની ફેણથી જેનું મસ્તક શોભાયમાન દેખાય છે અને કાચબાના વાહન ઉપર આરૂઢ થયેલ આ પ્રમાણે **શ્રી પાર્શ્વનાથ ભગવાનની** જમણી બાજુમાં વામન ઉર્ફે પાર્શ્વનામના યક્ષની મૂર્તિ બનાવવી ૪૩૯

**श्रीपार्श्वजिनस्य पद्मावतिदेवी कनकवर्णा कुर्कुटसर्पवाहना चतुर्भुजा पद्मपाशान्वित दक्षिणकरद्वयाफलांकुशाधिष्टितकरद्वया च ॥४४०॥**

અર્થઃ–**પદ્માવતી દેવી** નામની યક્ષણી તેનો રંગ સોનાના જેવો બનાવવો અને ચાર શોભાયમાન ભુજાઓ બનાવવી તેમાં જમણી બાજુના એક હાથમાં કમળ બીજા હાથમાં પાશ અને ડાબી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં અંકુશ આ પ્રમાણે ચારે હાથમાં ચાર સુંદર વસ્તુઓ આપવી અને કુર્કટ નામના સર્પના સુંદર વાહન ઉપર

"Aho Shrutgyanam"

આરૂઢ કરવી આ પ્રમાણે **શ્રી પાર્શ્વનાથ ભગવાનની** ડાબી બાજુમાં પદ્માવતિ દેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૪૦

**श्रीवीरजिनस्य मातंगोयक्षः श्यामवर्णोगजवाहनो द्विभुजो नकुलयुक्त दक्षिणभुजो वामकर घृतपजपुर कश्च ॥४४१॥**

અર્થ:-**માતંગ નામના યક્ષ:**—તેનો રંગ કાળો બનાવવો અને બે હાથ બનાવવા તેમાં જમણી બાજુના હાથમાં નકુલ અને ડાબી બાજુના હાથમાં બીજોરૂ આ પ્રમાણે બન્ને હાથમાં બે વસ્તુઓ આપવી તેમજ હાથીના વાહન ઉપર આરૂઢ થયેલ એ પ્રમાણે **શ્રી મહાવીર સ્વામી ભગવાનની** જમણી બાજુમાં માતંગ નામના યક્ષની મૂર્તિ બનાવવી. ૪૪૧

**श्रीवीरजिनस्यसिद्धाविकादेवी हरितवर्णा सिंहवाहना चतुर्भुजा पुस्तकाभय युक्तदक्षिण करद्वयाबीजपुरक वीणाभिराम वामकरद्वयाचेति ॥४४२॥**

અર્થ:-**સિદ્ધાયિકા દેવી** નામની યક્ષણી:-તેનો વર્ણ લીલા રંગનો બનાવવો અને સુંદર ચાર ભુજાઓ તેમાં જમણી બાજુના એક હાથમાં પુસ્તક, બીજા હાથમાં અભય અને ડાબી બાજુના એક હાથમાં બીજોરૂ, બીજા હાથમાં સુંદર અને અત્યંત શોભાયમાન વીણા આ પ્રમાણે ચારે હાથમાં ચાર સુંદર વસ્તુઓ આપવી અને સીંહના વાહન ઉપર આરૂઢ કરવી. આવી રીતે શ્રી મહાવીર સ્વામી ભગવાનની ડાબી બાજુમાં સીદ્ધાયિકા દેવી નામની યક્ષણીની મૂર્તિ બનાવવી. ૪૪૨

ઈતી ચોવીશ તિર્થંકર યક્ષ યક્ષણી સંપૂર્ણ.

"Aho Shrutgyanam"

# ૧૬ વિદ્યાધર દેવીઓનું કોષ્ઠક.

| | |
|---|---|
| ૧ રોહણી | ૨ પ્રજ્ઞપ્તિ |
| ૧ હાથમાં માળા \| ૧ હાથમાં શંખ<br>૨ ,, બાણ \| ૨ ,, ધનુષ્ય<br>વર્ણ વાદરી વાહન ગાયનું | ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં બિજોરૂ<br>૨ ,, ભાલુ \| ૨ ,, ભાલુ<br>વર્ણ ધોળો વાહન મોરનું |
| ૩ વજ્રશૃંખલા | ૪ વજ્રકુંશા |
| ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં કમળ<br>૨ ,, શૃંખલા \| ૨ ,, સાંકળ<br>વર્ણ ધોળો વાહન કમળનું | ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં બિજોરૂ<br>૨ ,, વજ્ર \| ૨ ,, અંકુશ<br>વર્ણ પીળો વાહન હાથીનું |
| ૫ અપ્રિતી ચક્રા | ૬ પુરૂષદત્તા |
| ૧ હાથમાં ચક્ર \| ૧ હાથમાં ચક્ર<br>૨ ,, ચક્ર \| ૨ ,, ચક્ર<br>વર્ણ વીજરી જેવો વાહન ગરૂડનું | ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં બિજોરૂ<br>૨ ,, તરવાર \| ૨ ,, ખેટક<br>વર્ણ પીળો વાહન ભેંસનું |
| ૭ કાળી | ૮ મહાકાળી |
| ૧ હાથમાં માળા \| ૧ હાથમાં વજ્ર<br>૨ ,, ગદા \| ૨ ,, અભય<br>વર્ણ કાળો વાહન કમળ | ૧ હાથમાં માળા \| ૧ હાથમાં અભય<br>૨ ,, વજ્ર \| ૨ ,, ઘંટા<br>વર્ણ લીલો વાહન પુરૂષ |

"Aho Shrutgyanam"

| ૯ ગૌરી | ૧૦ ગાંધારી |
|---|---|
| ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં માળા<br>૨ ,, મુશળ \| ૨ ,, કમળ | ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં અભય<br>૨ ,, મુશળ \| ૨ ,, વજા |
| વર્ણ સોના જેવો વાહન ગોધાનું | વર્ણ લીલો વાહન કમળ |
| **૧૧ સર્વાસ્ત્ર મહાજ્વાલા** | **૧૨ માનવી** |
| ૧ હાથમાં દરેક સસ્ત્રો \| ૧ હાથમાં દરેક સસ્ત્રો<br>૨ ,, ,, \| ૨ ,, ,, | ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં માળા<br>૨ ,, પાશ \| ૨ ,, ઝાડની ડાંખરી |
| વર્ણ વાદરી વાહન ભુંડનું | વર્ણ કાળો વાહન કમળ |
| **૧૩ વૈરાટયા** | **૧૪ અચ્છુત્પા** |
| ૧ હામમાં તરવાર \| ૧ ખેટક<br>૨ ,, સર્પ \| ૨ સર્પ | ૧ હાથમાં તરવાર \| ૧ હાથમાં ધનુષ્ય<br>૨ ,, બાણ \| ૨ ,, ખેટક |
| વર્ણ કાળો વાહન અજગરનું | વર્ણ વીજરી જેવો વાહન ઘોડાનું |
| **૧૫ માનશી** | **૧૬ મહામાનશી** |
| ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં માળા<br>૨ ,, વજા \| ૨ ,, વજા | ૧ હાથમાં વરદ \| ૧ હાથમાં કુંડીક<br>૨ ,, તરવાર \| ૨ ,, ફલક |
| વર્ણ વાદરી વાહન હંશનું | વર્ણ વાદરી વાહન સીંહનું |

"Aho Shrutgyanam"

# જૈન દેહેરાસરના દ્વારપાળનું કોષ્ટક.

<table>
<tr><td colspan="2">ઇંદ્રદેવ પૂર્વદિશાના દ્વારના</td><td colspan="2">ઇંદ્રજય પૂર્વદિશાના દ્વારના</td></tr>
<tr><td>૧ અંકુશ<br>૨ ફળ</td><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, દંડ</td><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, દંડ</td><td>૧ હાથમાં અંકુશ<br>૨ ,, ફળ</td></tr>
<tr><td colspan="2">સવ્ય વાહન હાથીનું</td><td colspan="2">અપસવ્ય વાહન હાથીનું</td></tr>
<tr><td colspan="2">માહેન્દ્ર દક્ષિણદિશાના દ્વારના</td><td colspan="2">વિજય દક્ષિણદિશાના દ્વારના</td></tr>
<tr><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, ફળ</td><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, દંડ</td><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, દંડ</td><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, ફળ</td></tr>
<tr><td colspan="2">સવ્ય વાહન હાથીનું</td><td colspan="2">અપસવ્ય વાહન હાથીનું</td></tr>
<tr><td colspan="2">ધરણેન્દ્ર પશ્ચિમદિશાના દ્વારના</td><td colspan="2">મદીરાપદ્મ પશ્ચિમદિશાના દ્વારના</td></tr>
<tr><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, નાગપાશ</td><td>૧ હાથમાં અભય<br>૨ ,, દંડ</td><td>૧ હાથમાં અભય<br>૨ ,, દંડ</td><td>૧ હાથમાં વજ્ર<br>૨ ,, નાગપાશ</td></tr>
<tr><td colspan="2">સવ્ય વાહન હાથીનું</td><td colspan="2">અપસવ્ય વાહન હાથીનું</td></tr>
<tr><td colspan="2">સુનાભ ઉત્તર દિશાના દ્વારના</td><td colspan="2">સુરદુંદભી ઉત્તરદિશાના દ્વારના</td></tr>
<tr><td>૧ હાથમાં બંસરી<br>૨ ,, ફળ</td><td>૧ હાથમાં બંસરી<br>૨ ,, ફળ</td><td>૧ હાથમાં બંસરી<br>૨ ,, ફળ</td><td>૧ હાથમાં બંસરી<br>૨ ,, ફળ</td></tr>
<tr><td colspan="2">સવ્ય વાહન હાથીનું</td><td colspan="2">અપસવ્ય વાહન હાથીનું</td></tr>
</table>

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૧૧ મું.

# अथश्री अपराजीत

अभिमतोर्थसीध्यर्थं पूजितायसुरासुरै ॥
सर्वत्रिघ्न छिदतस्मै श्रीगणाधिपतये नमः ॥४४३॥

અર્થઃ- આરંભેલા કાર્યની સિદ્ધીને માટે દેવો અને દાનવોથી પુજાયેલા અને સર્વ પ્રકારના વિઘ્નોને છેદન કરનારા એવા સર્વ ગુણોના ભંડાર ગણપતિ દેવને નમસ્કાર કરૂ છું. તેમજ આ અપરાજીત નામનો ગ્રંથ નીર્વિઘ્ને પૂર્ણ થાય એવી હું ગણપતિ દેવને યાચના કરૂ છું. ૪૪૩

चतुर्मुख मुखांभोज वनहंस वधुर्मम ॥
मानसे रमतां नित्यं सर्वशुल्कां सरस्वतीम् ॥४४४॥

અર્થઃ-ચાર વેદ રૂપી ચાર મુખવાળા, હંસની ઉપર આરૂઢ થયેલા અને મનરૂપી સરોવરમાં હંમેશાં રમવાવાળાં સર્વ સીદ્ધી આપનારાં, એવી સરસ્વતી દેવીને નમસ્કાર કરૂ છું. ૪૪૪

### ગંધમાદન પર્વતનું વર્ણન

अथश्री महातपोभोग्य पर्वतसगंध मादने ॥
विचित्र शिखराकर्णो चित्रस्फुशोभने ॥४४५॥
चंद्रकान्तिशभारम्ये सत्वामृत्यो विनाशने ॥
सिद्धामरकन्याकिर्णे क्रीडाममणि ग्रहे ग्रहे ॥४४६॥
हंसकारं रथाकिर्णे चक्रवाकोपशोभितम् ॥
नीलजेमुतसंकाषां तरुणादित्यसंभवम् ॥४४७॥



"Aho Shrutgyanam"

અર્થ:-વિચિત્ર મણીયો જેમ શોભે તેવા સારાં સારાં શીખરોથી શોભાયમાન ગંધમાદન પર્વતનું હવે સારી રીતે વર્ણન કરવામાં આવે છે. ૪૪૫

ચંદ્રકાન્ત મણીના જેવો શોભાયમાન,શીખરોથી મૃત્યુ લોકમાં નિવાસ કરી રહ્યો હોય અને દેવલોકમાં આનંદ કરતો હોય તેવો શોભાયમાન આ પર્વત દેખાય છે. સિદ્ધ પુરૂષોની તેમજ દેવલોકોની કન્યાથી વ્યાપ્ત થયેલ છે. તેમજ તે કન્યાઓને માટે દરેક ઘેર મણીઓ શોભે છે. ૪૪૬

જેમ વિષ્ણુ પરમાત્મા સુદર્શન ચક્રથી શોભે છે તેમ આ પર્વત પણ સુદર્શન ચક્ર જેવો શોભતો હતો. તેમજ જેમ આકાશમાં કાળો મેઘ ચડીનો આવ્યો હોય તેવો પણ દેખાતો હતો. સૂર્યકાન્તની મણીયો તેમજ ચંદ્રકાન્તની મણીયોથી તે સૂર્યના જેવો દેખાતો હતો. વિદુર્ય મણીયો તથા નીલમથી આ પર્વત વરસાદની જેવો શોભાયમાન હતો. ૪૪૭

उढ्याकाशशिखरे रत्न धातुपिशोभने ॥
अनंतग्रहासनोरम्ये यथास्याबउहासने ॥४४८॥
महाक्रमलताकिर्णे वनोपवन कानने ॥
दिग्यासना समारम्ये सरितां तटोवासीने ॥४४९॥

અર્થ—જેના શિખરો આકાશ સુધી પહોંચેલા છે, જે સોનું, ચાંદી, રત્ન, તામ્ર વિગેરેથી શોભાયમાન છે. તે પર્વતના શીખરો ઉપર દેવલોક પણ પોતાના ગૃહો કરીને રહ્યા છે તે ઘણાજ આરામ અને સુખ આપનારાં છે. ૪૪૮

"Aho Shrutgyanam"

તેની ઉપર સારી સુંદર વેલો, સારાં સારાં વૃક્ષો નાના ને મોટા બગીચાઓ ઘણાજ શોભાયમાન છે. તે પર્વત દશે દીશારૂપી વસ્ત્રો ધારણ કરવાથી ઘણોજ શોભે છે તેમજ તેની પાસે ઘણીજ નદીઓના તટ શોભી રહ્યા છે.

इदं चाश्रमं रम्यं पर्वतंगंध मादनम् ॥
ऊर्ध्वभूमौ वसेत् देवं तंशीलाग्रशायिनम् ॥४५०॥
तद्योद्भव माहानादि मथास्या बहुषाछा ॥
डुमलंकृताश्रुतार्वासुपति नागाश्च महाशिखरोर्द्धछा॥४५१

અર્થ—તે ગંધમાદન પર્વત ઉપર દેવતાઓ આનંદથી પોતાના સુંદર આશ્રમોમાં રહે છે. તે પર્વતના નિચાણના ભાગમાં ભૂલોક રહે છે, જ્યાં દેવતાઓને મરજી થાય ત્યારે ત્યાં કોઇવાર ફરવા આવે છે.

તે ગંધમાદન પર્વતમાંથી મોટી નદીઓ પ્રગટ થઈ છે. તે પર્વતના શીખરોમાં અલંકારથી યુક્ત સુંદર હાથીઓ પણ રહે છે. ૪૫૧

ताभ्यांशिल शिखरोद्भमस्था प्रस्थितांतसागरा ॥
बध्वीशौनाभिल्लपुलिंदश्चैरैश्चाप्यबाणांशरां पुरवांजन्मा ॥
गंगा सरस्वति पुण्यादेवी का मधु मति तथा ॥
पारा च सिंधु कावेरी गोमति चन्द्र तारका ॥४५३॥

અર્થ—તે ગંધમાદન પર્વતની મેખલા સમુદ્રના જેવી શોભાયમાન લાગે છે. અને તે મેખલા પર્વતની શીલાઓ તેમજ શીખરોને ઘેરીને રહેલ છે. બાણોને તેમજ ધનુષ્યને

"Aho Shrutgyanam"

ધારણ કરનાર ભીલ લોકો તેમની સ્ત્રીઓ સહિત તેમજ કિન્નર લોકો તે પર્વત ઉપર વસે છે. ૪૫૨

ગંગા, સરસ્વતી, પવિત્ર દેવીકા, મધુમતી, પાસ, સીંધુ, કાવેરી, ગોમતી અને ચંદ્રતારકા આવી નદીઓ તેમાં વહન કરે છે. ૪૫૩

मजन्माभंगगंडच्युतमदन विरोमोह मत्तामालस्ता
हत्ते सिद्धांगनानां कुचयुग विलिन् कुंकुमासिंगपंगम् ॥४५

અર્થઃ—તે પર્વતમાં હાથીઓના ગંડસ્થળમાંથી જે મદ ઝરતો તેની તેમજ સુંદર પુષ્પોની સુગંધ કામદેવને પ્રગટ કરતી હતી, અને તે પર્વતમાં સિદ્ધ પુરૂષોની સ્ત્રીઓના સ્તનમાં લગાવેલ કસ્તુરી તથા કેશરનો પણ સારામાં સારો સુગંધીદાર પવન વાતો હતો. ૪૫૪

यथं प्रात्यांमुनिनांकुश कुश च पीछि तीर स्नायं पाया
द्धौनमंदातः किस्मकरकरा कांतरहस्तरंगम् ॥४५५॥
द्रष्टवा वनंव्याघ्र गजेन्द्र सेवीतम् गुहांसिंह व्याघ्ररुपैश्चनैकाकथा
हस्तंभक्षक सार्धलंगुलगंडसुकरे महिप मृगणाम् ॥४५६॥
शुककुर्कट कुलाल कोकीलसुररमणीयम घुजंकोशिखीशक्ष्मे
वाह्येते पर्वतै काननेगीर तटेत पावनंदिव्युः मारामशोभनं ॥

અર્થઃ—તે પર્વત ઉપર કુકડા, પોપટ, મેના, પારેવા વિગેરે સારા સારા શબ્દો કરી રહ્યા છે અને તેમાં દેવાંગનાઓ પણ આનંદ કરી રહેલ છે. તેની તળેટીમાં રૂષીઓ તપ કરે છે, આ પ્રમાણે પર્વતની શોભા દેખાય છે. ૪૫૫

વાઘ, સીંહની ગુફાથી તેમજ નાર, વરૂ, ચીત્તો, ભુંડ જેવા ભયાનક ભક્ષણ કરનારાઓથી ભરપુર તે પર્વત પાસેનું

"Aho Shrutgyanam"

વન છે. આ વનમાં મોટા મોટા પાડાઓ તેમજ મૃગો પણ રહે છે. ૪૫૬

પોપટ, મેના, કોયલ અને મધુર સુંદર પક્ષીઓ શબ્દ કરીને આ વનને શોભાવે છે. આત્માને આરામ આપે તેવા સુંદર બગીચાઓ પણ આ વનમાં છે. ૪૫૭

काशिपो अगस्ती चैव याज्ञवल्को अथ कोशिक
भारद्वजो वैश्रमचैव वसीष्टो नारदस्तथा ॥४५८॥
पराशरोक्रमश्चय मदग्ने मार्कंड एव च
गौतम चार्क मरीच भृगु वैएक शृंग कः ॥४५९॥

અર્થઃ-કશ્યપ, અગસ્ત, યાજ્ઞવલ્ક, વિશ્વામિત્ર, ભારદ્વાજ, વૈશ્રમ, વશીષ્ઠ અને નારદ. ૪૫૮

પરાશર, ઉક્રમ, અયન, જમદગ્ને, માર્કંડ, ગૌતમ, અર્ક, મરીચી, ભૃગુ, એકલશીંગી વિગેરે મહાન રૂશીઓના આશ્રમથી તે વન ભરપુર છે. ૪૫૯

कपीलो पुलो माहेन्द्रो पुलस्तीपुलहक्रतु ॥
वसुदेव सुदुर्वासा कनका सोनकस्तथा ॥४६०॥
भार्गवांगब्रहस्पति अंगीरोमनुजन्मक ॥
हरितो श्रंग नागेन्द्रो दैवन्यौकि श्रुकस्तथा ॥४६१॥
पझकंपाश्व संपस्था श्रंगीग्रीष्मळ मेव च ॥
विश्वामित्रो जनकश्च व्यास वाल्मीकस्तथा ॥४६२॥
मित्रयोधर्मक श्चैव प्रचेतस्या वैजयंति क ॥
शान्ति समुद्रक चैव एव तौ वैश्वपावन ॥४६३॥

"Aho Shrutgyanam"

जीवध्वजो चाल्पशिष्ट शुंसु स्वर्णकमेव च ॥
श्रुक अत्रि मकश्चैव विवरव्यासो ब्रह्मतेजसा ॥४६४॥
शान्तिमविद्रुमं चैव बहुधान्यो बधुस्तथा ॥
सगर्गिलं पटोरवातनीलाश्चा सत्य मेव च ॥४६५॥

અર્થ:-તે વનમાં આટલા મહાન મુનીઓ રહેતા હતા. તેનાં નામ:-કપીલદેવ, પુલોસા, માહેન્દ્ર, પુલસ્તી, પલહક્રતુ, વસુદેવ, દુર્વાંસા, કનકાશોનક. ૪૬૦

ભાર્ગવ, બ્રહસ્પતિ, અંગીરા, હરિત, શ્રંગનાગેન્દ્ર, દેવરૂશી શુકદેવજી. ૪૬૧

પદ્મક નામના મુની મહા ભાગ્યમાન, શ્રંગી, ગ્રીષ્મણુ, મહાન તપસ્વી વિશ્વામિત્ર મહાન જ્ઞાની જનકરાજા, ભગવાન શાસ્ત્રકાર વ્યાસજી અને મહાનરૂશી વાલ્મીકજી.૪૬૨

મહાન ધર્મી મિત્રય, વરૂણના પુત્ર વૈજયંત અને શાન્ત મહાન ભાગ્યવાન સમુદ્રક અને મહાત્મા વૈશ્વપાવન. ૪૬૩

પ્રાણી માત્રનું રક્ષણ કરનારા મહાન પરમાત્મા સદાશીવ, બ્રહ્મતેજથી વ્યાપક શુકદેવજી, મહાન તેજવાન જયરૂશી. ૪૬૪

શાન્ત સ્વરૂપવાળા મહામતવાળા પુરૂષ બુદ્ધિમાન કોમળ સ્વભાવવાળા અને શાન્ત વિચારવાળા પુરૂષો પણ તે વનમાં રહેતા હતા. ૪૬૫

मृगारव्यो मृगवक्रश्च शंखवर्णाश्च लोमस ॥
चन्द्र भान वज्रसूचि किरातश्चाथ संभ्रम ॥४६६॥

અર્થ:-જે વનમાં રૂરૂમૃગો, કસ્તુરીવાળા મૃગો અને સુંદર ભીલોનો વાસો પણ ઘણો છે. ૪૬૬

"Aho Shrutgyanam"

स्यापर्णोस्यागं गश्च हेमकान्ति देवलस्तथा ॥
शिखि स्वजन कान्तिश्च शिवात्मा चन्द्रशेखर ॥४६७॥
जयोविजय माख्याता सिद्धार्थे अपराजीत ॥
अष्टाशिनी समाख्याता ऋषय ब्रह्मतेजसा ॥४६८॥
अधशीर्षो द्विपादश्च वर्षाणांश संख्यथा ॥
रुष्टा तुष्टातु सर्वेषु ज्ञान ध्यान परायणा ॥४६९॥
केचीत् कंद फलाहारा पंचगव्योपजिवीता ॥
केचीत अग्घास सास्छा केचीन क्षेत्र भोजना ॥४७०॥

અર્થઃ-સુંદર કાન્તિવાળા અને મૃદુલ સ્વભાવવાળા દેવલરૂશી અને કલ્યાણમૂર્તિ જેને લલાટમાં ચંદ્ર શોભાયમાન છે એવા મહાદેવ પણ તે વનમાં રહે છે. ૪૬૭

વિજય એવા નામવાળા તેમજ શાસ્ત્રોના કાર્યમાં અને સિદ્ધીઓમાં કોઈથી પરાભવ પમાડી શકાય નહિ તેવા અઠયાશી હજાર રૂષીઓ રહે છે; તે મહાન પ્રતાપી રૂષી મહાત્માઓના પ્રભાવથી આ વન શોભાયમાન હતું. ૪૬૮

કેટલાક રૂષીઓ ઉંધે માથે તપ કરતા હતા જેની સંખ્યા સો ગણી હતી તેમજ કેટલા રૂષ્ટપુષ્ટ થઈને પરમાત્માના ધ્યાનમાં પરાયણ હતા. કેટલાક મહાન પુરૂષો પરમાત્માના સ્વરૂપની પરાકાષ્ટાને પ્રાપ્ત થએલા હતા. ૪૬૯

તેમાં કેટલાક મહાત્માઓ ફળફુલ, કંદમૂળનોજ આહાર કરીને રહેતા હતા. કેટલાક તો ખાધાવિનાના એકજ આસનપર બેસી રહેતા હતા અને કેટલાક તો એકજ વખત ભોજન કરીને રહેતા હતા. ૪૭૦

"Aho Shrutgyanam"

एतेते रुषयः पृष्ट ते गंध मादने भुर्भूवः स्वः
भूतेश्चवने दीव्य अभाष्टते ते अनेक वर्षों सूत्रो ॥४७१॥
चन्दनाद्रुम पादया पुंनाग भागबकुला बहुधा तृक्ष
जातयः ॥ जातिपुष्पमंदारानीलरक्तोपलस्त्रा ॥४७२॥
कंकोललवंगानि कर्पूराद् शुमपादपा ॥
अति वल्कल संयुक्त लतावापिश्रीयाकृति ॥४७३॥
रक्तचंदन वृक्षश्च प्रभपात्रण पादपा ॥ अगस्त्यां बरुहा
का बिल्व वृक्षचन्दना नागकेशरीपुंनागद्राक्षाखर्जुरदाडिमी ॥
शालितालतमालश्च हितालानं धुपादपा ॥
कार्णिकार द्रुमाख्यात्ता नानापुष्प कलान्विता ॥४७५॥
कर्पूर कंकुमादिषु पुष्प प्रकर संकुला ॥
संधुपामोद बकुलाकुंकुमाइव सिंचता ॥४७६॥
चन्द्रकांत्याकचिद्भूमीक्कश्चिन्मरकनप्रभा ॥
प्रवाल कयारम्ये सुविस्फुटीक निर्मला ॥४७७॥

અર્થઃ-આ પ્રમાણે પર્વતની તળેટીના વનમાં આવા મહાન પુરૂશોના આશ્રમ હતા; તે વનની અંદર સોપારીના ઝાડ,બકુલના,મોગરાના,આસોપાલવના,ચંદનના અને ચંપાના ઝાડ આવા ઘણી જાતના ઝાડ હતા. તેમજ સફેદ કમળ, લાલ કમળ, કાળા કમળ પણ તે વનમાં હતા. ૪૭૧ થી ૪૭૨

કંકોલના વૃક્ષ, લવીંગના, કપુરના, છાદડનાં રક્તચંદન, કેળના, અગથીયાના, બીલીના, તુલસીના, નાગકેશર, દ્રાક્ષ, ખજુરના તેમજ અત્યંત ફળવાળા લતાવૃક્ષથી સુશોભીત દેખાય છે. ૪૭૩ થી ૪૭૪

"Aho Shrutgyanam"

શીમળાનાં વૃક્ષ, તમાલપત્રનાં, ગોડનાં, ગરમાળાનાં અને સુગંધદાર વૃક્ષોના સુંદર ફુલથી વ્યાપક છે. ૪૭૫

કપુરના તેમજ કંકુના રંગ જેવા પુષ્પોના ગુચ્છાથી જેનો સુગંધ ઘણોજ ફેલાએલો છે. એવા બકુલના વૃક્ષના પુલ જાણે કંકુથી સીંચન કર્યું હોય તેવા સુંદર શોભતા હતા. ૪૭૬

તે પર્વતના પ્રદેશોમાં સુંદર ચંદ્રમાની કાન્તિ જેવી મણીઓ તેમજ મરકત મણીઓ અને સુંદર પ્રવાલાના જેવી લાલ મણીઓ તેમજ લીલમ પણ હતાં આ પ્રમાણે તે વન શોભાયમાન સમૃદ્ધીથી ભરપુર હતું. ૪૭૭

इदं भवनं महादीव्यं दशयोजन विस्तरं ॥
गवाक्ष विद्ध कोपेतं वातांजन विमन्वीतं ॥४७८॥
अंतलिहे ध्वज चित्रै चामरेति विभूषितम् ॥
घंटा निविदत्त्वं वामुदितोनैव संकुलम् ॥४७९॥

અર્થ:-તે પર્વતની પાસે સુંદર એક મહેલનું વર્ણન કરવામાં આવે છે. દસ યોજનના ઘેરાવામાં લાંબો પહોળો હતો અને તે મહેલમાં બારી બારણા એવી રીતે મુકવામાં આવ્યાં હતાં કે દરેક રૂતુમાં અનુકુળ પવન આવી શકે. ૪૭૮

જેને ધ્વજા પતાકા અને તોરણોથી શૃંગારવામાં આવ્યું હતું. જેમાં સુંદર ચામર ઘંટા ઘડીયાળો પણ નીયમસર ગોઠવવામાં આવી હતી. આવી વસ્તુથી તે શોભાયમાન દેખાતો હતો. ૪૭૯

"Aho Shrutgyanam"

किंकणिखकोपेतं अर्धचन्द्र विभूशितम् ॥
वितानिसह संयुक्तं युक्तं पादादी शोभितम् ॥४८०॥
प्रवेश निर्गमा पेतम् नरनारि जनाकुलम् ॥
महासुरजसा चैव गीतैश्च विविधै युतः ॥४८१॥

અર્થ:-જે મહેલમાં સોના ચાંદીની ઘુઘરીયોના સુંદર શબ્દો થયા કરતા હતા અને અર્ધ ચન્દ્રમાની કાન્તિથી શોભાયમાન દેખાતો હતો, સોનાના કમળની શોભા પણ ઘણીજ રમણીય દેખાતી હતી. ૪૮૦

તેમાં આવવા જવાના રસ્તા પણ ઘણીજ યુક્તીથી કરવામાં આવ્યા હતા કે કયાંથી પુરૂષ તથા સ્ત્રીઓ અંદર આવે છે અને કયાંથી જાય છે તે કોઈ જાણી શકતુ ન હતું. તે મહેલમાં વિવિધ પ્રકારના ગીત ગાયનો ગવાતાં હતાં. ૪૮૧

मनाहरं ग्रहं दिव्यं देवतामपि दुर्लभं
लास्यहासेविबुधारुषकंन्यासतयोत्तरा ॥४८२॥
सहिताभन्यमानैश्च मंगलै कोतुकै क्षह ॥
त्रिसंगैश्च विनुधा प्रक्षणियगणै स्वहरै ॥४८३॥

અર્થ:-તે મહેલમાં દરેક દેવતાઓના પણ અલગ અલગ મંદીરો બાંધવામાં આવ્યા છે. તેમાં દરેક દેવો મનુષ્યો પ્રાણી માત્ર પોત પોતાના કર્મમાં મશગુલ રહે છે. તેની અંદર સુંદર અને સ્વરૂપવાન ત્રણે ગુણથી યુક્ત દેવો તેમાં ગણપતીની પહેલી પુજા કરવામાં આવે છે. ૪૮૨ થી ૪૮૩

"Aho Shrutgyanam"

गणाश्च किलकिलायंते प्रचलंति मुहुर्मुहुः
इदं दिव्यं भूवनं शुद्ध स्फटिक संनिभम् ॥४८४॥
वज्रवैडुर्य रचित रत्न, प्राकार शोभितम् ॥
तोरणै दिव्यमाप्यपाति पूर्वापर याम्योत्तरम् ॥४८५॥
ततमध्ये दिव्यपर्यंकं सिंहव्यालैरलंकृतम् ॥
हंसतुल्यो समासह्यं शिरोद्वारो भयाश्रितम् ॥४८६॥

અર્થ:–તે ભુવનમાં ગણલોકો કીલકીલ શબ્દો કરી રહ્યા છે.અને વારંવાર દેવતાઓ ચલાયમાન થાય છે. આ પ્રમાણે સુંદર ભુવન સ્ફટીકના જેવું ઉજ્વલ દેખાતું હતું. ૪૮૪

સૂર્ય કાન્તિ જેવી જે વૈડુર્ય મણીના શુદ્ધ પ્રકાશ વાળાં જેમાં તોરણો બાંધવામાં આવ્યા છે અને ચારે દીશામાં ચાર દ્વાર તે ભુવનને મુકવામાં આવ્યા છે. ૪૮૫

તે મહેલમાં સુંદર સીંહ વાઘ વિગેરેના ચીત્રો કોરેલ હતા અને સુંદર આસન વચે પાથરેલ છે. હંસની તુલના વાળા મહાત્માઓ તે ભુવનમાં રહે છે. ૪૮૬

तत्र शंसुखमासीनं विश्वकर्मामहोजसं ॥
वेदवेदांगसंभूतं सर्वशास्त्र विशारदम् ॥४८७॥
सर्वज्ञान संभूतं सर्वज्ञं च सभार्णवे ॥
चतुर्भुजं ब्रह्म तेजसं कांचन सम प्रभम् ॥४८८॥
तप्तकुंडल शाभाढ्यं त्रीनेत्रंचंद्रशेखरम् ॥
अक्षसूत्रं करे वामे दक्षणे स्यात् कमंडलुम् ॥४८९॥

"Aho Shrutgyanam"

पुस्तकं वामहस्तोर्ध्वे दक्षणे कर्बींचारत्य ॥
ज्ञानदं मोक्षदं चैव बिश्वरं सृष्टीकारकम् ॥४९०॥
तिष्टं ततं विनोदेन कौतुहल अनेकधा ॥
विश्वकृत् विश्वकर्मा चतुष्टास्यादेवत्रर्द्धके ॥४९१॥
भुर्भुवः स्वः भूर्वांनश्च भुवनदेवाश्च विश्वकर्ता ॥
पुनराचार्यं मामक्ष प्रभाकेत्व सुनंदनम् ॥४९२॥

અર્થઃ—તે ભુવનમાં સુંદર આશન ઉપર સફેદ દુધ જેવી રેસમની ચાદર આછાદિત કરેલી છે. તે ઉપર દરેક વેદ અને શાસ્ત્રોને તેમજ વેદના અંગોને જાણુનાર મહાન દીવ્યમૂર્તી પરમાત્મા સ્વરૂપ તે આસન ઉપર વિશ્વકર્મા બીરાજમાન થએલ છે. ૪૮૭

સર્વ જ્ઞાનથી યુક્ત તે સભામાં મુખ્ય સર્વજ્ઞ અને ચાર ભુજાથી યુક્ત તપેલા સોનાની સમાન બ્રહ્મતેજથી સર્વમાં નારાયણ રૂપ રહેલા છે. ૪૮૮

સોનાના કુંડલ ધારણ કરેલા છે તેથી જેની શોભા ઘણીજ સુંદર દેખાય છે અથવા શુદ્ધ સોનાના કુંડલની શોભા જેવી શોભા વાળા. ત્રીજુ નેત્ર જેને લલાટમાં છે અને ચંદ્ર રૂપી શીખર તેમને છે એવા ડાબા હાથમાં અક્ષસૂત્ર જેમણે ધારણ કરેલ છે અને જમણા હાથમાં કમંડલ છે એવા. ૪૮૯

બીજા બે ઉપલા હાથ છે તેમાં જમણા હાથમાં પુસ્તક અને ડાબા હાથમાં સુંદર ગજ ધારણ કરનાર, જ્ઞાનને આપનાર, મોક્ષને આપનાર, સૃષ્ટીને કરનાર એવા ઇશ્વર એટલે વિશ્વકર્મા છે. ૪૯૦

"Aho Shrutgyanam"

અનેક પ્રકારના કૌતુકથી યુક્ત જગતને કરવાવાળા વિશ્વકર્માં છે. અને તુષ્ટદેવ આચાર્યના પુત્ર આ પ્રમાણે સુંદર રીતે બેઠેલા છે. ૪૯૧

પાતાળલોક મનુષ્યલોક અને દેવલોકોને બનાવવા-વાળા જેની શોભાનો પાર નથી એવા આચાર્ય છે અને જેની પ્રભુતાનો પણ પાર નથી. ૪૯૨

दंडं च प्राणतो भूत्वा जानुभ्यां धरणीधरा ॥
भक्तिमंतो महातात पृष्टते अपराजीत ॥४९३॥

मम चित्त व संषोध्य अज्ञान ज्ञानतोदूभवा ॥
मध्यशास्त्राणि वामध्यादुदृते शौरबीजकम् ॥४९४॥

सूक्ष्मासूक्ष्मत्तरं ग्राह्यं मध्यादुत्तर यो यथा ॥
निशाकर चास्तमन्ये उदिते च दिवाकरो ॥४९५॥

सूत्रार्थस्य प्रदोतकारं ज्ञानं चोन्मीलमीलनम् ॥
यद्य यद्य तत् पृछामि तमहं सूत्रगस्त्रप्रद्यातेकम् ॥४९६॥

तानु ज्ञान प्रसादेन तारातीमरहरं तथा ॥
सद्गुरुं तं नमामि कृपाकुरुतु सर्वदा ॥४९७॥

અર્થઃ—હાથમાં દંડ ધારણ કરવાથી દરેકના પ્રાણ ધારણ કરનારા અને જાનુથી પૃથ્વી ધારણ કરનારા આવા **વિશ્વકર્મા ભગવાનને અપરાજીત** નામનો રાજા પુછે છે કે હે ભગવાન. ૪૯૩

મારા ચિત્તમાં રહેલું ઘણા જન્મનું જે અજ્ઞાન છે તેને જ્ઞાનરૂપી અમૃત પાઈ ને દુર કરો. શાસ્ત્રમાં પણ કહેલું છે કે

"Aho Shrutgyanam"

જ્યારે ગુરૂ કૃપા કરે અને જ્ઞાન બતાવે ત્યારેજ અંતર આત્માનું જ્ઞાન થાય છે. તેથીજ અંતર આત્મા દેખાય છે. ૪૯૫

તે અંતર આત્મા સુક્ષ્મમાં પણ સૂક્ષ્મ છે જે રાત્રીનું અંધારૂ સૂર્યનો ઉદય થયા સીવાય નિવૃત થઈ શકતું નથી તેવીજ રીતે ગુરૂકૃપા થાય તોજ અંદર રહેલું અંધારૂ દુર થઈનેજ આત્મદર્શન થાય છે. ૪૯૫

જ્ઞાનરૂપી સૂત્રને પ્રગટ કરીને જે મારા જ્ઞાનરૂપી નેત્ર બંધ થઈ ગયા છે તેને ઉઘાડો અને હે ભગવાન જે જે હું આપને પુછું તેનો રસ્તો બતાવવા કૃપા કરશોજી. ૪૯૬

તે તે પ્રશ્નોને જ્ઞાનરૂપી વાકયોએ કરીને મારા મનરૂપી ચક્ષુને ઉઘાડીને સમાધાન કરવા હે ગુરૂ મહારાજ વિશ્વકર્મા ભગવાન આ લઘુ બાળક ઉપર કૃપા કરશોજી. હું આપને વારંવાર નમસ્કાર કરૂં છું. ૪૯૭

श्रीअपराजीतोवाच—

सृष्टीकोतुहलंदेव उत्पत्तिभूतथात्रिभिः
ब्रह्मांडकःकथंप्रोक्तं केनांशष्यामप्रमाणतः ॥४९८॥

અર્થ:-અપરાજીત નામનો રાજા બોલ્યો-હે દેવ મને તે આશ્ચર્ય થાય છે કે, બ્રહ્માએ આ જગતને કેવી રીતે ઉત્પન્ન કર્યું હશે? અને તે બ્રહ્માંડ શું વસ્તુ હશે; બ્રહ્માંડ તેનું નામ શામાટે આપ્યું હશે? અને બ્રહ્માંડ કેવા અંશના પ્રમાણથી કહેવામાં આવ્યું હશે? તે આટલા પ્રશ્નોનું કથન કહેવા હે દેવ કૃપા કરશોજી. ૪૯૮

केनमुमुक्तिसमुत्पन्नंवर्द्धितंकेनहेतुना ॥
त्रिकासंकेनजातकेन धारेषुधार्यंता ॥४९९॥

"Aho Shrutgyanam"

અર્થઃ–આ બ્રહ્માંડની મુક્તી કેવી રીતે થતી હશે ? એટલે બ્રહ્માંડનો લય કેવી રીતે થતો હશે ? તેમજ બ્રહ્માંડની વૃદ્ધિ કેવી રીતે થતી હશે ? અને બ્રહ્માંડનું પાલન કેવી રીતે થતું હશે ? હે ભગવાન તે પણ કહેવા કૃપા કરશોજી. ૪૯૯

आधारधरणं आकाशस्यकथंविभुकेचित् ॥
किंचित् पर्वादयोशैलाकेन धारेत्कुलाचला ॥५००॥

અર્થઃ–હે વિભુ! આકાશ તેમજ પૃથ્વી કોના આધારથી રહેલું છે તેમજ ચર અચર પર્વતો વિગેરે કોના આધારથી સ્થીર રહેલ છે ? તેપણ કહેવા કૃપા કરશોજી. ૫૦૦

केचित्प्रमाणधरत्रासप्तद्विपावसुंरा ॥
समुद्राश्चकथंप्रोक्तावनोपवनकानना ॥५०१॥

અર્થઃ–સાત સમુદ્રો કેવી રીતે બનાવ્યા હશે ? તેમજ સમુદ્રો પૃથ્વી ઉપર કેવી રીતે રહી શકતા હશે ? આ પૃથ્વી ઉપર નાનાં વન તેમજ મોટામોટા જંગલો કોણે બનાવ્યા હશે ? તે પણ હે વિશ્વકર્મા ભગવાન કહેવા કૃપા કરશોજી ૫૦૧

द्वीपाद्विपेपुक्षेत्राणि प्रमाणानिकथंविभु ॥
जंबुद्वीपश्चमध्यानुनवक्षेत्राकथंविभु ॥५०२॥

અર્થઃ–સાત દ્વીપ અને સાત દ્વીપના ક્ષેત્રફળનું પ્રમાણ કેવી રીતે કર્યું હશે ? જંબુદ્વીપ નામના દ્વીપનું કેવું ક્ષેત્રફળ હશે તે પણ બતાવશોજી ૫૦૨

उत्तमंभरतक्षेत्रं तत्प्रमाणेषुकथंविभु ॥
सुरारतत्कथयन्ति भारतक्षेत्रमुत्तमं ॥५०३॥

"Aho Shrutgyanam"

અર્થ:-હે ભગવાન ભરતક્ષેત્ર નામ આ ભારત દેશ સર્વ દેશોમાં ઉત્તમ શામાટે માનેલ છે? દેવતાઓ પણ ભરતક્ષેત્રને ઉત્તમ શામાટે માને છે? ૫૦૩

भूग्रामकथंचन, किंधर्माउतक्षेत्रे ॥
रम्यादिकास्वकोद्भवान भरतक्षेत्रदेशाश्च
आश्राणांग्रासंख्यया ॥५०४॥

અર્થ:-ભારત દેશનું ક્ષેત્રફળ કેટલું છે? ભારત દેશમાં ધર્મો કેટલા છે? કેટલા આશ્રમો છે? ભારત દેશમાં કેટલા ગામો છે? તે બધું વિસ્તારથી કહેવા કૃપા કરશોજી. ૫૦૪

किंधर्माकुतदेषेषुनुभरताक्षेत्रमध्यत ॥
कृतेत्रेताद्वापरेतुचतुर्थावाकलियुगे ॥५०५॥

અર્થ:-ચાર જુગ. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને ચોથો કળીયુગ આ પ્રમાણે ચાર જુગ છે તેમાં કયા યુગમાં કયો ધર્મ હશે? ભારત દેશમાં કયો ધર્મ શ્રેષ્ટ છે તે પણ કહેવા કૃપા કરશોજી. ૫૦૫

युगान कथं धर्माच युगरुपानदेवता ॥
धर्मश्चक्रतयुगात्मानां द्विजदेवतायालयादिकम् ॥५०६॥

અર્થ:-ચાર યુગમાં ધર્મની વિધી કેવી રીતે કરાતી હતી? ચાર યુગના દેવતાઓ કોણ કોણ હતા? કયા યુગમાં કયો ધર્મ પાળવાથી પરમાત્મા પ્રસન્ન થતા હતા અને બ્રાહ્મણો તેમજ વ્હીજ જાતીના શું શું નીયમો હતા તે સવીસ્તર કહેવા કૃપા કરશોજી. ૫૦૬

किंधर्माकथंमानाक्तिद्विजदेवतालयादिकम् ॥
आलयासर्वंसत्वानां वेष्महर्म्यं प्रसादिकम् ॥५०७॥

"Aho Shrutgyanam"

અર્થઃ-કયા યુગમાં કઈ જાતી હતી ? તેના શું શું ધર્મ હતા અને ચાર યુગ તેમાં સતયુગ, દ્વાપર અને કળીયુગ ના કેટલા વર્ષ હશે તેનું માપ તેમજ દરેક પ્રાણીઓના રહેવાના સ્થાનો તેમજ ઘરો પ્રાસદો વિગેરે કયા યુગમાં કેવા હશે તે પણ હે વિશ્વકર્મા ભગવાન તે પણ મારા ઉપર દયા લાવીને કહેવા કૃપા કરશોજી. ૫૦૭

वास्तुकोत्पिहोतात निघंटदेवतादिकम ॥
एकपदादिकं वास्तु यावत् पदसहस्रकम ॥५०८॥

અર્થઃ-વાસ્તુની ઉત્પતિ કહો, તેના દેવતા, એક પદથી લઈને હજાર પર્યંત તેનું વર્ણન કરી બતાવો તેમજ વાસ્તુ તે શું વસ્તુ છે તે કહો. ૫૦૮

ममेपिर्मवंशश्च पूर्वरेखाषटसंख्यादिकम ॥
वज्रत्रिशुलांगुलं हस्तसुत्रादिपद्मकम ॥५०९॥

અર્થઃ-મર્મ, ઉપમર્મ, વંશ, પહેલાં છ સંખ્યા, વાસ્તુને વજ્ર તે શું. ત્રિશુલ લાંગુલ હાથમાં અક્ષમાળા, કમળ વિગેરે કેવી રીતે બનાવવા અને તે કેવડા કરવા વિગેરે આપ કથન કરવા કૃપા કરશોજી. ૫૦૯

बलिकर्मविधिवक्षे वास्तुपदनिवासिनम ॥
विद्यास्थानिसर्वाणि प्रासाद भुवनादिकम ॥५१०॥

અર્થઃ-વાસ્તુમાં બલીદાન શેનું આપવું, વાસ્તુનું પદસ્થાન કેવું કરવું અને તે કઈ દિશામાં કરવું. ઘરની કઇ દિશામાં વિદ્યાસ્થાન કરવું તથા ઘરનું કઇ દીશામાં મુખ રાખવું. પ્રાસાદીક કેવા બનાવવા વિગેરેનું વર્ણન કહો. ૫૧૦

"Aho Shrutgyanam"

हस्तलक्षणमानंच देवतापादसंभवं ॥
मानोन्मानं प्रमाणंच सर्वकर्मस्यकारणम् ॥५११॥

અર્થ:-એક હાથના માપના વાસ્તુનું લક્ષણ તેમજ તેની ઉપર કયા દેવની સ્થાપના કરવી, તે દેવનું કેવું સ્થાપન કરવું અને તે દેવનું માપ ઉપમાપ કેમ કરવું. તે દેવની કેવી રીતે પુજા કરવી વિગેરે કહેવા કૃપા કરશોજી. ૫૧૧

ज्ञानियासूत्रधारेण वरुणकैतरुमेवच ॥
भूपरीक्षाशल्योधारं किलिकारोपणादिकम् ॥५१२॥

અર્થ:-વરૂણદેવની મૂર્તિને હાથમાં અક્ષમાળા તેમજ બીજા આયુધવાળી કેવી બનાવવી તે તેમજ પૃથ્વીની પરીક્ષા કેવી રીતે કરવી. શલ્યની પરીક્ષા, ઘર વીગેરે બનાવવામાં ખીલી કેવી રીતે રોપવી, કેવડી બનાવવી અને કયારે રોપવી વીગેરે સમજાવવા કૃપા કરશોજી. ૫૧૨

वर्णगंधाश्चवायुश्च विपुलवा भूमीलक्षणम् ॥
द्वीपवेतिप्राच्यश्रुधोदिशिस्यां साधनादिका ॥५१३॥

અર્થ:-પૃથ્વીનો વર્ણ જોવો, પૃથ્વીની ગંધ જોવી, પૃથ્વીની દીશા જોવી, પૃથ્વીના ખુણા જોવા, પૃથ્વીના દેવતા જોવા, દિશાના દેવતા જોવા વિગેરે વીગેરે. હે ભગવાન બતાવવા કૃપા કરશોજી. ૫૧૩

प्रस्तारंक्रमसूत्रंच राजधानिपचनादिकम् ॥
पुरग्रामंनगरं नगरंविद्याखटकुटंचखेर्वटं ॥
ग्रहप्राकारपरिषांमतोल्यामार्गनो पुरवेश्मनि
समाद्मालगजाश्वमे ॥४१४॥

"Aho Shrutgyanam"

અર્થઃ-જ્યાં રાજ્યધાની બનાવવી હોય ત્યાં પહેલા તે જગ્યા જોવી, કઇ જગ્યાએ રાજધાની બનાવવી વિગેરે જોઈને તે ગામ જોવું. તેની દીશા જોવી, તે ગામની પ્રજાની પરીક્ષા કરવી, રાજા જોવો, રાજ્ય કારભારી જોવો અને રાજ-ધાની કયા રસ્તાપર બનાવવી છે તે જોવું. તેમાં કઈ જગ્યાએ રાજ્યની કચેરી બેસે તે જગ્યા વિગેરે કેવી રીતે જોવું તે બતાવવા કૃપા કરશોજી. ૫૧૪

प्रासादिप्रतिमालींगं जगतिपीठमंदपान् ॥
प्रासादविविधाकार वैराजाकुलसंभवा ॥५१५॥

અર્થઃ-પ્રાસાદ કેવી રીતે બનાવવા. મૂર્તી કેવી રીતે બનાવવી, જગતી તે શું છે અને કેવી રીતે બનાવવી વિ-વિધ પ્રકારના શાસ્ત્ર વિધિથી જે મકાનો, મંદીરો, પ્રતિ-માઓ બનાવે છે તેના વંશની વૃદ્ધી થાય છે અને જે મનુ-ષ્ય શાસ્ત્રની વીધીથી ઉલટું બનાવે છે તે મનુષ્યના વંશનું નીકંદન જાય છે અને બનાવનાર નર્કમાં જાય છે. ૫૧૫

सूत्रपातविधिख्यातो लक्षणं आश्रमादिकम् ॥
योतिषंकेवलज्ञानं लक्षणं स्त्री पुरुषादिकम् ॥५१६॥

અર્થઃ-સુત્ર વિગેરેની શુદ્ધવિધિ તેમજ આશ્રમ વિગેરે નું વર્ણન તથા સ્ત્રી પુરૂષ વિગેરેનું સારામાં સારૂં જ્ઞાન જાણનાર કારીગરોનેજ નીમવા તે કેવી રીતે જાણવા તે પણ કહો. ૫૧૬

अष्टौजातिक्रमछंददे शानंरुपसूत्रकम् ॥
रेखाश्च विविधासूत्र प्रासादशिखीरोत्तमा ॥५१७॥

"Aho Shrutgyanam"

અર્થ:-આઠ પ્રકારના પ્રસાદના ભેદ છે તેનાં પ્રસાદની રેખા તેમજ પ્રસાદની ઉંચાઈ પહોળાઈ અને શીખરોનું વર્ણન કહો. ૫૧૭

घंटाकलशद्विजानां प्रमाणं द्रष्टीकोतनावां ॥
प्रतिष्ठासु समाख्याता उमादोतुद्विजातिका ॥५१८॥

અર્થ:-ઘંટા, કલશ, ગ્રહદ્વાર, દેવતા, દ્રષ્ટી, પદસ્થાન, દીશા, અને પ્રાસાદના આઠ ભેદ છે તે કેવી રીતે સમજીને કરવા તે પણ કહેવા કૃપા કરશોજી. ૫૧૮

प्रासादग्रहद्वारं च देवतानां अनुक्रमं ॥
द्वारद्रष्टीपदस्थानं दिग्वारकर्थं च न ॥५१९॥

અર્થ:-પ્રાસાદનું માપ, ઘરનું માપ, ઘરના બારણાનુ, ઘરના દેવતા તેમજ દ્વારની દ્રષ્ટી કેની તરફ રાખવી, ઘરનું પદસ્થાન, કઇ દિશામાં ઘર બનાવવું કયા વારને દીવસે કેવું નક્ષત્ર, કેવો યોગ અને કેવો ચંદ્ર વિગેરે હોવા જોઈએ તેપણ કહો. ૫૧૯

शालंभाजीप्रतिचारि लस्यातांतांवोदिकम ॥
भूषणानि विचित्राणि देवासुरमानुष्यादीकम ॥५२०॥

અર્થ:-કયા દેવને કયું આયુધ કરવું, દેવોને કેવી રીતે નૃત્યથી યુક્ત બનાવવા, કયાં દેવને કેવું આભુષણ જોઈએ, કયા દેવને કેવું આસન જોઇએ તેમજ મનુષ્યો અને અસુરોને કેવાં આસન, આયુધ, આભુષણ છત્ર, ચામર, વાજીંત્રો, અલંકાર, રત્નો, માણેક, મંણીઓ વીગેરે કેવી રીતે ધારણ કરાવવા વિગેરે હે ભગવાન તેપણ કહેવા કૃપા કરશોજી. ૫૨૦

"Aho Shrutgyanam"

एतत् सर्वमासादेन कथयामि परमेश्वर ॥
भक्तस्थातअहं सदादेव प्रसादकुदुमे प्रभो ॥५२१॥

અર્થ:-હે વિશ્વકર્મા ભગવાન આપ આ સર્વે પ્રશ્નોનો ઉત્તર આપવા કૃપાવંત થશોજી કારણકે હું આપનો ભકત છું માટે મારા ઉપર પ્રસન્ન થાઓ. ૫૨૧

---

અપરાજીત રાજાએ વિશ્વકર્માને જે પ્રશ્નો પુછેલા છે તેનો વિસ્તાર સહિત જવાબ અમારા તરફથી હવે પછી પ્રગટ થતા બૃહદ્ શિલ્પશાસ્ત્રના ત્રીજા ભાગમાં આપવામાં આવશે. તેમાં જે જે બીજી શંકાઓ હશે તેનું પણ સમાધાન કરવામાં આવશે માટે ત્રીજા ભાગના ગ્રાહક થવા માટે જલદી નામ નોંધાવો. પાછળથી પછી નહિ મળી શકે.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"